૧.	ઓલપાડ	પારડીઝાંખરી	૪	બિન અનામત સ્ત્રી	--	પેટા ચૂંટણી

(સહી) અવાચ્ય,
કલેકટર સુરત
અને
રાજયચૂંટણી પંચના અધિકારી.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 8 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] THURSDAY, JANUARY 4, 2007/PAUSA 14, 1928

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

GUJARAT MARITIME BOARD, GANDHINAGAR

Notification

30th December, 2006.

GUJARAT MARITIME BOARD ACT, 1981

In exercise of the powers conferred by section 37, 38, 39, 41 and 110 and other enabling provisions of the Gujarat Maritime Board Act, 1981 (Gujarat No. 30 of 1981) the Gujarat Maritime Board with the sanction of the Government Gujarat hereby amends its Notification NO. GMB/ALANG/134/2004 dtd. 30/09/06 as under:

(1) Schedule -II Clause 3.

In clause 3 regarding application for plot instead of the words "within 30 days from appointed date" same be read as "on or before 31st December 2006". Since time limit of earlier stipulated date is extended accordingly.

On behalf of Gujarat Maritime Board,

H.K.DASH,
VICE CHAIRMAN AND
CHIEF EXECUTIVE OFFICER.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 9

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] FRIDAY, JANUARY 5, 2007 /PAUSA 15, 1928

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Minicipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election , Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર, ૩જી જાન્યુઆરી, ૨૦૦૭.

ક્રમાંકઃ રાચપ-ચટણ-ન.પા.-નપ-મતય-૬-પાર્ટ-II-૧૨૦૦૭-ક

વંચાણે લીધું :-- (૧) રાજ્ય ચૂંટણી પંચના પરિપત્ર ક્રમાંક : રાચપ-ચટણ-નપ-મતય-૪(૧) ૧૨૨૦૦૬-ક તા. ૩-૧૨-૨૦૦૬

આ દે શ :

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ ની કલમ-૯ તથા ગુજરાત નગરપાલિકા (મતદાર નોંધણી) નિયમો-૧૯૯૪ ના નિયમ ૪ થી ૭ હેઠળ ગુજરાત વિધાનસભા મતદાર વિભાગોની તા. ૧-૧-૨૦૦૬ની સ્થિતિની ઘનિષ્ટ સુધારણાના અંતે આખરી પ્રસિધ્ધ થયેલ મતદારયાદી પરથી રાજ્યની ૧૬૦ નગરપાલિકાના વોર્ડોની તા. ૧-૧-૨૦૦૬ ની સ્થિતિએ વોર્ડવાર/વિભાગવાર મુળ મતદાર યાદીઓ તૈયાર કરી પ્રસિધ્ધ કરવાની પૂર્વ તૈયારી કરવા જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓ તથા નગરપાલિકાના મતદાર નોંધણી અધિકારીને રાજ્ય ચૂંટણી પંચે ઉપર વંચાણ-૧ના પરિપત્રથી સૂચનાઓ આપેલી હતી. જેના અનુસંધાને આ નગરપાલિકાઓના વોર્ડોની/વોર્ડવાર/વિભાગવાર તા. ૧-૧-૨૦૦૬ની સ્થિતિએ મતદારયાદીની સુધારણા માટે રાજ્ય ચૂંટણી પંચ નીચે પ્રમાણેનો સુધારેલો કાર્યક્રમ આથી નકકી કરે છે.

નં.	વિગત	કાર્યક્રમ
૧.	નિયમ-૪ અન્વયે હસ્તલિખિત/કોમ્પ્યુટરાઈઝ્ડ વોર્ડવાર/ વિભાગવાર સને-૨૦૦૬ની મૂળ મતદાર યાદીની પ્રસિધ્ધિની તારીખ	૧૯-૦૧-૨૦૦૭
૨.	નિયમ-૬ અન્વયે દાવા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ	૨૯-૦૧-૨૦૦૭
૩.	નિયમ-૬ અન્વયે દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે આખરી નિર્ણય કરવા માટેની છેલ્લી તારીખ.	૦૮-૦૨-૨૦૦૭
૪.	હસ્તલિખિત/કોમ્પ્યુટરાઈઝ્ડ વોર્ડવાર/વિભાગવાર ૨૦૦૬ની પુરવણી મતદારયાદી તૈયાર કરવાની તારીખ	૧૪-૦૨-૨૦૦૭
૫.	નિયમ-૭(૧) અન્વયે હસ્તલિખિત/કોમ્પ્યુટરાઈઝ્ડ વોર્ડવાર/વિભાગવાર મતદારયાદીઓની આખરી પ્રસિધ્ધિની તારીખ	૧૯-૦૨-૨૦૦૭

જિલ્લાવાર મ્યુનિસિપલ ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓ આ આદેશ અનુસાર કાર્યવાહી કરવા સંબંધિત નગરપાલિકાઓના મતદાર નોંધણી અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓ તથા નગરપાલિકાઓના મુખ્ય અધિકારીશ્રીને જિલ્લા કક્ષાએ બોલાવી સૂચનાઓ આપવાની રહેશે અને તેઓને આ આદેશની નકલો પણ મોકલવાની રહેશે.

આ આદેશ પ્રમાણે પ્રસિધ્ધ થયેલ મતદારયાદીઓ સંબંધે ઉપરોકત તા. ૩-૧૨-૨૦૦૬ના પરિપત્રમાં દર્શાવ્યા પ્રમાણેની વિગતો પંચને મોકલી આપવાની રહેશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 10 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] FRIDAY, JANUARY 5, 2007 /PAUSA 15, 1928

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election, Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચનું કાર્યાલય

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
સચિવાલય, ગાંધીનગર, ૩જી જાન્યુઆરી, ૨૦૦૭.

વિષય : ગ્રામ પંચાયતોની સને ૨૦૦૬ની મૂળ મતદાર યાદી તૈયાર કરવા બાબત.

ક્રમાંક: રાચપ-ચટણ-મતય-ગ્રા. પં. ૨૨(૩)-૧૨૦૦૭-ક

આ દે શ :

૧. ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ ની કલમ-૧૭, ૧૮ તથા ૨૦(૧) અન્વયે ગુજરાત રાજ્યની ગ્રામ પંચાયતોની વોર્ડવાર તૈયાર કરેલ મતદાર યાદીઓ રાખવા તથા તેની પ્રાથમિક અને આખરી પ્રસિદ્ધિ કલમ ૨૦(૨) તથા ૨૦(૭) અન્વયેની કામગીરી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીએ રાજ્ય ચૂંટણી પંચની દેખરેખ અને નિયંત્રણને આધિન રહીને કરવાની રહે છે.

૨. રાજ્ય ચૂંટણી પંચના નીચે દર્શાવેલ આદેશો અને પરિપત્ર પ્રમાણેની સૂચનાઓ અનુસાર તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૪થી તથા રાજ્ય ચૂંટણી પંચે નિયત કરેલ નમૂનાઓ અનુસાર ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ ગુજરાત વિધાનસભા મતદાર વિભાગ મતદાર વિભાગની નીચે મુજબની વિગતે આખરી પ્રસિદ્ધ થયેલ મતદાર યાદીઓના આધારે નિર્દિષ્ટ સત્તાધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓએ તૈયાર કરવાની રહે છે.

(૧) (૧) આદેશ ક્રમાંક : રાચપ-પચત-મતય-જીતાપં-૯૫, તા. ૩૦-૩-૯૫.
(૨) આદેશ ક્રમાંક : રાચપ-પચત-મતય-જીતાપં-૯૫, તા. ૬-૪-૯૫.
(૩) આદેશ ક્રમાંક : રાચપ-પચત-મતય-જીતાપં-૯૫, તા. ૫-૪-૯૫.
(૪) આદેશ ક્રમાંક : રાચપ-પચત-મતય-૯૫, તા. ૨૪-૭-૯૫.
(૫) આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-મતય-જીતાપં-૯૬, તા. ૭-૨-૯૬.
(૬) આદેશ ક્રમાંક : રાચપ-પચત-મતય-૯૮, તા. ૧૨-૩-૯૮.

INDEX

(૨) વિધાનસભા મતદાર વિભાગનાં મતદાર વિભાગની મૂળ મતદાર યાદી ૨૦૦૬

૩. સને ૨૦૦૧ની વસ્તી ગણતરીના આંકડા પ્રસિધ્ધ થતાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૯, ૫૧ તથા ૧૬ હેઠળ જિલ્લા કલેકટરશ્રીઓએ તેમને મળેલ અધિકારની રૂઈએ તેમના જિલ્લાની તમામ ગ્રામ પંચાયતોની સને ૨૦૦૧ની વસ્તી આધારે ગ્રામ પંચાયતના વોર્ડોની કુલ સંખ્યા તથા તેનું સીમાંકન કરેલ છે અને તે પ્રમાણે જે ગ્રામ પંચાયતોની મુદત તા. ૩૧-૭-૨૦૦૭ સુધી પુરી થતી હતી તેના વોર્ડોની સને ૨૦૦૬ની સ્થિતિની વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિધ્ધિ કરવામાં આવેલ છે જેથી હવે તા. ૩૧-૭-૨૦૦૭ પછી તા. ૧-૮-૨૦૦૭ થી તા. ૩૧-૭-૨૦૦૮ દરમ્યાન મુદત પૂરી થતી ગ્રામ પંચાયતોની ૨૦૦૧ની વસ્તી આધારે નક્કી થયેલા વોર્ડોની ગુજરાત વિધાનસભાની સને ૨૦૦૬ની સ્થિતિની મતદારયાદીઓ પરથી વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરી પ્રસિદ્ધ કરવી જરૂરી હોઈ ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૦(૨) તથા ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો ૧૯૯૪ના નિયમ ૩થી મળેલ સત્તાની રૂઈએ રાજય ચૂંટણી પંચ રાજયના તમામ જિલ્લાઓની તમામ ગ્રામ પંચાયતોની સને ૨૦૦૬ની સ્થિતિની વોર્ડવાર મૂળ મતદારયાદીઓ નિર્દિષ્ટ સત્તાધિકારી વ તાલુકા મામલતદારશ્રીઓએ તૈયાર કરી તેની પ્રાથમિક અને આખરી પ્રસિદ્ધિ કરવા માટે નીચે પ્રમાણે કાર્યક્રમ નક્કી કરે છે.

ગ્રામ પંચાયતોની સને ૨૦૦૬ની મૂળ મતદારયાદી તૈયાર કરવાનો કાર્યક્રમ.

અ.નં.	વિગત	કાર્યક્રમ
૧.	તા. ૧-૧-૨૦૦૬ની સ્થિતિએ આખરી પ્રસિદ્ધ થયેલ વિધાનસભા મતદાર વિભાગોની મતદાર યાદીઓ ઉપરથી ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરવાની કામગીરી પૂર્ણ કરવાની સમય મર્યાદા	૨૦ દિવસ
૨.	હસ્તલિખિત વોર્ડવાર મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિની તારીખ	૨૨-૦૧-૨૦૦૭
૩.	નિયમ-૩(ક) તથા ૩(ખ) અન્વયે દાવા અરજીઓ રજુ કરવા માટેની છેલ્લી તારીખ.	૦૧-૦૨-૨૦૦૭
૪.	રજૂ થયેલ દાવા અરજીઓની ચકાસણી તથા દાવા પરત્વે નિયમ-૩(સી)(૨) અન્વયે આખરી નિર્ણય કરવા માટેની તારીખ	૧૨-૦૨-૨૦૦૭
૫.	વોર્ડવાર હસ્તલિખિત પુરવણી મતદારયાદી તૈયાર કરવાની તારીખ	૧૭-૦૨-૨૦૦૭
૬.	વોર્ડવાર પુરવણી સહિત હસ્તલિખિત મતદારયાદીની આખરી પ્રસિદ્ધિની તારીખ	૨૦-૦૨-૨૦૦૭

૪. રાજય ચૂંટણી પંચના ઉપર ફકરા ૨માં જણાવેલ આદેશો તથા પરિપત્રમાં આપેલ સૂચનાઓ અનુસાર સને ૨૦૦૬ની સાલની ગ્રામ પંચાયતોની વોર્ડવાર મૂળ મતદારયાદીઓ તા. ૧૨-૩-૯૮ના આદેશથી સુધારેલા નમૂના નંબર : ૨ તથા ૫માં જણાવેલ વિગતો દર્શાવીને તૈયાર કરવાની રહે છે.

(૧) ગ્રામ પંચાયતોની વોર્ડવાર મૂળ મતદારયાદીના મથાળે વિધાનસભા મતદાર વિભાગની મૂળ યાદી જે વર્ષની હોય તે વર્ષ દર્શાવવાનું રહેશે, જ્યારે ગ્રામ પંચાયતની વોર્ડવાર યાદી જે વર્ષની તૈયાર થતી હોય તે દર્શાવવાનું રહેશે.

(૨) વિધાનસભા મતદાર વિભાગની ૨૦૦૬ની કોમ્પ્યુટરાઈઝડ મૂળ મતદારયાદી પર થી જ ગ્રામ પંચાયતના વોર્ડોની મૂળ મતદારયાદીઓ તૈયાર કરવાની રહેશે.

(અ) વિધાનસભા મતદાર વિભાગની ૨૦૦૬ની મૂળ મતદારયાદીમાં દર્શાવેલ મતદારોના જે તે નામો તેમજ અન્ય વિગતોમાં સુધારા કરવાના રહેશે.

(૩) ગ્રામ પંચાયતોની સને ૨૦૦૬ના વર્ષની વોર્ડવાર મતદારયાદીઓ તા. ૧-૧-૨૦૦૬ના રોજની સ્થિતિએ તૈયાર કરવાની છે જ્યારે ૨૦૦૬ની સાલની વિધાનસભા મતદાર વિભાગની મૂળ મતદારયાદીમાં દર્શાવેલ મતદારોની ઉંમરમાં કોઈ ફેરફાર કર્યા સિવાય મતદારયાદીમાં દર્શાવેલ મતદારોની ઉંમર હસ્તલિખિત મતદારયાદીમાં દર્શાવવાની રહેશે.

(૪) નમૂના નંબર ૨ તથા ૫ મુજબ ગ્રામ પંચાયતોની નીચે જણાવ્યા મુજબની વોર્ડવાર મતદાર યાદી તૈયાર કરવા માટે કોલમોમાં દર્શાવવાની વિગતોની સમજૂતી નોંધ આ આદેશ સાથે સામેલ રાખેલ છે તે મુજબ જે તે કોલમમાં ખરી વિગતો દર્શાવવાની ખાસ નોંધ રાખવાની છે.

INDEX

(૧) ગ્રામ પંચાયતોની વોર્ડવાર મૂળ મતદાર યાદી નમૂના નંબર ૨

(૨) ગ્રામ પંચાયતોની વોર્ડવાર પૂરવણી મતદાર યાદી નમૂના નંબર ૫
વધારાના નામોની યાદી
સુધારા નામોની યાદી
કમી નામોની યાદી

(૫) ગ્રામ પંચાયતોની વોર્ડવાર હસ્તલિખિત મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ બાદ પૂરવણી મતદારયાદી તૈયાર કરવાની રહેશે તેમાં મતદારયાદીના મથાળે ''૨૦૦૬'' એ મુજબ દર્શાવવાનું રહેશે. આ મતદારયાદી રાજ્ય ચૂંટણી પંચના તા. ૧૨-૩-૯૮ના આદેશથી સુધારેલા નમૂના નંબર ૫ મુજબ તૈયાર કરવાની રહેશે. આ નમૂનો રાજ્ય ચૂંટણી પંચના તા. ૧૨-૩-૯૮ના આદેશ સાથે સામેલ છે. છતાં પણ ફોર્મ નંબર : ૨ તથા ૫ નો સુધારેલી પૂરવણી મતદારયાદીનો નમૂનો આ સાથે સામેલ રાખેલ છે.

(૬) ગુજરાત વિધાનસભા મતદાર વિભાગની તા. ૧-૧-૨૦૦૬ની સ્થિતિની આખરી પ્રસિદ્ધિ થયેલ મતદારોની યાદીમાં જણાવેલ જે તે ગામોના સર્વિસ મતદારોના નામો જે તે ગ્રામ પંચાયતના વોર્ડમાં સમાવેશ કરવાના રહેશે અને તે માટે સર્વિસ મતદારોની ૨૦૦૬ની સાલની હસ્તલિખિત મતદારયાદી વોર્ડવાર તૈયાર કરવાની રહેશે અને તે યાદી સને ૨૦૦૬ની સાલની મતદારયાદી સાથે રાખવાની રહેશે. આ મતદાર યાદી નમૂના નંબર ૬ મુજબ તૈયાર કરવાની રહેશે. જેમાં મથાળે '૨૦૦૬' એ મુજબ દર્શાવવાનું રહેશે.

(૭) ગ્રામ પંચાયતોની સને ૨૦૦૬ની સાલની વોર્ડવાર મતદારયાદી તથા સર્વિસ મતદારોની યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ બાદ નિયત સમય મર્યાદામાં કોઈ દાવા અરજીઓ રજૂ થયેલ હોય તો તે માટે પણ પૂરવણી મતદાર યાદી તૈયાર કરવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે અને તે અનુસાર ૨૦૦૬ની સાલની ગ્રામ પંચાયતોના દરેક વોર્ડની મૂળ મતદાર યાદી તથા સર્વિસ મતદારોની યાદી સાથે ગ્રામ પંચાયતની દરેક વોર્ડ માટેની પૂરવણી મતદારયાદી તથા સર્વિસ મતદારોની યાદી તૈયાર કરી આખરી પ્રસિદ્ધિ કરવામાં આવે તેની ખાસ કાળજી નિર્દિષ્ટ સત્તાધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ રાખવાની રહેશે.

૫. ઉપર પેરા ૪(૨) થી ૪(૩)માં જણાવ્યા પ્રમાણે વિધાનસભા મતદાર વિભાગની મૂળ મતદારયાદીમાં નવીન નામો જે તે સ્થળે દાખલ કરી, કમી મતદારોના નામો કમી કરી, સુધારા યાદી મુજબ મતદારોના નામ, ઉંમર, જાતિમાં સુધારા કર્યા બાદ ગ્રામ પંચાયતના ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૧૬ મુજબ સને ૨૦૦૧ની વસ્તી આધારે વોર્ડવાર સીમાંકનના થયેલ આદેશ અનુસાર નક્કી કરેલ જે તે વોર્ડના વિસ્તારના રહીશ મતદારોની ખાત્રી કરી જે તે ગ્રામ પંચાયતની વોર્ડવાર હસ્તલિખિત મતદારયાદી તૈયાર કરાવવાની રહેશે. અને તેમાં જે તે વોર્ડના વિસ્તારના જ મતદાર જે તે વોર્ડની મતદાર યાદીમાં દાખલ થાય તેની ખાસ નોંધ રાખવાની રહેશે. આવી મતદારયાદીની ચાર પ્રતો તૈયાર કરવાની રહેશે.

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદી તૈયાર કરી તેની પ્રસિદ્ધિ કરવા માટે નક્કી કરેલ કાર્યક્રમ અનુસાર મતદારયાદીઓ તૈયાર કરી તેની પ્રાથમિક તેમજ આખરી પ્રસિદ્ધિ કરવાની સૂચનાઓ આપવામાં આવે ત્યારે યથાપ્રસંગે નીચે જણાવેલ મતદારયાદીઓમાં છેવટના ભાગે નીચે મુજબની નોંધ તથા સહીઓ નિર્દિષ્ટ સત્તાધિકારી અને તાલુકા મામલતદારોએ કરવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

૧. ગ્રામ પંચાયતની મૂળ મતદારયાદીમાં
૨. ગ્રામ પંચાયતની પૂરવણી મતદારયાદીમાં
૩. સર્વિસ મતદારોની યાદીમાં
૪. સર્વિસ મતદારોની પૂરવણી યાદીમાં

રાજ્ય ચૂંટણી પંચે ગ્રામ પંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ તથા સર્વિસ મતદારોની મતદારયાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ અને આખરી પ્રસિદ્ધિના કાર્યક્રમની તારીખોની નોંધ ગ્રામપંચાયતોના દરેક વોર્ડની મૂળ અગર પૂરવણી મતદારયાદીમાં યથાપ્રસંગ નીચે મુજબની નોંધ તથા સહી નિર્દિષ્ટ સત્તાધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ કરવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

	પ્રાથમિક પ્રસિદ્ધિ કરી	આખરી પ્રસિદ્ધિ કરી
	નિર્દિષ્ટ સત્તાધિકારી	નિર્દિષ્ટ સત્તાધિકારી
સ્થળ :	.....ગ્રામ પંચાયત	..... ગ્રામ પંચાયત
તારીખ :	અને મામલતદાર .....તાલુકા	અને મામલતદાર .....તાલુકા

૬. ગ્રામ પંચાયતોની વોર્ડવાર હસ્તલિખિત મતદારયાદીઓ ઉપરથી ચૂંટણી સમયે જરૂરિયાત મુજબ ટાઈપ/ સાયકલોસ્ટાઈલ/ ઝેરોક્ષ નકલો કરાવી ગ્રામ પંચાયતોની ચૂંટણી સમયે ઉપયોગમાં લેવાનું રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

૭. ગ્રામપંચાયતોની વોર્ડવાર મતદારયાદીઓ તૈયાર કરવામાં આવે તેની ૧૦૦ ટકા ચકાસણી કરાવવા નીચે મુજબનું ધોરણ રાજ્ય ચૂંટણી પંચ નક્કી કરે છે.

અ. નં.	અધિકારી/કર્મચારીનો હોદો	ગ્રામ પંચાયતની વોર્ડવાર મતદારયાદીમાં દાખલ કરેલ નોંધોની ચકાસણી કરવાની ટકાવારી
૧.	મામલતદાર	૧૦
૨.	તાલુકા વિકાસ અધિકારી	૧૦
૩.	નાયબ મામલતદાર/નાયબ તાલુકા વિકાસ અધિકારી/ નાયબ ચીટનીશ અને તેની સમકક્ષ	૨૦
૪.	સર્કલ ઈન્સ્પેકટર/સીનીયર ક્લાર્ક કક્ષાના કલેકટર કચેરી/ જિલ્લા/તાલુકા પંચાયતના તાબાના કર્મચારીઓ	૩૦
૫.	કારકુન કક્ષાના કલેકટર કચેરી/જિલ્લા/તાલુકા પંચાયતના તાબાના કર્મચારીઓ	૩૦

ઉપર મુજબ વોર્ડવાર મતદારયાદીની નોંધોની ચકાસણી કરાવવાની વ્યવસ્થા જિલ્લા ચૂંટણી અધિકારીઓએ કરાવવાનું નક્કી કરે છે. આ ચકાસણી માટે અધિકારીઓ/કર્મચારીઓને ગ્રામ પંચાયતોની ફાળવણી જિલ્લા ચૂંટણી અધિકારીએ કરવાની રહેશે. આ માટે મહેસૂલ ખાતાના નાયબ મામલતદારો, સર્કલ ઈન્સ્પેકટર તથા નાયબ તાલુકા વિકાસ અધિકારી, નાયબ ચીટનીશ, તાલુકા પંચાયતના સર્કલ ઈન્સપેકટર કે તેની ઉપરની કક્ષાના સમકક્ષ કર્મચારીઓ, /કલેકટરશ્રીના તાબાના/પંચાયત હસ્તકના કર્મચારીઓ/અધિકારીઓને ગ્રામ પંચાયતોની ફાળવણી કરી ચકાસણી કરવાની રહેશે. તલાટી-કમ-મંત્રીએ તૈયાર કરેલી મતદાર યાદીની ગ્રામ પંચાયતોની નિર્દિષ્ટ અધિકારી અને તાલુકા મામલતદારશ્રીઓએ તાલુકા કક્ષાના ઉપર જણાવેલા અધિકારીઓ/ કર્મચારીઓ વચ્ચે વહેંચણી કરવાની રહેશે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મતદાર યાદીની નોંધોની ચકાસણી માટે મામલતદારશ્રી અને તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને તાલુકાની ગ્રામ પંચાયતોની વહેંચણી કરવાની રહેશે. આ મુજબ ચકાસણીની વિગતો સંબંધકર્તા અધિકારીઓ પાસેથી જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીઓએ મેળવવાની રહેશે. જેની રાજ્ય ચૂંટણી પંચને જાણ કરવાની રહેશે.

૮. ગ્રામ પંચાયતોની વોર્ડવાર આખરી પ્રસિદ્ધિ થયેલ મતદારયાદીમાં ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ-૨૦(૬) તથા રાજ્ય ચૂંટણી પંચના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-પચત-મતય-૯૫, તા. ૩-૫-૯૫ મુજબ ગ્રામ પંચાયતની સામાન્ય/પેટા ચૂંટણી માટે ઉમેદવારી પત્રો રજુ કરવાની નક્કી કરેલ છેલ્લી તારીખ પહેલાંની તારીખ સુધી નવીન નામો દાખલ કરી શકાશે, નામ સુધારી શકાશે અને નામો કમી કરી શકાશે.

આદેશથી,
વી. એચ. શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

બિડાણ : ઉપર મુજબ.

ગ્રામ પંચાયતોની મૂળ તથા પૂરવણી મતદાર યાદીમાં કોલમો મુજબ દર્શાવવાની વિગતોની સમજૂતી નોંધ :

ગ્રામ પંચાયતોની વોર્ડવાર મૂળ મતદારયાદીમાં કોલમો મુજબ નીચેની સમજૂતીને ધ્યાનમાં રાખીને વિગતો દર્શાવવામાં આવે તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

(૧) કોલમ નંબર ૧ માં મતદારયાદીનાં અનુક્રમ નંબરો દર્શાવવાના છે જે વોર્ડવાર ૧ થી શરૂ કરી સળંગ ક્રમાનુસાર આપવાના છે જેમાં ક્રમ નંબર રહી ન જાય અગર ક્રમનંબરને પેટા નંબરો આપવાના નથી.

(૨) કોલમ નંબર ૨માં ઘરનંબરની વિગત દર્શાવવાની છે જે વિધાનસભા મતદાર વિભાગ મતદાર વિભાગની મતદાર યાદીમાં દર્શાવેલ હોય તે જ દર્શાવવાની છે.

(૩) કોલમ નંબર ૩માં મતદારનું ફકત નામ જ દર્શાવવાનું છે. મતદારના પિતા,, પતિનું નામ દર્શાવવાનું નથી.

(૪) કોલમ નંબર ૪માં મતદારનો સંબંધ દર્શાવવાનો છે જેમ કે પિતા માટે "પિ"", પતિ/પત્નિ માટે "પ" પુત્ર/પુત્રી માટે "પુ" દર્શાવવાનું છે.

(૫) કોલમ નંબર ૫માં મતદારના પિતા,, પતિનું નામ દર્શાવવાનું છે.

(૬) કોલમ નંબર ૬માં મતદારની જાતિની વિગત જેમ કે પુરૂષ માટે "પુ" અને સ્ત્રી માટે "સ્ત્રી" એ મુજબ દર્શાવવાનું છે.

(૭) કોલમ નંબર ૭માં મતદારની જે તે વર્ષે તૈયાર થતી મતદારયાદી માટે તે વર્ષની ૧લી જાન્યુઆરી ૨૦૦૬ના રોજની ઉંમર દર્શાવવાની છે.

(૮) કોલમ નંબર ૮માં મતદારના ઓળખપત્રનો ક્રમ નંબર દર્શાવવાનો છે.

સુધારા નામોની યાદીમાં કોલમો મુજબ દર્શાવવાની વિગતોની સમજૂતી :

(૧) કોલમ નંબર ૧માં મૂળ મતદાર યાદીમાં મતદારના નામ આગળ દર્શાવેલ અનુક્રમ નંબર દર્શાવવાનો છે.

(૨) કોલમ નંબર ૨માં મતદારનું પુરૂં નામ પિતા/પતિનું નામ તથા અટક સાથે દર્શાવવાનું છે.

(૩) કોલમ નંબર ૩માં મતદારની જાતિની વિગત જેમ કે પુરૂષ માટે "પુ" અને સ્ત્રી માટે "સ્ત્રી" એ મુજબ દર્શાવવાનું છે.

(૪) કોલમ નંબર ૪માં મૂળ મતદારયાદીમાં મતદારના નોંધાયેલ નામની વિગતો જેમ કે અટક, મતદારનું નામ, પિતા, પતિનું નામ, ઉંમર તથા જાતિમાં જે ભૂલ છપાયેલ હોય તે વિગત દર્શાવવાની છે.

(૫) કોલમ નંબર ૫માં મતદારના નામની સાચી વિગતો દર્શાવવાની છે એટલે કે સાચી અટક, મતદારનું તથા મતદારના પતિ /પિતાનું સાચું નામ, જાતિ, ઉંમર સાચી દર્શાવવાની છે.

સુધારા નામોની યાદીમાં વિગતો દર્શાવ્યા બાદ એટલે કે સુધારા નામોની યાદી પૂરી થયા પછી તુર્ત જ કમી નામોની યાદીનું મથાળું દર્શાવીને કમી મતદારોની વિગતો કોલમો મુજબ દર્શાવવાની છે. કમી મતદારોની યાદીમાં નીચેની સમજૂતી મુજબની વિગતો દર્શાવવાની છે જેનું ખાસ ધ્યાન રાખવાનું છે.

કમી નામોની યાદીમાં કોલમો મુજબ દર્શાવવાની વિગતોની સમજૂતી :

કોલમ નંબર ૧ માં મૂળ મતદારયાદીમાં મતદારના નામ આગળ દર્શાવેલ અનુક્રમ નંબર દર્શાવવાનો છે.

કોલમ નંબર ૨ માં મૂળ મતદારયાદીમાં દર્શાવેલ મતદારનું પુરૂં નામ પિતા/પતિનું નામ તથા અટક સાથે દર્શાવવાનું છે.

મૂળ મતદારયાદી જે વર્ષે તૈયાર કરવાની હોય અને તેની પ્રાથમિક પ્રસિધ્ધિ થયા બાદ રજૂ થયેલ દાવા અરજીઓ ઉપરથી મતદાર યાદી તૈયાર કરવાની રહે અને તે મતદારયાદીમાં મૂળ મતદારયાદી જે તે વર્ષે તૈયાર થયેલ હોય તેનું વર્ષ અને મતદારયાદી જે વર્ષે તૈયાર થયેલ હોય તેનું વર્ષ મતદારયાદીના મથાળામાં દર્શાવવાનું રહેશે.

INDEX

નમૂના નંબર : ૫

.....તાલુકાની ..... ગ્રામ પંચાયતની મતદારયાદી સને ૨૦૦૬ની પુરવણી મતદારયાદી સને ૨૦૦૬

તાલુકાનું નામ : ..... ગામનું નામ : ..... ગ્રામ

ગ્રામ પંચાયતનું નામ : ..... વોર્ડ નંબર : .....

વધારાના નામોની યાદી

અનુ નંબર	ઘર નંબર	મતદારનું નામ	સંબંધ	સંબંધીનું નામ	જાતિ	તા. ૧લી જાન્યુઆરી.....ના રોજની ઉંમર	મતદારનો ફોટો ઓળખપત્ર પત્ર નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

વધારાના નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી :..... કુલ : .....

સુધારાના નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂં નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ભૂલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

સુધારાના નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી :..... કુલ : .....

કમી નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂં નામ અટક સાથે
૧	૨

કમી નામોની સંખ્યા : પુરૂષ : ..... સ્ત્રી :..... કુલ : .....

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા પંચાયત અને
..... તાલુકા પંચાયત મતદાર વિભાગ
અને મામલતદાર..... તાલુકો

આખરી પ્રસિધ્ધિ કરી

સ્થળ :
તારીખ :

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....જિલ્લા પંચાયત અને
..... તાલુકા પંચાયત મતદાર વિભાગ
અને મામલતદાર..... તાલુકો

INDEX

નમૂના નંબર ૨

ગુજરાત વિધાનસભાના.....મતદાર વિભાગની સને ૨૦૦૬ની તાલુકાના.....

ગામની મતદાર યાદી ઉપરથી તૈયાર કરેલ ..... ગ્રામ પંચાયતની મતદારયાદી સને ૨૦૦૬.

તાલુકાનું નામ : ..... ગામનું નામ : .....

ગ્રામ પંચાયતનું નામ ..... વોર્ડ નંબર : .....

અનુ. નંબર	ઘર નંબર	મતદારનું નામ	સબંધ	સબંધીનું નામ	જાતિ	તા. ૧લી જાન્યુઆરી ૨૦૦... ના રોજ ઉંમર	મતદારનો ફોટો ઓળખપત્ર નંબર
૧	૨	૩	૪	૫	૬	૭	૮

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....ગ્રામ પંચાયત
અને મામલતદાર..... તાલુકા

મતદારોની સંખ્યા પુરૂષ : ..... સ્ત્રી :..... કુલ : .....

પ્રાથમિક પ્રસિધ્ધિ કરી

સ્થળ :
તારીખ :

નિર્દિષ્ટ સત્તાધિકારી,
.....ગ્રામ પંચાયત
અને મામલતદાર..... તાલુકા

નમૂના નંબર ૬

ગુજરાત વિધાનસભાના .....મતદાર વિભાગની સને ૨૦૦૬.....ની..... તાલુકાના ..... ગામની સર્વીસ મતદારોની મતદારયાદી ઉપરથી તૈયાર કરેલ ..... ગ્રામ પંચાયતની સર્વીસ મતદારોની મતદારયાદી સને ૨૦૦૬.

તાલુકાનું નામ : ..... ગામનું નામ : .....

ગ્રામ પંચાયતનું નામ ..... વોર્ડ નંબર : .....

અનુક્રમ નંબર	સર્વીસ મતદારનું પૂરેપૂરું નામ	સર્વીસ મતદારના વતનનું કાયમી સરનામું	રેન્ક	રેજીમેન્ટ નંબર	ટપાલ મતપત્ર મોકલવાનું સરનામું
૧	૨	૩	૪	૫	૬

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....ગ્રામ પંચાયત
અને મામલતદાર..... તાલુકો

પ્રાથમિક પ્રસિધ્ધિ કરી

સ્થળ :
તારીખ :

નિર્દિષ્ટ સત્તાધિકારી
.....ગ્રામ પંચાયત
અને મામલતદાર..... તાલુકો

INDEX

નમૂના નંબર ૭

.....તાલુકાની ..... ગ્રામ પંચાયતની સર્વીસ મતદારોની પુરવણી મતદારયાદી સને ૨૦૦૬.

તાલુકાનું નામ : ..... ગામનું નામ : .....
ગ્રામ પંચાયતનું નામ ..... વોર્ડ નંબર : .....

વધારાના નામોની યાદી

અનુક્રમ નંબર	સર્વીસ મતદારનું પૂરેપૂરું નામ	સર્વીસ મતદારના વતનનું કાયમી સરનામું	રેન્ક	રેજીમેન્ટ નંબર	ટપાલ મતપત્ર મોકલવાનું સરનામું
૧	૨	૩	૪	૫	૬

સુધારા નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂં નામ અટક સાથે	પુરૂષ કે સ્ત્રી	મતદારયાદીમાં લખેલી ભૂલવાળી નોંધ	સુધારેલી વાંચવાની નોંધ
૧	૨	૩	૪	૫

કમી નામોની યાદી

મતદારયાદીનો અનુક્રમ નંબર	મતદારનું પુરૂં નામ અટક સાથે
૧	૨

નિર્દિષ્ટ સત્તાધિકારી,
.....ગ્રામ પંચાયત
અને મામલતદાર..... તાલુકો.

આખરી પ્રસિધ્ધિ કરી

સ્થળ :
તારીખ :

નિર્દિષ્ટ સત્તાધિકારી,
.....ગ્રામ પંચાયત
અને મામલતદાર..... તાલુકો.

IV-C. Ex. 10-3

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 11 REGISTERED No. G/GNR/2

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] THURSDAY, JANUARY 11, 2007 /PAUSA 21, 1928

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Minicipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election , Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન, ગાંધીનગર.
તારીખ : ૧૧મી જાન્યુઆરી, ૨૦૦૭

ક્રમાંક: રાચપ-ચટણ-સમક-મનપા-જામનગર-૨૦૦૭

જામનગર મહાનગરપાલિકામાં બે નગરપાલિકાઓનો વિસ્તાર ઉમેરેલ અને તે માટે વધારવામાં આવેલ શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

1. ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ કે જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમાં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ (ગુજરાત દ્વિતિય સુધારા) ૧૯૯૩થી સુધારા કરવામાં આવેલ છે. આ અધિનિયમ કલમ-૧૪(૧) હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી કરવાની સત્તા રાજ્ય પંચમાં નિહિત થયેલી છે. અધિનિયમની કલમ-૧૪ની પેટા કલમ(૨) હેઠળ રાજ્ય સરકારે ઘડેલા નિયમો અનુસાર રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. અત્રેના તા. ૩૧-૮-૨૦૦૫ના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સમક-મનપા-જામનગર-૨૦૦૫ થી જામનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે શહેરના ૧૭ વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે.

૩. રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી-૨૮-૨૦૦૬-જેએમએન-૯૦૨૦૦૬-૪૧૦-પી, તા. ૧૪-૨-૨૦૦૬ તથા જાહેરનામા ક્રમાંક : કેવી-૨૧૩-૨૦૦૬-જેએમએન-

INDEX

૯૦૨૦૦૬-૪૧૦-પી, તા. ૨૦-૭-૨૦૦૬ થી અનુક્રમે બેડી અને નવાગામ ઘેડ નગરપાલિકાઓના વિસ્તારને જામનગર મહાનગરપાલિકામાં ભેળવી દીધેલ છે અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ નં. કેવી-૨૭૨-૨૦૦૬-એમએનએ-૧૦૨૦૦૬-૧૩૦૫-પી, તા. ૨૯-૯-૨૦૦૬ થી જામનગર મહાનગરપાલિકામાં ઉમેરાયેલ વિસ્તાર માટે કુલ-૨ વોર્ડ અને ૬ બેઠકો નક્કી કરેલ છે. તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૪. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૪૫૬(૧) તથા કલમ-૫ હેઠળ મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) બાબતના નિયમો ૧૯૯૪ કે જેને હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ-૨ અન્વયે મહાનગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવી જોઈશે કે તમામ વોર્ડોની વસ્તી શક્ય તેટલે સુધી સમાન રહે. ખાસ કરીને વોર્ડોની વસ્તીનો તફાવત, શહેરના વોર્ડની એકંદર વસ્તીના ૧૦ ટકા કરતાં વધુ કે ૧૦ ટકા કરતાં ઓછો હોવો જોઈએ નહી.

પરંતુ રાજ્ય ચૂંટણી કમિશનને એવી ખાતરી થાય કે સમરૂપતા અથવા ભૌગોલિક નિકટતા જાળવવા માટે ઉપરની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વધારેલ વિસ્તાર માટેના વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં મહાનગરપાલિકામાં નવા ઉમેરાયેલ વિસ્તારની કુલ વસ્તી ૫૮,૬૧૨ આવે છે. જાહેરનામા પ્રમાણે નવા ઉમેરાયેલ વિસ્તારને ૦૨ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૨૯,૩૦૬ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાય છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે રીતે નવા વોર્ડમાં સરેરાશ વસ્તીના ૧૦ ટકાની વધ/ઘટની મર્યાદાનું ધોરણ જળવાઈ રહે છે.

૮. મહાનગરપાલિકામાં નવા ઉમેરાયેલા ૦૨ વોર્ડોને વોર્ડ નં. ૧૮ અને વોર્ડ નં. ૧૯ તરીકે ક્રમ આપી નિયમ-૩ની હકીકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજૂથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે નિયમ-૬ની બાબત (ક) (ખ) ની જોગવાઈ પ્રમાણે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉત્તરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ માટે કોઈ બેઠક ફાળવવામાં આવેલ નથી.

INDEX

૧૨. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક ફાળવવામાં આવેલ નથી.

૧૩. જાહેરનામા અન્વયે પછાત વર્ગ માટે કોઈ બેઠક ફાળવવામાં આવેલ નથી.

૧૪. જાહેરનામા અન્વયે કુલ-૬ બેઠકો પૈકી ૨ બેઠકો સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠકો બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૧૫. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને જામનગર મહાનગરપાલિકામાં ઉમેરાયેલા વિસ્તાર માટે આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૧૬. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડોની બેઠકોની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૧૭. ઉપર પ્રમાણે વોર્ડોની હદરેખા નક્કી કરવામાં આવે છે. અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર-૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજ્ય ચૂંટણી પંચ, મહાનગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસુચિ-૧

જામનગર મહાનગરપાલિકા, જી. જામનગર.

વોર્ડ નં. ૧૮ની હદનું વર્ણન.

દિગ્વિજય સોલ્ટ વર્કસના ક્વાર્ટર્સ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ઉત્તર તરફ સોલ્ટ અગર થઈ બેડી બંદરના રસ્તા સુધી, ત્યાંથી પૂર્વ તરફ સર્વે નં. ૭૪, ખારી વિસ્તાર, વિન્ડમીલ વિસ્તાર, વાલસુરા રોડની ઉત્તરે થઈ કેવડી નદી ત્યાંથી અગ્નિ ખુણે કેવડી નદી ઓળંગી સર્વે નં. ૨૧૬ ની પૂર્વમાં થઈ દક્ષિણ તરફ વોર્ડ નં. ૧૯ની હદે હદે માજોઠી નગર, સોનીયા નગર, પુનિતનગર, નંદનપાર્ક, સર્વે નં. ૨૩૭, સર્વે નં. ૨૩૯, સીન્ધુ સ્કુલ, સર્વે નં. ૨૬૨ ની પૂર્વમાં થઈ સર્વે નં. ૨૭૫, ને આવરી લઈ ઉત્તર તરફ રાંદલ નગર, તેની પશ્ચિમે થઈ વોર્ડ નં. ૨ ની હદે હદે સર્વે નં. ૨૬૩, ૨૧૬, પુનિતનગર, સોનીયાનગર, અને માજોઠીનગરને આવરી લઈ સર્વે નં. ૨૧૬ ના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી નૈઋત્ય તરફ સર્વે નં. ૨૯ને આવરી લઈ કેવડી નદી ઓળંગી બોમ્બમીલ વિસ્તારમાં થઈ સ. નં. ૨૦ સુધી ત્યાંથી દક્ષિણ તરફ સ. નં. ૨૦ પોલીટેકનીક, એસ. એસ. બી

INDEX

ટ્રેનીંગ, સર્વે નં. ૧૭ સરકારી ગોડાઉન, સર્વે નં. ૧૬, ૧૮ને આવરી લઈ પશ્ચિમ તરફ સર્વે નં. ૮, બેડી ગામ તળની દક્ષિણે થઈ સ. નં. ૭૨, ૭૩, સરકારી ગોડાઉનને આવરી લઈ બેડી બંદરના રસ્તે રસ્તે સ.નં. ૬૩ ના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી બેડી બંદર રોડ ઓળંગી પોર્ટ કોલોની સ. નં. ૬૨ની દક્ષિણે થઈ સ. નં. ૫૯ના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ સ. નં. ૫૯, ૫૮/૧-સી, ૫૮/૨, ૫૬, ૪૭/૧, ૪૭/૨, અને ૪૮ ની પૂર્વમાં થઈ સર્વે નંબર ૪૯ના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી સ.નં. ૪૯ ને આવરી લઈ ઉત્તર તરફ જતાં ઢીંચડાના સીમાડાની હદે-હદે સ.નં. ૫૦, ૫૧, ૫૨, ૫૫, ૫૭, ૫૮-૧, ૫૯ ૬૦ તળાવની પશ્ચિમે થઈ દિગ્વિજય સોલ્ટના ક્વાર્ટસના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર-પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર-પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ-પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ-પશ્ચિમ)

વોર્ડ નં. ૧૯ની હદનું વર્ણન.

નવાગામ ઘેડ, સરકારી ખરાબો સ. નં. ૧૯૭ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ઈશાન તરફ જતાં સર્વે નં. ૧૯૭, ૧૭૬, ૧૭૫, ૧૭૪, ૧૫૬ ની ઉત્તરે થઈ વોકળો ક્રોસ કરી સર્વે નં. ૧૩૩, ખુલ્લા વિસ્તારની ઉત્તરની હદે હદે સર્વે નં. ૧૩૩ના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ સ. નં. ૧૩૩, ૧૬૬, ૧૬૫ ની પૂર્વની હદે થઈ સર્વે નં. ૧૬૪ આવરી લઈ વોકળો ક્રોસ કરી મોજે જુના નાગનાના સીમારે સીમારે સ.નં. ૧૬૩, ૧૬૨ ૧૬૧, ૧૫૯ ની દક્ષિણે થઈ સ.નં. ૧૫૬, ૧૦૯, ૯૮, ૯૭, ૯૬ ની પૂર્વ દિશાએ થઈ રેલ્વે ટ્રેકો સુધી, ત્યાંથી પશ્ચિમે સ. નં. ૯૪, ૯૩, ૯૧, ૯૦, ૮૯, ૮૮, ૮૭, ૮૪, ૮૩ અને ૮૧ ની દક્ષિણની હદે હદે સ.નં. ૭૩ ના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ જુના નાગનાના સીમાડાની હદે હદે સ.નં. ૭૨, ૫૯, ૫૮, ૫૧, ૪૯, ૪૮, ૪૭, ૪૬, વાડી વિસ્તાર, સ.નં. ૩૬, ૩૫, ૩૪, ૩૩, ૩૨ અને ૨૭ ની પૂર્વે થઈ વિનાયક પાર્ક સુધી, ત્યાંથી દક્ષિણ તરફ વિનાયક પાર્કને આવરી લઈ સ. નં. ૫ ની પૂર્વે થઈ વાડી વિસ્તારના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી નૈઋત્ય તરફ વાડી વિસ્તાર, માસ્તર સોસાયટી, સ. નં. ૧, ૨૭૬, નવાગામ ઘેડ ગામતળ, હનુમાન ચોક વગેરે વિસ્તારને આવરી લઈ વાયવ્ય તરફ સર્વે નં. ૨૭૫, કબીરનગર, જીમખાના થઈ ઉત્તર તરફ વોર્ડ નં. ૧૮ની હદે હદે સ.નં. ૨૭૦, ૨૬૯, ૨૬૮, ૨૬૭, ૨૬૬, ૨૬૫, ૨૬૪, ૨૫૫, ૨૬૦, ૨૫૯, ૨૪૫, ૨૮૬, ૨૮૫, ૨૩૬, ૨૩૫, ૨૩૩, ૨૩૨, ૨૨૯, ૨૮૭, ૨૨૭, ૨૧૮, અને ૨૧૭ ને આવરી લઈ રેલ્વે ટ્રેક ઓળંગી સ. નં. ૨૧૭ની પશ્ચિમે ઉત્તર હદ થઈ ઉત્તર તરફ જતાં સર્વે નં. ૨૧૦, ૨૧૨, ૨૧૩, ૨૧૪, ૨૧૫ ને આવરી લઈ સ.નં. ૧૯૭ ના વાયવ્ય ખૂણા સુધીની હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વી.એચ.શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ-૨

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર

જામનગર મહાનગરપાલિકામાં ઉમેરેલ વિસ્તારની કુલ વસ્તી	૫૮,૬૧૨	
કુલ વોર્ડની સંખ્યા	૦૨	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી	૨૯૩૦૬	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ- ૩૨૨૩૭ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ- ૨૬૭૩૫
બેઠકોની સંખ્યા	૦૬	
સ્ત્રી બેઠકો	૦૨	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	--	તે પૈકી -- સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	--	તે પૈકી -- સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	--	તે પૈકી -- સ્ત્રી
કુલ અનામત બેઠકો	૦૨	
સામાન્ય બેઠકો	૦૪	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧૮	૨૯૬૩૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૧૯	૨૮૯૭૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ		૫૮૬૧૨			

વી.એચ.શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

IV-C-Ex.-11-2

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 12 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] THURSDAY, JANUARY 18, 2007/PAUSA 28, 1928

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં.૯, ૬ઠ્ઠો માળ

સરદાર પટેલ ભવન

ગાંધીનગર, તા. ૧૮મી જાન્યુઆરી, ૨૦૦૭

ક્રમાંક : રાચપ-ચટણ-સમક-મનપા-અમદાવાદ-૨૦૦૭

અમદાવાદ મહાનગર પાલિકામાં સત્તર (૧૭) નગર પાલિકાઓ તથા ત્રીસ (૩૦) ગામોનો વિસ્તાર ઉમેરેલ અને તે માટેવધારવામાં આવેલ શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪મા સુધારાને અનુલક્ષીને મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ-૧૯૪૯ કે જેનો હવે પછી અધિનિયમ તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તેમાં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ (ગુજરાત દ્વિતિય સુધારા) ૧૯૯૩થી સુધારા કરવામાં આવેલ છે. આ અધિનિયમની કલમ-૧૪(૧) હેઠળ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી કરવાની સત્તા રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થયેલી છે. અધિનિયમની કલમ-૧૪ ની પેટા કલમ (૨) હેઠળ રાજ્ય સરકારે ઘડેલા નિયમો અનુસાર રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. અત્રેના તા. ૩૧-૮-૨૦૦૫ના આદેશ ક્રમાંક : રાચપ-ચટણ-સમક-મનપા-અમદાવાદ-૨૦૦૫ થી અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણી માટે શહેરના ૪૫ વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી કરવામાં આવેલ છે.

૩. રાજ્ય સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામાં ક્રમાંક : કેવી-૨૫-૨૦૦૬-એએમએન-૯૦૨૦૦૬-૪૧૦-પી, તા. ૧૪-૨-૨૦૦૬ તથા જાહેરનામા ક્રમાંક : કેવી-૨૧૧-૨૦૦૬-એએમએન-૯૦૨૦૦૬-૪૧૦-પી; તા.૨૦-૭-૨૦૦૬ થી સત્તર નગરપાલિકાઓ તથા ત્રીસ ગામોનો વિસ્તાર અમદાવાદ મહાનગર પાલિકામાં ભેળવી દીધેલ છે તેમજ શીડ્યુઅલ -બી અને શીડ્યુઅલ-સી માં દર્શાવેલા ગામોના રેવન્યુ સર્વે નંબરોની વધ-ઘટની અસર આપેલ છે અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ નં. કેવી-૨૭૦-૨૦૦૬-એમએનએ-૧૦૨૦૦૬-૧૩૦૫-પી, તા. ૨૯-૯-૨૦૦૬ થી અમદાવાદ મહાનગર પાલિકામાં ઉમેરાયેલ વિસ્તાર માટે કુલ-૭ વોર્ડ

INDEX

અને ૨૧ બેઠકો નક્કી કરેલ છે તેમજ અનુસૂચિત જાતિ, પછાત વર્ગ તથા સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૪. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૪૫૬(૧) તથા કલમ-૫ હેઠળ મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) બાબતના નિયમો ૧૯૯૪ કે જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે બહાર પાડેલ છે.

૫. નિયમોના નિયમ-૨ અન્વયે મહાનગર પાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવી જોઈશે કે તમામ વોર્ડોની વસ્તી શક્ય હોય તેટલે સુધી સમાન રહે. ખાસ કરીને વોર્ડોની વસ્તીનો તફાવત, શહેરના વોર્ડની એકંદર વસ્તીના ૧૦ ટકા કરતાં વધુ હોવો જોઈએ નહી.

પરંતુ રાજ્ય ચૂંટણી પંચને એવી ખાતરી થાય કે સમરૂપતા અથવા ભૌગોલિક નિકટતા જાળવવા માટે ઉપરની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વધારેલ વિસ્તાર માટેના વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમજ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં મહાનગર પાલિકામાં નવા ઉમેરાયેલ વિસ્તારની કુલ વસ્તી ૯,૦૮,૮૦૭ આવે છે. જાહેરનામા પ્રમાણે નવા ઉમેરાયેલ વિસ્તારને ૦૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે, તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૧,૨૯,૮૩૦ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પૈકી વોર્ડ નંબર ૫૧ સિવાય કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % થી વધતી કે ઘટતી નથી.

૮. મહાનગર પાલિકામાં નવા ઉમેરાયેલ ૦૭ વોર્ડોને નિયમ-૩ની હકીકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વે લાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે નિયમ-૬ ની બાબત (ક) (ખ) ની જોગવાઈ પ્રમાણે બીજી બેઠક સરકારે અધિનિયમની કલમ-૫ હેઠળ બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ (ક) અન્વયે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવણી કરવાની થતી હોય તે કિસ્સામાં જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠક સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ ટકાવારી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત કરેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે મહાનગર પાલિકામાં નવા ઉમેરાયેલ વોર્ડો માટે કુલ ૦૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. સને ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આખરી પ્રસિધ્ધ થયેલ આંકડા મુજબ મહાનગર પાલિકાના સૂચિત ૦૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

INDEX

અ.નં.	વોર્ડ નં.	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૫૧	૧૪૫૦૮૯	૧૧૭૮૯	૮.૧૩
૨	૪૬	૧૨૦૯૨૨	૭૬૨૯	૬.૩૧
૩	૪૭	૧૩૭૮૮૩	૮૪૮૯	૬.૧૬
૪	૫૦	૧૨૦૮૭૨	૭૪૩૨	૬.૧૫
૫	૪૯	૧૧૮૮૧૩	૪૨૯૮	૩.૬૨
૬	૪૮	૧૩૫૩૬૧	૩૬૨૭	૨.૬૮
૭	૫૨	૧૨૯૮૬૭	૨૭૭૭	૨.૧૪
	કુલ...	૯૦૮૮૦૭	૪૬૦૪૧	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૫૧માં નિયમોના નિયમ-૬(ક) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૫૧ માં નિયમોના નિયમ-૬ (ક) હેઠળ ફાળવવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૫૧	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક ફાળવવામાં આવેલ નથી.

૧૬. જાહેરનામા અન્વયે નવા ઉમેરાયેલા વોર્ડો માટે ૦૨ બેઠક પછાતવર્ગ માટે અનામત નિર્ધારિત થયેલ છે. જે પૈકી ૦૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૭. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાત વર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી મહાનગર પાલિકાના જે વોર્ડમાં પછાત વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાત વર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહેશે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગ માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાત વર્ગ અને પછાત વર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ તે વોર્ડને બદલે તે પછી અનુક્રમે જે વોર્ડ આવે તે વોર્ડમાં પછાત વર્ગ અને પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફાળવવી.

અમદાવાદ મહાનગર પાલિકામાં નવા ઉમેરાયેલ વિસ્તારના આ સાથેની અનુસૂચિ-૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાત વર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે.

વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાત વર્ગની વસ્તી (અંદાજીત)	પછાત વર્ગની ટકાવારી
૫૧	૧૪૫૦૮૯	૬૮૧૯૪	૪૭.૦૦
૪૬	૧૨૦૯૨૨	૪૮૯૭૦	૪૦.૫૦
૫૦	૧૨૦૮૭૨	૩૪૦૩૫	૨૮.૧૬

INDEX

૪૮	૧૩૫૩૬૧	૩૪૮૦૭	૨૫.૭૧
૪૭	૧૩૭૮૮૩	૩૩૧૯૧	૨૪.૦૭
૫૨	૧૨૯૮૬૭	૩૦૧૩૭	૨૩.૨૧
૪૯	૧૧૮૮૧૩	૨૫૮૯૧	૨૧.૭૯
કુલ...	૯૦૮૮૦૭	૨૭૫૨૨૫	

પછાત વર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળેલ છે તેમાં સૂચિત વોર્ડ નં. ૫૧માં પછાત વર્ગની તથા વોર્ડ નં. ૪૬માં પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય છે. પરંતુ વોર્ડ નં. ૫૧માં અનુસૂચિત જાતિની બેઠક ફાળવેલ હોવાથી વોર્ડ નં. ૫૧માં પછાત વર્ગની બેઠક ફાળવી શકાય તેમ નથી. તેથી વોર્ડ નં. ૫૧માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક અને વોર્ડ નં. ૪૬માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. આથી પછાત વર્ગની બેઠક સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ-૬(ખ) હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૫૧	પછાતવર્ગ સ્ત્રી
૪૬	પછાતવર્ગ

૧૮. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૧૯. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને અમદાવાદ મહાનગરપાલિકામાં ઉમેરાયેલા વિસ્તાર માટે આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૦. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૧. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે. અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન , બ્લોક નં.--૯, ૬ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પૂરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજય ચૂંટણી પંચ મહાનગર પાલિકાના વોર્ડની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ અન્વયે માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

(વી. એચ. શાહ)
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ-૧

અમદાવાદ મહાનગરપાલિકા, જિ. અમદાવાદ

વોર્ડ નં. ૪૬નું હદનું વર્ણન :- (ચાંદલોડીયા)

ઓગણજ ગામના રે.સ.નં. ૧૪૮૬ થી શરૂ કરી પૂર્વ તરફ ઓગણજ ગામની રેવન્યુ હદે હદે રે.સ.નં.-૧૫૨૫ સુધી ત્યાંથી દક્ષિણે રેવન્યુ હદે હદે ઓગણજ ગામના રે.સ.નં. ૧૫૦૯ થઈ પૂર્વ દિશા તરફ ઓગણજ ગામની રેવન્યુ હદે હદે રે.સ.નં.-૧૩૮ થઈ ગામના રે.સ.નં. ૧૪૧ સુધી, ત્યાંથી દક્ષિણે ઓગણજના રે.સ.નં.-૩૦૧ સુધી ત્યાંથી પૂર્વ દિશા તરફ ઓગણજના રે.સ.નં.-૩૦૨ સુધી, ત્યાંથી દક્ષિણે ઓગણજની રેવન્યુ હદે હદે ઓગણજ ગામના રે.સ.નં. ૩૨૪ થઈ છારોડી ગામની રે.સ.નં.-૯૦થી ઉત્તરે જમણી બાજુ છારોડી ગામના રે.સ.નં.-૯૨ સુધી, ત્યાંથી પૂર્વ તરફ છારોડી ગામની રેવન્યુ હદે હદે રે.સ.નં.-૧૧૯ સુધી, ત્યાંથી દક્ષિણે રે.સ.નં.-૧૨૦ સુધી, ત્યાંથી પૂર્વ દિશાએ એસ.જી. હાઈવે ક્રોસ કરી રે.સ.નં.-૧૨૪ સુધી, ત્યાંથી ઉત્તરે રે.સ.નં. ૧૪૦ થઈ પૂર્વ દિશાએ છારોડી ગામના રે.સ.નં.-૧૪૨ સુધી, ત્યાંથી ઉત્તર દિશાએ જમણી બાજુ ત્રાગડ ગામના રે.સ.નં.-૧૦૩ થી રે.સ.નં. ૧૦૪ સુધી, ત્યાંથી પૂર્વ દિશાએ ત્રાગડ ગામની રેવન્યુ હદે હદે રે.સનં.-૧૫૪ સુધી, ત્યાંથી મીટર ગેજ રેલ્વે ક્રોસ કરી ઉત્તર દિશાએ ત્રાગડ ગામના રે.સ.નં.-૧૬૩ ની હદ સુધી, ત્યાંથી પૂર્વ દિશા તરફ ત્રાગડ ગામની રેવન્યુ હદેહદે રે.સ.નં.-૧૬૪ થી ૨૦૪ સુધી, ત્યાંથી દક્ષિણ દિશાએ જમણી બાજુ ત્રાગડ ગામનાં રે.સ.નં. ૨૩૦ થઈ રે.સ.નં.-૨૩૨,૨૪૮,૨૯૫, દક્ષિણ દિશાએ ત્રાગડ ગામના રે.સ.નં.-૨૯૯ સુધી ત્યાંથી પશ્ચિમ એ મીટર ગેજ રેલ્વે ક્રોસ કરી જગતપુર ગામની પૂર્વ તરફની રેવન્યુ હદે હદે દક્ષિણ દિશાએ જગતપુર ગામના રે.સ.નં.-૫૪ સુધી, ત્યાંથી ચેનપુર ગામના રે.સ.નં. -૧૫૧ થી દક્ષિણ દિશા તરફ ચેનપુર ગામના રે.સ.નં.-૧૫૯ થઈ પૂર્વ તરફ ચેનપુર ગામની રેવન્યુ હદે હદે ચેનપુર ગામના રે.સ.નં.-૧૬૮ સુધી, ત્યાંથી પૂર્વ તરફ કાલીના રે.સ.નં.-૧૯૧ (જૈન આરાધના ટ્રસ્ટ) થી આઈ.ઓ.સી. રોડની જમણી બાજુ શુભ સોનલ સોસાયટી થઈ કાલીની રેવન્યુ હદે હદે, નિરંજન બાગ સોસાયટી સુધી દક્ષિણ તરફ જમણી બાજુના વિસ્તારે સંતોષ નગર વોટર વર્કસ થઈ દક્ષિણ પૂર્વ તરફ જમણી બાજુના વિસ્તારે આશિષ મંગલ સોસાયટી સુધી, ત્યાંથી દક્ષિણે નિલકંઠ મહાદેવ મંદિર થઈ, શિવ આશિષ સોસાયટી થઈ જિલ્લા પંચાયત પ્રાથમિક શાળા, કોમ્યુનીટી હોલ થઈ પૂર્વ દિશા તરફ વલ્લભબાગ સોસાયટી થઈ મહાકાળી કોર્પોરેશન થઈ જમણી બાજુના વિસ્તારે ત્યાંથી રેલ્વે કોલોની થઈ ઓ.એન.જી.સી થઈ ઉત્તર દિશાએ હાઈવે રોડ પાસે ઓ.એન.જી.સી કોલોનીના ઝાંપા સુધી, ત્યાંથી દક્ષિણ દિશા તરફ જમણી બાજુ ભૂત બંગલા વિસ્તાર થઈ સર્વોત્તમ નગર થઈ સુંદરમ કોમ્પ્લેક્ષ સુધી, ત્યાંથી દક્ષિણ દિશા તરફ કાલીની રેવન્યુ હદે હદે ન્યુ રેલ્વે કોલોની થઈ કબીર ચોક મીટર ગેજ ગરનાળા થઈ રાણીપના રેવન્યુ સ.નં.-૨૩૭ ની હદે હદે થઈ રાણીપના રે.સ.નં.-૨૭૦ની હદે હદે બ્રોડગેજ રેલ્વે રાણીપ ગરનાળા બ્રીજ નં.-૩ સુધી, ત્યાંથી પશ્ચિમ દિશાએ વિરમગામ બ્રોડગેજ રેલ્વે લાઈને લાઈને જમણી બાજુ જી.એસ.ટી. ક્રોસીંગ થઈ અર્જુન આશ્રમ મીટરગેજ રેલ્વે ક્રોસ કરી ચાંદલોડિયા દિનદયાળ ઉપાધ્યાય ઓવર બ્રિજ નીચે વિરમગામ રેલ્વે લાઈને લાઈને ચાંદલોડિયા રેલ્વે સ્ટેશને થઈ ચાણક્યપુરી રેલ્વે ક્રોસીંગ સુધી, જમણી તરફનો વિસ્તાર ત્યાંથી ઉત્તર દિશા તરફ રોડે રોડે હનુમાનજી મંદિર સુધીનો વિસ્તાર. ત્યાંથી પશ્ચિમ દિશાએ રોડે રોડે હીરલ પાર્ક સોસાયટી, ભવનાથ સોસાયટી, મૃદુલ પાર્ક સોસાયટી, ઈન્દીરા વસાહત, શુકન બંગલોઝ, હરીં વીલા એપાર્ટમેન્ટ થઈ એસ.જી. હાઈવે પર (કારગીલ પેટ્રોલપંપ સામે જંકશન સુધી) પરમાનંદ ફાર્મ, ત્યાંથી ઉત્તર દિશા તરફ હાઈવે હાઈવે સત્યમેવ કોમ્પ્લેક્ષ થઈ આર.સી. ટેકનીકલ ઈન્સ્ટીટયુટ થઈ અગ્રવાલ મોલ સુધી જમણી બાજુનો વિસ્તાર. ત્યાંથી ઉત્તર પશ્ચિમ તરફ ગોતા ગામની રેવન્યુ હદે હદે ગોતા ગામના રે.સ.નં.-૪૪૩ સુધી. ત્યાંથી પશ્ચિમ દિશાએ ઓગણજ ગામના રે.સ.નં.-૯૪૦ થઈ પશ્ચિમ દિશાએ ઓગણજ ગામના રે.સ.નં:-૧૦૨૨ સુધી. ત્યાંથી ઉત્તર દિશા તરફ ઓગણજ ગામની રેવન્યુ હદે હદે રે.સ.નં.-૧૨૨૭,૧૨૮૭,૧૪૪૩ તથા રે.સ.નં.-૧૨૭ થઈ રે.સ.નં. ૧૪૮૬ સુધીનો તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર- પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર-પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ-પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ- પશ્ચિમ)

INDEX

વોર્ડ નં. ૪૭નું હદનું વર્ણન : (રાણીપ)

ચાણક્યપુરી રેલ્વે ક્રોસીંગથી પૂર્વ દિશા તરફ રેલ્વે લાઈને લાઈને જમણી બાજુ ચાંદલોડિયા રેલ્વે સ્ટેશન થઈ રેલ્વે લાઈને લાઈને દિનદયાળ ઓવરબ્રિજ નીચે રેલ્વે લાઈને લાઈને ધોળકા રેલ્વે લાઈન ક્રોસ કરી અર્જુન આશ્રમ સામે રેલ્વે લાઈને લાઈને જમણી બાજુએ જી.એસ.ટી. ક્રોસીંગ પાસે થઈ પૂર્વ દિશાએ જમણી બાજુ રેલ્વે લાઈને લાઈને વાલ્મીકી આવાસ યોજના સુધી ત્યાંથી દક્ષિણ તરફ જુની મ્યુની. હદે હદે સેન્ટ્રલ જેલની કોટની દિવાલે દિવાલે થઈ કેશવનગર ઓકટ્રોય નાકા સુધી, ત્યાંથી પશ્ચિમે જુની મ્યુની. હદે હદે જમણી તરફ વનરાજ સોસાયટી થઈ શિવકુંજ ચેક પોસ્ટ ઓકટ્રોય નાકા થઈ કિર્તન સોસા. થઈ જુની મ્યુની. હદે હદે ઉત્તર પશ્ચિમ દિશા તરફ સુદર્શન ફલેટ થઈ સર્વોપરી ઘનશ્યામ સોસા. થઈ પશ્ચિમ તરફ જમણી બાજુ વૈભવ ફલેટ સુધી ત્યાંથી પશ્ચિમે જુની મ્યુનિ. હદે હદે સરસ્વતીનગર સોસા. થઈ, દેવમંદિર સોસા. થઈ, કલ્પતરુ ફલેટ થઈ, પંચવટી ફલેટ સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ જમણી બાજુએ પ્રતિક પાર્ક સોસા. સુધી ત્યાંથી દક્ષિણ પશ્ચિમે જુની મ્યુનિ. હદે હદે નંદનવન ફલેટ (હુડકો) થઈ, મધુર મિલન સોસા. થઈ, નિર્ણયનગર ગરનાળાની નીચે ધોળકા રેલ્વે લાઈન ક્રોસ કરી પશ્ચિમ દક્ષિણ તરફ જુની મ્યુનિ. હદે સાબરકાંઠા નાયકનગર સોસા. થઈ, ત્યાંથી પશ્ચિમ તરફ એ.ઈ.સી. સબ સ્ટેશન થઈ, મધુવુંદ (રવી પાર્ક સોસા.) થઈ, સૌમિલ એપાર્ટ. થઈ, જુની મ્યુનિ. હદે હદે સ્વામી અખંડ આનંદ સોસા. થઈને મેનારવ હોલ થઈ જુની મ્યુનિ. હદે હદે જમણી તરફ નિલકંઠ મહાદેવ થઈ, ઉત્તરે જમણી તરફ રત્નાપાર્ક સોસા. થઈ રોડે રોડે શ્રી કુંજ સોસા. થઈ, વીર ડેરી થઈ, પ્રભાત ચોક જંકશન સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ રોડે રોડે જમણી બાજુ વાળીનાથ કોમ્પ્લેક્ષ થઈ, શ્રી હજારી બાગ સોસા. થઈ, નંદેશ્વરી સોસા. થઈ, ચાણકયપુરી રેલ્વે ક્રોસીંગ સુધી જમણી બાજુ સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૪૮નું હદનું વર્ણન :-- (ઘાટલોડીયા)

ભાડજ ગામના રે.સ./બ્લોક નં.૧૨૨ થી શરૂ કરી દક્ષિણ દિશાએ ભાડજ ગામના રે.સ. /બ્લોક નં.૨૨૪ સુધીનો જમણી બાજુનો વિસ્તાર ત્યાંથી સોલા ગામની રે. હદને અડીને સોલા ગામના રે.સ.નં. ૮૩૭ થી પૂર્વ દિશાએ જમણી બાજુના સોલા ગામના રે.સ.નં. ૭૫ સુધીનો વિસ્તાર ત્યાંથી દક્ષિણ દિશાએ સોલાની રેવન્યુ હદે હદે એસ.જી. હાઈવે પર ભાગવત વિદ્યાપીઠના દરવાજા પાસે સોલાના રે.સ.નં. ૧૩૨ થી શરૂ કરી દક્ષિણ દિશાએ જમણી બાજુએ એસ.જી. હાઈવેની જમણી બાજુ હાઈકોર્ટ પોલીસ કવાર્ટસ થઈ સોલા સીવીલ હોસ્પીટલ થઈ ગુજરાત હાઈકોર્ટ થઈ કારગીલ પેટ્રોલ પંપ સુધી ત્યાંથી પૂર્વ દિશાએ જમણી બાજુએ સત્યમેવ-૨ કોમ્પ્લેક્ષ થઈ ઔડા સોલાની પાણીની ટાંકી થઈ ચાણકયપુરીના રોડે રોડે થઈ દેવનંદન કોમ્પ્લેક્ષ સુધી ત્યાંથી દક્ષિણ તરફ ઓમકારેશ્વર મહાદેવ થઈ ચાણક્યપુરી રેલ્વે ફાટક ક્રોસ કરી દક્ષિણ દિશાએ જમણી બાજુએ પ્રીત રેસીડેન્સી, પંચોલી હાઉસ, અંકીત કોમ્પ્લેક્ષ થઈ પ્રભાત ચોક સુધી, ત્યાંથી પૂર્વ દક્ષિણે જમણી બાજુએ મંજુશ્રી સોસા સુધી, ત્યાંથી દક્ષિણે જુની મ્યુનિ. હદે હદે પારસમણી ફલેટ, સૂર્યનારાયણ સોસા. થી પશ્ચિમ દિશાએ પાયલ ફાર્મ થઈ જુની મ્યુનિ. હદે હદે સોલારોડ ઉપરના અંબાજી માતાના મંદિર ભુયંગદેવ ચાર રસ્તા ક્રોસ કરી જમણી બાજુએ અગ્રવાલ કોમ્પ્લેક્ષ થઈ દક્ષિણ દિશાએ જુની મ્યુનિ. હદે હદે અક્ષત એપાર્ટ., મયુર પાર્ક સોસા. થઈ વિવેકાનંદ ચોક સુધી ત્યાંથી પશ્ચિમ દિશાના જમણી બાજુએ કૃષ્ણનગર સોસા. શિલ્પ કોમ્પ્લેક્ષ થઈ સુભાષ ચોક જંકશન સુધીનો જમણી બાજુનો વિસ્તાર, ત્યાંથી દક્ષિણ દિશાએ ગુરૂકુલ રોડે રોડે ઓક્ષપોર્ટ ટાવર થઈ બાલાજી કોમ્પ્લેક્ષ, સ્વામીનારાયણ ગુરૂકુલ સુધી ત્યાંથી પશ્ચિમ દિશાએ ડ્રાઈવ ઈન રોડે રોડે જમણી બાજુએ ઈન્દ્રપ્રસ્થ ટાવર થઈ સાંઈ ધામ થઈ થલતેજ ચોકડી થઈ એસ.જી. હાઈવે ક્રોસ કરી રોડે રોડે થલતેજ તળાવના દક્ષિણ કિનારે થઈ રામબાગ થઈ રોડે રોડે, શ્યામ વિહાર બંગલોઝ થઈ આંબલી રોડ રેલ્વે ફાટક સુધીનો જમણી બાજુનો વિસ્તાર ત્યાંથી પશ્ચિમ દિશાએ થલતેજના રે. સર્વે નં. ૨૦૯ સુધીનો વિસ્તાર ત્યાંથી ઉત્તરે થલતેજની રેવન્યુ હદે હદે થઈ હેબતપુરની રેવન્યુ/બ્લોકની હદે હદે જમણી બાજુનો વિસ્તાર ત્યાંથી ઉત્તર દિશા તરફ ભાડજના રે.સર્વે/બ્લોક નં. ૪૬૪ સુધી ત્યાંથી પશ્ચિમ દિશાએ જમણી બાજુ ભાડજના રે.સર્વે/બ્લોક નં.૪૯૨ સુધીનો વિસ્તાર ત્યાંથી ઉત્તર દિશાએ ભાડજના રે.સર્વે/બ્લોક નં.૪૯૮ સુધીનો વિસ્તાર ત્યાંથી પશ્ચિમ દિશાએ ભાડજના રે.સર્વે/બ્લોક નં.-૫૪૨ સુધીનો વિસ્તાર, ત્યાંથી ભાડજના રેવન્યુ/બ્લોકની હદે હદે ઉત્તરતરફ સર્વે/બ્લોક નં.-૬૨૪ સુધીનો જમણી બાજુનો વિસ્તાર, ત્યાંથી પશ્ચિમ દિશાએ જમણી બાજુ ભાડજ ગામના રે.સ./બ્લોક નં.-૬૨૯ સુધીનો વિસ્તાર, ત્યાંથી ઉત્તર પૂર્વ દિશાએ જમણી બાજુ ભાડજ ગામના રે.સ./બ્લોક નં.-૬૬૪ સુધીનો વિસ્તાર, ત્યાંથી ઉત્તર દિશાએ ભાડજ ગામના

INDEX

રે.સ./બ્લોક નં.-૫૩ સુધીનો જમણી બાજુનો વિસ્તાર, ત્યાંથી પૂર્વ દિશાએ સરદાર પટેલ રીંગ રોડ પાસેના ભાડજ ગામના રે.સર્વે નં./બ્લોક નં. ૧૨૨ સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૪૯નું હદનું વર્ણન :-- (જોધપુર)

	૧૨	૧૪૦		૬૩૩	૧ થી ૧૫૨	ડી.પી. રોડ, કોલેજ રોડ, રીંગ રોડ, ઢાંકનો માર્ગ, હરેકૃષ્ણનગર સોસાયટી, ગેલેકસી પાર્ક, વૃંદાવન સોસાયટી, શાંતિ નિકેતન સોસાયટી, મારૂતિ સોસાયટી, શીવ શકિત સોસાયટી, માધવ પાર્ક, લાધા નરણનાં સમાજ પાસેનો વિસ્તાર તથા રેવન્યુ હદ
	૮૧			૮૮૪	૧ થી ૮૩	નેશનલ હાઈવે, જવાહર સોસાયટી મેઈન રોડ, ભો.ગો. છાત્રાલય, જનવાહર સોસાયટી
	૧૩૩			૨૦૨	૮૪ થી ૧૩૩	મુરખડાનો માર્ગ, કોલેજ રોડ, ભો.ગો. છાત્રાલય પાછળની શેરી, અર્જુન સોસાયટી રોડ, યુનિ. કોલેજ, અર્જુન સોસાયટી રીંગ રોડ
	૮૨	૩૨		૭૨૯	૧ થી ૧૬૧	મુરખડાની ગાળીવાળો માર્ગ, ભો.ગો. છાત્રાલય રોડ, કોલેજ રોડ, અર્જુન સોસાયટી, રીંગ રોડ, આમ્રપાલી સોસાયટી, કૈલાશનગર રોડ, ગાયત્રીનગર, શ્રધ્ધા સોસાયટી તથા રેવન્યુ હદ વિસ્તાર
	૮૫			૫૭૧	૧ થી ૧૩૪	મુરખડાનો માર્ગ, કૈલાશનગર, યોગેશ્વરનગર
	૮૪			૫૮૩	૧ થી ૧૩૭	પોરબંદર રોડ, યાદવ શેરી, મુરખડાનો માર્ગ, કૈલાશનગર, યોગેશ્વરનગર રોડ, પોપટ લાધાની વાડીવાળો રોડ તથા રેવન્યુ હદ વિસ્તાર
	૮૦	૩૩૧	૧૦	૭૪૯	૧ થી ૧૬૫	નેશનલ હાઈવે, આમ્રપાલી સોસાયટી, કેનાલ રોડ, રીંગ રોડ, હનુમાન મંદિર વિસ્તાર, ઢબરનગર, હિંદવે બ્રીજ, સ્વસ્તિક સોસાયટી, રામનગર, સહયોગ સોસાયટી તથા રેવન્યુ વિસ્તાર
કુલ	૮	૫૦૩	૧૦	૪૮૫૪		

INDEX

હદનું વર્ણન :–

મોજે મેખાટીબીના સીમાડે ઢાંકનો માર્ગ મળે ત્યાં સર્વે નં. ૨૬૧ ના ઉત્તર–પશ્ચિમ વાયવ્ય ખૂણેથી શરૂ કરી ઢાંકના માર્ગે પૂર્વે આગળ ચાલી સર્વે નં. ૨૫૮, ૨૫૫, ૨૫૪, ૨૪૯/૧, ૨૪૮/૧–૨, ૨૩૨, ૨૩૧/૨, ૨૩૦, ૨૨૯, ૨૨૮, ૨૨૭/૪, ૨૦૯, ૨૦૮/૧ થઈ ગેલેકસી પાર્ક, સરદાર સોસાયટી, થઈ ડી.પી.રોડ ક્રોસ કરી પૂર્વે આગળ ચાલી ઢાંકના માર્ગે સરદાર પટેલ સોસાયટીનાં ફુલપાનના ખૂણા સુધી. ત્યાંથી સરદાર પટેલ સોસાયટીનાં મેઈન રોડ ઉપર વલ્લભ વિદ્યાલય તરફ દક્ષિણે આગળ ચાલી નવયુગ સોસાયટીનાં મેઈન રોડ મળે ત્યાં મેઘજીભાઈ વાછાણીનાં મકાનનાં ખૂણા સુધી. ત્યાંથી નવયુગ સોસાયટીનાં મેઈન રોડ ઉપર પૂર્વે આગળ ચાલી શાકુંતલ એપાર્ટમેન્ટનાં ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણે તાલુકા પંચાયત રોડ ઉપર આગળ ચાલી તાલુકા પંચાયત થઈ કુતીયાણા વાળા દિપકભાઈ ચોટાઈનાં ખૂણે જવાહર સોસાયટીનો મેઈન રોડ મળે છે ત્યાં સુધી. ત્યાંથી જવાહર સોસાયટીનાં મેઈન રોડ ઉપર પૂર્વ તરફ આગળ ચાલીને ને.હાઈવે ૮–બ મળે છે તયાં સુધી. ત્યાંથી ને.હાઈવે ૮–બ ઉપર દક્ષિણે આગળ ચાલી કાળાનાલા પાસે મુરખડાનો માર્ગ મળે છે ત્યાં સુધી. ત્યાંથી મુરખડાનાં માર્ગ ઉપર પશ્ચિમે આગળ ચાલી મ્યુનિ. કોલેજનાં દરવાજા થઈ ગીરધરભાઈ વેલજીભાઈનાં મકાનને ખૂણે આવતી શેરી સુધી. ત્યાંથી દક્ષિણે આગળ ચાલી ચૌહાણ સાહેબનાં મકાન થઈ ચામુંડા કૃપા મકાનનાં ખૂણા સુધી. ત્યાંથી પૂર્વે આગળ ચાલી પ્રોફેસર ભેડા સાહેબ વાળા મકાનનાં ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણે આગળ ચાલી યાદવ ડેરી થઈ આગળ ચાલી ને.હાઈવે ૮–બ મળે છે ત્યાં સુધી. ત્યાંથી ને.હાઈવે ૮–બ ઉપર પશ્ચિમ દક્ષિણે એટલે કે પોરબંદર તરફ આગળ ચાલી જલારામ મંદિર થઈ ઉપલેટા મુરખડાનાં સીમાડા સુધી. ત્યાંથી ને.હાઈવે ૮–બ ઉપર આગળ ચાલી સર્વે નં. ૧૪૩/૧ ના ઉત્તર પશ્ચિમ ખૂણે થઈ પૂર્વે તરફ આગળ ચાલી ઉપલેટા અને મુરખડાનાં સીમાડે સર્વે નં. ૧૪૭/૫ નાં પશ્ચિમ સેઢે ઉત્તરે આગળ ચાલી સર્વે નં. ૧૪૭,૧૪૮, ૧૫૦/૧–૨ નાં પશ્ચિમ સેઢે ચાલી મુરખડાનો માર્ગ ક્રોસ કરી ખેતરાઉ હોકળી ક્રોસ કરી સર્વે નં. ૨૪૨ ના દક્ષિણે પૂર્વે આગળ સુધી. ત્યાંથી સર્વે નં. ૨૪૨, ૨૪૩/૨–૩–૪–૫ નાં દક્ષિણ સેઢે પશ્ચિમે ચાલી સર્વે નં. ૨૪૩/૫ નાં પશ્ચિમ દક્ષિણ ખૂણા સુધી. ત્યાંથી ઉત્તરે ખાંચ થઈ સર્વે નં. ૨૫૧/૧–૨, ૨૫૨/૧–૨ નાં પશ્ચિમ સેઢે ઉત્તરે આગળ ચાલી સર્વે નં. ૨૫૯, ૨૬૦/૧–૨ નાં દક્ષિણ સેઢે પશ્ચિમે ઉપલેટા મેખાટીબીને સીમાડે આગળ ચાલી સર્વે નં. ૨૬૧ થઈ ઢાંકનો માર્ગ મળે છે ત્યાં સુધી. તેમાં અંદર આવતો તમામ વિસ્તાર

INDEX

વોર્ડ નં.૯

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૯	૮૩	૫		૬૨૧	૧ થી ૧૮૭	પોરબંદર રોડ, યાદવ રોડ, કૈલાશનગર શેરી નં.૧, મુરખડાનો માર્ગ, રામાનંદી સ્કુલ રોડ, કલ્યાણ સોસાયટી, મારૂતિ એપાર્ટમેન્ટ, નંદ કિશોર પાન વિસ્તાર, જનતા પરોઠા વિસ્તાર
	૭૮	૪૬૧		૭૮૬	૧ થી ૧૪૮	નેશનલ હાઈવે, ખોડીયાર રોડ, ટાગોર રોડ, નીલાખાની ગાળી, પાટણવાવ રોડ, સેંટ મેરી સ્કુલ વિસ્તાર, કૃષ્ણ કેક વિસ્તાર, ભીમનગર, શિક્ષકનગર, વિજયનગર
	૯૧			૪૮૭	૧ થી ૯૬	શહીદ અર્જુન રોડ, ખોડીયાર રોડ, ટાગોર રોડ, નીલાખાની ગાળી
	૯૦			૪૩૮	૧ થી ૧૧૫	ખોડીયાર રોડ, નીલાખાની ગાળી, શહીદ અર્જુન રોડ, ગરબી શેરીની સામેની ગલી, સર ભગવત રોડ
	૯૪	૨૦		૮૫૬	૧ થી ૧૯૬	નીલાખાની ગાળી, સર ભગવત રોડ, સ્વામિનારાયણ એપાર્ટમેન્ટવાળો વિસ્તાર
	૯૩			૭૨૨	૧ થી ૧૮૦	ગાધા રોડ, સર ભગવત રોડ, નીલાખીની ગાળી, ગાયત્રીનગર તથા ગાયત્રીનગર મેઈન રોડ
	૯૨			૪૧૯	૧ થી ૯૪	નીલાખાની ગાળી, ગાયત્રીનગર મેઈન રોડ, ગાધા રોડ તથા રેવન્યુ હદ વિસ્તાર
	૭૯			૧૬૦	૧ થી ૬૦	નેશનલ હાઈવે, પાટણવાવ રોડ, સેંટ મેરી સ્કુલ તથા સેંટ મેરી સ્કુલ રોડ, નીલાખાની ગાળી, અશોકવાટીકા, ઓશો આશ્રમ તથા રેવન્યુ હદ વિસ્તાર
કુલ	૮	૪૮૬	૦	૪૪૮૯		

હદનું વર્ણન :–

મુરખડાનાં મારગે ગીરધરભાઈ વેલજીભાઈનાં મકાન પાસે વાયવ્ય ખૂણેથી શરૂ કરી મુરખડાના મારગે પૂર્વે આગળ ચાલી કાળાનાલા પાસે ને. હાઈવે ૮–બ મળે ત્યાંસુધી. ત્યાંથી ને.હાઈવે ૮–બ ઉપર દક્ષિણે આગળ ચાલી કૃષ્ણ ઓઈલ કેક પાસે ખોડીયાર રોડ મળે ત્યાં સુધી. ત્યાંથી ખોડીયાર રોડ ઉપર પૂર્વે આગળ ચાલી ટાગોર રોડ , શહીદ અર્જુન રોડ ક્રોસ કરી ડોબરીયા શેરી મળે ત્યાં મનસુખભાઈ વસોયાનાં મકાનના ખૂણા સુધી ત્યાંથી લાધાભાઈ ટપુભાઈનાં મકાનના ખૂણે થઈ ડોબરીયા શેરીમાં દક્ષિણે આગળ ચાલી ભીમાભાઈ મેણસીભાઈના મકાનના ખૂણે નીલાખાની ગાળી મળે ત્યાં સુધી. ત્યાંથી નીલાખાની ગાળી ઉપર પૂર્વ તરફ આગળ ચાલી સર ભગવત રોડ મળે છે તયાં સુધી. ત્યાંથી સર ભગવત રોડ ઉપર દક્ષિણે આગળ ચાલી ગાધાનો મારગ મળે ત્યાં સુધી. ત્યાંથી ગાધાના મારગે દક્ષિણ પશ્ચિમ તરફ

INDEX

આગળ ચાલી બ્રહ્મચારી બાપુના મંદિર થઈ સર્વે નં. ૧૦૯/૧, ૧૧૨, ૧૧૩, ૧૧૪/૧ સર્વે નં. ૧૨૬ નાં દક્ષિણે પશ્ચિમ ખૂણે ઉપલેટા ગાધાના સીમાડા સુધી. ત્યાંથી સર્વે નં. ૧૨૬ ની ખાંચ થઈ સર્વે નં. ૧૨૬/૭–૬–૫–૪–૩–૧ નાં દક્ષિણ સેઢે પશ્ચિમ તરફ આગળ ચાલી સર્વે નં. ૧૨૬/૧ નાં ખૂણેથી ઉત્તર બાજુની ખાંચ થઈ સર્વે નં. ૧૩૫ /૬–૫–૪–૩–૨–૧ ના દક્ષિણ સેઢે પશ્ચિમ તરફ આગળ ચાલી ગાધા ઈશરા ઉપલેટાનાં સીમાડાનાં ત્રીભેટા સુધી. ત્યાંથી ઈશરા ઉપલેટાનાં સીમાડે ઉત્તરે આગળ ચાલી સર્વે નં. ૧૩૭/૫–૩–૧ , સર્વે નં. ૧૩૮/૧ , ૧૪૧/૧ થઈ નીલાખાની ગાળી ક્રોસ કરી ઈશરા ઉપલેટાના સીમાડે ઉત્તરે આગળ સર્વે નં. ૧૪૨/૨–૧–૪–૩ ના પશ્ચિમ સેઢે ઉત્તરે આગળ ચાલી પોરબંદર ને.હાઈવે ૮–બ મળે ત્યાં સુધી. ત્યાંથી સર્વે નં. ૧૪૩/૧ ની ખાંચ થઈ ને.હાઈવે ૮–બ ઉપર પૂર્વે આગળ ચાલી સર્વે નં. ૧૪૭/૬, ૧૫૬/૧–૨, ૧૫૫, ૧૬૧, ૧૬૮, ૧૭૦/૧, ૧૭૩, ૧૭૫ અ–બ,૧૭૭/૪–૩–૨, ૧૭૮/૧ થઈ જી.આઈ.ડી.સી. થઈ કૃષ્ણકેઈક પાસે યાદવ ડેરીવાળો રસ્તો મળે ત્યાં સુધી. ત્યાંથી યાદવ ડેરી વાળા રસ્તા ઉપર ઉત્તરે આગળ ચાલી પ્રો.ભેડા સાહેબવાળા મકાનના ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમે આગળ ચાલી ચામુંડાકૃપા મકાનનાં ખૂણા સુધી. ત્યાંથી ઉત્તરે આગળ ચાલી ચૌહાણ સાહેબનાં મકાન થઈ ગીરધરભાઈ વેલજીભાઈનાં મકાનના ખૂણે થઈ મુરખડાનો માર્ગ મળે છે ત્યાં સુધી. તેમાં અંદર આવતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૧૦

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૧૦	૧૦૦	૧૦		૪૧૫	**૧ થી ૨૨૯**	જવાહર રોડ, સિનેમા શેરી, યાદવ રોડ, બડા બજરંગ રોડ, મંડપ રોડ, નવા કુંભારવાડા રોડ
	૧૦૧	૮		૧૩૯	**૧ થી ૯૧**	યાદવ રોડ, બડા બજરંગ રોડ, ખોડીયાર રોડ, ભાદર રોડ
	૯૯	૨૮૭		૪૮૧	**૧ થી ૧૨૦**	મંડપ રોડ, બડા બજરંગ રોડ, ખોડીયાર રોડ, નવા કુંભારવાડા, યાદવ રોડ, ચમારવાસ
	૯૫			૫૫૬	**૧ થી ૧૩૫**	જવાહર રોડ, ભગવત રોડ, દેવરામ શેરી, મંડપ રોડ, વીજળી રોડ, સંસ્કાર કેન્દ્રવાળી શેરી
	૯૮		૪	૬૦૭	**૧ થી ૧૩૯**	મંડપ રોડ, નવા કુંભારવાડા રોડ, વીજળી રોડ, ખોડીયાર રોડ, યાદવ રોડ
	૯૬			૪૩૯	**૧ થી ૧૦૮**	મંડપ રોડ, વીજળી રોડ, યાદવ રોડ, ભગવત રોડ, ગરબી શેરી
	૯૭			૪૮૬	**૧ થી ૧૨૪**	યાદવ રોડ, વીજળી રોડ, ખોડીયાર રોડ, ભગવત રોડ
	૧૦૨	૨૦		૬૨૨	**૧ થી ૧૩૨**	ખોડીયાર રોડ, વીજળી રોડ, ગાધાના પારા પાસે, ભગવત રોડ, બારૈયા રોડ
	૧૦૩			૪૭૨	**૧ થી ૧૧૩**	વીજળી રોડ, ખોડીયાર રોડ, ભાદર રોડ, ગાધા રોડ, બારૈયા રોડ, બડા બજરંગ રોડ, રબારી વાસ રોડ
કુલ	૯	૩૨૫	૪	૪૨૧૭		

હદનું વર્ણન :–

ઉપલેટા શહેરના જવાહર રોડ અને સર ભગવત રોડ જયાં અક્ષરધામ કોમ્પલેક્ષ મળે તે વાયવ્ય ખૂણેથી શરૂ કરી જવાહર રોડ ઉપર પૂર્વે તરફ આગળ ચાલી વીજળી રોડ, દુમ્બા કોટેજ રોડ , બડા બજરંગ રોડ ક્રોસ કરી સીનેમા શેરી મળે ત્યાં સુધી. ત્યાંથી સીનેમા શેરીમાં દક્ષિણે આગળ મંડપ રોડ ક્રોસ કરી યાદવ રોડ મળે છે ત્યાં સુધી. ત્યાંથી યાદવ રોડ ઉપર પૂર્વે આગળ ચાલી ભાદર ચોક મળે ત્યાં સુધી. ત્યાંથી રબારી વાસ મેઈન રોડ (ભાદર રોડ) ઉપર દક્ષિણે આગળ ચાલી ખોડીયાર રોડ ક્રોસ કરી ગાધાનો મારગ મળે ત્યાં સુધી. ત્યાંથી ગાધાના મારગ ઉપર પૂર્વે આગળ ચાલી પાટણવાવ રોડ મળે ત્યાં સુધી. ત્યાંથી પાટણવાવ રોડ ઉપર દક્ષિણે આગળ ચાલી પાટણવાવ રોડ ઉપર જંડીયાના નાલા (પુલ) થઈ મોજ નદી અને ભાદર નદી મળે છે ત્યાં પુલ ઉપર થઈ ભાદર નદીના સામા કાંઠા સુધી ભાદર નદીના પૂલ પાસે ભાદર નદીના સામા કાંઠે પશ્ચિમ તરફ આગળ ચાલી ભાદર નદી ક્રોસ કરી સમઢિયાળા, ગાધા અને ઉપલેટાના સીમાડાનાં ત્રિભેટા સુધી. ત્યાંથી સર્વે નં. ૬૫/૧–૯ નાં પશ્ચિમ સેઢે ઉત્તર તરફ આગળ ચાલી સર્વે નં. ૬૬ નાં પશ્ચિમ સેઢે આગળ ચાલી ગાધાનો મારગ મળે ત્યાં સુધી. ત્યાંથી ગાધાના મારગે ઉત્તર પૂર્વે આગળ ચાલી સર્વે નં. ૬૬, ૬૭, ૬૮, ૭/૧, ૭૫, ૮૧/૧–૨, ૮૨/૧–૨–૩, ૮૩/૧–૨–૩–૪–૫, ૮૯/૧–૨, ૮૯/૧, ૯૦/૧ થઈ સર ભગવત રોડ (સ્ટેશન રોડ) મળે છે ત્યાં સુધી. ત્યાંથી સર ભગવત રોડ ઉપર ઉત્તરે આગળ ચાલી કમલેશ્વર મહાદેવ મંદિર થઈ ખોડીયાર રોડ, યાદવ રોડ, ગરબી શેરી, મંડપ રોડ, દેવરામ શેરી, ક્રોસ કરી જયાં અક્ષરધામ કોમ્પલેક્ષ પાસે જવાહર રોડ મળે છે ત્યાં સુધી. તેમાં અંદર આવતો તમામ વિસ્તાર

INDEX

વોર્ડ નં.૧૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૧૧	૧૧૯			૧૩૯	૧ થી ૧૩૨	જીકરીયા મસ્જીદ રોડ, ગાંધી ચોક, સતીની દેરી રોડ, ત્રણ કમાન રોડ, ભાદર રોડ, કુતુબખાના રોડ, હાજી જીલેખા રોડ, સતીમાની દેરી પાછળનો રોડ
	૧૨૦			૨૭૧	૧ થી ૧૩૦	જીકરીયા મસ્જીદ રોડ, ત્રણ કમાન રોડ, સતીમાની દેરી રોડ, લાલા ટાવર વિસ્તાર, જુના કુંભારવાડા
	૧૨૧			૧૮૨	૧ થી ૮૯	સતીમાની દેરી તથા પાછળનો રોડ, જુના કુંભારવાડા, લાલા ટાવર રોડ, સ્વ. એમ.એમ. સુવા સ્કુલ વિસ્તાર, પંચ હાટડી રોડ, જીરાશા પીર રોડ
	૧૦૬			૪૭૦	૧ થી ૨૨૧	યાદવ રોડ, ભાદર રોડ, મંડપ રોડ, જવાહર રોડ, સિનેમા શેરી, પાટણવાવ રોડ, ખોડયાર રોડ
	૧૧૦			૨૯૯	૧ થી ૧૭૭	સ્મશાન રોડ, સતીમાની દેરી રોડ, દરબારીવાડા રોડ, મદિના મસ્જીદ રોડ, ભાદર રોડ
	૧૧૧			૧૭૦	૧ થી ૬૬	ભાદર રોડ, મદિના મસ્જીદ રોડ, કે.કે. છેલની શેરી, કુતુબખાના રોડ
	૧૧૨	૫		૨૧૯	૧ થી ૭૨	સ્મશાન રોડ, દરબારીવાડા રોડ, સફાઈ કામદાર કવાર્ટર રોડ, મદિના મસ્જીદ રોડ, દશાબાપા મંદિર રોડ, પંચહાટડી રોડ
	૧૦૭			૬૨૫	૧ થી ૧૩૩	સ્મશાન રોડ, મદિના સોસાયટી, મેમણ જમાત કોલોની, દેવી પૂજક વિસ્તાર, પાટણવાવ રોડ, નગીના સોસાયટી, ખાતરનો ખાડો
	૧૦૮	૧૨	૨૪	૮૦૪	૧ થી ૧૭૧	રસુલપરા, સ્ટાર રેસીડેન્સ, વસીલા પાર્ક, ખ્વાજાનગર
	૧૦૯	૮	૪	૩૮૫	૧ થી ૧૨૬	રામગઢ ઝુંપડપટી વિસ્તાર, કબ્રસ્તાન વિસ્તાર
	૧૦૪			૬૩૨	૧ થી ૧૨૪	ભાદર રોડ, ગાધાનો પારો, ખોડીયાર રોડ, નગીના સોસાયટી
	૧૦૫			૨૧૩	૧ થી ૯૬	ગાધા રોડ, પાટણવાવ રોડ, નગીના સોસા. મેઈન રોડ તથા રેવન્યુ હદ વિસ્તાર
કુલ	૧૨	૨૫	૨૮	૪૪૦૯		

INDEX

હદનું વર્ણન :—

રાજમાર્ગ ગાંધીચોકથી વાયવ્ય ખૂણેથી શરૂ કરી રાજમાર્ગ ઉપર પૂર્વે આગળ ચાલી ઘંઘુશાપીરની દરગાહ થઈ જીકરીયા મસ્જીદના ખૂણા સુધી. ત્યાંથી રામમંદિર શેરીમાં દક્ષિણે આગળ ચાલી પંચહાટડી રોડ ક્રોસ કરી દાસાબાપા મંદિર રોડ ઉપર દક્ષિણે આગળ ચાલી ખાટકીવાડા રોડ ક્રોસ કરી મચ્છુમાતા મંદિર થઈ સ્મશાન રોડ ઉપર જુનો જીરાપા ચોક મળે ત્યાં સુધી. ત્યાંથી સ્મશાન રોડ ઉપર પૂર્વે આગળ ચાલી સ્મશાન ચોક પાસે મોજનદીના પશ્ચિમ કાંઠે ઘોરાજી દરવાજાના પગથીયા ઉતરી મોજનદીના પશ્ચિમ કાંઠે દક્ષિણે આગળ ચાલી સ્મશાન થઈ કબ્રસ્તાન થઈ સર્વે નં. ૪૧/૩–૨–૧, ૪૩/૧–૩–૨, ૪૮/૧–૩–૬, ૪૯/૪–૫, ૫૦, ૫૨/૧–૨, ૫૩ થઈ ભાદર નદીના પુલ પાસે મોજનદી અને ભાદર નદી ક્રોસ કરી ભાદર નદીના દક્ષિણ કાંઠા સુધી. ત્યાંથી ભાદર નદીના દક્ષિણ કાંઠે પશ્ચિમ તરફ આગળ ચાલી ભાદર નદીના દક્ષિણ કાંઠે પૂલ સુધી. ત્યાંથી પાટણવાવ રોડના પુલ ઉપર ભાદર નદી ક્રોસ કરી પાટણવાવ રોડ ઉપર ઉત્તરે આગળ ચાલી સર્વે નં. ૫૪, ૪૬/૧, ૩૯ થઈ ગાધાનો મારગ મળે ત્યાં સુધી. ત્યાંથી ગાધાના મારગે પશ્ચિમે આગળ ચાલી રબારી વાસ રોડ મળે ત્યાં સુધી. ત્યાંથી રબારીવાસ રોડ ઉપર ઉત્તરે આગળ ચાલી ખોડીયાર રોડ ક્રોસ કરી ભાદર ચોક જયાં યાદવ રોડને મળે ત્યાં સુધી. ત્યાંથી યાદવ રોડ ઉપર પશ્ચિમે આગળ ચાલી સીનેમા શેરી મળે ત્યાં સુધી. ત્યાંથી સીનેમા શેરીમાં ઉત્તરે આગળ ચાલી મંડપ રોડ ક્રોસ કરી જવાહર રોડ મળે ત્યાં સુધી. ત્યાંથી જવાહર રોડ ઉપર પૂર્વે આગળ ચાલી ભાદર રોડ મળે ત્યાં સુધી. ત્યાંથી ભાદર રોડ ઉપર ઉત્તરે આગળ ચાલી રાજમાર્ગને ગાંધી ચોક મળે ત્યાં સુધી. તેમાં અંદર આવતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૧૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૧૨	૧૨૨			૨૫૮	૧ થી ૧૪૮	હવેલી રોડ, રામદેવપીર રોડ, જીકરીયા મસ્જીદ રોડ, જીરાશા પીર રોડ, સુખનાથ રોડ, સોની બજાર, બ્લોચ શેરી, ઘાંચી ફળી
	૧૨૮			૧૪૦	૧ થી ૬૦	પંચ હાટડી રોડ, જીરાશા પીર રોડ, રંગુનવાલા શેરી, જીકરીયા મસ્જીદ શેરી
	૧૨૭			૨૬૦	૧ થી ૭૭	બ્લોચ શેરી, નાથાણી ફળી, સુખનાથ રોડ, સોની બજાર, પંચ હાટડી બજાર
	૧૨૬			૩૩૫	૧ થી ૧૭૪	પંચહાટડી ચોક, દલ્લા શેરી, મોટી બજાર રોડ, સરાણીયા શેરી, બ્લોચ શેરી, ગલ્લા ફળી
	૧૨૩			૨૭૧	૧ થી ૧૧૪	માંડવી ચોક, સોની બજાર, ઘાંચી ફળી, બ્લોચ શેરી, જતીના અપાસરા શેરી, રબારી ખડકી રોડ, મોટી બજાર રોડ
	૧૨૪	૭		૩૮૯	૧ થી ૧૩૩	કંડોળીયા શેરી, માંડવી ચોક, મોટી બજાર રોડ, રબારી ખડકી રોડ, નદીની રાંગવાળો રોડ
	૧૨૫			૪૩૨	૧ થી ૧૪૧	રબારી ખડકી, જતીના અપાસરા શેરી, મોટી બજાર રોડ, મોટા ફળીયા, નદીની રાંગવાળો રોડ
	૧૨૯			૨૨૦	૧ થી ૯૪	પંચહાટડી રોડ, મોટા ફળીયા, ફેન્સી ગલી, મોટી બજાર રોડ
	૧૩૦			૨૪૬	૧ થી ૬૪	પંચ હાટડી રોડ, ધોરાજી દરવાજા ચોક, નદીની રાંગવાળો રોડ, મોટા ફળીયા તથા રેવન્યુ હદ વિસ્તાર
	૧૧૩			૪૪૩	૧ થી ૧૪૯	ચોક ફળીયા રોડ, પંચ હાટડી રોડ, વાંઝાવાડ, દશાબાપા મંદિર રોડ,
	૧૧૪	૯૩		૩૪૨	૧ થી ૧૦૧	ચોક ફળીયા રોડ, જુના મુસાફીરખાના રોડ, ફૈઝેનુરી એપા. રોડ, સફાઈ કામદાર ક્વાર્ટર
	૧૧૫	૧૦		૩૩૯	૧ થી ૧૧૬	સ્મશાનરોડ, ખાટકીવાડા રોડ, ફૈઝેનુરી એપા. રોડ, હરારનાં ડેલા વિસ્તાર, ચોક ફળીયા રોડ, દેવલા શેરી
	૧૧૬			૪૬૩	૧ થી ૧૨૪	સ્મશાન રોડ, ન્યામતમાંની દરગાહ રોડ, ખાટકીવાડા રોડ
	૧૧૭			૪૮૨	૧ થી ૧૨૧	ખાટકીવાડા રોડ, તાજ કોલોની વિસ્તાર, તુરીયા શેરી, મુન્શી ફળી, તાડવાલી મસ્જીદ રોડ, ઘેટા શેરી, મુલ્લાવાડ શેરી, ચોક ફળીયા વિસ્તાર, હાકેમ મદ્રેસા રોડ
	૧૧૮		૭	૧૮૩	૧ થી ૬૫	ધોરાજી દરવાજા, તાડવાલી મસ્જીદ શેરી, મુન્શી ફળી, ખાટકી વાડા, ન્યામતમાની દરગાહ રોડ
કુલ	૧૫	૧૧૦	૭	૪૮૦૩		

INDEX

હદનું વર્ણન :–

નટવર રોડ અને જીકરીયા મસ્જીદ ચોકના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વે આગળ ચાલી રામદેવપીર મંદિર ચોક સુધી. ત્યાંથી હવેલી રોડ ઉપર દક્ષિણે આગળ ચાલી સુખનાથ રોડ મળે ત્યાં સુધી. ત્યાંથી સુખનાથ રોડ ઉપર ઉત્તર પૂર્વે આગળ ચાલી માંડવી ચોક સુધી. ત્યાથી પૂર્વે આગળ ચાલી સોની બજાર મળે ત્યાં સુધી. ત્યાંથી સોની બજાર ઉપર ઉત્તરે આગળ ચાલી કંડોળીયા શેરી મળે ત્યાં સુધી. ત્યાંથી કંડોળીયા શેરીમાં પૂર્વે આગળ ચાલી મોજનદીની રાંગ સુધી. ત્યાંથી મોજનદી ક્રોસ કરી મોજનદીનાં પૂર્વે કાંઠે સર્વે નં. ૭૨૫ નાં ઉત્તર–પશ્ચિમ ખૂણા સુધી. ત્યાંથી મોજનદીનાં પૂર્વે કાંઠે દક્ષિણ તરફ આગળ ચાલી ધોરાજીનો જુના મારગ મળે ત્યાં સુધી. ત્યાંથી ધોરાજીના જુના મારગે પૂર્વે આગળ ચાલી સર્વે નં. ૭૧૬/૧, ૭૧૪, ૬૯૫/૧,૬૯૧/૧–૨, ૬૯૦/૩, ૬૮૯/૧, ૬૮૮/૧, ૬૮૭/૧–૨–૩ થઈ મોજે ડુમીયાણીનાં સીમાડા સુધી. ત્યાંથી ડુમીયાણીનાં સીમાડે દક્ષિણ તરફ આગળ ચાલી ભાદર નદીનાં ઉત્તર કાંઠા સુધી. ત્યાંથી ભાદર નદી ક્રોસ કરી ભોલગામડાનાં સીમાડે ભાદર નદીનાં દક્ષિણ કાંઠા સુધી. ત્યાંથી ભાદર નદીનાં દક્ષિણ કાંઠે પશ્ચિમ–દક્ષિણ તરફ ચીખલીયાના સીમાડે આગળ ચાલી હાડફોડીનાં સીમાડે ભાદર નદીનાં દક્ષિણ કાંઠા સુધી. ત્યાંથી ભાદર નદી અને મોજનદી ક્રોસ કરી મોજનદીનાં ઉત્તર કાંઠા સુધી. ત્યાંથી મોજનદીનાં પશ્ચિમ–ઉત્તર કાંઠા સુધી. ત્યાંથી મોજનદીનાં પશ્ચિમ કાંઠે ઉત્તરે આગળ સીધા ચાલી કબ્રસ્તાન થઈ સ્મશાન થઈ સ્મશાન ચોક પાસે પગથીયા ચડી સ્મશાન ચોક સુધી. ત્યાંથી સ્મશાન રોડ ઉપર પશ્ચિમે આગળ ચાલી જુના જીરાપા ચોક સુધી. ત્યાંથી ઉત્તરે આગળ ચાલી સફાઈ કામદાર કવાટર્સ થઈ ખાટકીવાડા રોડ ક્રોસ કરી દાસાબાપા મંદિર થઈ પંચહાટડી રોડ ક્રોસ કરી રામમંદિર રોડ ઉપર ઉત્તરે આગળ ચાલી નટવર રોડ અને જીકરીયા મસ્જીદ ચોક મળે ત્યાં સુધી. તેમાં અંદર આવતો તમામ વિસ્તાર.

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી પંચ

ગુજરાત રાજય

સચિવાલય, ગાંધીનગર

ઉપલેટા નગરપાલિકાની કુલ વસ્તી	૫૫૪૩૮	
કુલ વોર્ડની સંખ્યા	૧૨	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૪૬૨૦	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૫૦૮૨ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ– ૪૧૫૮
કુલ બેઠકોની સંખ્યા.	૩૬	
સ્ત્રી બેઠકો	૧૨	૧ બેઠક અનુસૂચિત જાતિ – બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૨	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	--	તે પૈકી— સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૪	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૬	
સામાન્ય બેઠકો.	૨૦	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૪૯૨૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૪૨૩૪	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય
૩	૩	૫૦૩૬	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય
૪	૪	૪૩૫૫	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૪૮૪૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૪૮૬૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૪૩૯૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૪૮૫૪	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૯	૯	૪૪૮૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૦	૧૦	૪૨૧૭	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૧૧	૧૧	૪૯૧૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૧૨	૧૨	૪૩૦૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ.		૫૫૪૩૮			

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 96

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] FRIDAY, MARCH 23, 2007/CAITRA 2, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election, Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૨૦૦૭.

ક્રમાંક : રાચપ-ચટણ-સમક-નપા-દેવગઢબારીયા-૨૦૦૭.

દેવગઢબારીયા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૯૬૬માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે કલમ-૬ની પેટા કલમ ૪થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે. અને કલમ-૬ની, પેટાકલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધિન રહીને રાજય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે..

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ની પેટા કલમ-૨ તથા કલમ-૬ની પેટા કલમ-૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી-૬ઓફ-૨૦૦૭-એનપીએમ-૧૩૨૦૦૫-૭૪૨૯(૬)-આર, તા. ૪-૧-૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામાં તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. દેવગઢબારીયા શહેરની નગરપાલીકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ની વસતી ગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે દેવગઢબારીયા નગરપાલીકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે. અને કાઉન્સીલરોની કુલ ૨૧ બેઠકો નક્કી કરેલ છે. તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

INDEX

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ-૭ પેટા કલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી-૪૯-૧૯૯૪ એન. પી એલ.૪૫૯૩-૩૬૫૫-એમ. તા. ૧૬-૩-૯૪ થી અધિનિયમની કલમ-૨૭૭ ની પેટા કલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઇપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એક જુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતી એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એક્ટ અન્વયે સને ૨૦૦૧ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૧૯૨૦૨ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૨૭૪૩ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતીની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે.આ ચકાસણી દરમ્યાન એવું જણાયુ છે કે, એકઠી થયેલ માહિતીના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઇપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી સેન્સના બ્લોક મોટા હોઇ તોડવાનું શક્ય ન હોઇ વોર્ડ નં. ૩ અને ૭માં નહીંવત વસ્તી વધ-ઘટ થવા પામે છે.

૮. શહેરના ૭ વોર્ડોનું નિયમ-૩ ની હકીકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ-૧માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલીક એકજુથતા, નદી, રેલ્વે લાઇન, રોડ લાઇનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, અને પછાત વર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઇ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠક સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે. અનુસૂચિત જાતિની સ્ત્રી માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૨. પંચે એકઠી કરેલ માહિતી મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસતી	અનુ. જાતિની કુલ વસતી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૭	૨૪૪૦	૫૯૭	૨૪.૪૭
૨	૨	૨૯૪૪	૧૮૬	૬.૩૨
૩	૪	૨૭૬૦	૧૦૨	૩.૭૦
૪	૧	૨૫૨૭	૫૬	૨.૨૨
૫	૫	૨૭૨૬	૩૬	૧.૩૨
૬	૬	૨૭૭૯	૩૪	૧.૨૨
૭	૩	૩૦૨૬	૦	૦
	કુલ :	૧૯૨૦૨	૧૦૧૧	૫.૨૭

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૭ માં નિયમોના નિયમ-૬ (અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિની સ્ત્રી માટે કોઈ બેઠક નિર્ધારીત થયેલ ન હોઈ ફાળવવાની રહેતી નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૭ માં નિયમોના નિયમ-૬ (અ) હેઠળ ફાળવવામાં આવે છે. આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૭	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અને ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

પંચે એકઠી કરેલી માહિતી મુજબ શહેરના જુદા જુદા વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો તેની નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ. આદિજાતિ ની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૭	૨૪૪૦	૯૦૧	૩૬.૯૩
૨	૧	૨૫૨૭	૫૧૩	૨૦.૩૦
૩	૪	૨૭૬૦	૩૭૯	૧૩.૭૩
૪	૨	૨૯૪૪	૩૯૭	૧૩.૪૯
૫	૩	૩૦૨૬	૩૨૨	૧૦.૬૪
૬	૫	૨૭૨૬	૬૦	૨.૨૦
૭	૬	૨૭૭૯	૫૮	૨.૦૯
	કુલ :	૧૯૨૦૨	૨૬૩૦	૧૩.૭૦

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી વોર્ડ નં. ૭, ૧ અને ૪માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠકો નિયમોના નિયમ-૬ : અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવણી તેમ પંચ માને છે આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૭ અને ૧માં અનુસૂચિત આદિજાતિ માટે અને વોર્ડ નં. ૪ માં અનુસૂચિત આદિજાતિની સ્ત્રી બેઠક ફાળવવાની થાય છે. પરંતુ વોર્ડ નં. ૭માં

અનુસૂચિત જાતિની બેઠક ફાળવવામાં આવેલ હોઈ, અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી શકાય તેમ ન હોય વોર્ડ નં. ૭માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રી બેઠક અને વોર્ડ નં. ૧, ૪ માં અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠકો વોર્ડ નંબર ૭, ૧, અને ૪ માં નિયમોના નિયમ -૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

વોર્ડ નંબર	બેઠક
૭	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૧	અનુસૂચિત આદિજાતિ
૪	અનુસૂચિત આદિજાતિ

૧૭. જાહેરનામા અન્વયે ૨ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ સને ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વોર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતીના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાતવર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૨ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે. દેવગઢબારિયા નગરપાલિકાના આ સાથેની અનુસૂચિ -૧ મુજબનાં સૂચિત વોર્ડોના વિસ્તારોમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે.

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાત વર્ગની વસ્તી (અંદાજીત)	પછાત વર્ગની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૩	૩૦૨૬	૧૮૪૦	૬૦.૮૧
૨	૨	૨૯૪૪	૧૭૩૦	૫૮.૭૬
૩	૬	૨૭૨૬	૧૧૫૦	૪૨.૧૯
૪	૪	૨૭૬૦	૭૮૦	૨૮.૨૬
૫	૭	૨૪૪૦	૪૩૦	૧૭.૬૨
૬	૫	૨૭૭૯	૪૨૫	૧૫.૨૯
૭	૧	૨૫૨૭	૨૧૫	૮.૫૧
	કુલ :	૧૯૨૦૨	૬૫૭૦	૩૪.૨૨

પછાત વર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં. ૩ અને ૨માં પછાત વર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી વોર્ડ નં. ૩માં પછાત વર્ગની અને વોર્ડ નં. ૨માં પછાત વર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩	પછાત વર્ગ
૨	પછાત વર્ગ સ્ત્રી

INDEX

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦ સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને દેવગઢબારિયા નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદ રેખા નક્કી કરવાનું અને વોર્ડોની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદ રેખા નક્કી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજ્ય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર-૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પૂરી થયા બાદ આવેલ સૂચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજ્ય ચૂંટણી પંચ દેવગઢબારિયા નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ-૧
દેવગઢબારિયા નગરપાલિકા, જિલ્લો -દાહોદ.

વોર્ડ નં. ૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સ બ્લોક નંબરની વિગત				સેસન્સ બ્લોક નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧	-	૪૩૪	૭૩૭	૧ થી ૧૪૮	નાયકવાડા તથા ઘાટી ફળિયા એક લાઈન
	૨	૨૫	૩૧	૩૦૩	૧ થી ૧૨૦	નાયકવાડા, ઘાટીફળિયા, રાજપૂતવાડી પાસે
	૩	-	૯	૨૧૨	૧ થી ૧૧૯	રાજપુત વાડી તેમજ જુના બાગની લાઈન
	૪	૧૯	૨૪	૩૯૬	૧ થી ૯૦	પાણીની ટાંકીથી રાણાશેરીના નાળા સુધી
	૫	૩	-	૩૮૧	૧ થી ૬૯	રાણાશેરીની સામેની લાઈનથી પાણીની ટાંકી સુધી
	૨૦	૯	૧૫	૪૯૮	૧ થી ૩૫૯	કન્યાશાળા રોડ ડાબી બાજુ, કન્યાશાળા રોડ જમણી બાજુ
	કુલ :	૫૬	૫૧૩	૨૫૨૭		

હદનું વર્ણન :-

ઘાટી ફળિયા ના વાયવ્ય ખુણાથી પૂર્વ તરફ વોર્ડ નં. ૨ની હદે હદે જતાં ઘાટી ફળિયાના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ જતાં વોર્ડ નં. ૨ રેવન્યુ સર્વે નં. ૧૬૮ની હદે હદે વોર્ડ નં. ૨ના રેવન્યુ સર્વે નં. ૩૮ની પશ્ચિમ તરફની હદે હદે થઈ ઘાટી ફળિયાના અગ્નિ ખૂણાથી જુના ઠાકોરવાડા તથા રાજપૂતવાડીની ઉત્તર તરફની હદે હદે પૂર્વ તરફ જતાં વોર્ડ નં. ૨ ના રેવન્યુ સર્વે ૩૮ પૈકીના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ વોર્ડ નં. ૨ની હદે હદે રજપૂતવાડીના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ જતાં દક્ષિણમાં વોર્ડ નં. ૪ની હદે હદે પાણીની ટાંકીની પૂર્વ તરફની હદથી દક્ષિણ તરફ જતાં વોર્ડ નં. ૪ની હદે હદે રોયલ સ્મશાનની પશ્ચિમ તરફની હદે હદે થઈ વોર્ડ

INDEX

નં. ૬ માં આવેલ ખોખાંબજારની પશ્ચિમ તરફની હદે હદે થી દક્ષિણ તરફ જતાં વિકટરી સર્કલથી પૂર્વ તરફ વોર્ડ નં. ૪ ની દક્ષિણ તરફની હદે હદે એકબત્તી સર્કલ થઈ પૂર્વ તરફ કન્યા શાળા ડાબી બાજુની ઉત્તર તરફની હદે હદે કન્યાશાળા ડાબી બાજુની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં વોર્ડ નં. ૭માં આવેલ ધર્મશાળાની ઉત્તર તરફની હદે હદે વાયવ્ય દિશા તરફ જતાં પ્રાંત કચેરીની ઉત્તર તરફની હદે હદે વિકટરી સર્કલથી પશ્ચિમ તરફ જતા વોર્ડ નં. ૬ની હદે હદે સ્ટેટ બેંન્ક કે બત્તી થઈ ઉત્તર તરફ વોર્ડ નં. ૫ની હદે હદે મચ્છી બજારની પશ્ચિમ તરફની હદે હદે રાણા શેરીની પશ્ચિમ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં નવા ઠાકોરવાડાની પૂર્વ તરફની હદે હદે થઈ સમન્વય સંસ્થાના દક્ષિણ ખૂણાથી વાયવ્ય તરફ જતાં વોર્ડ નં. ૫ની હદે હદે ઉત્તર તરફ જતાં પશ્ચિમ તરફ દેવગઢ ડુંગરની હદે હદે ઘાટી ફળિયાના વાયવ્ય ખૂણા સુધીની અંદરનો તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર-પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર-પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ-પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ-પશ્ચિમ)

વોર્ડ નં. ૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સ બ્લોક નંબરની વિગત				સેસન્સ બ્લોક નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૭	૪૮	૧૦૭	૭૬૪	૧ થી ૬૬૬	રૂઆબારી ડાબી સાઈડ, મચ્છી ફળિયા
	૮	૯	૧૩	૭૬૪	૧ થી ૧૫૫	મામલતદાર કચેરી, કાપડી ફાટક સુધી
	૯	૭૩	૨૪૧	૯૧૯	૧ થી ૨૫૫	રાજમહેલ રોડ, ટ્રેનીંગ કોલેજ તેમજ મામલતદાર સાહેબના ઘર સામેની લાઈન
	૧૧	૫૬	૩૬	૪૯૭	૧ થી ૩૩૬	સરકારી દવાખાના ક્વાર્ટસ
	કુલ :	૧૮૬	૩૯૭	૨૯૪૪		

હદનું વર્ણન :-

જી.ઈ.બી. પાવર હાઉસના વાયવ્ય ખૂણે અને ચેનપુર જવાના રસ્તે થી શરૂ કરી પૂર્વ તરફ જતાં મોજે ડાંગરીયાના સીમાડાની હદે હદે ઈસાન તરફ જતાં ઓકટ્રોય નાકાની ઉત્તર તરફની હદેથી બારીયા પીપલોદ રોડ ક્રોસ કરી ડાંગરીયાના સીમાડામાં આવેલ રેવન્યુ સર્વે નં. ૪૫૩ની દક્ષિણ તરફની હદે હદે થઈ પૂર્વ તરફ જતાં રેવન્યુ સર્વે નં. ૪૫૪/૧ ની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં પી.ડબલ્યુ.ડી. સ્ટોરની પશ્ચિમ તરફની હદે હદે થઈ પી.ડબલ્યુ.ડી. સ્ટોરના પશ્ચિમ ખૂણાથી અગ્નિ તરફ જતાં મોજે ડાંગરિયાની હદે હદે ડાંગરીયાની હદે હદે ડાંગરીયાની હદમાં આવેલ સર્કીટહાઉસની દક્ષિણ તરફની હદે હદે થઈ પૂર્વ તરફ જતાં પોસ્ટ ઓફિસ તથા ટ્રેનીંગ કોલેજની દક્ષિમની તરફની હદે હદે રેવન્યુ સર્વે નં. ૪૨૩ની ઉત્તર તરફની હદે હદે થઈ રેવન્યુ સર્વે નં. ૪૨૩ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ જતાં વોર્ડ નં. ૩ની હદે હદે જતાં વોર્ડ નં. ૩માં આવેલ કાપડી વિસ્તાર અને પટેલ ફળિયાની પશ્ચિમની હદે હદે અને ફોરેસ્ટ કોલોની -મંછી ફળિયાની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ જતાં વોર્ડ નં. ૩માં આવેલ મદ્રેસાની પશ્ચિમે થઈ વોર્ડ નં. ૪માં આવેલ પીંઠા વિસ્તારની ઉત્તર તરફની હદે હદે પશ્ચિમ તરફ જતાં સીવીલ હોસ્પીટલના ક્વાર્ટસના દક્ષિણ તરફના ખૂણે થઈ વાયવ્ય તરફ વોર્ડ નં. ૪માં આવેલ સ્ટેશન શેરીની ડાબી બાજુની અને સીવીલ હોસ્પીટલની હદે હદે પૂર્વ તરફ જતાં મામલતદાર નિવાસ્થાના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ જતાં એસ. આર. હાઈસ્કૂલ, મામલતદાર ઓફિસ, પોલીસ લાઈનની પૂર્વ તરફની હદે હદે મંછી ફળિયાની દક્ષિણ તરફની હદે હદે વોર્ડ નં. ૪માં આવેલ કબ્રસ્તાનની ઉત્તર તરફની હદે હદે થઈ કબ્રસ્તાનના વાયવ્ય ખૂણાથી દક્ષિણ તરફ જતાં મોટા તળાવન પૂર્વ તરફની હદે હદે થઈ વોર્ડ ૪ નં. ૪માં આવેલ નવા પોલીસ સ્ટેશન ના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ તરફ જતાં વેટરનરી હોસ્પીટલ અને એસ. ટી. ડેપોની ઉત્તર તરફનની હદે હદે સરદાર પટેલ સ્ટેચ્યુની ઉત્તર તરફ થઈ શુકવારી પ્લોટના નૈઋત્ય ખૂણાથી એ.પી.એમ.સી. ની પૂર્વ તરફની હદે હદે નગરપાલિકા બગીચાની પશ્ચિમ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં ટાવરની પૂર્વ બાજુ થઇ જીઇબી બાનમંદિરની પશ્ચિમ તરફની હદે હદે આઈસ ફેકટરીની પશ્ચિમ તરફની હદેથી કુંજબિહારી સોસાયટીથી પશ્ચિમ તરફ જતાં નાહર ભુવનની ઉત્તર ની હદે હદે વોર્ડ નં. ૧માં આવેલ રજપૂતવાડીથી ઉત્તર તરફ જતાં રાજપૂત વાડીની પૂર્વ તરફની હદે હદે ઘાટી ફળિયાની પૂર્વ તરફની હદે

હદે થી ઉત્તર તરફ જતાં ઘાટી ફળિયાના ઈશાન ખૂણાથી પશ્ચિમ તરફ જતાં ઘાટી ફળિયાના વાયવ્ય ખૂણા સુધીનો અંદર આવેલ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સ બ્લોક નંબરની વિગત				સેસન્સ બ્લોક નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧૨	-	-	૮૭૨	૧ થી ૧૫૫	કાપડી, ચટણી ફળિયું, સલાટ ફળિયું
	૧૩	-	૧૯	૧૦૮૦	૧ થી ૧૬૪	પટેલ ફળિયું, કુંબાડીયું ફળિયું
	૧૪	-	૩૫	૫૨૯	૧ થી ૭૪	પીઠા પ્લોટની પાછળનો ભાગ, પુંવાળા
	૧૫	-	૨૬૮	૫૪૬	૧ થી ૨૦૧	કાપડી, રેલ્વે સ્ટેશનની સામેનો ભાગ ગુલાબસિંહના ઘર પાસે
	કુલ :	૦	૩૨૨	૩૦૨૬		

હદનું વર્ણન :-

કાપડી ફળિયાના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ઉત્તર તરફ જતાં વોર્ડ નં. ૨માં આવેલ લાલ બંગલાની પૂર્વ તરફની હદે હદે ટ્રેનીંગ કોલેજ ગ્રાઉન્ડની પૂર્વ તરફની હદે હદે રેવન્યુ સર્વે નં. ૪૨૩ ની પૂર્વ તરફની હદે ઉત્તર તરફ જઈ મોજે ડાંગરીયાના સીમાડામાં આવેલ રેવન્યુ સર્વે નં. ૪૨૫ના નૈઋત્ય ખૂણાથી પૂર્વ તરફ જતાં રેવન્યુ સર્વે નં. ૪૨૫ની દક્ષિણ તરફની હદે હદે રેવન્યુ સર્વે નં ૪૧૯ની ઉત્તર તરફની હદે હદે થઈ મોજે રઈબારના સીમાડામાં આવેલ રેવન્યુ સર્વે નં. ૪૧૮ના વાયવ્ય ખૂણાથી દક્ષિણ તરફ જતાં રેવન્યુ સર્વે નં. ૪૧૯ની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં સર્વે નં. ૪૧૬ની ઉત્તર હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં મોજે ઉધાવળાના સીમાડાની હદે હદે કબાડીયા ફળિયાની પૂર્વ તરફની હદે હદે થઈ ચટણી ફળિયાની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં કાપડીની પૂર્વ તરફની હદે હદે થઈ વાકલેશ્વર જવાના રસ્તાને ઓળંગી પીઠા પ્લોટની પૂર્વ તરફની હદે હદે પુંવારાની પૂર્વ તરફની હદે હદે થઈ ધાનપુર જવાના રસ્તેથી વાયવ્ય તરફ જતાં વોર્ડ નં. ૪ની પૂર્વ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં પીઠા પ્લોટની પશ્ચિમ તરફની હદે હદે મદ્રેસાની દક્ષિણ તરફની હદે હદે મદ્રેસાની પશ્ચિમ તરફની હદે હદે ઉત્તર જતાં મામલતદાર કચેરીની પૂર્વ તરફની હદેથી રેલ્વે ચાલીની પૂર્વ તરફની હદે હદે સલાટ ફળિયાની પશ્ચિમ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં પટેલ ફળિયાની પશ્ચિમ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં મંછી ફળિયાની પૂર્વ તરફની હદે હદે મંછી ફળિયાની ઉત્તર તરફ જતાં કાપડી ફળિયાના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સ બ્લોક નંબરની વિગત				સેસન્સ બ્લોક નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૧૦	૬૬	૧૪૫	૬૮૮	૧ થી ૨૪૪	જુની પોલીસલાઈન, તાલુકા પંચાયત પાછળ સ્ટેશન શેરી
	૧૬	-	૧૬૮	૫૬૧	૧ થી ૧૨૯	પીઠા પ્લોટ
	૧૯	-	૧૯	૫૫૬	૧ થી ૧૮૫	ધાનપુર રોડ ડાબી બાજુ, સ્ટેશન શેરી ડાબી સાઈડની લાઈન
	૨૧	૧૦	-	૪૩૯	૧ થી ૧૫૩	સુથારવાડા
	૨૨	-	૬	૧૮૭	૧થી ૧૫૭	ટાવર શેરી ગુજરાત વિદ્યુત બોર્ડ ઓફીસ લાઈન
	૨૩	૨૬	૪૧	૩૨૯	૧ થી ૧૧૦	ટાવરથી પીપલોદ રોડ, રણછોડજી મંદિરવાળી લાઈન
	કુલ	૧૦૨	૩૭૯	૨૭૬૦		

INDEX

હદનું વર્ણન :-

ખોખાબજાર ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ જતાં રોયલ સ્મશાનની પશ્ચિમ તરફની હદે હદે વોર્ડ નં. ૧ની પૂર્વ તરફની હદે હદે પીણીની ટાંકીની પૂર્વ તરફની હદેથી રાજપૂતવાડીના નૈઋત્ય ખૂણાથી રાજપૂત વાડીની દક્ષિણ તરફની હદે હદે પૂર્વ તરફ જતાં રાધે ગોવિંદ સ્કૂલની ઉત્તર તરફની હદે હદે વોર્ડ નં. ૨માં આવેલ બરફ ફેકટરી સુધી વોર્ડ નં. ૨ હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં કુંજબિહારી સોસાયટીની પશ્ચિમ તરફની હદે હદે બારીયા પીપલોદ મુખ્ય માર્ગની પશ્ચિમ તરફની હદે હદે સ્વામિનારાયણ મંદિર, રણછોડજી મંદિર અને લાઈબ્રેરીની પૂર્વ તરફની હદે હદે વોર્ડ નં. ૨માં આવેલ બાળમંદિરની પશ્ચિમ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં ટાવરની પૂર્વ તરફની હદે હદે એ.પી.એમ.સીની પૂર્વ તરફની હદે હદે શુક્રવારી પ્લોટના નૈઋત્ય ખૂણાથી પૂર્વ તરફ જતાં વોર્ડ નં. ૨ની હદે હદે વોર્ડ નં. ૨માં આવેલ નાના તળાવની હદે હદે તથા એસ. ટી. ડેપોની અને વેટરનરી હોસ્પીટલની ઉત્તર તરફની હદે હદે નવા પોલીસ સ્ટેશનના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ જતાં વોર્ડ નં. ૨માં આવેલ મોટા તળાવની પૂર્વ તરફની હદે હદે કબ્રસ્તાનના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ જતાં કબ્રસ્તાનની ઉત્તર તરફની હદે હદે પોલીસ લાઈનના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ જતાં પોલીસ લાઈન તાલુકા પંચાયત અને એસ. આર. હાઈસ્કુલની પૂર્વ તરફની હદે હદે એસ. આર. હાઈસ્કૂલના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ જતા નવી પાણીની ટાંકી થી ઉત્તર તરફ થઈ વેટરનરી હોસ્પીટલની પૂર્વ તરફની હદેથી અગ્નિ દિશામાં જતાં સીવીલ હોસ્પીટલની હદે હદે સ્ટેશન શેરીની ડાબી બાજુની પૂર્વ તરફની હદે હદે હોસ્પીટલ ક્વાર્ટસના દક્ષિણ ખૂણાથી પૂર્વ તરફ જતાં પીઠા વિસ્તારની ઉત્તર તરફની હદે હદે વોર્ડ નં. ૩ માં આવેલ મદ્રેસાની પશ્ચિમ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં પીઠા પ્લોટની હદે હદે ઓક્ટ્રોય નાકા નૈઋત્ય તરફ જતાં મોજે કોળીના પુંવાળાની હદે હદે થઈ પી.ડબલ્યુડી. ની ઓફિસની દક્ષિણ તરફની હદેથી ગવર્નમેન્ટ ઓફિસ અને રોમનીક ઈન્સ્ટીટ્યુટની દક્ષિણ તરફની હદે હદે થઈ પશ્ચિમ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં વોર્ડ નં. ૭ ની પૂર્વ તરફની હદે હદે થઈ વાયવ્ય તરફ જતાં સર્વોદય સોસાયટી ની દક્ષિણ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં વોર્ડ નં. ૭ની પૂર્વ તરફની હદે હદે થઈ વાયવ્ય તરફ જતાં સર્વોદય સોસાયટીની દક્ષિણ તરફની હદે હદે થઈ ધર્મશાળાની પૂર્વ તરફની હદે થઈ વાયવ્ય તરફ જતાં સરદાર પટેલ સ્ટેચ્યુની દક્ષિણ તરફની હદે હદે કન્યાશાળા ડાબી બાજુની ઉત્તર તરફની હદે હદે વિકટરી સર્કલથી ઉત્તર તરફ જતાં ઝવેરી હાઉસની પૂર્વ તરફની હદે હદે થઈ ખોખાબજારની પૂર્વ તરફની હદે થઈ પશ્ચિમ તરફ ખોખાબજારના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સ બ્લોક નંબરની વિગત				સેસન્સ બ્લોક નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૬	૨	-	૩૬૮	૧ થી ૯૭	ભોઈવાડા ખોખા બજાર અને ખોખા બજારની પાછળનો ભાગ
	૨૭	૫	૯	૪૮૨	૧ થી ૧૫૦	બારી ફળિયા, હાથીખાના, કોલેજ કંપાઉન્ડ
	૨૮	-	૧૭	૪૩૧	૧ થી ૧૩૪	હાથીખાના, પારેખ શેરી, ખડાયતા વાડી
	૨૯	૨૯	૧૮	૬૫૯	૧ થી ૨૧૨	જુની ગોલવાડ, ચબુતરા, પારેખ શેરી
	૩૦	-	૧૬	૭૮૬	૧થી ૨૧૫	પારેખ શેરી, સ્ટેટ બેન્ક, ગૌરી ફળિયા, ઠાકોરવાડા અને તેની પાછળનો ભાગ
	કુલ	૩૬	૬૦	૨૭૨૬		

હદનું વર્ણન :-

ડુંગરી ફળિયાના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ જતાં દેવગઢ ડુંગરની હદે હદે રેવન્યુ સર્વે નં. ૨૭૨૮ની પશ્ચિમ તરફની હદે હદે થઈ ઉત્તર તરફ જતાં વોર્ડ નં. ૧ની હદે હદે પૂર્વ તરફ સમન્વય સંસ્થાની દક્ષિણે થઈ નવા ઠાકોરવાડાની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં વોર્ડ નં. ૧માં સમાવિષ્ટ રાણાશેરીની પશ્ચિમ તરફની હદે હદે થઈ પારેખ શેરીની પૂર્વ તરફની હદે હદે થઈ પૂવ તરફ વિકટરી સર્કલ થઈ કન્યાશાળાની પશ્ચિમ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં ઝવેરી હાઉસની પૂર્વ તરફની હદે હદે ઉત્તર તરફ જતાં ખોખાબજારની પૂર્વ તરફની હદે હદે થઈ રોયલ સ્મશાનના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ તરફ ખોખાબજારની ઉત્તર તરફની હદે હદે થઈ વોર્ડ નં. ૧માં આવેલ રાણાશેરીની પૂર્વ તરફની હદે હદે દક્ષિણ તરફ જતાં વિકટરી સર્કલથી પશ્ચિમ તરફ જતાં બજાર શેરીની ઉત્તર તરફની હદે હદે સ્ટેટ બેન્ક એક બત્તીથી વાયવ્ય તરફ જતાં વોર્ડ ન ૬માં આવેલ વાવડી શેરીની હદે હદે ખડાયતા વાડીની દક્ષિણ તરફની હદે હદે થઈ પશ્ચિમ તરફ જતાં પારેખ શેરીની દક્ષિણ શેરીની હદે હદે થઈ રામજી મંદિરની દક્ષિણ તરફની

હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં વોર્ડ નં. ૬ના જાની ફળિયાની પશ્ચિમ તરફની હદે હદે થઈ પશ્ચિમ તરફ વાય એસ. આર્ટસ કોમર્સ કોલેજની દક્ષિણ તરફની હદે હદે થઈ વાયવ્ય તરફ દેવગઢ ડુંગરની હદે હદે ડુંગરી ફળિયાના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સ બ્લોક નંબરની વિગત				સેસન્સ બ્લોક નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૪	૧૩	૨૨	૬૬૨	૧ થી ૧૬૬	ભેદરવાજા, જાનીફળિયા
	૨૫	૧૮	૧૯	૭૦૧	૧ થી ૨૦૭	હોળી ચકલા, રેંટીયાપોળ, નીચવાસ
	૨૬	-	૭	૩૫૪	૧ થી ૨૮૩	કંસારા શેરી, મોદી સ્ટ્રીટ, બજાર શેરી
	૩૧	૩	૧૦	૪૨૪	૧ થી ૧૩૧	વાવડી શેરી, કસ્બા, ડુંગરી ફળિયા
	૩૨	-	-	૬૩૮	૧થી ૧૬૪	તાડફળિયા, ડુંગરીફળિયા, નીચવાસ, કાગડીફળિયા
	કુલ	૩૪	૫૮	૨૭૭૯		

હદનું વર્ણન :-

જાની ફળિયાના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ઉત્તર તરફ જતાં પારેખ શેરીની દક્ષિણ તરફની હદે હદે થઈ વાવડી શેરીની ઉત્તર તરફની હદે હદે સ્ટેટ બેન્ક એકબત્તીથી પૂર્વ તરફ જતાં બજાર શેરીની ઉત્તર તરફની હદે હદે વિકટરી સર્કલથી દક્ષિણ તરફ જતાં મોદી સ્ટ્રીટની પૂર્વ તરફની હદે હદે થઈ જુના પોલીસ સ્ટેશનની પૂર્વ તરફની હદે હદે થઈ વોર્ડ નં. ૭માં આવેલ નૂતન ગર્લ્સ હાઈસ્કુલની પશ્ચિમ તરફની હદે હદે થઈ નુતન ગર્લ્સ હાઈસ્કુલના દક્ષિણ ખૂણાથી પશ્ચિમ તરફ જતાં વોર્ડ નં. ૭ની ઉત્તર તરફની હદે હદે નગરપાલિકા શોપીંગ સેન્ટરની દક્ષિણ તરફની હદે હદે થઈ ચોગાનિયા, ખોસ ફળિયા, અને કબ્રસ્તાનની ઉત્તર તરફની હદે હદે થઈ દેવગઢ ડુંગરની હદે હદે થઈ દેવગઢ ડુંગરની પૂર્વ તરફની હદે ઉત્તર તરફ જતાં વાય. એસ. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની દક્ષિણ તરફની હદે હદે દક્ષિણ તરફ જતા રામજી મંદિર ના નૈઋત્ય ખૂણા સુધી જઈ જાની ફળિયા વાયવ્યા ખૂણા સૂધીનો અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેસન્સ બ્લોક નંબરની વિગત				સેસન્સ બ્લોક નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ. જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૧૭	૯૨	૨૮૩	૭૯૪	૧ થી ૧૯૨	ધર્મશાળા,
	૧૮	૫૦	૨૫૦	૭૨૮	૧ થી ૧૫૧	ધર્મશાળાની પાછળ રાણીવાવ
	૩૩	૧૭૮	૨૫૨	૪૫૭	૧ થી ૯૯	મોતીપુરા, ઉચવાણ રોડ
	૩૪	૨૭૭	૧૧૬	૪૬૧	૧ થી ૯૯	મોતીપુરા, ચોગનીયા, ખોસ ફળીયા
	કુલ	૫૯૭	૯૦૧	૨૪૪૦		

હદનું વર્ણન :-

ઘન કચરા નિકાલ સાઈટના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ જઈ દક્ષિણ તરફ જતાં છોટાઉદેપુર રોડની હદે હદે થઈ પૂર્વ તરફ વોર્ડ નં.૬ દક્ષિણની હદે હદે જેલ દરવાજા, કબ્રસ્તાન, ખોસ ફળીયા, ચોગાનીયાની ઉત્તર તરફની હદે હદે થઈ ન્યુ સબ જેલના અગ્નિ ખૂણાથી ઉત્તર તરફ જતાં ગર્લ્સ હાઈસ્કુલની પશ્ચિમ તરફની હદે હદે થઈ મોદી સ્ટ્રીટની પૂર્વ તરફની હદે હદે થઈ બજાર શેરીની પૂર્વ તરફની હદે હદે વિકટરી સર્કલથી અગ્નિ દિશા તરફ જતાં કન્યાશાળા જમણી બાજુની દક્ષિણ તરફની હદે હદે થઈ સરદાર સ્ટેચ્યુની દક્ષિણ તરફની હદે હદે ધર્મશાળાની ઉત્તર તરફની હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં ધર્મશાળાની પૂર્વ તરફની હદે હદે થઈ પૂર્વ તરફ જતાં સર્વોદય સોસાયટીની દક્ષિણ તરફની હદે હદે થઈ ગર્વમેન્ટ ઓફીસીસ અને રોમનીક ઈન્સ્ટીટ્યુટના વાયવ્ય ખૂણાથી દક્ષિણ તરફ જતાં વોર્ડ નં.૪ની હદે હદે થઇ જુના બારીયાના સીમાડાની હદે હદે પશ્ચિમ તરફ જતાં ચોગાનીયાની દક્ષિણ

INDEX

તરફની હદે હદે થઈ પશ્ચિમ તરફ જતાં મોજે મેંદરાના સીમાડાની ઉત્તર તરફની હદે હદે થઈ પશ્ચિમ તરફ જતાં છોટાઉદ્‌પુર રોડ ઓળંગી વાયવ્ય તરફ જતાં મોતીપુરાની પશ્ચિમ તરફની હદે હદે થઈ ઘન કચરા નિકાલ સાઈટના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વી. એચ. શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ-૨
રાજ્ય ચૂંટણી પંચ
ગુજરાત રાજ્ય
સચિવાલય, ગાંધીનગર

દેવગઢબારીયા નગરપાલિકાની કુલ વસ્તી	૧૯૨૦૨	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી	૭	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ-૩૦૧૭ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ-૨૪૬૯
કુલ બેઠકની સંખ્યા	૨૧	
સ્ત્રી બેઠકો	૭	-- બેઠક અનુસૂચિત જાતિ ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી -- સ્ત્રી
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી
કુલ અનામત બેઠકો	૧૧	
સામાન્ય બેઠકો	૧૦	

અ. નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૨૫૨૭	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૨	૨	૨૯૪૪	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૦૨૬	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૨૭૬૦	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૫	૫	૨૭૨૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૭૭૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૨૪૪૦	અનુસૂચિત આદિજાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
કુલ		૧૯૨૦૨			

વી. એચ. શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 97 REGISTERED No. G/GNR/2

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] FRIDAY, MARCH 23, 2007/CAITRA 2, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા. 23-૩-૨૦૦૭

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–નપા–સાણંદ–૨૦૦૭

સાણંદ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

INDEX

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૪૩–ઓફ–૨૦૦૭–એનપીએમ–૧૩૨૦૦૫/ ૭૪૨૯ (૪૩)આર, તા.૪–૧–૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **સાણંદ** શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે **સાણંદ** નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૭ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, પછાત વર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૪૯–૧૯૯૪ એન.પી.એલ.– ૪૫૯૩–૩૬૫૫– એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૩૨,૪૧૭ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩,૬૦૨ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦% વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૯ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ

લાઈન વિગેરે ા કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૪ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અને ૪ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૬	૩૮૬૨	૨૫૪૧	૬૫.૭૯
૨	૭	૩૭૪૧	૮૫૯	૨૨.૯૬
૩	૫	૩૩૦૧	૬૦૮	૧૮.૪૨
૪	૨	૩૪૮૬	૧૮૩	૫.૨૫
૫	૪	૩૫૨૪	૯૩	૨.૬૪
૬	૯	૩૩૧૭	૨૧	૦.૬૩
૭	૧	૩૬૯૯	૧૭	૦.૪૬
૮	૮	૩૬૭૦	૦	૦
૯	૩	૩૮૧૭	૦	૦
કુલ		૩૨૪૧૭	૪૩૨૨	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૬, ૭, ૫ તથા ૨ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૬, ૭ અને ૨ માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં.૫ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૬, ૭, ૫ તથા ૨ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૬	અનુસૂચિત જાતિ
૭	અનુસૂચિત જાતિ.
૫	અનુસૂચિત જાતિ સ્ત્રી
૨	અનુસૂચિત જાતિ.

INDEX

૧૬. જાહેરનામા અન્વયે અનુસુચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વોર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાતવર્ગ માટે અનામત રાખેલી કુલ ૩ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

સાણંદ નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૧	૩૬૯૯	૧૬૪૮	૪૪.૫૫
૨	૩	૩૮૧૭	૧૧૭૫	૩૦.૭૮
૩	૮	૩૬૭૦	૧૦૭૮	૨૯.૩૭
૪	૫	૩૩૦૧	૯૩૫	૨૮.૩૨
૫	૪	૩૫૨૪	૮૭૦	૨૪.૬૮
૬	૨	૩૪૮૬	૭૧૩	૨૦.૪૫
૭	૯	૩૩૧૭	૪૭૧	૧૪.૨૦
૮	૭	૩૭૪૧	૩૩૮	૯.૦૩
૯	૬	૩૮૬૨	૨૬૯	૬.૯૬
	કુલ.	૩૨૪૧૭	૭૪૯૭	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં. ૧, ૩ અને ૮ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી વોર્ડ નં. ૧ અને ૩ માં પછાતવર્ગની અને ત્રીજા ક્રમે વોર્ડ નં. ૮ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–(૬) હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧	પછાતવર્ગ
૩	પછાતવર્ગ
૮	પછાતવર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

સૌરાષ્ટ્ર કેમિકલ્સ ના ડી ટાઈપ કોલોની ના ક્વાર્ટર નં ૨૬૮ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ દિશા તરફ જતાં રણ ક્રોસ કરી કેનાલ પાસે રણ ના પૂર્વ બાજુના કાંઠા સુધી ત્યાંથી રણ ના કાંઠે કાંઠે દક્ષિણ દિશા તરફ ચાલતાં છાંયા નગરપાલિકા ના સર્વે નં.૪૦/૩ સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ ચાલતાં છાંયા નગરપાલિકાની હદે હદે ચાલતાં ચાકેશ્વર મહાદેવ મંદિર ની દક્ષિણ બાજુ થઈ નગરપાલિકાનાં સીમાડે સીમાડે સર્વે નં ૩૬ અને ૩૫/૨ થઈ પોરબંદર વેરાવળ કોસ્ટલ હાઈવે ક્રોસ કરી ઈન્દીરા નગર નાયર નં. ૬૨ અને મહાકાળી મંદિર ની પશ્ચિમ બાજુ અરબી સમુદ્ર સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ ચાલતાં ઈન્દીરા નગરની પશ્ચિમ બાજુ ઉત્તરે ચાલતાં સૌરાષ્ટ કેમિકલ્સ ની એબી ટાઈપ કોલોનીની દિવાલ સુધી ત્યાંથી પૂર્વ દિશા તરફ એ.બી કોલોનીની દક્ષિણ બાજુની દિવાલે દિવાલે પૂર્વ દિશા તરફ જતાં પોરબંદર વેરાવળ કોસ્ટલ હાઈવે ક્રોસ કરી ડી ટાઈપ કોલોની ની દિવાલ સુધી ત્યાંથી ડી ટાઈપ કોલોની ની દિવાલે દિવાલે ઉત્તર તરફ જતાં ડી ટાઈપ કોલોની ના ક્વાટર નું ૨૬૮ ના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૮	૪૩	૦	૦	૭૬૮	૧ થી ૧૩૩	રબારી કેડા, કેનાલ વિસ્તાર, રણ વિસ્તાર
	૪૪	૦	૦	૫૨૩	૧ થી ૧૦૭	રબારી કેડા, નવાપરા રબારી કેડા પાસે
	૪૫	૦	૦	૭૩૧	૧ થી ૧૪૭	નવાપરા, નવાપરા રણ વિસ્તાર
	૪૬	૦	૦	૫૧૮	૧ થી ૮૮	રામનાથ મંદિર રોડ, નવાપરા
	૫૬	૦	૦	૫૪૬	૮૯ થી ૧૯૯	રામનાથ સોસાયટી, શાંતિનગર, સ્વસ્તિક પાર્ક, તુલસીનગર
	૪૭	૦	૦	૫૩૧	૧ થી ૧૦૧	વાઘરીવાસ,નવાપરા, રણવિસ્તાર
	૫૭	૦	૦	૬૦૯	૧૦૨ થી ૨૩૯	બાલવીનગર, મારૂતિનગર
કુલ		૦	૦	૪૨૨૬		

હદનું વર્ણન

રણ ના કાંઠે સેન્સસ વોર્ડ નં ૮ ના બ્લોક નં ૪૩ ના ઘર નં ૭૨ ના વાયવ્ય ખુણાથી શરૂ કરી છાંયા રતનપર જતા રસ્તા ને ક્રોસ કરી પૂર્વ દિશા તરફ જતાં સેન્સસ બ્લોક નં ૪૩ ના ઘર નં ૧૧૭ ના મકાનથી દક્ષિણ દિશા તરફ ચાલતા કેનાલ સુધી સેન્સસ બ્લોક નં ૪૩ ના ઘર નં ૮૭ સુધી ત્યાંથી કેનાલ ના કાંઠે કાંઠે પૂર્વ દિશા તરફ ચાલતાં એસીસી કવોરી રોડ બાબુ સામત ની વાડી સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ કવોરી રસ્તે જતાં પૂર્વ બાજુ હિન્દુ સ્મશાન પાસેના ખાડી કાંઠા સુંધી ત્યાંથી ખાડી કાંઠે કાંઠે દક્ષિણ દિશા એ ચાલતાં સર્વે નં. ૧૫૫ છાંયા નગરપાલિકાના સીમાડા સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ છાંયા નગરપાલિકા ના સીમાડે સીમાડે ચાલતાં સર્વે નં ૧૫૦, ૧૨૯, ૧૨૮, ૪૦/૩ થઈ રણ ના કાંઠા સુધી ત્યાંથી રણ ના કાંઠે કાંઠે ઉતર દિશા તરફ જતા સેન્સસ વોર્ડ નં ૮ ના બ્લોક નં ૪૩ ના ઘર નં ૭૨ ના વાયવ્ય ખુણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

IV-C - Ex. 140 - 4

INDEX

વોર્ડ નં.૯

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, વત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨		૪	૫	૬	૭
૯	૪૮	૬૨૭	૦	૬૪૫	૧ થી ૧૧૯	નરસંગ ટેકરી, આંબેડકર નગર
	૫૮	૨૪૯	૦	૬૨૩	૧૨૦ થી ૨૭૦	નરસંગ ટેકરી થી આંબેડકર નગર, ખાડી કાંઠા નો ઝુપડપટી વિસ્તાર
	૪૯	૦	૦	૬૬૨	૧ થી ૧૪૮	નરસંગ ટેકરી સોસાયટી વિસ્તાર
	૫૦	૫	૦	૬૭૩	૧ થી ૧૫૫	ગોકુલ નગર, દતસાંઈ નગર, શંકરાચાર્યનગર, દતસાંઈ નગર પાછળનો તળાવ બંધ પાસે નો વિસ્તાર
	૫૧	૦	૦	૫૧૮	૧ થી ૧૪૦	નેશનલ હાઈવે, શ્રીજી ડુપ્લેક્ષ, પરેશનગર, જાગનાથ સોસાયટી, નિધિ પાર્ક સોસાયટી તથા વાડી વિસ્તાર હુડકો કવાર્ટર્સ સુધીનો વિસ્તાર
	૫૨	૫	૦	૪૬૯	૧ થી ૧૪૫	શ્રી રામ પેટ્રોલીયમ પાછળ પોલીટેકનીક કોલેજ કવાર્ટર્સ, વ્રજ ભુવન સોસાયટી ,નિધિ પાર્ક સોસાયટી
	૫૩	૪૩	૫	૭૫૬	૧ થી ૧૬૦	સીતારામ નગર, કસ્ટમ સ્ટાફ કોલોની, ભરત નગર
	૫૪	૪	૩૭૨	૩૩	૧ થી ૧૯૭	બાપુનગર, વાયરલેસ સ્ટેશન પાસે, રાંધાવાવ નેશ, વાંડી વિસ્તાર, લક્ષ્મીનગર
કુલ		૯૩૩	૩૭૭	૫૪૬૯		

હદનું વર્ણન

કર્લી બ્રીજ ના વાયવ્ય ખુણા થી પૂર્વ દિશા તરફ ચાલતાં ગજજર એન્જીનીયરીંગ અને આંબેડકર નગર ની ઉતર બાજુ થઈ નેશનલ હાઈવે હાઈવે ચાલતાં સર્વે નંબર ૩૧૭, ૩૧૬, ૩૨૩, ૨૮૨ ૨૮૧ , ૨૭૭ અને ૨૭૫ થઈ વડધરાનો વોંકળો ક્રોસ કરી નેશનલ હાઈવે હાઈવે સર્વે નં ૨૭૪, ૨૭૨ અને ૨૬૧ સુધી ત્યાંથી પશ્ચિમ દિશા તરફ જતાં છાંયા નગરપાલિકાના સીમાડે સીમાડે સર્વે નં. ૨૭૦, ૨૬૯, ૨૬૮ અને ૨૬૭ સુધી ત્યાંથી ઉતર દિશા તરફ છાંયા નગરપાલિકા ને સીમાડે સીમાડે ચાલતાં વડધરા નો વોંકળો ક્રોસ કરી સર્વે નં ૨૩૬ સુધી ત્યાંથી સર્વે નં ૨૩૫, ૨૩૪, ૨૩૨, ૨૩૧ ૨૩૦, ૨૨૯ , ૨૨૪, ૨૨૩, ૨૨૨ થઈ કર્લી ડેમ (ખાડી) ક્રોસ કરી સર્વે નં ૧૬૪ સુધી ત્યાંથી ઉતર દિશા તરફખાડી ના કાંઠે કાંઠે ચાલતાં કર્લી બ્રીજ ના વાયવ્ય ખુણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વી.એચ.શાહ
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી પંચ
ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

છાંયા નગરપાલિકાની કુલ વસ્તી	૩૮૫૨૬	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૪૨૮૧	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ–૪૭૦૯ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૩૮૫૩
કુલ બેઠકોની સંખ્યા.	૨૭	
સ્ત્રી બેઠકો	૯	૧ બેઠક અનુસૂચિત જાતિ – બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૩	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	--	તે પૈકી – સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૩	
સામાન્ય બેઠકો.	૧૪	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૪૦૦૩	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય
૨	૨	૪૨૨૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૪૦૬૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૪૭૬૯	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૫	૫	૪૧૭૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૩૭૨૮	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૭	૭	૩૮૬૩	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૮	૮	૪૨૨૬	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૯	૯	૫૪૬૯	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
કુલ.		૩૮૫૨૬			

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 141 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] SATURDAY, APRIL 21, 2007/VAISAKHA 1, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા.૨૧–૪–૨૦૦૭

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–નપા– જસદણ–૨૦૦૭

જસદણ નગરપાલિકા (જી.રાજકોટ)ની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

INDEX

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૦૭–ઓફ–૨૦૦૭– એનપીએમ– ૧૩૨૦૦૫/ ૭૪૨૯(૬૭) આર, તા.૫–૧–૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **જસદણ** શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે **જસદણ** નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૭ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાંથી અનુસૂચિત જાતિ, પછાતવર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવીઃ૪૯ઃ૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ઃ૩૬૫૫ઃ એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ ઘડેલ જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૩૯,૦૪૬ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪૩૩૮ ની થાય છે.

INDEX

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦% વસ્તીના વધ/ઘટની મર્યાદાથી કોઈ વોર્ડમાં વધુ વધ–ઘટ થતી નથી.

૮. શહેરના ૯ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૫	૩૯૮૯	૫૦૦	૧૨.૫૩
૨	૪	૪૫૭૨	૪૪૨	૯.૬૭
૩	૮	૪૦૯૨	૧૧૯	૨.૯૧
૪	૩	૪૬૨૧	૮૮	૧.૯૦
૫	૭	૪૦૨૧	૩૪	૦.૮૫
૬	૬	૪૫૪૯	૨૪	૦.૫૩
૭	૧	૪૪૬૪	૧૫	૦.૩૪
૮	૯	૪૧૨૬	૯	૦.૨૨
૯	૨	૪૬૧૨	૦	૦.૦
કુલ		૩૯૦૪૬	૧૨૩૧	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૫માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૫માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૫	અનુસૂચિત જાતિ

INDEX

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી જેથી ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૬. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૭. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૩ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

જસદણ નગરપાલિકાના આ સાથેની અનુસૂચિ–૧ મુજબનાં સૂચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૨	૪૬૧૨	૩૨૭૧	૭૦.૯૨
૨	૩	૪૬૨૧	૨૭૮૦	૬૦.૧૬
૩	૫	૩૯૮૯	૨૧૪૧	૫૩.૬૭
૪	૧	૪૪૬૪	૧૮૩૯	૪૧.૨૦
૫	૪	૪૫૭૨	૧૭૨૦	૩૭.૬૨
૬	૯	૪૧૨૬	૧૨૨૮	૨૯.૭૬
૭	૮	૪૦૯૨	૮૧૬	૧૯.૯૪
૮	૬	૪૫૪૯	૭૧૮	૧૫.૭૮
૯	૭	૪૦૨૧	૪૨૪	૧૦.૫૪
	કુલ	૩૯૦૪૬	૧૪૯૩૭	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૨,૩ અને ૫ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી ત્રીજા ક્રમે પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. તદ્નુસાર વોર્ડ નં.૨ અને ૩માં પછાતવર્ગ અને વોર્ડ નં.૫ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૨	પછાતવર્ગ
૩	પછાતવર્ગ
૫	પછાતવર્ગ સ્ત્રી

INDEX

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી બાકી રહેતી બેઠક સ્ત્રી અનામત બેઠક અને બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીન **જસદણ** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં, રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ, **જસદણ** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૧
જસદણ નગરપાલિકા જિ. રાજકોટ

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.					બ્લોકના વિસ્તાર
	સન્સસ બ્લોકની વિગત				ઘરનંબરોથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અનુ.જાતી ની વસ્તી	અનુ.જન જાતીની વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧	૦	૦	૬૦૩	૧ થી ૧૪૫	પોલારપર રોડ, હુડકો પાછળનો વિસ્તાર, હુડકોનો વિસ્તાર, ૧૦૦ ચો.વા.પ્લોટ (વિસ્તાર)
	૨	૦	૦	૮૪૬	૧ થી ૧૬૨	પોલારપર રોડ,૧૦૦ ચો.વા. પ્લોટ તથા તેની આજુબાજુનો વિસ્તાર
	૩	૦	૪	૭૧૩	૧ થી ૧૪૯	રામપરા, ભાદર નદી કાંઠાનો વિસ્તાર
	૪	૧૫	૦	૭૫૬	૧ થી ૧૭૮	આદમજી રોડ શેરીનં.૬, શ્રીનાથજી ચોક, સીબલપરા વિસ્તાર
	૫	૦	૦	૭૨૩	૧ થી ૧૫૦	શ્રીનાથજી ચોક સામેનો વિસ્તાર, મોચીગોર પ્લોટ વિસ્તાર, વેકરીયા વાડી તરફનો વિસ્તાર
	૬	૦	૦	૮૨૩	૧ થી ૧૫૧	બજરંગ નગર, માળવીયા નગર, સર્વોદય સ્કુલ પાસેનો વિસ્તાર
કુલ	૬	૧૫	૪	૪૪૬૪		

હદનું વર્ણન :–

મોજે ગામ કોઠીના સીમાડે દક્ષિણના સીમાડાની હદે સર્વે નં.૪૧૦ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ હદે હદે સર્વે નં.૪૧૧, ૪૯૪, ૪૯૫, ૪૯૬, ૪૯૮, ૪૯૯, ૫૦૦, ૫૦૩, ૫૦૪, ૪૮૮, ૫૦૫ ની હદે મોજે ગામ પોલારપર ગામના દક્ષિણના સીમાડાની હદે હદે પૂર્વ તરફ સર્વે નં.૫૦૭, ૫૦૮, ૫૦૯, ૬૪૦, ૬૪૨,ના ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ હુડકો કોલોનીના ઉત્તર ખૂણાથી ભાદર નદીના પશ્ચિમ કાંઠે કાંઠે નગર પાલિકાના શોપીંગ સેન્ટરના અગ્નિ ખૂણા સુધી ત્યાથી પશ્ચિમ તરફ આદમજી રોડ શેરી નં.૬ થઈ શ્રી નાથજી ચોક થઈ કોઠી રોડ સર્વે નં.૩૩૩, ૩૪૧, ૩૪૩, ૩૪૭, ૨૭૫, ૨૮૭, ૨૪૨, ૨૪૩, ૨૪૫, ૨૪૬, ૨૪૭, ૨૪૯/૨ ની દક્ષિણ હદે હદે સર્વે નં. ૨૪૯/૨ નાં નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી નાની લાખાવડના પૂર્વ ના સીમાડાની હદે હદે ઉત્તર તરફ સર્વે નં.૩૭૩, ૩૮૫, ૩૮૭, ૩૯૦, ૩૯૧, ૩૯૨, ૩૯૩, ૩૯૪, ૩૬૮, ૩૯૯, ૪૦૦, ૪૦૧, ૪૦૫, ૪૦૬, ને આવરી લઈ ૪૧૦ના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર–પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર – પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ – પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ – પશ્ચિમ)

INDEX

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.					બ્લોકના વિસ્તાર
	સન્સસ બ્લોકની વિગત				ઘરનંબરોથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અનુ.જાતી ની વસ્તી	અનુ.જન જાતીની વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૭	૦	૦	૭૪૯	૧ થી ૧૨૭	બાલેશ્વર મંદિર પાસેનો તથા ધોબી કોલોની વિસ્તાર
	૮	૦	૦	૯૧૪	૧ થી ૧૪૭	મફતીયા પરા ૧૦૦ ચો.વા. પ્લોટ, નવ હથ્થા પીર પાસેનો વિસ્તાર
	૯	૦	૦	૬૭૨	૧ થી ૧૩૨	નવ હથ્થા પીર પાછળનો વિસ્તાર, ચેક ડેમ પાસેનો વિસ્તાર, માલધારી વિસ્તાર, પોલીસ લાઈન કવાર્ટર તથા પશુ દવાખાના પાસેનો વિસ્તાર
	૧૦	૦	૩	૭૭૩	૧ થી ૧૨૮	વાજસુર પરા શેરીનં. ૧૨ થી ૧૯ નો વિસ્તાર
	૧૧	૦	૫	૫૬૪	૧ થી ૧૨૮	વાજસુર પરા શેરીનં. ૧૨, રોકડીયા હનુમાન પાછળનો વિસ્તાર, વાજસુર પરા મેઈન રોડ શેરી નં.૧ થી૭
	૧૨	૦	૦	૯૪૦	૧ થી ૧૩૦	વાજસુર પરા શેરી નં.૭ થી ૧૧ તથા
કુલ :–	૬	૦	૮	૪૬૧૨		

હદનું વર્ણન :–

મોજે પોલારપર ગામના દક્ષિણ સીમાડાની હદે સર્વે નં.૬૪૧ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પોલારપર ગામના દક્ષિણના સીમાડાની હદે હદે પૂર્વ તરફ સર્વે નં.૬૪૫, ૬૪૬, ૬૪૭, ૬૪૮, ૬૬૪, ૬૬૭, ૬૬૮, ૬૬૯, ૬૬૫, ૬૬૦, ૬૫૮, ૬૭૧, ૬૭૨, ૬૭૩, ૬૭૫, આવરી લઈ સર્વે નં.૬૭૬ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ અંબાજી મંદીર થઈ મંદીર તરફ આવવાના રસ્તે રસ્તે બાખલવડ રોડ સુધી ત્યાંથી બાખલવડ રોડે રોડે દક્ષિણ તરફ આગળ જતાં વિંછીયા હાઈવે સુધી આરામ ગૃહના સામેના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ વાજસુર પરા ટાઉન હોલ પાસેના રસ્તે રસ્તે આગળ જતાં શેરી નં.૭ના રોડ સુધી ત્યાંથી દક્ષિણ તરફ શેરી નં.૭ના રસ્તે દલસુખ કૂઈ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ માર્કેટીંગ યાર્ડ ઉત્તરની હદે હદે ભાદર નદી સુધી (ચેક ડેમ સુધી) ત્યાંથી ઉત્તર તરફ ભાદર નદીના કાંઠે કાંઠે નવહથ્થાપીરની જગ્યા પાસેના ચેક ડેમ સુધી ત્યાંથી પશ્ચિમ ઉત્તર તરફ પોલારપર ગામના સીમાડે સર્વે નં.૬૪૧ના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.					બ્લોકના વિસ્તાર
	સન્સસ બ્લોકની વિગત				ઘરનંબરોથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અનુ.જાતી ની વસ્તી	અનુ.જન જાતીની વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧૩	૦	૦	૫૪૮	૧ થી ૨૧૦	તાલુકા પંચાયત ક્વાર્ટર તથા તેની પાછળની શેરી, પોસ્ટ ઓફીસ સામેનો તથા પાછળનો વિસ્તાર, સ્ટેશન રોડનો પશ્ચિક તરફનો વિસ્તાર, ચંદ્રકાન્ત ટોકીઝ, માર્કેટીગ યાર્ડ પાસેનો વિસ્તાર.
	૧૪	૦	૦	૧૦૫૨	૧ થી ૩૫૨	ન.પા.નું શોપીગ સેન્ટર (પેટ્રોલ પંપ સામે પાસેનો વિસ્તાર) મસ્જીદ પાસેનો વિસ્તાર, છત્રી બજાર સમગ્ર વિસ્તાર.
	૧૫	૮૮	૦	૭૧૨	૧ થી ૧૮૯	સુન્ની મુસ્લીમ કબ્રસ્તાન, સ્ટેશન રોડ પૂર્વ તરફનો વિસ્તાર, તા.પંચાયત પાછળનો વિસ્તાર.
	૧૬	૦	૦	૮૦૮	૧ થી ૧૫૦	સ્ટેશન રોડ, પૂર્વ તરફનો વિસ્તાર (ખાડીયાબાજુનો વિસ્તાર) મફતીયા પરા.
	૧૭	૦	૦	૫૮૯	૧ થી ૨૦૧	દામોદર ઓઈલ મીલ સામેનો, જકાત નાકા પાસેનો વિસ્તાર, સ્ટેશન રોડ, પશ્ચિક બાજુ, વૃંદાવન સોસાયટી.
	૧૮	૦	૦	૯૧૨	૧ થી ૧૫૦	જકાત નાકા, કમળાપુર રોડ તરફનો વિસ્તાર, જીલેશ્વર પાર્ક આસપાસનો વિસ્તાર, અંબાજી મંદીર પાસેનો વિસ્તાર, ચુનારા વાડ, ડુંગરપુર, વિંછીયા રોડ, સિધેશ્વર મંદીર તથા તેની સામેનો વિસ્તાર.
કુલ	૬	૮૮	૦	૪૬૨૧		

હદનું વર્ણન :–

મોજે બાખલવડ ગામનાં સીમાડાની દક્ષિણ તરફ બાખલવડની કાચી સડકથી પૂર્વ તરફની હદે હદે સર્વે નં. ૭૭૮, ૭૭૯, ૭૮૧, ૭૮૮, ને આવરી લઈ ત્યાથી મોજે ગામ ગઢડીયાનાં સીમાડાની હદેહદે દક્ષિણ તરફ સર્વે નં. ૭૮૯, ૭૯૦, ૭૯૩, ૭૯૭,૭૯૮, ૮૨૮, ને આવરી લઈ સર્વે નં. ૮૨૮ નાં અગ્નિ ખૂણાં ઉપરઆલણ સાગર તળાવનાં ધોરીયાની પશ્ચિમ તરફ સર્વે નં. ૮૨૯, નાં ઉત્તર તરફની હદે હદે સર્વે નં. ૮૩૩ થઈ ૮૩૪ નાં અગ્નિ ખૂણાં સુધી ત્યાંથી પશ્ચિમ તરફ કબ્રસ્તાનનાં પાછળનાં ભાગે મેમણ કોલોનીનાં પશ્ચિમ ભાગે થઈ દક્ષિણ તરફ નગરપાલિકા કચેરીની પાછળ પૂર્વ હદે નદી કાંઠે કાંઠે થઈ મેઈન રોડ લાતી પ્લોટ પુલનાં ખૂણાં સુધી ત્યાથી પશ્ચિમ તરફ ટાવરચોક નાં રોડે રોડે થઈ દરબારગઢ નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ ભાદર નદીનાં કાંઠે પશ્ચિમ કાંઠે દરબારગઢની રાંગ સુધી ત્યાંથી માર્કેટીગ યાર્ડનાં વાયવ્ય ખૂણા સુધી પૂર્વ તરફની હદે હદે દલસુખ કુઈ સુધી ત્યાથી ઉત્તર તરફ વા.પરા શેરી નં.– ૭ નાં દક્ષિણ ખૂણેથી પૂર્વ તરફ ટાઉન હોલ થઈ આરામગૃહ સામેનાં ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ કમળાપુર રોડે રોડે થઈ જીલેશ્વર પાર્ક ની પશ્ચિમ હદે થઈ અંબાજીમંદીર તરફનાં રસ્તા પાસે થઈ બાખલવડની કાચી સડક સુધીમાં અંદર સમાવિષ્ટ થતો સમગ્ર વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.					બ્લોકના વિસ્તાર
	સન્સસ બ્લોકની વિગત				ઘરનંબરોથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અનુ.જાતી ની વસ્તી	અનુ.જન જાતીની વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૧૯	૦	૦	૬૪૯	૧ થી ૧૫૮	મેમણ કોલોની, સુર્ય વંદના સોસાયટી, ગાંડીવાડી પાસેનો વિસ્તાર, મણીનગર વિસ્તાર.
	૨૦	૦	૦	૭૪૭	૧ થી ૨૧૭	લાતી પ્લોટ, શેરીનં.૪,૫,૬,૭,૮, વેણીલાલ સ્કુલ પાસેનો વિસ્તાર, ગઢ ડીયા રોડ થી લાતી પ્લોટ મેઈન રોડ સુધીનો નદી કાંઠાનો વિસ્તાર.
	૨૧	૦	૦	૭૭૩	૧ થી ૧૭૯	સન ટોકીઝ પાસેનો વિસ્તાર, લાતી પ્લોટ દક્ષિણ તરફનો વિસ્તાર, ગોટીના પ્લોટ વિસ્તાર.
	૨૨	૩૧૬	૦	૬૩૨	૧ થી ૧૩૧	મહમદઅલી મામુજી ચાલીનો વિસ્તાર, બારૈયા નગર, દેવી પુજક વાસ.
	૨૩	૮૬	૦	૧૦૨૦	૧ થી ૧૭૪	ગોખલાણા મેઈન રોડ, રામેશ્વર નગર, આશીયાના લોજ પાસેનો વિસ્તાર, લોહીયા નગર તરફનો રોડ વિસ્તાર.
	૨૪	૪૦	૦	૭૫૧	૧ થી ૧૩૩	લોહીયા નગર વિસ્તાર
કુલ	૬	૪૪૨	૦	૪૫૭૨		

હદનું વર્ણન :–

વોર્ડ નં. –૪ નાં વાયવ્ય ખૂણા પર આવેલ મેમણ કોલોનીના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ સુર્ય વંદના સોસાયટીની ઉત્તરની હદે હદે સર્વે નં.૮૩૭ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સર્વેનં. ૮૬૫, ૮૮૧, ૮૮૪, ૮૮૯ થી પૂર્વ તરફ સર્વે નં.૮૮૬, ૮૮૫ થી નાની અણીયાળીના સીમાડાની પશ્ચિમ હદે હદે દક્ષિણ તરફ સર્વે નં.૧૦૧૪, ૧૦૧૭, ૧૦૭૨, ૧૦૭૧ ના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ મોજે ગામ કલોરાણાના સીમાડાની હદે હદે ઉત્તર તરફ જસદણ બાઉન્ડ્રી પોઈન્ટ ૪૩, ૪૨ તથા ૪૧ સુધી સર્વે નં.૧૦૯૫ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ સર્વે નં.૧૦૯૭, ૧૦૯૮, ૧૦૮૬, ૧૦૬૫, ૧૧૦૯, ૧૧૧૧, ૧૧૨૫, ૧૧૨૨, ૧૧૨૦, ૯૪૮ને આવરી લઈ લોહીયા નગરના પશ્ચિમ તરફના ભાગે થઈ ભાદર નદીના પૂર્વ તરફના કાંઠે કાંઠે થઈ ગઢડીયા રોડ થઈ મેમણ કોલોનીના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.					બ્લોકના વિસ્તાર
	સન્સસ બ્લોકની વિગત				ઘરનંબરોથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અનુ.જાતી ની વસ્તી	અનુ.જન જાતીની વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૨૮	૧૯	૦	૫૨૦	૧ થી ૧૧૭	હરભોલે દુકાન થી પટેલ સ્ટ્રીટ, સાંકડી શેરી અંદર થઈ પરત બહાર આવતા સુધીનો વિસ્તાર
	૨૯	૫	૭	૬૬૦	૧ થી ૧૬૯	પડીયાના ઘરથી ગળીયારા શેરી થઈ ગાંધી ચોક થઈ હોસ્પીટલ પાછળનો વિસ્તાર ની તમામ શેરી થઈ પટગીરના ઘરથી કોળી જ્ઞાતિની વાડી પાસેનો વિસ્તાર
	૩૦	૬	૦	૯૦૩	૧ થી ૧૭૮	ગાંધીચોકથી પેટા શેરી થઈ નીરાલી પાન પાસે થઈ ભાંગરા વાળી શેરીની લાઈને લેતા, ગાંધીચોક થઈ કુરેશીભાઈ વાળી શેરી થઈ કલાલના ઘર સુધી.
	૩૧	૧૯	૦	૫૯૯	૧ થી ૧૭૩	બાવાચોક વિસ્તાર, ધાધલ શેરી, એસ.બી.એસ. વાળી શેરી, નગીના મસ્જીદ પાસેનો વિસ્તાર
	૫૩	૧૫૫	૦	૫૮૮	૧ થી ૧૦૦	ગોકુળ ચોક વિસ્તાર, આંબેડકર નગર.
	૫૫	૨૯૬	૦	૭૧૯	૧૦૧ થી ૨૧૨	આંબેડકર નગર, વિંછીયા રોડ સાઈડ વિસ્તાર, જયદીપ હાર્ડવેર સુધીનો વિસ્તાર, ભાદર રોડ વિસ્તાર, ગોકુળ ચોક મેઈન રોડ.
કુલ :–	૬	૫૦૦	૭	૩૯૮૯		

હદનું વર્ણન :–

વોર્ડ નં.૫ ના સાંકડી શેરીનાં વાયવ્ય ખૂણાથી શરૂ કરી સાંકડીશેરીની ઉત્તરની હદે હદે ઉત્તર તરફ તથા એસ.બી.એસ. બેંકવાળી શેરી તથા હાઈવેની પશ્ચિમ હદે હદે ત્યાંથી જુના બસ સ્ટેન્ડ ઈશાન ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ બાવાનાં ચોકની ઉત્તર ની હદે હદે સ્ટેટ હાઈવે સુધી ત્યાથી જુના બસ સ્ટેન્ડ ત્યાંથી લાતી પ્લોટનાં પુલ સુધી ત્યાંથી દક્ષિણ તરફ ભાદર નદીનાં કાંઠે કાંઠે આંબેડકર નગરના અગ્નિ ખૂણે સ્ટેટ હાઈવે સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સ્ટેટ હાઈવે રોડે રોડ ડી.એસ.વી.કે. હાઈસ્કુલના નૈઋત્ય ખૂણા સુધી ત્યાથી ઉત્તર તરફ ગાંધીચોક ની પેટા શેરીઓ આવરી લઈ ઉત્તર તરફ ગળીયારા શેરીને આવરી લઈ પૂર્વ તરફ સાંકડી શેરીમાં પશ્ચિમ તરફ જતાં સાંકડી શેરીના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.					બ્લોકના વિસ્તાર
	સન્સસ બ્લોકની વિગત				ઘરનંબરોથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અનુ.જાતીની વસ્તી	અનુ.જન જાતીની વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૫	૦	૦	૭૨૬	૧ થી ૩૫૨	જુના બસ સ્ટેન્ડ અશ્વમેધ કોમ્પલેક્ષ, નાગરીક બેંકવાળી શેરી, મેઈન બજાર, જયદેવ સ્ટ્રીટ, આપાવાળી શેરી, મેઈન બજાર, મોતી ચોક, ઢોલરીયા શેરી સુધીનો વિસ્તાર
	૨૬	૦	૦	૬૯૦	૧ થી ૩૧૩	.ઢોલરીયા શેરીના ખૂણાથી પટેલ શોપીંગ સેન્ટર, રાઠોડના કારખાના સુધી, હાઈસ્કુલ ના ખૂણા સામેના વિસ્તારથી મેઈન બજાર, રાઠોડ શેરી, બોરડીવાળી શેરી, મોતી ચોક પાસેનો વિસ્તાર, ત્રિવેદીભાઈ વાળી શેરી, આદમજી રોડ શેરી નં.૧,૨,૩
	૨૭	૧૮	૫	૪૪૨	૧ થી ૩૨૦	આદમજી રોડ, બ્રાહમણ વાડી, પારેવાના ઓટા પાસેનો વિસ્તાર, જુની શાક માર્કેટ થઈ આદમજીરોડ શેરી નં.૧૪,૧૫ થઈ મેઈન બજાર થઈ ગરબી ચોક વાળી શેરી, ટાવર ચોક મંદીર સુધીનો વિસ્તાર
	૩૨	૦	૦	૬૮૯	૧ થી ૧૭૭	મોતીચોકથી કાળુપીરની દરગાહ થઈ તરગાળા શેરી અંદરનો તમામ વિસ્તાર થઈ કનુભાઈ ભુવાના ઘર સુધીનો વિસ્તાર
	૩૩	૬	૦	૭૬૯	૧ થી ૨૨૭	ચીતલીયા કુવા ટાંકા પાસેનો વિસ્તાર, મંડળી પાસેનો વિસ્તાર, કાનજી પરા, કોઠી રોડ, ખલડીયાર નગર.
	૩૪	૦	૦	૫૯૪	૧ થી ૧૧૦	પાળીયાવાળી શેરી, ભુવા શેરી થઈ રૂપારેલીયા શેરી સુધીનો વિસ્તાર
	૩૫	૦	૦	૬૩૯	૧ થી ૧૫૮	નાના રામજી મંદીર પાસેનો વિસ્તાર, કલ્યાણભાઈના ઘર પાસે થઈ સરદાર પટેલ સ્ટ્રીટ પેટા શેરી સહીત, ચીતલીયા કુવા થઈ રામાણીની દુકાન સુધી.
કુલ	૬	૨૪	૫	૪૫૪૯		

હદનું વર્ણન :–

વોર્ડ નંબર ૬ નાં વાયવ્ય ખૂણા ઉપર આવેલ ખોડીયાર મંદીરવાળી શેરીના વાયવ્ય જુના કોઠીરોડ થી શરૂ કરી પૂર્વ તરફ કોઠીના નાલા થી સીધી લાઈને નાના રામજી મંદીર થઈ નવી શાક માર્કેટના ઉતર હદે હદે અગ્નિ ખૂણે ભાદર નદી સુધી ત્યાંથી ભાદર નદીના પશ્ચિમ કાંઠાની સીધી લાઈને દક્ષિણ તરફ થઈ દરબાર ગઢની પશ્ચિમ હદે હદે દક્ષિણ તરફ મેઈન રોડ સુધી ત્યાંથી પૂર્વ તરફ ટાવર ચોક થઈ જુના બસ સ્ટેન્ડ સ્ટેટ હાઈવે સુધી ત્યાંથી દક્ષિણ તરફ હાઈવે રોડે રોડ જુના બસ સ્ટેન્ડનાં અગ્નિ ખુણાં સુધી ત્યાથી પશ્ચિમ તરફ સાંકડી શેરી ની ઉતરની હદે હદે થઈ મેઈન બજાર નાગરીક બેંકવાળી શેરી ની દક્ષિણ હદે હદે પશ્ચિમ તરફ મોતીચોક રોડ સુધી ત્યાથી દક્ષિણ તરફ ને આવરી લઈ ઢોલરીયા શેરી થઈ ડી.એસ.વી.કે. હાઈસ્કુલના પશ્ચિમ સાઈટ સ્ટેટ હાઈવે સુધી ત્યાંથી પુર્વ તરફ સમાત રોડ થઈ તરગાળા શેરી તરફ ઉત્તર બાજુ સીધી લાઈને ચીતલીયા કુવા રોડ ટાંકા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ખોડીયાર મંદીરવાળી શેરીના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ વળી ખોડીયાર મંદીરવાળી શેરીના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.					બ્લોકના વિસ્તાર
	સન્સસ બ્લોકની વિગત				ઘરનંબરોથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અનુ.જાતી ની વસ્તી	અનુ.જન જાતીની વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૪૪	૨૧	૦	૭૬૯	૧ થી ૨૪૫	પાટીદાર વિસ્તાર,જયરામ પ્લોટ વિસ્તાર, રાજબેંક વાળો વિસ્તાર, સરદાર પટેલ શોપીંગ સેન્ટર વિસ્તાર, લાલ બહાદુર સ્કુલ પાસેનો વિસ્તાર.
	૪૫	૦	૪	૫૯૫	૧ થી ૧૩૮	સમાત મંદીર સામેનો વિસ્તાર, એસ.ટી. વર્કશોપ પાછળનો વિસ્તાર.
	૪૬	૦	૦	૮૨૨	૧ થી ૧૫૩	સમાતની જગ્યા પાછળનો વિસ્તાર, હિરપરા નગર.
	૪૭	૧૦	૦	૭૩૦	૧ થી ૧૪૮	ગેલમાતાના મંદીર પાછળનો વિસ્તાર.
	૪૮	૦	૦	૫૪૦	૧ થી ૭૦	ખોડીયાર મંદીર પાછળની શેરી, રામેશ્વર સોસાયટી, શકિતનગર.
	૫૪	૩	૦	૫૬૫	૭૧ થી ૧૫૧	ઉમીયાનગર, ઘનશ્યામ નગર, લક્ષ્મણ નગર.
કુલ	૬	૩૪	૪	૪૦૨૧		

હદનું વર્ણન :–

મોજેગામ નાની લાખાવડ ગામના સીમાડાના પૂર્વ સર્વે નં.૨૧૬ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ આવેલ સર્વે નં.૨૪૯/૨.૨૪૭, ૨૪૬, ૨૪૫, ૨૪૩, ૨૪૨, ૨૮૭, ૨૭૫, ૩૪૭, ૩૪૩, ૩૪૧, ૩૩૩ ની દક્ષિણ હદે હદે કોઠી રોડે રોડ થઈ હીરપરા વાડીવાળી શેરીના ઈશાન ઉત્તરના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચીતલીયા કુવા રોડ સુધી ત્યાંથી પૂર્વ તરફ પાણીનાં ટાંકા સુધી દક્ષિણ તરફ સમાત રોડ સુધી ત્યાથી પશ્ચિમ સમાતની જગ્યા પાસે થઈ સમાતની જગ્યાના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી સરદાર પટેલ નગરના ઉત્તર હદે હદે પશ્ચિમ તરફ ભુતડાદાદાના મંદીર થઈ દક્ષિણ હદે હદે સર્વે નં.૧૩, ૬૧, ૮૯, ૧૬૧, ૧૫૬, ૪૫૧, ૧૭૮, ૧૭૯, ૧૮૦, ૧૮૩, ૧૮૪ની દક્ષિણ હદે હદે થઈ સર્વ નં. ૧૮૪ નાં નૈઋત્યના ખૂણા સુધી ત્યાંથી મોજે ચીતલીયા ગામના સીમાડાના પશ્ચિમ ભાગે ઉત્તર તરફ સર્વે નં.૧૮૫, ૧૮૭, ૧૮૮, ૧૯૧, ૧૮૯, ૧૯૦, ૨૧૪, ૨૧૫/૧ થઈ સર્વે નં.૨૧૬ના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.					બ્લોકના વિસ્તાર
	સન્સસ બ્લોકની વિગત				ઘરનંબરોથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અનુ.જાતીની વસ્તી	અનુ.જન જાતીની વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૮	૩૭	૦	૦	૭૧૩	૧ થી ૨૧૪	આટકોટ રોડ શીવ શકિત સોસાયટી, જલારામ સોસાયટી, સરકારી કવાર્ટર, જી.આઈ.ડી.સી. બાયપાસ પાસેનો વિસ્તાર.
	૩૮	૦	૧૧	૩૩૦	૧ થી ૨૧૦	પુસ્કરધામ સોસાયટી.
	૩૯	૬૫	૦	૪૪૧	૧ થી ૧૩૧	કાર્પ ઈમ્પેક્ષ, વિરાણી નગર.
	૪૦	૩	૦	૩૮૮	૧ થી ૧૬૦	કાર્પ ઈમ્પેક્ષ, વિરાણી નગર.
	૪૧	૨૪	૧૦	૫૫૦	૧ થી ૧૬૩	જી.ઈ.બી. કવાર્ટર, આટકોટ રોડ, પંચવટી, મંત્રી સોસાયટી.
	૪૨	૯	૦	૮૨૭	૧ થી ૧૯૯	ગંગાભુવન વિસ્તાર.
	૪૩	૧૮	૦	૮૪૩	૧ થી ૩૨૭	ગંગાભુવન વિસ્તાર, આટકોટ રોડ, અર્જુન ઈન્ડ.થઈ ગોપીપાન વાળી લાઈન થઈ પરમાર વાળી શેરી, એસ.ટી. વર્કશોપ પાછળનો વિસ્તાર.
કુલ	**૭**	**૧૧૯**	**૨૧**	**૪૦૯૨**		

હદનું વર્ણન :–

મોજે ચિતલીયા ગામના સીમાડાના પૂર્વ તરફ સર્વે નં.૧૪૭ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ આવેલ સર્વે નં. ૧૮૦, ૧૭૯, ૧૭૮, ૪૫૧, ૧૫૬, ૧૬૧, ૮૯, ૬૧, ૧૩ ની દક્ષિણ હદે હદે ભુતડાદાદા ના મંદીર પાસે થઈ સરદાર પટેલ નગરની ઉત્તર હદે હદે ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સમાતની જગ્યાના વાયવ્ય ખૂણા સુધી ત્યાથી પૂર્વ તરફ સમાત જગ્યાની ઉત્તરની હદે હદે થઈ સમાતના રોડે રોડ પૂર્વ તરફ ગાયત્રી કોમ્પ્લેક્ષની ઉત્તર હદે થઈ સ્ટેટ હાઈવે ચોક સુધી ત્યાંથી આટકોટ રોડે રોડે પરમાર વાડીવાળી શેરીના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ શિવશકિત સોસાયટી ની પૂર્વ હદે થઈ દક્ષિણ તરફ સર્વે નં.૧૨૮૩, ૧૨૭૦, ૧૨૬૯, ૧૨૧૩, ૧૨૧૬, ૧૨૧૭ ની પશ્ચિમ હદે હદે ભાદર નદીના દક્ષિણ કાંઠાની હદે હદે પશ્ચિમ તરફના સર્વે નં.૧૨૧૮, ૧૨૨૮, ૧૨૩૦, ૧૨૩૧, ૧૨૩૨ ને આવરી લઈ સર્વે નં. ૧૨૩૨નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ સર્વે નં.૧૨૩૨, ૧૨૪૬, ૧૨૪૯, ૧૨૫૦, ૧૦૯, ૧૧૭, ૧૧૮, ૧૪૪, ૧૪૭ ની પશ્ચિમ હદે હદે થઈ સર્વે નં. ૧૪૭નાં વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૯

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર તથા ઘર નંબરો તથા હદનું વર્ણન.					બ્લોકના વિસ્તાર
	સન્સસ બ્લોકની વિગત				ઘરનંબરોથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અનુ.જાતીની વસ્તી	અનુ.જન જાતીની વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૯	૩૬	૦	૦	૭૭૯	૧ થી ૨૭૮	કૈલાસ નગર શેરી નં.૨, આટકોટ રોડ, ગાયત્રી મંદીર વાળી શેરી, પરમાર વાડી વાળી શેરી.
	૪૯	૧	૦	૮૩૫	૧ થી ૨૯૮	કૈલાસ નગર શેરી નં.૨ પૂર્વ તરફનો વિસ્તાર, કૈલાસ નગર શેરી નં.૨ સ્વામીનારાયણ મંદીર પાસેનો વિસ્તાર, પેટા શેરી સહીત.
	૫૦	૦	૦	૯૩૬	૧ થી ૨૨૨	દવેભાઈ વાળી શેરી, ગીતાનગર વિસ્તાર, ગીતાનગર પાછળનો વિસ્તાર.
	૫૧	૦	૩	૭૫૬	૧ થી ૨૧૮	ગીતાનગર, વોકળા બાજુની સમગ્ર વિસ્તાર બન્ને સાઈડ, રાજેશ ટ્રેડર્સ સુધી તથા જુની પોસ્ટ ઓફીસ પાસેનો વિસ્તાર.
	૫૨	૮	૫	૮૨૦	૧ થી ૧૭૭	જી.ઈ.બી. તથા તેની પાછળનો વિસ્તાર, ગેબનશા સોસાયટી તથા સ્મશાન રોડ વિસ્તાર.
કુલ :—	૫	૯	૮	૪૧૨૬		

હદનું વર્ણન :—

આટકોટ રોડ સ્ટેટ હાઈવે ઉપર પરમાર વાડીવાળી શેરીના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ આટકોટ રોડની દક્ષિણ સાઈટે રોડે રોડે મેલડી માતાના મંદીર થી ઉત્તર તરફ કલ્યાણી પેટ્રોલ પંપની જગ્યાના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ સ્ટેટ હાઈવે રોડે રોડે આંબેડકર નગરના દક્ષિણ હદે થઈ ભાદર નદીના પશ્ચિમ કાંઠા સુધી ત્યાંથી દક્ષિણ તરફ પશ્ચિમ હદે હદે સર્વે નં.૯૪૮, ૧૧૨૦, ૧૧૨૨, ૧૧૨૫, ૧૧૧૧, ૧૧૦૯, ૧૦૯૫, ૧૦૮૬, ૧૦૯૮, ૧૦૯૭, ૧૦૯૫ના વાયવ્ય ખૂણા થી પશ્ચિમ તરફ દક્ષિણ હદે હદે સર્વે નં.૧૦૯૭,નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ કોટડાનાં સીમાડાનાં ઉત્તરની હદેહદે સર્વે નં. ૧૦૯૭ ૧૧૦૧, ૧૧૫૮, ૧૨૫૬ સુધી ત્યાંથી ઉત્તર તરફ સર્વે નં.૧૨૧૭, ૧૨૧૬, ૧૨૧૩, ૧૨૬૯, ૧૨૭૦, ૧૨૮૩ નાં પશ્ચિમ હદે થઈ શિવ શકિત સોસાયટીની પૂર્વ હદે થઈ ગાયત્રી મંદીરના પશ્ચિમ હદેથી પશ્ચિમ તરફ પરમાર વાડીવાળી શેરીના નૈત્રૂત્ય ખૂણાથી વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી પંચ
ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

જસદણ નગરપાલિકાની કુલ વસ્તી	૩૯૦૪૬	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૪૩૩૮	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ–૪૭૭૨ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૩૯૦૪
કુલ બેઠકોની સંખ્યા.	૨૭	
સ્ત્રી બેઠકો	૯	– બેઠક અનુસૂચિત જાતિ – બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૧	તે પૈકી – સ્ત્રી..
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	--	તે પૈકી – સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૨	
સામાન્ય બેઠકો.	૧૫	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૪૪૬૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૪૬૧૨	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૪૬૨૧	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૪૫૭૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૩૯૮૯	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય
૬	૬	૪૫૪૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૪૦૨૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૪૦૯૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૪૧૨૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ.		૩૯૦૪૬			

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 142 REGISTERED No. G/GNR/2

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] SATURDAY, APRIL 21, 2007/VAISAKHA 1, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા.૨૧ –૪–૨૦૦૭

ક્રમાંક:રાચપ–ચટણ–૨૦૦૭–નપા–જેતપુર–નવાગઢ–૨૦૦૭

જેતપુર–નવાગઢ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૬માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

INDEX

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૩૬ઓફ–૨૦૦૭–એનપીએમ–૧૩૨૦૦૫/ ૭૪૨૯(૩૬)આર, તા.૪–૧–૨૦૦૭ અને ક્રમાંકઃકેવી–૧૧૯–૨૦૦૭–એનપીએમ–૩૨૦૦૭/૧૧૫૦–આર, તા. ૧૯–૩–૨૦૦૭ થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **જેતપુર–નવાગઢ** શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે **જેતપુર–નવાગઢ** નગરપાલિકાને **૧૪** વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૪૨ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, પછાતવર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૪૯–૧૯૯૪ એન.પી.એલ.–૪૫૯૩–૩૬૫૫– એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી **૧૦૪૨૫૨** આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને **૧૪** વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી **૭૪૪૭** ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

INDEX

૮. શહેરના ૧૪ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બ્રહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૧૪ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૨	૬૮૨૪	૧૧૯૨	૧૭.૪૭
૨	૧	૬૮૭૭	૮૭૧	૧૨.૬૭
૩	૬	૭૭૩૫	૭૪૨	૯.૫૯
૪	૭	૭૦૯૬	૬૮૦	૯.૫૮
૫	૧૪	૭૩૪૦	૬૭૭	૯.૨૨
૬	૧૦	૭૫૦૨	૫૧૦	૬.૮૦
૭	૩	૭૮૧૫	૪૧૩	૫.૨૮
૮	૪	૮૦૪૬	૨૮૬	૩.૫૫
૯	૯	૭૬૫૭	૨૦૭	૨.૭૦
૧૦	૧૩	૭૪૬૮	૧૯૭	૨.૬૪
૧૧	૮	૭૦૬૫	૧૧૨	૧.૫૯
૧૨	૫	૭૨૪૫	૧૦૨	૧.૪૧
૧૩	૧૨	૮૦૯૧	૫૫	૦.૬૮
૧૪	૧૧	૭૪૯૧	૪૪	૦.૫૯
કુલ		૧૦૪૨૫૨	૬૦૮૮	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૨ તથા ૧ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા બીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૨ માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં.૧ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

INDEX

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨ તથા ૧ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૨	અનુસૂચિત જાતિ
૧	અનુસૂચિત જાતિ સ્ત્રી.

૧૬. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૪ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વોર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાતવર્ગ માટે અનામત રાખેલી કુલ ૪ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

જેતપુર–નવાગઢ નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સૂચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૨	૬૮૨૪	૩૦૭૬	૪૫.૦૭
૨	૧	૬૮૭૭	૨૯૦૩	૪૨.૨૧
૩	૫	૭૨૪૫	૨૮૭૪	૩૯.૬૯
૪	૪	૮૦૪૬	૨૫૬૨	૩૧.૮૪
૫	૩	૭૮૧૫	૨૦૫૫	૨૬.૩૦
૬	૧૩	૭૪૬૮	૧૫૭૬	૨૧.૧૦
૭	૧૪	૭૩૪૦	૧૪૭૭	૨૦.૧૨
૮	૭	૭૦૯૬	૧૩૮૯	૧૯.૫૭
૯	૮	૭૦૬૫	૧૧૬૫	૧૬.૪૯
૧૦	૯	૭૬૫૭	૮૪૬	૧૧.૦૫
૧૧	૬	૭૭૩૫	૭૩૫	૯.૫૦
૧૨	૧૦	૭૫૦૨	૪૮૪	૬.૪૫
૧૩	૧૧	૭૪૯૧	૪૩૬	૫.૮૨
૧૪	૧૨	૮૦૯૧	૩૫૬	૪.૪૦
	કુલ.	૧૦૪૨૫૨	૨૧૯૩૪	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૨, ૧, ૫ અને ૪ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી વોર્ડ નં.૨, ૧ અને ૪ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૫ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં.૨માં અનુસૂચિત જાતિ માટે બેઠક ફાળવેલ હોઈ વોર્ડ નં.૨ માં પછાતવર્ગ માટે બેઠક ફાળવી શકાય તેમ નથી. સબબ, વોર્ડ નં.૨ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક અને વોર્ડ

INDEX

નં.૧, ૫ અને ૪ માં પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૨	પછાતવર્ગ સ્ત્રી
૧	પછાતવર્ગ
૫	પછાતવર્ગ
૪	પછાત વર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **જેતપુર–નવાગઢ** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનૂસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનૂસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ જેતપુર–નવાગઢ નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

INDEX

અનુસૂચિ –૧
જેતપુર નગરપાલિકા, જિલ્લો રાજકોટ.

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૮	૧૧૮	૦	૬૦૪	૧/૮ ૮૮૩ થી ૧૦૦૦ ૧/૮	નવાગઢ ઈદ મસ્જીદ ધાર વિસ્તાર
	૯	૦	૦	૫૯૩	૧/૯ ૧૦૦૧ થી ૧૧૩૧ ૧/૯	નવાગઢ નાગબાઈ ધાર, સ્કુલ સામેનો વિસ્તાર
	૧૦	૦	૦	૫૦૪	૧/૧૦ ૧૧૩૨ થી ૧૨૬૦ ૧/૧૦	નવાગઢ નાગબાઈ ધાર, સ્કુલની ઉત્તરેથી કેનાલ સુધીનો વિસ્તાર સામેનો વિસ્તાર
	૧૧	૦	૦	૬૫૪	૧/૧૧ ૧૨૬૧ થી ૧૪૦૦ ૧/૧૧	નવાગઢ નાગબાઈ ધાર સર્કલ – ૧ સ્કુલથી પૂર્વ તરફનો વિસ્તાર
	૧૨	૦	૦	૪૪૧	૧/૧૨ ૧૪૦૧ થી ૧૪૯૩ ૧/૧૨	નવાગઢ નાગબાઈ ધાર સ્કુલ પાછળનો વિસ્તાર
	૩૦	૦	૦	૪૫૦	૩/૩૦ ૧ થી ૭૯ ૩/૩૦	નવાગઢ પશુ દવાખાના, એસ.બી. એસ. રોડ, અવધ સ્કુલ, વાણીયાવાડ વિસ્તાર
	૩૧	૦	૦	૪૫૪	૩/૩૧ ૮૦ થી ૧૬૬ ૩/૩૧	નવાગઢ એસ.બી.એસ. રોડ, એટલાસ ડાઈંગ વિસ્તાર
	૩૨	૦	૦	૨૫૫	૩/૩૨ ૧૬૭ થી ૨૩૭ ૩/૩૨	નવાગઢ જય ગોપાલ ડાઈંગ, નિલકંઠ મહાદેવ વિસ્તાર
	૩૩	૦	૦	૫૪૪	૩/૩૩ ૨૩૮ થી ૩૧૮ ૩/૩૩	નવાગઢ વિવેકાનંદ સોસાયટી વિસ્તાર
	૩૪	૦	૦	૩૩૩	૩/૩૪ ૩૧૯ થી ૩૮૫ ૩/૩૪	નવાગઢ વિવેકાનંદ સોસાયટી, ગઢની રાંગ પશ્ચિમ દક્ષિણ વિસ્તાર
	૩૫	૦	૦	૫૪૭	૩/૩૫ ૩૮૬ થી ૪૯ ૫ ૩/૩૫	નવાગઢ વિવેકાનંદ સોસાયટી,ગઢની રાંગ બહારની લાઈન ,અજીતા ડો.સુધીનો વિ.
	૩૬	૦	૦	૧૨	૩/૩૬ ૪૯૬ થી ૫૬૨ ૩ /૩૬	નવાગઢ ગઢની રાંગ બહારઔધોગીક ઝોન, દરજી સોસાયટી વિસ્તાર
	૩૭	૮	૦	૩૩૨	૩/૩૭ ૫૬૩ થી ૬૩૯ ૩/૩૭	નવાગઢ દરજી સોસાયટી
	૩૮	૨૭	૦	૩૨૮	૩/૩૮ ૬૪૦ થી ૭૨૮ ૩/૩૮	નવાગઢ સેન્ટ ફ્રાન્સીસ વિસ્તાર
	૩૯	૩૪૮	૦	૪૨૨	૩/૩૯ ૭૨૯ થી ૮૧૩ ૩/૩૯	નવાગઢ દાસીજીવણપરા, રામાપીરનાં મંદિર વિસ્તાર
	૪૦	૩૭૦	૦	૪૦૪	૩/૪૦ ૮૧૪ થી ૯૦૪ ૩/૪૦	નવાગઢ દાસીજીવણપરા, ખોડીયાર મંદિર વિસ્તાર
	કુલ.	૮૭૧	૦	૬૮૭૭		

INDEX

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણેથી નેશનલ હાઈ વે ૮ બ ની ઉત્તરે નવાગઢના સર્વે નં. ૯૩૪ ની હદથી ઉત્તર તરફના સર્વે નં. ૯૩૨ થી ઉત્તરની હદે ચાલતા સર્વે નં. ૯૨૨ – ૯૨૧ ની હદે ઈશાન ખૂણા તરફ સર્વે નં. ૯૧૯ ની હદથી સર્વે નં. ૯૧૮ – ૯૧૭ ના ઈશાન ખૂણા તરફની હદે ચાલતા સર્વે નં. ૩૬ ની દક્ષિણ હદે સર્વે નં. ૩૭ ની હદે સરધારપુર દરવાજા ગઢની રાંગથી દક્ષિણ હદે નેશનલ હાઈવે ની ઉત્તરે હદે હદે ચાલતા ઉત્તરે એટલાસ ડાઈંગ વાળા વિસ્તારની હદે પશ્ચિમ તરફ ચાલતા નેશનલ હાઈ વે ની હદે હદે રાજકોટ તરફ ચાલતા પૂર્વ તરફ વાણિયા વાડના ખૂણેથી દક્ષિણ તરફ પ્રકાશ ડાઈંગની પૂર્વ હદેથી ચાલતા જેતપુર નવાગઢ મુખ્ય રોડની હદે હદે ચાલતા દક્ષિણ તરફ ગઢની રાંગ બહાર જેતપુર નવાગઢ મુખ્ય રસ્તાની હદે ચાલતા નવાગઢ રેલ્વે સ્ટેશનથી જેતલસર તરફ જતી રેલ્વે લાઈનની જમણી બાજુની હદે ચાલતા નવાગઢના દક્ષિણના સર્વે નં. ૯૬/૩ થી પશ્ચિમ હદે ચાલતા સર્વે નં. ૯૮/૧ ની પશ્ચિમ બાજુની હદે ભાદર કેનાલ ક્રોસ કરી સર્વે નં. ૯૮/૨ થી પશ્ચિમ તરફ સર્વે નં. ૧૦૧ ની દક્ષિણ હદે હદે ચાલતા સર્વે નં. ૧૦૩ / ૧૦૪ ની પશ્ચિમ હદે સર્વે નં. ૧૦૪/૨ ના ખૂણેથી ઉત્તર હદે ચાલતા સર્વે નં. ૧૦૦ ઉત્તરે નેશનલ હાઈવે ની ડાબી હદે ચાલતા સર્વે નં. ૪૮ ની દક્ષિણ હદે હદે ચાલતા પશ્ચિમ તરફ સર્વે નં. ૪૯ ની દક્ષિણ હદેથી સર્વે નં. ૫૧ – ૫૨ – ૫૩ ની દક્ષિણ હદે હદે ચાલતા સર્વે નં. ૫૩ ના નૈઋત્ય ખૂણેથી ઉત્તર તરફ સર્વે નં. ૧૫૭/૧ ના પશ્ચિમ હદે ઉત્તર તરફ સર્વે નં. ૯૫૩ ના પશ્ચિમ હદે ઉત્તર બાજુના ખૂણેથી ઉત્તરે સર્વે નં. ૯૫૩ ની દક્ષિણ હદે ચાલતા નૈઋત્ય ખૂણેથી હદે હદે ચાલતા ઉત્તરે સર્વે નં. ૯૫૩ થી પશ્ચિમ તરફની દક્ષિણ હદે ચાલતા પશ્ચિમ તરફ થઈ ઉત્તરે સર્વે નં. ૯૩૯ ના દક્ષિણ પશ્ચિમ ખૂણેથી પશ્ચિમ હદે હદે ચાલતા ઉત્તરે સર્વે નં.૯૩૫ ની પશ્ચિમ હદેથી ઉત્તર સુધી હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર–પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર – પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ – પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ – પશ્ચિમ)

INDEX

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧	૦	૦	૬૨૨	૧/૧ ૧ થી ૧૩૦ ૧/૧	નવાગઢ પોષ્ટ ઓફીસથી નવજીવન વિદ્યાલય સુધી
	૨	૦	૦	૫૪૬	૧/૨ ૧૩૧ થી ૨૩૨ ૧/૨	નવાગઢ ગૌ સેવા સમાજ, સર્વોદય સ્કુલ, લાલજી મુળજી વિ.
	૩	૦	૦	૭૦૯	૧/૩ ૨૩૩ થી ૩૮૧ ૧/૩	નવાગઢ કોમ્યુનીટી હોલ, સરધારપુર દરવાજા, ગઢની રાંગ પશ્ચિમ
	૪	૦	૦	૬૫૧	૧/૪ ૩૮૨ થી ૫૦૪ ૧/૪	નવાગઢ જાગૃતિપરા શેરી – ૧ થી ૫ વિસ્તાર
	૫	૦	૦	૭૩૯	૧/૫ ૫૦૫ થી ૬૪૦ ૧/૫	નવાગઢ નાગર કુવા સર્કલ, રામ મંદિર પાસે, ગુરૂકુળ પાસે
	૬	૦	૦	૭૪૯	૧/૬ ૬૪૧ થી ૭૯૭ ૧/૬	નવાગઢ રામજી મંદિર સામે, પોષ્ટ ઓફીસ સામે, શેકરનાં મંદિર સુધીનો વિ.
	૭	૦	૦	૩૯૪	૧/૭ ૭૯૮ થી ૮૮૨ ૧/૭	નવાગઢ પોરબંદર હાઈવે, સરધારપુર દરવાજા ત્રિકોણ પટી
	૧૩	૦	૦	૩૬૬	૧/૧૩ ૧૪૯૪ થી ૧૫૯૬ ૧/૧૩	નવાગઢ ઉત્તર દરવાજાથી ખોડીયર ધાર વિસ્તાર
	૪૫	૦	૦	૬૬૦	૩/૪૫ ૧૩૭૧ થી ૧૪૭૬ ૩/૪૫	ખાટકીવાસ, રાજકોટ હાઈવે સરકારી ગોદામ વિસ્તાર, પશુ દવાખાના સામે, કાદરીબાપુ સર્કલ, બાલ મંદિર વિગેરે
	૫૨	૩૪૧	૦	૪૦૩	૩/૫૨ ૨૦૩૯ થી ૨૨૨૯ ૩/૫૨	નવાગઢ ચાર રસ્તા, હરીજન વાસ
	૫૩	૫૪૬	૦	૫૮૭	૩/૫૩ ૨૨૩૦ થી ૨૩૩૨ ૩/૫૩	નવાગઢ ચાર રસ્તા, ભાદરકાંઠા વિસ્તાર
	૫૪	૩૦૫	૦	૩૯૮	૩/૫૪ ૨૩૩૩ થી ૨૪૧૫ ૩/૫૪	નવાગઢ ચાર રસ્તા કડીયા પ્લોટ વિતાર
	કુલ.	૧૧૯૨	૦	૬૮૨૪		

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણે નવાગઢનાં રેવન્યુ સર્વે નં. ૯૧૩ ના પૂર્વ તરફ ચાલતા ૯૧૨ની ઉત્તરે ઉત્તર તરફ સર્વે નં. ૯૦૬ ના વાયવ્ય ખૂણેથી પશ્ચિમ તરફ ચાલતા સર્વે નં. ૯૦૭ ની ઉત્તર હદે ચાલતા સર્વે નં. ૯૦૮ ની ઉત્તર હદેથી ઈશાન ખૂણે થઈ દક્ષિણ તરફ સર્વે નં. ૯૦૯ ની ઉત્તર હદે થી દક્ષિણે ચાલતા સર્વે નં. ૯૦૧ ના વાયવ્ય ખૂણેથી ઉત્તર હદે ચાલતા ઈશાન ખૂણે થઈ દક્ષિણ તરફ સર્વે નં. ૯૦૦ ના ઉત્તર ખુણેથી પૂર્વ તરફ સર્વે નં. ૮૬૬ની ઉત્તર હદે ચાલતા પૂર્વ તરફ ભાદર નદીના કાંઠે દક્ષીણ તરફ ચાલતા સર્વે નં. ૨ ના દક્ષિણ ખૂણે નેશનલ હાઈવે ભાદર પુલના પશ્ચિમ હદેથી પશ્ચિમ તરફ ચાલતા નેશનલ હાઈવે રોડ ઉપર થી સરકારી ગોડાઉનના અગ્નિ ખૂણે પહોંચી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા બાલમંદિર સર્કલ લઈ ગેસ ગોડાઉન રોડ ઉપર આવી પશ્ચિમ દિશા તરફ ચાલતા નવાગઢ જેતપુર રોડ ઉપર આવેલ જુની પટેલ ડાંઈગના ખૂણે આવી ત્યાંથી ઉત્તર તરફ ચાલતા ચાલતા નવાગઢ ચાર રસ્તા રોડ ક્રોસ કરી તવક્કલ ટ્રાન્સપોર્ટ ઓફીસે આવી નેશનલ હાઈવેની જમણી હદે પશ્ચિમ તરફ ચાલતાં સરધારપુર દરવાજે આવી નવાગઢનાં સર્વે નં.૧૭૪/૧, ૧૪૮, ૩૮, ૧૬૫, ૧૬૬, ૧૬૭, ૧૬૮ ની પશ્ચિમ હદે હદે ચાલતા સર્વે નં. ૧૬૮ વાયવ્ય ખૂણે આવી ઉત્તર હદે ચાલતા સર્વે નં. ૩૫, ૧૬૯, ૩૪ ની ઉત્તર હદે ચાલતા ચાલતા સર્વે નં. ૩૩ ના વાયવ્ય ખૂણે આવી ઉત્તર હદે સર્વે નં.૩૧, ૩૦/૧, ૩૧/૨, ૯૧૪, ૯૧૩ ની વાયવ્ય ખૂણે પહોંચતા હદ સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧૫	૦	૦	૬૬૮	૨/૧૫ ૬૬ થી ૧૮૬ ૨/૧૫	ફુલવાડી, ઢેઢીનાં ડેલા સામેનો વિસ્તાર
	૧૬	૦	૦	૬૩૫	૨/૧૬ ૧૮૭ થી ૩૨૪ ૨/૧૬	ફુલવાડી કૈલાશ ડાઈંગ, કૌશરશાહ પીરની દરગાહ સામેનો વિસ્તાર
	૧૭	૦	૦	૫૫૩	૨/૧૭ ૩૨૫ થી ૪૦૧ ૨/૧૭	ફુલવાડી પોલીસ ચોકી વિસ્તાર
	૧૮	૨૯	૦	૬૭૨	૨/૧૮ ૪૦૨ થી ૫૦૪ ૨/૧૮	ફુલવાડી સંસ્કાર સ્કુલ વિસ્તાર
	૧૯	૦	૦	૬૧૬	૨/૧૯ ૫૦૫ થી ૬૦૭ ૧/૧૯	ફુલવાડી મહેશ એપા., કુંભારવાડા, ફુલીયા હનુમાન, ડો. અમલનાં ડેલા વિસ્તાર
	૨૦	૫	૦	૫૬૬	૨/૨૦ ૬૧૮ થી ૭૧૦ ૧/૨૦	ભાદર સામાંકાંઠા, વાઘરી વાસ
	૨૧	૦	૦	૫૦૪	૨/૨૧ ૭૧૧ થી ૭૯૭ ૨/૨૧	તાર૫૨ા સ્કુલ સામે,ભાદર કાંઠા, ઈંટોનાં ભઠા સુધી
	૨૨	૦	૦	૪૮૨	૨/૨૨ ૭૯૮ થી ૮૮૧ ૨/૨૨	ભાદર સામાંકાંઠા, વાસુકી દાદા વિસ્તાર
	૨૩	૦	૦	૪૦૫	૨/૨૩ ૮૮૨ થી ૯૫૪ ૨/૨૩	ભાદર સામાંકાંઠા, ભુરીયા હનુમાન વિસ્તાર
	૨૪	૦	૦	૪૩૩	૨/૨૪ ૯૫૫ થી ૧૦૨૬ ૨/૨૪	ભાદર સામાંકાંઠા, જલારામ પાન સેન્ટર વિસ્તાર
	૨૫	૦	૦	૫૦૦	૨/૨૫ ૧૦૨૭ થી ૧૧૧૮ ૨/૨૫	ભાદર સામાંકાંઠા, અનીલ કોલ્ડ્રીક વિસ્તાર
	૨૬	૦	૦	૪૩૯	૨/૨૬ ૧૧૧૯ થી ૧૨૦૧ ૨/૨૬	ભાદર સામાંકાંઠા, ઓપન એર થિયેટર વિસ્તાર
	૨૭	૦	૦	૫૫૫	૨/૨૭ ૧૨૦૨ થી ૧૩૨૨ ૨/૨૭	ભાદર સામાંકાંઠા, રામા પીર મંદિર વિસ્તાર
	૨૮	૦	૦	૫૮	૨/૨૮ ૧૩૨૩ થી ૧૪૪૭ ૨/૨૮	ભાદર સામાંકાંઠા, રબારીકા રોડ, તકીયા વિસ્તાર
	૨૯	૦	૦	૪	૨/૨૯ ૧૪૪૮ થી ૧૫૦૯ ૨/૨૯	રબારીકા રોડ, એમ.જે. ઉધોગ નગર વિસ્તાર
	૧૧૦	૩૭૯	૦	૭૨૫	૭/૧૧૦ ૬૪૫થી ૭૭૩ ૭/૧૧૦	ભાદરનાં સામાં કાંઠે, દેરડી રોડ, નરશંગ ટેકરી વિસ્તાર
	કુલ.	૩૪	૦	૭૮૧૫		

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણે ભાદર નદીનાં કાંઠે નગરપાલિકાની હદે હદે પૂર્વ તરફ ચાલતા સર્વે નંબર ૮૨૭ નાં અગ્નિ ખૂણે આવી નગરપાલિકાની હદેહદે દક્ષિણ તરફ ચાલતા સર્વે નં. ૮૩૧નાં અગ્નિ ખૂણે આવી ન. પા. ની હદેહદે પૂર્વ તરફ ચાલતા સર્વે નં. ૮૦૭નાં અગ્નિ ખૂણે આવી રાજકોટ/પોરબંદર હાઈવે ક્રોસ કરી ન.પા. ની હદે હદે દક્ષિણ તરફ ચાલતા રેલ્વે લાઈને આવી રેલ્વે લાઈને પશ્ચિમ તરફ ચાલતા સર્વે નં. ૮૦૦ નાં અગ્નિ ખૂણે આવી રેલ્વે લાઈન ક્રોસ કરી ન. પા. ની હદેહદે ચાલતા સર્વે નં. ૫૮૯ નાં અગ્નિ ખૂણે આવી ભાદર નદીની હદેહદે ઉત્તર તરફ ચાલતા ભાદર ધાબી ઉપર આવી ભાદર રોડની હદેહદે પશ્ચિમ તરફ ફુલવાડી પોલીસ ચોકી થઈ રામજી મંદીર રોડ ની હદે હદે ઉત્તર તરફ ચાલતા ચંદ્રકાંત રોલ તરફની શેરીમાં પશ્ચિમ તરફ ચાલતા ચંદ્રકાંત રોલ થઈ ઉત્તર તરફ ચાલતા વોરા વોંકળીના કાંઠે આવી વોરા વોકળીની હદે હદે પૂર્વ તરફ ચાલતા ભાદર નદી ક્રોસ કરી ભાદર નદીની હદેહદે ઉત્તર તરફ આવેલ ન.પા.ની હદે જતા હદમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૪૬	૦	૦	૭૮૧	૩/૪૬ ૧૪૭૭ થી ૧૫૮૨ ૩/૪૬	નવાગઢ ખાટકીવાસ ગેસ ગોદામ પાસેનો વિસ્તાર
	૪૭	૦	૦	૪૯૪	૩/૪૭ ૧૫૮૩થી ૧૬૬૭ ૩/૪૭	નવાગઢ ખાટકીવાસ, ગેસ ગોદામ વિસ્તાર
	૪૮	૦	૦	૬૧૭	૩/૪૮ ૧૬૬૮ થી ૧૭૯૨ ૩/૪૮	નવાગઢ ખાટકીવાસ, શામીયાના ડાઈંગ, ગઢ ની રાંગ અંદર વિસ્તાર
	૪૯	૨	૦	૫૦૦	૩/૪૯ ૧૭૯૩ થી ૧૮૮૨ ૩/૪૯	નવાગઢ રામૈયા હનુમાન, ગઢ રાંગ વિસ્તાર
	૫૦	૦	૦	૫૫૧	૩/૫૦ ૧૮૮૩ થી ૧૯૮૨ ૩/૫૦	નવાગઢ ગઢની રાંગ બહાર, લીલાપીઠ, હુશેનીચોક, ભઠીચોક વિસ્તાર
	૫૧	૨૭૯	૦	૭૯૮	૩/૫૧ ૧૯૮૩ થી ૨૦૩૮ ૩/૫૧	નવાગઢ રામૈયા હનુમાન મંદિર, જયશ્રી કૃષ્ણ સોસાયટી
	૮૦	૦	૦	૬૮૮	૫/૮૦ ૮૬૪ થી ૧૦૦૨ ૫/૮૦	ભાદર કોલોની ડો. પડાયા હોસ્પીટલ, યમુના એપાર્ટમેન્ટ વિસ્તાર
	૮૧	૫	૪	૫૯૯	૫/૮૧ ૧૦૦૩ થી ૧૦૯૯ ૫/૮૧	કણકીયા પ્લોટ વોકળીકંઠો, સીધી સોસાયટી વિસ્તાર
	૮૨	૦	૦	૫૯૯	૫/૮૨ ૧૧૦૦ થી ૧૨૮૨ ૫/૮૨	નાઝાવાળા પરા, ભાડીયા કુવા, વોરા વોંકળી, અજીતા ડાઈંગ સર્કલ વિસ્તાર
	૮૩	૦	૦	૬૮૬	૫/૮૩ ૧૨૮૩ થી ૧૩૫૮ ૫/૮૩	નાઝાવાળા પરા, વડલી ચોક, પશ્ચિમ પાંખ સ્કુલ વિસ્તાર
	૮૪	૦	૦	૫૫૯	૫/૮૪ ૧૩૫૯ થી ૧૪૩૧ ૫/૮૪	સુરજવાડી, ઘેટાવાળા પ્લોટ, જગદિશ ડાઈંગ પાછળનો વિસ્તાર
૧૬. જાહેરનામા અન્વયે નગરપાલીકા માટે ૨ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

પંચે એકઠી કરેલ માહીતી મુજબ શહેરના જુદા જુદા વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૮	૩૨૭૦	૬૦૬	૧૮.૫૩
૨	૯	૨૮૬૭	૩૩૩	૧૧.૬૧
૩	૫	૩૩૯૬	૨૮૪	૮.૩૬
૪	૧	૩૨૫૦	૧૩૭	૪.૨૨
૫	૩	૩૬૦૯	૧૨૧	૩.૩૫
૬	૭	૩૦૪૫	૮૧	૨.૬૬
૭	૬	૩૪૪૪	૬૨	૧.૮૦
૮	૨	૩૧૮૧	૨૩	૦.૭૨
૯	૪	૩૪૯૦	-	-
કુલ		૨૯૫૫૨	૧૬૪૭	

INDEX

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી વોર્ડ નં. ૮ તથા ૯ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬:અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે. અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની ૧ બેઠક નિર્ધારીત થયેલ હોઈ તે બેઠક વોર્ડ નં.૯માં ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૮ તથા ૯ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

વોર્ડ નંબર	બેઠક
૮	અનુસૂચિત આદિજાતિ
૯	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વોર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાત વર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાત વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાત વર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાત વર્ગ અને પછાત વર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૩ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

ઈડર નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સૂચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાત વર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૯	૨૮૬૭	૧૯૧૨	૬૬.૬૯
૨	૧	૩૨૫૦	૧૮૭૮	૫૭.૭૮
૩	૫	૩૩૯૬	૧૭૦૩	૫૦.૧૫
૪	૩	૩૬૦૯	૧૪૭૨	૪૦.૭૯
૫	૪	૩૪૯૦	૧૩૯૨	૩૯.૮૯
૬	૮	૩૨૭૦	૧૧૮૨	૩૬.૧૫
૭	૬	૩૪૪૪	૭૯૮	૨૩.૧૭
૮	૨	૩૧૮૧	૬૧૩	૧૯.૨૭
૯	૭	૩૦૪૫	૫૩૨	૧૭.૪૭
	કુલ.	**૨૯૫૫૨**	**૧૧૪૮૨**	

પછાત વર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૯, ૧ અને ૫ માં પછાત વર્ગની બેઠક ફાળવવાની થાય છે.જે પૈકી ત્રીજા ક્રમે વોર્ડ નં.૯ અને ૧ માં પછાત વર્ગની અને વોર્ડ નં. ૫ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાત વર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૯	પછાતવર્ગ
૧	પછાતવર્ગ
૫	પછાતવર્ગ સ્ત્રી

INDEX

વોર્ડ નંબર.૨

સુચિત વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧	૦	૦	૬૦૬	૧/૧/૧ થી ૧/૧/૧૪૩	ચુવાળીયા પરા, ડૉ.બી.જી.પટેલના દવાખાના સામેનો ખાંચો, બોટાદના ઝાંપા મેઈન રોડ, બહાર પરા, શ્રીજી સીનેમા રોડ જમણી તરફ ખાંચામાં
	૨	૦	૦	૫૪૨	૧/૨/૧૪૪ થી ૧/૨/૨૩૮	શ્રીજી સીનેમા રોડ, નાગજીપરા, શ્રીજી સીનેમા પાછળ, નાગજીપરા શેરી નંબર ૧ તથા ૨
	૩	૪૮	૦	૮૮૦	૧/૩/૨૩૯ થી ૧/૩/૩૬૩	નાગજીપરા શેરી નંબર ૩, શેરી નંબર ૪ બેટ દ્વારકા નગર, વોકળીના કાંઠે, ગોધાણી નગર, સ્વામી વિવેકાનંદ શાળા સામે, વોકળીના કાંઠે લાભુભાઈ ગોડીની વાડી, ખોડીયાર નગર –૨
	૧૪	૨૨	૮	૬૨૯	૨/૧૪/૫૫૬ થી ૨/૧૪/૭૩૭	જુના બસ સ્ટેન્ડ પાછળ, જુના બસ સ્ટેન્ડ પાસે, મુળેશ્વર મહાદેવ પાસે, પોલીસ લાઈન, સરકારી દવાખાન ક્વાર્ટસ, રચના હોસ્પીટલ સામે, ગોરની વાડી,
	૧૫	૦	૦	૬૪૨	૨/૧૫/૭૩૮ થી ૨/૧૫/૮૬૫	શ્રીજી નગર સામે,વોકળીનાં કાંઠે, કોળી વાસ, કૃષ્ણપરા,
	કુલ	૭૦	૮	૩૨૯૯		

હદનું વર્ણન :–

મેઘવડીયાના મારગે મેઘવડીયા ગામાના દક્ષિણના સીમાડે રેવન્યુ સર્વે નં. ૧૮૦ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ ચાલતા સ.નં. ૧૮૦,૧૭૯,૧૭૮,૧૭૭ ને આવરી લઈ ગોરડકાના દક્ષિણના સીમાડાની હદે હદે સ.નં : ૧૭૬,૧૭૩, ૧૭૨, ૧૭૧, ૧૭૦,૧૬૯,૧૬૭ ને આવરી લઈ ગોરડકાના રોડ સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા રોડે રોડે સ.નં : ૧૬૭ પછી વોકળુ ક્રોસ કરી સ.નં : ૧૬૫ થી સ.નં : ૫૯/૨ બોટાદ – ગઢડા રોડ ઉપર વોકળું ક્રોસ કરી ગામતળમાં આવતા બોટાદ રોડ દરવાજા પાસેથી પશ્ચિમ તરફ વળતા ટાઉન હોલ પાસેદક્ષિણ દિશા તરફ આવતા પટેલ સમાજની વાડી આગળના રસ્તે પશ્ચિમ દિશા તરફ ચાલતા પટેલ સમાજની વાડીના પાછળના ભાગે થઈ રચના હોસ્પીટલ ના દક્ષિણ તરફના રોડ ઉપર થઈ જમીન વિકાસ બેંકના ખૂણેથી પશ્ચિમ તરફ સ્ટેશન રોડે રોડે ચાલતા ચુંવાળીયા પરા, બહાર પરા, થઈને બોટાદના ઝાંપા હનુમાનજીના મંદિરના નૈઋત્ય ખૂણેથી ઉત્તર તરફ ચાલતા શ્રીજી સીનેમા રોડે રોડે હોળાયા રોડ વોકળુ ક્રોસ કરી સ.નં :૨૦૬,૨૦૭,૨૧૦,૧૯૭,૧૯૬, ૧૮૭,૧૮૩ સુધી ત્યાર બાદ વોકળુ ક્રોસ કરી સ.નં : ૧૮૧,૧૮૦ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર.૩

સુચિત વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧૦	૫	૦	૬૭૩	૨/૧૦/૧ થી ૨/૧૦/૧૫૦	ઘામેલીયા વાડી, રેલ્વે સ્ટેશન સામે, મોહન નગર સોસાયટી, નિંગાળા રોડ
	૧૧	૦	૦	૫૬૧	૨/૧૧/૧૫૧ થી ૨/૧૧/૨૮૦ ૨/૧૨/૨૮૧ થી ૨/૧૨/૪૦૫	મોહનનગ સોસાયટી, પીપળાવાડી, વિધુતનગર વિધુતનગર,ચિત્રકુટ પાર્ક, બોટાદ રોડ, જીનપાસે, જસવંતભાઈની વાડી, વોકળાપાસે બોટાદ રોઠ, જુના બસ સ્ટેન્ડ પાસે, કોમ્યુનીટી
	૧૨	૦	૦	૫૯૭	૨/૧૩/૪૦૬ થી ૨/૧૩/૫૫૫	હોલ પાસે, વિમલા પાર્ક, જુના બસ સ્ટેન્ડ
	૧૩	૦	૦	૬૧૧	૨/૧૬/૮૬૬ થી ૨/૧૬/૯૮૪	પાછળ, કૃષ્ણપરા, વોંકળીના કાંઠે,(ગામ બાજુ) મોહનભાઈના પુતળા સામે, હાઈસ્કુલ પાસે, ડૉ કળથીયાના દવાખાના પાછળ,
	૧૬	૦	૦	૬૫૦		
	કુલ	૫	૦	૩૦૯૨		

હદનું વર્ણન :–

ગોરડકાના સીમાડે પૂર્વ ચાલતા બીડના વાયવ્ય ખૂણેથી ગોરડકા રોડેથી શરૂ કરી હદે હદે બીડના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વળતાવોકળુ ક્રોસ કરી સ.નં : ૯૪, ૯૨ ઉગામેડીના સીમાડે રોડે રોડે દક્ષિણ તરફ ચાલતા સ.નં : ૯૩, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૨૨, ૧૨૩, ૬૫, ૬૪,૬૩ ત્યાર બાદ સરસ્વતી સ્કુલ પાસે થઈને વોકળુ ક્રોસ કરી સ.નં : ૫૬ તથા પુષ્પક સોસાયટી થઈને જુના રેલ્વે સ્ટેશન થઈને પશ્ચિમ દિશાએ સ્ટેશન રોડ ઉપર ચાલતા કિરણ ઓઈલ મીલ, મહાવીર માર્કેટ, એમ.એમ.હાઈસ્કુલ થઈ ઢસા બોટાદ રોડ ક્રોસ કરી પોલીસ લાઈન સરકારી દવાખાનાના નૈઋત્ય ખૂણેથી ઉત્તર તરફ ચાલતા દિનેશભાઈ કડીયાના ઘરના નૈઋત્ય ખૂણેથી પશ્ચિમ તરફ ચાલતા ત્યારબાદ ઉત્તર તરફ રચના હોસ્પીટલના પાછળના ભાગે થઈ મણીભાઈ ગોરના ઘરના પાછળના ભાગે થઈને પટેલ સમાજની વાડીના પાછળના ભાગે થઈને પૂર્વ તરફ ટાઉન હોલ ના નૈઋત્ય ખૂણે થી ઉત્તર તરફ ચાલતા સુરેશભાઈ કેવડીયાના ઘરના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ ચાલી તળશીભાઈની ચકકીના વાયવ્ય ખૂણેથી ઉત્તર તરફ વોકળા સુધીનો વિસ્તાર તથા વોકળુ ક્રોસ કરી સ.નં : ૫૯/૨,૬૨,૬૩, ૬૪,૧૨૭, ૧૨૮,૧૨૯, ૧૧૯, ૧૧૭, ૧૧૬,૧૧૪,૧૧૩ સુધી ત્યાર બાદ વોકળુ ક્રોસ કરી બીડના વાયવ્ય ખૂણા સુધી અંદરના ભાગે સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર.૪

સુચિત વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૧૮	૩૧	૨	૫૧૩	૩/૧૮/૧૪૭ થી ૩/૧૮/૨૮૯	મઘરપાટ,જીનનાકા કલાન્ત કોમ્પલેક્ષ પાસે, ખાટકી વાડ, પુલ પાસે, મામલતદારશ્રીના
	૧૯	૧૫૦	૦	૬૨૫	૩/૧૯/૨૯૦ થી ૩/૧૯/૪૦૩	બંગલા પાછળ, ગટર પાસે, હાઈસ્કુલ સામે સ્ટેશન રોડ, ગર્વમેન્ટ ક્વાર્ટસ, તાલુકા પંચાયત ક્વાર્ટસ
	૨૦	૨૭૦	૨૩	૫૯૧	૩/૨૦/૪૦૪ થી ૩/૨૦/૫૩૧	બોર્ડીંગ પાસે, બોર્ડીંગ પાછળ, ,ચામઠીમાંની દેરી પાસે, નુતન વિધાલય પાછળ,
	૨૧	૧૧૯	૦	૯૯૩	૩/૨૧/૫૩૨ થી ૩/૨૧/૬૭૦	પુરુષ શિવણ કેન્દ્ર પાછળ, કાળુભાર કોલોની, પશુ દવાખાના પાછળ, બસ સ્ટેન્ડ પાસે, મહેશ્વર નગર, ગ્રામ ઉધોગ મંદિર
	કુલ	૫૭૦	૨૫	૨૭૨૨		સીપાઈ સોસાયટી, બાબર પરા, ધોળયા ઓટો,

હદનું વર્ણન :–

રેવન્યુ ક્વાર્ટર્સના વાયવ્ય ખૂણેથી શરૂ કરી સ્ટેશન રોડે રોડે પૂર્વ તરફ મોહનભાઈ શેઠ ના બાવલા પાસે થઈને, ગ્રામ ઉદ્યોગ મંદિર, ભકિતબાગ થઈને નિંગાળા રોડે રોડે વોકળુ ક્રોસ કરી સ.નં. : ૬૯,૬૮,૬૭,૬૬,૮૦,૮૧,૮૬,૮૬,૮૮ ત્યાર બાદ અડતાળાનો કાચો રસ્તો ક્રોસ કરી સ.નં. : ૯૦ તથા સ.નં. : ૯૧ ના ઈશાન ખૂણેથી દક્ષિણ તરફ ચાલતા સ.નં. : ૮૯ થઈને અડતાળાનો કાચો રસ્તો ક્રોસ કરી અડતાળાના સીમાડે સ.નં. : ૮૮,૮૭,૮૫,૮૪,૭૭,૭૬ તથા વોકળુ ક્રોસ કરી ઘેલા નદી કાંઠે કાંઠે વાઘરી વાસ, કાળીયો–ધોળીયો ઓટો, બાબર પરા, વાલ્મીકી સમાજ સ્મશાનના અગ્નિ ખૂણેથી પશ્ચિમ તરફ ઘેલા નદી કાંઠે કાંઠે ચાલતા સીપાઈ સોસાયટી, ઝુંપડપટ્ટી, જુના સ્મશાન પાસેથી પુલના નૈઋત્ય ખૂણેથી ઉત્તર તરફ વળતા ઢસા – બોટાદ રોડ કુંભાર શેરીના નાકેથી પશ્ચિમ તરફ ચાલતા મઘરપાટ ચોક માંથી વળી પુર્વ તરફ આવતા ખડના વંડા પાસે થઈને જીનનાકા જાદવાભાઈ હોટલ વાળાના ઘરના અગ્નિ ખૂણેથી ઢસા – બોટાદ રોડ ક્રોસ કરી ઉત્તર તરફ ચાલતા રેવન્યુ ક્વાર્ટર્સના વાયવ્ય ખૂણા સુધી અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નંબર.૫

સુચિત વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૧૭	૬૩	૦	૬૬૧	૩/૧૭/૧ થી ૩/૧૭/૧૪૬	શેલપરા, મધરપાટના નાકે, જીનનાકા
					૪/૨૨/૧ થી ૪/૨૨/૧૪૬	સંધીનો ચોક, અલ મંહેદી પાર્ક, સોમનાથ મઠ,
	૨૨	૨૬	૦	૪૯૮	૪/૨૩/૧૪૭ થી ૪/૨૩/૩૧૬૪	મસ્જીદ સામે, રાવળ શેરી, મહીલા મંડળ સામે, વાઢાળા ચોક, માણેક ચોક તરફ, મંદિર સામે
	૨૩	૧૩	૦	૩૮૩	૪/૨૪/૩૧૭ થી ૪/૨૪/૪૫૭ ૪/૨૫/૪૫૮	સાંકડી શેરી
	૨૪	૦	૦	૫૯૩	થી ૪/૨૫/૬૧૫	મંદિર સામે સાકડી શેરી, આઝાદ ડેલો, તારાચંદવાળી શેરી, નવી કાપડ બજાર,
	૨૫	૯	૦	૬૧૪	૪/૨૬/૬૧૬ થી ૪/૨૬/૭૦૧	લીમડાવાળો વંડો, ટાવર રોડ, બોટાદના ઝાંપા તરફ
	૨૬	૨૩	૦	૪૧૨		બોટાદના ઝાંપા, કડીયાનો વંડો, શ્રીજીનગર, મધરપાટ, સાંકડી શેરી
						વાઢાળા ચોક, ગઢીયા શેરી, કુંભાર શેરી, બાળમંદિર વાળી શેરી, હળદરીયા શેરી, મધરપાટ,
						ખાટકીવાડ તરફ, ગઢીયા શેરી, મધરપાટ
	કુલ	૧૩૪	૦	૩૧૬૧		

હદનું વર્ણન :–

બોટાદના ઝાંપાના વાયવ્ય ખૂણેથી સ્ટેશન રોડે રોડે ચાલતા શ્રીજી નગર, નગરપાલીકા કચેરી થઈને હાઈસ્કુલ ચાર રસ્તા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ચાલતા ઢસા – બોટાદ રોડ ઉપર જીન નાકા સુધી ત્યાંથી નાનુભાઈ સવાભાઈના ઘર પાસેથી પશ્ચિમ તરફ ડૉ. ભરતભાઈ ના દવાખાના પાસેથી રોડ ક્રોસ કરી પ્રવિણભાઈ કરકરના ઘર પાસે મહેશભાઈ મોચીના ઘરના ખૂણેથી દક્ષિણ તરફ અંબાજી મંદિર પાસે થઈને બાવલાભાઈ ખોજાના મકાન પાસેથી પૂર્વ તરફ ચાલતા છગનભાઈ લાઠીયાના ઘરના ઈશાન ખૂણેથી દક્ષિણ તરફ ચાલતા વાળા શેરીના નાકેથી કુંભાર શેરી બળવંતભાઈ સોનીના ઘરના ઈશાન ખૂણેથી પશ્ચિમ તરફ ચાલતા શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતીની વાડીના નૈઋત્ય ખૂણેથી ઉત્તર તફર ચાલતા વાઢાળા ચોક ક્રોસ કરી અરવિંદભાઈ ઘડીયાળીના દુકાનના નૈઋત્ય ખૂણેથી પશ્ચિમ તરફ ચાલતા જૈન શાળા પાસે થઈને માણેક ચોકના નૈઋત્ય ખૂણેથી ઉત્તર તરફ ચાલતા નવી કાપડ બજાર, ટાવર ચોક થઈને બોટાદના ઝાંપા વાયવ્ય ખૂણા સુધીનો અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર.૬

સુચિત વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૮	૦	૦	૫૯૯	૧/૮/૮૩૬ થી ૧/૮/૯૨૩	કોઠીવાડી, હીરપર રોડ
	૨૭	૨૭	૦	૫૫૯	૫/૨૭/૧ થી ૫/૨૭/૧૫૧	જુના સ્વામીનારાયણ મંદિર, માણેક ચોક, જુની કાપડ બજાર, ટાવર પાસે કોલસા ડેપો વળી
					૫/૨૮/૧૫૨ થી	શેરી, મોઘાશેરી, ગોસળીયા શેરી,
	૨૮	૧૦	૦	૨૨૨	૫/૨૮/૨૩૭ ૫/૨૯/૨૩૮	રામજીમંદીરની શેરી, રાજગોરનો ડેલો, જૈન
	૨૯	૦	૦	૬૨૯	થી ૫/૨૯/૩૨૭	દેરાસર સામે,
					૫/૩૦/૩૨૮ થી	જૈન દેરાસર સામે, ભડલીનો ઝાંપો, અંબેભુવન
					૫/૩૦/૪૭૦	વાળી શેરી, આહિરના ચોરા પાસે, આહિર
	૩૦	૦	૦	૬૩૫		વાસ,
					૫/૩૧/૪૭૧ થી	આહિર વાસ
					૫/૩૧/૬૩૬	ભડલીનો ઝાંપો , ભરવાડની શેરી, સોનીની
	૩૧	૦	૦	૪૮૫		વાડી, લક્ષ્મીવાડીના નાકે, દેવીપુજક વાસ, લક્ષ્મીવાડી રોડ, બોટાદ ગેઈટ, ત્રંબકલાલ વાળી શેરી
						ત્રંબકલાલવાળી શેરી, ટાવર રોડ, વિછીયા પરા,
						નવી કાપડ બજાર
	૩૭	૦	૩૧૨૯			

INDEX

હદનું વર્ણન :–

સ. નં. : ૧૦ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ સ. નં. ૧૧,૬ થી ઉત્તર તરફ સ. નં. : ૫ ગઢડા – હરિપરના રોડ ક્રોસ કરી કોઠી વાડીના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ ચાલતા ઈદુભાઈના મકાનના ઈશાન ખૂણેથી દક્ષિણ તરફ ચાલતા મેમણ કોલોનીના આગળના ભાગે થઈને લક્ષ્મીવાડી ના દરવાજાથી વળતા પૂર્વ તરફ ચાલતા બોટાદ ઝાંપા થી વળી દક્ષિણ તરફ ચાલતા વીંછીયા પરા થઈને ટાવર રોડે રોડે ટાવર ચોક, નવી કાપડ બજાર, માણેક ચોક થી પશ્ચિમ તરફ વળતા જુની કાપડ બજાર, મણીનાગેશ્વર મંદીરના ઉત્તર તરફના ભાગે થઈને આહીરના ચોરા પાસે થઈને ભડલીના ઝાંપે, થઈને સ. નં. : ૩,૪,૬, ૭,૮, ૯ ના નૈઋત્ય ખૂણેથી ઉત્તર તરફ વળી સ. નં. : ૧૦ ના વાયવ્ય ખૂણા સુધી અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નંબર.૭

સુચિત વોર્ડ નંબર	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૩૨	૧૬૪	૦	૭૨૦	૬/૩૨/૧ થી ૬/૩૨/૧૧૧	ભરતનગર, માંડવધાર રોડ, ભડલીના ઝાંપે
	૩૩	૨૪૮	૦	૮૩૧	૬/૩૩/૧૧૨ થી ૬/૩૩/૨૫૫	ભડલીના ઝાંપે, આહિરના ચોરા પાસે, વણકરવાસ
	૩૪	૧૫૭	૦	૪૩૩	૬/૩૪/૨૫૬ થી ૬/૩૪/૩૪૭	વણકર વાસ, ભડીના ઝાંપે, શંકરની દેરી પાસે, મોટી ડેલી, અક્ષર પુરુષોતમ મંદિર,
	૩૫	૦	૦	૨૬૬	૬/૩૫/૩૪૮ થી ૬/૩૫/૪૫૬	સ્વામીનારાયણ ગુરૂકુળ, અક્ષર પુરુષોતમ મંદિર પાસે, મેમણ કબ્રી,
	૩૬	૧૯	૦	૨૩૮	૬/૩૬/૪૫૭ થી ૬/૩૬/૫૬૧	મોટી ડેલી પાસે, જુની કાપડ બજાર, ભાવસારનસ ખડકી, મસ્જીદ સામે, શાકમાર્કેટ પાસે
	૩૭	૩૦૫	૦	૭૩૭	૬/૩૭/૫૬૨ થી ૬૯૦	શાકમાર્કેપાસે, મસ્જીદ પાસે,માણેકચોક, ઉપાશ્રયવાળી શેરી, હજામ શેરી, વાઢાળા ચોક બાળમંદિર વાળી શેરી, કુંભાર શેરી,
	કુલ	૮૬૩	૦	૩૨૨૫		ખાટકીવાસ પાસે, કુંભાર શેરી, ચમારવાસ.

હદનું વર્ણન :–

મોજે હરીપરના સીમાડે સ.નં. : ૬૪૩/૩ ના વાયવ્ય ખૂણેથી પૂર્વ દિશાએ હરીપરથી ગઢડા તરફ આવતા કાચા રસ્તાથી વાલ્મીકી ના સ્મશાન પાસેથી ભડલીના ઝાંપા, આહીરના ચોરા પાસેથી જુની કાપડ બજાર થઈ, માણેક ચોક થઈને પૂર્વ તરફ આગળ વધતા વાઢાળા ચોકથી દક્ષિણ તરફ વળીને મોટા દરવાજા તરફ, મોટા દરવાજા થી ઉત્તર તરફ વળી ન.પા. બાળ મંદિર થી પૂર્વ તરફ કુંભાર શેરી થઈને કુંભાર શેરીના નાકેથી ઉત્તર તરફ ડાયાભાઈ માધાભાઈ પટેલના ઘરથી વળીને પૂર્વ તરફ ચાલતા ઢસા– બોટાદ રોડ થઈને દક્ષિણ તરફ રોડે રોડે પુલના છેડાથી પશ્ચિમ તરફ વળતા પ્રમુખ સ્વામી માર્ગ ઉપર થઈને રોડે રોડે અક્ષર પુરૂષોતમ સ્વામીનારાયણ મંદિર પાસે થઈને ગંગા ભુવન થઈને ગઢડા–માંડવધાર રોડ ક્રોસ કરી શીતળામાની દેરી પાસે થઈને રમાઘાટ તળાવના કાંઠે સ.નં. : ૪૦૨,૪૦૧,૪૦૦,૩૮૬,૩૮૫,૩૮૪,૩૮૩,૩૮૨ ના નૈઋત્ય ખૂણેથી ઉત્તર તરફ વળી માંડવધાર રોડ ક્રોસ કરી માંડવધારના સીમાડે સ.નં. : ૩૮૦,૩૭૯,૩૬૯,૩૬૮ના નૈઋત્ય ખૂણેથી ઉત્તર તરફ સ.નં. : ૩૬૭/૪,૩૬૭/૧,૩૩૧,૩૩૦ થઈને વોકળુ ક્રોસ કરી સ.નં. : ૬૪૩/૩ ના વાયવ્ય ખૂણા સુધી અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરોની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા.. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૬	૦	૦	૧૫૬	૨/૨૬/૧ - ૨/૨૬/૭૪	વલાસણા રોડ ઉપર ગાયત્રીનગર, ઈન્દ્રનગર, મહાવીરનગર, ઉમિયાનગરનો વિસ્તાર
	૨૭	૦	૧	૦૫૮	૨/૨૭/૧ - ૨/૨૭/૫૬૩	તાલુકા પંચાયત કચેરી થઈ શ્રી નિર્મળસિંહના મકાન થઈ ધનેશ્વર સોસાયટી સુધીનો વિસ્તાર
	૨૯	૨૬	૩૮	૧૩૮	૨/૨૯/૧ - ૨/૨૯/૨૩૬	મોતીલાલ માર્કેટ થઈ શાકમાર્કેટ થઈ દલજીતનગરનો વિસ્તાર
	૩૦	૦	૭	૭૦૫	૨/૩૦/૧ - ૨/૩૦/૨૨૫	પોસ્ટ ઓફિસ થઈ દલજીતનગર થઈ સંઘ સુધીનો વિસ્તાર
	૩૧	૦	૫	૯૨૦	૨/૩૧/૧ - ૨/૩૧/૩૮૨	સી.કે.સરસ્વતિ મંદિર પાસે થઈ હરીજનવાસ થઈ બરવાવ રોડ સુધીનો વિસ્તાર
	૩૨	૨	૪	૬૪૮	૨/૩૨/૧ - ૨/૩૨/૧૫૭	વણઝારાવાસ થઈ આનંદનગર,નંદનવન,શિવમ સોસા. તથા સોસાયટી વિસ્તાર
	૩૪	૩૧૬	૭	૮૧૯	૨/૩૪/૧ - ૨/૩૪/૧૮૩	સિધ્ધાર્થનગર થઈ સાકરીયા સોસાયટી થઈ અંબિકાનગર સોસાયટી સુધી
કુલ		૩૪૪	૬૨	૩૪૪૪		

હદનું વર્ણન

ઉત્તરે રેવન્યું સર્વે નં.૨૫૧ થી શરૂ કરતાં નગરપાલિકાના પાણીના સંપની ઉત્તરેથી પૂર્વ તરફ જતા હરિજન વિસ્તાર સુધી ત્યાંથી દક્ષિણ તરફ સિધ્ધાર્થનગરની પૂર્વની હદથી આનંદનગર સુધી ત્યાંથી અંબિકાનગરની ઉત્તર હદેથી ઈડર એસ.ટી.રોડથી ટાવર રોડ પૂર્વ તરફ કબ્રસ્તાન સુધી, ત્યાંથી રેલ્વે સ્ટેશન તરફ જવાનારસ્તા સુધીનો વિસ્તાર, ત્યાંથી પશ્ચિમે રેસ્ટ હાઉસની દક્ષિણ હદે રમતગમતના મેદાન થઈ હિંમતનગર ઈડર સ્ટેટ હાઈવે સુધી, ત્યાંથી ઈડર હાઈવેની પૂર્વની હદે ઈડર–વલાસણા હાઈવે સુધી, હાઈવેની દક્ષિણ હદે પશ્ચિમ તરફ આગળ જતા ગાયત્રીનગરની પૂર્વ–પશ્ચિમ હદે થઈ હાઈવે (ઈડર–વલાસણા) સુધી ઉમિયાનગર ઈન્દ્રનગર થઈ ડેભોલ નદીના કીનારા સુધી, ત્યાંથી રેવન્યુ સર્વે નંબર–૧૭૮–૧૭૯ ની દક્ષિણ હદેથી રે.સર્વે નં.૧૮૦ સુધી, ૧૮૦ ની પશ્ચિમની હદે ઉત્તર તરફ જતા, રે.સર્વે નં.૧૮૧,૧૮૨,૧૮૫ ની પશ્ચિમની હદેથી રે.સર્વે નં.૧૯૦ નંબરના વિસ્તારો થઈ ડેભોલ નદી પસાર કરી સર્વે નં.૨૫૧ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરોની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૨૦	૫૨	૨૩	૫૨૯	૨/૨૦/૧ - ૨/૨૦/૧૩૧	પરમાનંદનગર થઈ સત્યમ ગેરેજ સુધીનો વિસ્તાર
	૨૧	૦	૪	૫૯૪	૨/૨૧/૧ - ૨/૨૧/૨૧૫	શ્રીનગર ઉત્તર તરફનો વિસ્તાર
	૨૨	૨૨	૦	૨૧૦	૨/૨૨/૧ - ૨/૨૨/૧૮૭	શ્રીનગરનો વિસ્તાર
	૨૩	૦	૦	૪૮૬	૨/૨૩/૧ - ૨/૨૩/૨૭૫	શ્રીનગર ઉત્તર તરફનો વિસ્તાર
	૨૪	૧૬૩	૯	૬૦૧	૨/૨૪/૧ - ૨/૨૪/૧૭૮	આશા શોપિંગ સેન્ટર તથા શ્રીનગરનો દક્ષિણ વિસ્તાર
	૨૫	૫૧	૪૫	૬૨૫	૨/૨૫/૧ - ૨/૨૫/૩૧૫	શ્રીનગરનો દક્ષિણ તરફનો વિસ્તાર રેલ્વે ટ્રેક સુધીનો સળંગ
કુલ		૨૮૮	૮૧	૩૦૪૫		

હદનું વર્ણન

ઉત્તરે ઈડર ખેડબ્રહ્મા હાઈવે ઉપર મામલતદાર કચેરીની ઉત્તર હદેથી પૂર્વ તરફ જતા શ્રીનગર વિસ્તાર થઈ સરકારી ક્વાર્ટર્સ સુધી, ત્યાંથી સરકારી ક્વાર્ટર્સની દક્ષિણેથી પશ્ચિમ તરફ આગળ વધતા મેજીસ્ટ્રેટશ્રીના બંગલા થઈ ઈડર લાલોડા રોડની પશ્ચિમ તરફ પરમાનંદનગરની દક્ષિણ હદે અમદાવાદ ખેડબ્રહ્મા રેલ્વે ટ્રેકની ઉત્તર બાજુએ આવેલ સમગ્ર શ્રીનગર વિસ્તાર થઈ રેલ્વે ટ્રેક સુધી, ત્યાંથી દક્ષિણ તરફ રેવન્યુ સર્વે નં.૧૦૭,૧૦૮,૯૯,૮૮ થી ૮૧ સુધી ત્યાંથી સાબર શીત કેન્દ્રની દક્ષિણ હદે પશ્ચિમ તરફ આગળ વધતા ઈડર હિંમતનગર સ્ટેટ હાઈવે સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ વધતા આવેલ ગુજરાત વિદ્યુત બોર્ડ, જી.આઈ.ડી.સી. થઈ હોટલ ડ્રિમલેન્ડ તેમજ એસ.ટી.ડેપો થઈ શ્રીનગર પસાર કરી મામલતદાર કચેરી સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરોની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૮	૧૦	૦	૦	૪૧૮	૨/૧૦/૧ - ૨/૧૦/૧૧૯	ધુળેટા દરવાજાથી રામ ટેકરી વિસ્તાર

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
	૧૧	૧૦૬	૩૫	૫૬૧	૨/૧૧/૧ - ૨/૧૧/૧૪૯	વાઘરીવાસ, વિજયનગર સોસા.,સેવાશ્રમ સોસા.,રામનગર સોસા.
	૧૨	૧૯૧	૨૨૦	૬૬૨	૨/૧૨/૧ - ૨/૧૨/૧૫૯	ઈન્દિરાઆવાસ યોજના,નાયકનગર સોસા.
	૧૩	૨૪	૨૯૨	૬૦૩	૨/૧૩/૧ - ૨/૧૩/૧૯૯	નાયકનગર સોસા.થી માર્કેટીંગ યાર્ડ તરફનો વિસ્તાર
	૧૪	૨૨	૧૩	૪૦૮	૨/૧૪/૧ - ૨/૧૪/૧૮૭	રામદેવપીર મંદિરથી રેલ્વે સ્ટેશન સળંગ રોડ ઉપર થઈ કૃષ્ણાનંદ કુટીર સુધી
	૧૫	૦	૪૬	૬૧૮	૨/૧૫/૧ - ૨/૧૫/૧૩૩	રેલ્વે સ્ટેશન હાઈવેથી ડુંગરની તળેટી સુધી
કુલ		૩૪૩	૬૦૬	૩૨૭૦		

હદનું વર્ણન

ઉત્તરે ઈડર નગરપાલિકાની ઉત્તર હદેથી પૂર્વ તરફ જતા ઈડર રામટેકરી થઈ ડુંગર ઉપર આવેલ ઈડર નગરપાલિકાની પાણીની ટાંકી સુધી ત્યાંથી પાણીની ટાંકીની પૂર્વ હદેથી દક્ષિણ તરફ ડુંગરની ગિરિમાળાઓથી પૂર્વ પશ્ચિમ ગિરિમાળાઓ પસાર કરી દક્ષિણથી ઉત્તર તરફ પ્રેરણા આઈસ ફેકટરી થઈ રેવન્યુ સર્વે નં.૧૪ થી ઉત્તર પૂર્વ બાજુ ઈડર ખેડબ્રહ્મા સ્ટેટ હાઈવેની પૂર્વ તરફનો વિસ્તારથી રે.સર્વે નં.૨૫ સુધી, ત્યાંથી પશ્ચિમે શોપીંગ સેન્ટરથી રે.સર્વે નં.૧૩૬ સુધી ત્યાંથી પશ્ચિમે જતા પ્રાથમિક શાળાની દક્ષિણ હદથી આગળ આવેલ રેલ્વે સ્ટેશનની રોડની ઉત્તરે ઈડર ઘુળેટા દરવાજા તરફ આવેલ મારવાડીવાસ,રામનગર સોસાયટી,કુંટુંબ બાળ કલ્યાણ,મહિલા કોલેજની પશ્ચિમ હદેથી ગાયત્રી મંદિર સુધી ત્યાંથી નગરપાલિકા કચેરીના મકાન સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૯

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરોની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૯	૧૬	૮	૯૪	૬૧૨	૨/૧૬/૧ - ૨/૧૬/૨૬૮	બારેલા તળાવ પાસેનો વિસ્તાર
	૧૭	૧૧	૨૨૧	૪૫૮	૨/૧૭/૧ - ૨/૧૭/૧૩૧	રમલેશ્વર તળાવની પાળ પાસે થઈ મારવાડીવાસ
	૧૮	૦	૦	૬૯૯	૨/૧૮/૧ - ૨/૧૮/૧૫૭	રમલેશ્વર તળાવની પાળ થઈ ઓડવાસ સુધીનો વિસ્તાર
	૧૯	૫૬	૧૮	૫૪૮	૨/૧૯/૧ - ૨/૧૯/૧૩૮	મહાકાલેશ્વર મહાદેવ થઈ ભરવાડવાસ સુધી
	૪૮	૦	૦	૫૫૦	૨/૪૮/૧ - ૨/૪૮/૧૫૦	રમલેશ્વર તળાવની પાળ તથા રેલ્વે સ્ટેશનના આજુબાજુનો વિસ્તાર
કુલ	-	૭૫	૩૩૩	૨૮૬૭		

હદનું વર્ણન

ઉત્તરે રેલ્વે સ્ટેશન, પ્રાથમિક શાળાની ઉત્તર હદેથી પૂર્વ તરફ ડુંગરની તળેટી સામેના ઈડર હિંમતનગર હાઈવેથી ડુંગરની ગિરિમાળા થઈ પૂર્વ તરફ આગળ જતા મહાકાલેશ્વર મહાદેવ થઈ ગિરિમાળાની પૂર્વ હદેથી દક્ષિણ તરફ રબારીવાસના છાપરા સુધી ત્યાંથી પશ્ચિમ તરફના લાલોડા રોડની હદે આગળ જતા રેવન્યુ સર્વે નં.૬૮ સુધી, ત્યાંથી

INDEX

રે.સર્વે નં.૬૯,૭૦ ની દક્ષિણ હદે રે.સર્વે નં.૭૩ સુધી, ત્યાંથી પીર તળાવ થઈ તળાવની પશ્ચિમ તરફના રે.સર્વે નં.૭૫ સુધી ત્યાંથી રે.સર્વે નં.૭૯ ની દક્ષિણ હદે રે.સર્વે નં.૮૦ સુધી ત્યાંથી ઉત્તર તરફના રે.સર્વે નં.૧૦૬ની પશ્ચિમ હદે ઉત્તર તરફ જતા પ્રાથમિક શાળા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વી.એચ.શાહ,
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર.

અનુસુચિ–૨
રાજય ચૂંટણી પંચ
ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

ઈડર નગરપાલિકાની કુલ વસ્તી	૨૯૫૫૨	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૩૨૮૪	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૩૬૧૨ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ– ૨૯૫૬
કુલ બેઠકોની સંખ્યા.	૨૭	
સ્ત્રી બેઠકો	૯	૧ બેઠક અનુસૂચિત જાતિ ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૩	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૪	
સામાન્ય બેઠકો.	૧૩	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૨૫૦	અનુસૂચિત જાતિ	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૩૧૮૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૬૦૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૪૯૦	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૩૩૯૬	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય
૬	૬	૩૪૪૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૦૪૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૩૨૭૦	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૯	૯	૨૮૬૭	અનુસૂચિત આદિજાતિ	પછાતવર્ગ	સામાન્ય
કુલ.		૨૯૫૫૨			

વી.એચ.શાહ,
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર.

સરકારી.મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 159 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] FRIDAY, MAY 4, 2007 /VAISAKHA 14, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ
સરદાર પટેલ ભવન
ગાંધીનગર.
તા.૪–૫–૨૦૦૭

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–નપા–લુણાવાડા–૨૦૦૭

લુણાવાડા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટા કલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટા કલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૩–ઓફ–૨૦૦૭–એનપીએમ–૧૩૨૦૦૫/ ૭૪૨૯(૩)આર, તા.૪–૧–૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, લુણાવાડા શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે લુણાવાડા નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૭ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટા કલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

INDEX

૪. રાજય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૪૯–૧૯૯૪ એન.પી.એલ.–૪૫૯૩–૩૬૫૫– એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ ઘડેલ, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ નાં વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૩૩,૩૬૯ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૭૦૭ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૯ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વે લાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જ્યારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અનુસૂચિત જાતિની સ્ત્રી માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૩	૩૬૫૯	૩૫૨	૯.૬૨
૨	૨	૩૪૨૨	૩૨૫	૯.૫૦
૩	૫	૩૯૭૬	૨૮૭	૭.૨૨
૪	૪	૩૬૩૮	૨૧૮	૫.૯૯
૫	૧	૩૩૮૫	૧૬૬	૪.૯૦
૬	૮	૩૯૩૪	૧૮૮	૪.૭૮
૭	૭	૩૩૮૭	૧૨૩	૩.૬૩
૮	૯	૩૯૫૩	૧૧૦	૨.૭૮
૯	૬	૪૦૧૫	૫	૦.૧૨
કુલ		૩૩૩૬૯	૧૭૭૪	૫.૩૨

INDEX

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૩ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિની સ્ત્રી માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૩ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલીકા માટે ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

પંચે એકઠી કરેલ માહીતી મુજબ શહેરના જુદા જુદા વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી.	અનુ.આદિજાતિ ની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૯	૩૯૫૩	૩૫૬	૯.૦૧
૨	૭	૩૩૮૭	૧૬૧	૪.૭૫
૩	૧	૩૩૮૫	૮૬	૨.૫૪
૪	૩	૩૬૫૯	૭૮	૨.૧૩
૫	૮	૩૯૩૪	૪૮	૧.૨૨
૬	૪	૩૬૩૮	૩૪	૦.૯૩
૭	૨	૩૪૨૨	૧૮	૦.૫૩
૮	૬	૪૦૧૫	૦	૦
૯	૫	૩૯૭૬	૦	૦
કુલ		૩૩૩૬૯	૭૮૧	૨.૩૪

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી વોર્ડ નં.૯ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬:અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૯ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

વોર્ડ નંબર	બેઠક
૯	અનુસૂચિત આદિજાતિ

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ મહાનગરપાલિકા/નગરપાલિકા/નગર પંચાયતના વોર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્યચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાત વર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાત વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાત વર્ગ અને પછાત વર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૩ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

લુણાવાડા નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સૂચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાત વર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે.

INDEX

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાત વર્ગની વસ્તી (અંદાજીત)	પછાત વર્ગની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૬	૪૦૧૫	૨૦૭૨	૫૧.૬૧
૨	૪	૩૬૩૮	૧૬૩૧	૪૪.૮૩
૩	૩	૩૬૫૯	૧૫૧૨	૪૧.૩૨
૪	૫	૩૯૭૬	૧૫૧૮	૩૮.૧૮
૫	૨	૩૪૨૨	૯૮૦	૨૮.૬૪
૬	૯	૩૯૫૩	૧૦૯૫	૨૭.૭૦
૭	૧	૩૩૮૫	૫૦૩	૧૪.૮૬
૮	૭	૩૩૮૭	૩૬૫	૧૦.૭૮
૯	૮	૩૯૩૪	૩૭૦	૯.૪૦
કુલ		૩૩૩૬૯	૧૦૦૪૬	૩૦.૧૧

પછાત વર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૬,૪ અને ૩ માં પછાત વર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી વોર્ડ નં.૬,૪ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૩ માં પછાત વર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાત વર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૬	પછાત વર્ગ
૪	પછાત વર્ગ
૩	પછાત વર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ,અનુસૂચિત આદિજાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને લુણાવાડા નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ લુણાવાડા નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૧

લુણાવાડા નગરપાલિકા પંચમહાલ જીલ્લો

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર–નંબરથી ઘર નંબર સુધી	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૧	૫	૦	૭૦	૬૯૭	૧ થી ૧૪૮	ગણેશ સોસાયટી, ગાયત્રી સોસાયટી, પશુ દવાખાના સામે, શ્રીજી પાર્ક, અંકુર પાર્ક, વાવના મુવાડા, બારોટવાડા
	૬	૦	૧૧	૫૨૯	૧ થી ૧૨૮	નવા કારવા, હનુમાન વેરી, ભોમાનંદ મંદિર, વાઘરીવાડ, દરકોલી તળાવની આગળ પટેલના મકાનો, રણજીત કલબથી જવાહર બાગ સુધી, ફતેબાગ પેલેસ.
	૮	૧૬૬	૫	૯૨૩	૧ થી ૩૭૭	શિવશકિત સોસા. વૃંદાવન સોસા. સરદાર પટેલ સો. તીરગરના મકાનો, એસ.ટી.સ્ટેન્ડ વિસ્તાર, કડાણા કોલોની, નગરપાલિકા શોપીગ સેન્ટર
	૫૫	૦	૦	૬૭૫	૧ થી ૨૯૪	નવા કારવા, દરકોલી તળાવ વિસ્તાર, શ્રીજી પાર્ક સોસાયટી, હરસિધ્ધિ સોસાયટી, ગોકુલ પાર્ક, શકિત પાર્ક, અંકુર પાર્ક સો. દરકોલી તળાવ નજીકનો વિસ્તાર
	૫૬	૦	૦	૫૬૧	૧ થી ૨૭૯	કિસાન હાઈસ્કુલ, સીટી સેન્ટર એપા. જવાહર શોપીગ સેન્ટર વિસ્તાર, ફતેબાગ પેલેસ સોસાયટી
	કુલ	૧૬૬	૮૬	૩૩૮૫		

હદનું વર્ણન

સર્વે નં.૨૦૦ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતા મોજે દલુખડીયાના સીમાડાની દક્ષિણ હદે અને સર્વે નં.૨૦૧, ૨૦૪, ૨૪૧/૧, ૨૫૦ની ઉત્તરની હદે હદે પૂર્વ તરફ જતાં મોજે મોટા સોનેલાના સીમાડાની દક્ષિણની અને સર્વે નં. ૨૬૧, ૨૬૨ની ઉત્તરની હદે હદે મોજે મોટા સોનેલાના સીમાડાની દક્ષિણની હદે થઈ મોડાસા–ગોધરા હાઈવે સુધી જઈ દક્ષિણ તરફ જતાં સર્વે નં.૨૭૫, ૨૭૮, વહોરા લોકોનું કબ્રસ્તાન, સરદાર પટેલ સોસા., સરકારી ગોડાઉન, કિસાન હાઈસ્કુલની પૂર્વની અને મોડાસા –ગોધરા હાઈવેની પશ્ચિમની હદે હદે લુણાવાડા એસ.ટી.સ્ટેન્ડ થઈ દરકોલી દરવાજા થઈ પશ્ચિમ તરફ જતાં વરઘરી તરફ જતાં રસ્તાની ઉત્તરની હદે હદે અને વોર્ડ નં.૯ માં આવેલ લુણેશ્વર મહાદેવ, કબીર મંદિર, વસંત સાગર તળાવની ઉત્તરે હદે હદે પશ્ચિમ તરફ જતાં બારોટવાડની ઉત્તર–પશ્ચિમ હદે હદે થઈ દક્ષિણ તરફ જતાં ગાયત્રી સોસાયટી મહર્ષિ અરવિંદ સોસાયટીની પશ્ચિમની અને ગણેશ સોસાયટી, ગોકુલ સોસાયટી, શકિત પાર્ક, રણછોડ પાર્કની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ પોલીસ લાઈન જતાં રોડ સુધી જઈ પશ્ચિમ તરફ જતાં સર્વે નં.૧૨૩, ૧૨૨ ની દક્ષિણની હદે અને મદારીવાસ, પોલીસ ક્વાટર્સ, મંદિરની ઉત્તરની હદે હદે પૂર્વ તરફ મોજે ધોળીના સીમાડા સુધી જઈ ઉત્તર તરફ જતાં સર્વે નં.૧૩૩ દરકોલી તળાવની પશ્ચિમની અને ધોળીના સીમાડાની પૂર્વની હદે હદે ઉત્તર તરફ સર્વે નં.૧૪૦ અગ્નિ ખુણા સુધી જઈ પશ્ચિમ તરફ જતાં સર્વે નં.૧૪૭ , ૧૫૦,૧૫૧ ની દક્ષિણની અને મોજે ધોળીના ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ મોજે વાંટાના સીમાડા સુધી જઈ વાંટાના સીમાડાની ઉત્તરની હદે થઈ સર્વે નં.૧૫૨, ૧૫૯,૧૬૨ની દક્ષિણ હદે થઈ પશ્ચિમ તરફ મોજે તણછીયાના સીમાડા થઈ ઉત્તર તરફ જતાં સર્વે નં.૧૬૪,૧૬૫ ની પશ્ચિમની અને મોજે તણછીયાના સીમાડાની પૂર્વની હદે હદે થઈ ઉત્તર તરફ જતાં સર્વે નં. ૨,૭,૪૦ ની પશ્ચિમની અને મોજે કોલીયારીના સીમાડાની પૂર્વની હદે હદે ઉત્તર તરફ મોજે માળીયાના સીમાડા સુધી જઈ સર્વે નં. ૬, ૮, ૧૨ ની વાયવ્ય અને મોજે માળીયાના સીમાડાની પૂર્વની હદે હદે મોજે વરઘરી તરફ જતાં રસ્તા સુધી જઈ ક્રોસ કરી વાયવ્ય ખૂણા તરફ જતાં સર્વે નં. ૨૦૦ ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર–પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર – પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ – પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ – પશ્ચિમ)

IV-C - Ex. 159 - 2

INDEX

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૨	૭	૦	૦	૪૬૮	૧ થી ૧૩૭	વાડી મહોલ્લા, દારૂગલ્લા મહોલ્લા
	૯	૩૬	૫	૫૫૪	૧ થી ૧૭૮	મામલતદાર કચેરી, ઉપાધ્યાય ફળી, સુથાર ફળી, સોનીવાડ, પરા વિસ્તાર, ભટ્ટ ફળી
	૧૦	૧૮	૦	૧૦૪૦	૧ થી ૨૫૧	પાંજરાપોળ, કુંભારવાડા, મોટા સુથારવાડા, નાના સુથારવાડા, ગઢ મહોલ્લો
	૧૧	૧૭૧	૧૩	૬૬૨	૧ થી ૧૧૧	જરાતીવાસ, તીરગર વાસ, ગઢ
	૫૭	૧૦૦	૦	૬૯૮	૧૧૨ થી ૨૩૨	મુસ્લીમ કડીયાવાડ, ગઢ મહોલ્લો, દારૂગલ્લા મહોલ્લો, વડલા ચોક, વહોરવાડ
	કુલ	૩૨૫	૧૮	૩૪૨૨		

હદનું વર્ણન

સર્વે નં.૨૭૨ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતા મોટા સોનેલાના સીમાડાની દક્ષિણ હદે થઈ સર્વે નં.૨૮૪ ની ઉત્તર હદે હદે પૂર્વ તરફ મોજે ગવજીના મુવાડાનો સીમાડા સુધી સર્વે નં.૨૮૬ સુધી જઈ દક્ષિણ તરફ જતાં સર્વે નં.૨૮૮, ૨૮૬, ૩૦૨, ૩૦૭,૩૦૬ ની પૂર્વની હદે હદે અને વોર્ડ નં.૩ માં આવેલ સર્વે નં.૨૯૦, ૨૯૫, ૩૦૮/૨, તથા વાઘરીની વાડીની પશ્ચિમ હદે હદે થઈ મોડાસા હાઈવે સુધી જઈ રસ્તો ક્રોસ કરી મદ્રેસા હાઈસ્કુલ, તકીયાની પશ્ચિમની હદે દક્ષિણે વળીને પ્રજાપતિવાસ, પાંજરાપોળ, અસ્તાના મસ્જીદ નજીક થઈને સુથારવાડા તરફ જતો રસ્તો ક્રોસ કરી દક્ષિણ તરફ વળી સોનીવાડ, વૃંદાવન એજન્સીની દક્ષિણ હદે હદે ગણપતિ મંદિર, મહાલક્ષ્મી વાસણ ભંડારની ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ જતાં આશિર્વાદ હોસ્પિટલ થઈ ઉત્તર તરફ વળીને ડો. પોલન સ્કુલ સુધીની હદે અને મોડાસા–ગોધરા રોડની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ જતાં પશ્ચિમે સર્વે નં.૩૮, ૩૭, ૩૬, ૩૨, સૈફી હોસ્પિટલથી સીવીલ કોર્ટ, ડો.પોલન સ્કુલ, સર્વે નં.૧૭, ૧૮,૨૧,૨૨, ૨૮૧, ૨૮૦, ૨૭૯, ૨૭૪,૨૭૩ની પશ્ચિમની હદે અને મોડાસા–ગોધરા હાઈવેની પૂર્વ હદે ઉત્તર તરફ જતાં સર્વે નં. ૨૭૨ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૩	૧૪	૦	૦	૩૨૮	૧ થી ૧૩૬	ઘાંચીવાડ, બકરાવાલી શેરી, બંબાખાના
	૧૫	૦	૦	૭૭૦	૧ થી ૧૫૮	ઘાંચીવાડ, ખાટકીવાડ
	૧૬	૦	૦	૫૦૦	૧ થી ૦૮૫	નાના ડબગરવાસ, ખાટકીવાડ, મોડાસાફળી
	૧૭	૩૫૨	૦	૮૦૯	૧ થી ૧૮૩	વહોરાસોસાયટી, વાઘરીની વાડી, હરીજન વાસ, વહોરા સોસાયટી
	૫૮	૦	૭૮	૫૫૫	૦૭૬ થી ૧૯૭	હરીજનવાસ, મોડાસાફળી, રાવળવાસનો ટેકરો, મોડાસા ફળી
	૫૯	૦	૦	૬૯૭	૧૮૪ થી ૩૨૯	વેરી નદી, વાઘરીની વાડી, વહોરવાડ, હરીજનવાસ, નગીન શેઠની વાડી, મોડાસા હાઈવે
	કુલ	૩૫૨	૭૮	૩૬૫૯		

INDEX

હદનું વર્ણન

સર્વે નં.૨૯૦ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતા મોજે ગવજીના મુવાડાના સીમાડાની દક્ષિણ હદે અને સર્વે નં.૨૯૧ની ઉત્તર હદે હદે પૂર્વ તરફ જવાહર રોડથી ગવજીના મુવાડા જતાં ના રસ્તા સુધી જઈ દક્ષિણ તરફ જતાં સર્વે નં.૨૯૨, ૩૧૩/૨, ૩૧૩/૧, ૩૧૯ ની ઉસ્માનીયાનગરની પૂર્વની હદે હદે દક્ષિણે જઈ મોડાસા-હાઈવે તરફ જતો રસ્તો ક્રોસ કરી નાના ડબગરવાડ, મધવાસ દરવાજાથી જવાહર રોડની પશ્ચિમ હદે હદે જઈ ગુલાટીના મકાન થઈ અગ્નિ ખૂણે, ઘાંચીવાડની હદે પશ્ચિમ નૈઋત્ય ખુણે દેવળમાતા મંદિરની દક્ષિણ-પશ્ચિમ હદે થઈ ઉત્તર તરફ જતાં મોડાસા ફળી, હરીજનવાસની પશ્ચિમ હદે હદે મોડાસા હાઈવે રસ્તો ક્રોસ કરી બુરહાની સોસાયટી, વાઘરીની વાડી, સર્વે નં.૩૦૮/૨, ૨૯૪,૨૯૫,૨૮૯ ની પશ્ચિમ હદે હદે સર્વે નં.૨૯૦ ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૪	૨૯	૦	૦	૫૯૮	૧ થી ૧૧૪	નળાથી ભોઈવાડ, વાંસીયા દરવાજા તરફ, ભોઈવાડાથી કાલીકા માતાના ડુંગર તરફ.
	૩૦	૦	૦	૪૮૧	૧ થી ૧૪૩	ઘાંટી, નાની ગોલવાડ, પુનમચંદ શેઠની ફળી, પંડયા ફળી, ભોઈવાડ, સ્વયંભુદેવ મહાદેવ, કડીયાવાડ, ભોઈવાડા તરફ, નાની ગોલવાડ, કડીયાવાડ
	૩૧	૨૦૬	૦	૫૭૭	૧ થી ૧૬૦	ઘાંટી, કિસનસાગર તળાવ તરફનો ભાગ, ટેકરી વિસ્તાર, ઘાંટી, વાળંદ ફળી, રાવળ લોકોના મકાનો, રૂક્ષ્મણી ચુવન, ઘાંટી.
	૩૨	૦	૧૦	૬૫૯	૧ થી ૧૫૫	ટેકરી, કંકા રોડ, કંકા વિસ્તાર, બાપુજી ભગવાનની વાડીથી મહેલોલીયા, મહેલોલીયા વોટર વર્કસ
	૩૪	૧૨	૨૪	૧૩૨૩	૧ થી ૧૮૧	વેલણવાડા, નુરાની કોલોની, મદ્રેસા , કંકા રોડ, જયેન્દ્રભાઈની વાડી, મધવાસ દરવાજા, શામા ટોકીઝ
	કુલ	૨૧૮	૩૪	૩૬૩૮		

હદનું વર્ણન

સર્વે નં.૩૪૯ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં મોજે કછોટીયાના મુવાડાના સીમાડાની દક્ષિણ હદે હદે અને સર્વે નં.૩૫૧, ૩૫૭, ૩૫૮, ૩૬૧, ૩૬૫, ૩૭૫, ૩૭૬ ની ઉત્તર પૂર્વ તરફ જતાં ત્યાંથી દક્ષિણ તરફ વળી સર્વે નં.૩૭૭ તરફ જતાં ૩૭૮, ૩૭૯, ૩૮૧, ૩૮૨, ૩૮૬ ની પૂર્વે હદે હદે અને ચાવડાના મુવાડાની પશ્ચિમ હદે હદે દક્ષિણે સર્વે નં.૩૮૦ની પૂર્વ હદે થઈ મોજે કોઠાના સીમાડાની પશ્ચિમ હદે થઈ સર્વે નં. ૩૯૦ની પૂર્વ હદે થઈ સંતરામપુર તરફ જતો રસ્તો ક્રોસ કરી સર્વે નં.૪૧૧, ૪૧૨, ૪૧૪, ૪૧૫ ની પૂર્વ હદે હદે સર્વે નં.૪૧૮, ૪૧૯ ની દક્ષિણ હદે મોજે કરણબારીયાના મુવાડાની પશ્ચિમ હદે હદે સર્વે નં. ૪૨૦/૧, મહેલોલીયા વોટર વર્કસની પૂર્વ હદેથી દક્ષિણ તરફ પાનમ નદીના કિનારે કિનારે અગ્નિ ખુણે મોજે ઘંટાવના સીમાડાની ઉત્તર-પશ્ચિમ તરફ વળીને સંતરામપુર- લુણાવાડા રોડને ક્રોસ કરીને સર્વે નં.૪૩૦ ડુંગર વિસ્તાર જઈને નળા વિસ્તારની પૂર્વની હદે હદે ભોઈવાડ, કડીયાવાડ તરફ જતાં નાની ગોલવાડની હદે પૂર્વ તરફ ઘાંટી તરફ જતા રસ્તાની દક્ષિણ હદે હદે ઘાંટી શંભુદેવ મહાદેવ મંદિર થઈ બ્રાન્ચ શાળા નં.૪ની પશ્ચિમ હદે થઈને મધવાસ દરવાજા તરફ જતાં રસ્તાની પૂર્વ હદે હદે ઉત્તર તરફ જઈને પશ્ચિમે નુરાની કોલોની દક્ષિણ હદે હદે થઈ ઉત્તર તરફ વળીને હાજી જી.યુ. હાઈસ્કુલ થઈ સર્વે નં. ૩૧૬, ૩૪૮, ઘાંચી લોકોના કબ્રસ્તાનની પશ્ચિમ હદે હદે જઈને સર્વે નં.૩૪૯ના વાયવ્ય ખૂણા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૫	૧૮	૭૨	૦	૮૮૫	૧ થી ૧૮૬	મોટા ડબગરવાસ, તેરીવાસ, બેડાફળી, ઘાંચીવાડ, કાજીવાડ ટેકરો, મધવાસ દરવાજા તરફ
	૧૯	૧૪૫	૦	૯૬૭	૧ થી ૧૬૧	મોટા ડબગરવાસ, ગરોવાસ, ઘાંચીવાડ, મધવાસ દરવાજાથી ઘાંચીવાડ
	૨૩	૧૨	૦	૫૮૮	૧ થી ૧૬૦	અરબ મહોલ્લો, બેડાફળી, શામા ટોકીઝ વિસ્તાર, ઘાંટી, બારોટ ફળી, કિસનસાગર, બલુજીનો ટેંબા
	૨૪	૦	૦	૫૪૫	૧ થી ૧૧૩	બેડાફળી, પ્રજાપતિવાસ, બલુજીના ટેંબા વિસ્તાર, છોટાલાલ દોસીની ફળી, લલ્લુ ગાંધીની ફળી
	૨૫	૦	૦	૨૬૫	૧ થી ૦૭૭	તેલીની ફળી, કસ્બા મહોલ્લો, મીઠા ગણેશની ફળી
	૩૩	૫૮	૦	૭૨૬	૧ થી ૧૪૭	આરામપુરા, મધવાસ દરવાજા, શામા ટોકીઝ વિસ્તાર, તુરીવાસ
	કુલ	૨૮૭	૦	૩૯૭૬		

હદનું વર્ણન

મધવાસ દરવાજા ઓક્ટ્રોય નાકાના વાયવ્ય ખૂણેથી શરૂ કરી નુરાની કોલોની સર્વે નં. ૭ ની દક્ષિણ હદે હદે મધવાસ દરવાજાના રસ્તે જઈ ઈશાન ખુણે આરામપુરા જઈ શામા સિનેમાની ગોડાઉનની પૂર્વની હદે અને વોર્ડ નં.૪ માં આવેલ કિયત તળાવ, બ્રાન્ચ શાળા નં.૪ નવી અને જુનીની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ જતાં ઘાટી તરફ રસ્તા સુધી પશ્ચિમ તરફ જતાં પ્રજાપતિવાસની પૂર્વે અગ્નિ ખુણે જઈને ઘાંટીના રોડથી ઉત્તર તરફની હદે હદે આદુવાળાની ફળીની પશ્ચિમ તરફ નૈઋત્ય ખુણે તેલીની ફળી જઈ બેડાફળી, કાજીવાડ, મીરાના ટેકરાની પશ્ચિમ હદે હદે અને વોર્ડ નં.૬ માં આવેલ ગોલવાડ, ખારાકુવા, કસ્બાની પુર્વની હદે હદે ઉત્તર તરફ જતાં બલુજીના ટેંબા સુધી જઈ પશ્ચિમે ઘાંચીવાડ, જવાહર રોડથી મધવાસ દરવાજાની રસ્તાની પૂર્વ હદે હદે મધવાસ દરવાજા ઓક્ટ્રોય નાકાના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૬	૧૨	૦	૦	૩૩૯	૧ થી ૧૧૩	દારૂગલ્લા મહોલ્લા, સૈફીપુરા, કુંભારવાડા, અસ્તાના બજાર, હુસેની ચોક વિસ્તાર
	૧૩	૦	૦	૪૭૦	૧ થી ૧૪૬	જુમાતખાનાવાલી શેરી, દેવળમાતાવાળી શેરી, મોચીવાલી શેરી, હુસેની ચોક વિસ્તાર
	૨૦	૦	૦	૨૩૧	૧ થી ૦૭૪	દેવળમાતા ચોક પાયાવાલી શેરી, દેવળમાતા વાલી શેરી, વહોરવાડ, જુમાતખાનાવાલી શેરી,

INDEX

(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
	૨૧	૦	૦	૧૧૫	૧ થી ૦૭૯	પાયાવાલી શેરી, નવા બજાર, માંડવી બજાર, મોચીવાલી શેરી.
	૨૨	૦	૦	૩૧૭	૧ થી ૧૪૧	ઘાંચીવાડ, માંડવી બજાર, જવાહર રોડ, ઘાંચીવાડ, નવા બજાર.
	૨૬	૦૫	૦	૭૬૬	૧ થી ૧૬૪	કસ્બા, બેડાફળી, તેલીની ફળી, ગોલવાડ, તેલીની ફળી, માંડવી, ગોલવાડ, વાળંદ ફળી
	૨૭	૦	૦	૬૭૩	૧ થી ૧૫૪	ઘાંચીવાડ, કસ્બા, ગોલવાડ, વાળંદ ફળી, ભાવસારવાડ, જવાહર રોડ
	૨૮	૦	૦	૫૮૨	૧ થી ૦૬૭	કસ્બા, પ્રજાપતિવાસ, બારોટવાડ, ઘાંચીવાડ, ત્રણ ફાનસ, ઘાંચીવાડ
	૬૦	૦	૦	૫૨૨	૦૬૯ થી ૧૬૩	કાજીવાડ, બલુજીનો ટેંબો, પ્રજાપતિવાસ, કસ્બા ફળી, ગોળ બજારથી મઘવાસ દરવાજા
	કુલ	૫	૦	૪૦૧૫		

હદનું વર્ણન

હુસેની ચોકના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફના રસ્તે જઈ દેવળ માતાની શેરી, જુમાતખાના શેરીથી જવાહર રોડને ક્રોસ કરીને રસ્તાની પૂર્વ હદે ઘાંચીવાડ જઈ ઈશાન ખુણે બલુજીના ટેંબા સુધી જઈને પૂર્વે બેડાફળી, દક્ષિણે અગ્નિ ખુણે મીઠા ગણેશ ફળી થઈ પૂર્વથી પશ્ચિમ તરફ જતાં ઘાંટી મુખ્ય માર્ગની ઉત્તર હદે જઈ નવા બજાર, અસ્તાના બજાર જતાં રસ્તાની ઉત્તરે સૈફીપુરા દારૂગલ્લા મહોલ્લા સુધી જઈ હુસેની ચોકના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં. ૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૭	૩૫	૭૫	૦	૩૧૩	૧ થી ૧૫૪	દારૂગલ્લા મહોલ્લા, મોચીવાડ, દરજીવાડ, મોચીવાડ, અસ્તાના બજાર, અસ્તાના મસ્જીદ
	૩૬	૧૭	૦૮	૩૯૧	૧ થી ૧૪૬	હાટાનો કુવો, ચૌટા ચોક, ઠાકોરવાડા, દુલાભાઈનો માઢ, રેડક્રોસ રોડ, કુવારા ચોક.
	૩૭	૦	૦	૨૮૮	૧ થી ૧૬૨	ડેરાફળી, ચૌટાચોક, ભવાની ચોક, નાગરવાડા, હાટાના કુવાથી ચૌટાચોક.
	૩૮	૦	૦	૨૯૪	૧ થી ૧૪૯	માંડવી બજાર, પીપળી બજાર, ડેરાફળી, નાગરવાડા, ચૌટાચોક, રેડક્રોસ રોડ.
	૩૯	૫	૦	૩૫૪	૧ થી ૧૨૬	કડીયાવાડ, જાદવજીની ખડકી, મનસુખ પરસોત્તમની ખડકી, કડીયાવાડ, નાગરવાડા.
	૪૯	૧૫	૫૪	૮૪૩	૧ થી ૨૩૭	ભગતવાડી, બ્રાહ્મણફળી, નાગરવાડાથી નળા, ઠાકોરવાડા, ઔદિચ્યની વાડી.
	૫૦	૫	૦	૩૮૧	૧ થી ૧૩૪	કડીયાવાડ, નાગરવાડા, છાટો ફળી, નાગરવાડા
	૫૧	૦	૦	૨૧૮	૧ થી ૦૫૫	પંચાલ ફળી, ભોઈવાડ, કડીયાવાડ.
	૫૨	૬	૯૯	૩૦૫	૫૦ થી ૧૧૨	ભોઈવાડ, નળા વિસ્તાર, નળો, ભાયાતના સાથ.
	કુલ	૧૨૩	૧૬૧	૩૩૮૭		

IV-C- Ex. 159 - 3

INDEX

હદનું વર્ણન

અસ્તાના મસ્જીદના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં ઘાંટી જતાં રસ્તાની દક્ષિણની અને મોચી વાડથી દેરાસરની ઉત્તર હદે હદે ઈશાન ખૂણા સુધી જઈ દક્ષિણ તરફ જતાં જાદવજીની ખડકી, કડીયાવાડ, પંચાલ ફળીની પૂર્વની હદે હદે અને ઘાંટી વિસ્તારની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં નળા વિસ્તારની પૂર્વ-દક્ષિણ-પશ્ચિમની હદે હદે જઈ ઉત્તર તરફ જતાં ઔદિચ્યની વાડીની પશ્ચિમની અને રાજમહેલ, કુવારા ચોક, ડી.કે. ડીસ્પેન્સરી દવાખાનાની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતાં દુલાભાઈના માઢ, હાટોના કુવાની પશ્ચિમની હદે હદે પોલીસ સ્ટેશન, બેઠક મંદિરની પૂર્વની હદે હદે ઉત્તર તરફ માંડવી બજાર તરફ જતાં રસ્તા સુધી જઈ રસ્તાની પૂર્વની હદે જઈ પશ્ચિમ તરફ જતાં મોચીવાડની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ સુથારવાડાના રસ્તા સુધી જઈ રસ્તો ક્રોસ કરી ઉત્તર તરફ અસ્તાના મસ્જીદના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૮	૪૦	૧૦	૬	૩૮૦	૧ થી ૧૪૨	મામલતદાર કચેરી, પરા વિસ્તાર નજીક, પરા વિસ્તાર, હાટડીયાથી પોસ્ટ ઓફીસ સુધી, શુકલની ખડકી, પરા વિસ્તાર.
	૪૧	૨૧	૬	૫૭૫	૧ થી ૧૪૯	પરા વિસ્તાર, ઉંટવાડા, સોનીવાડ, સેવક ફળી, જાનીની ફળી, ઘેલી માતાનું મંદિર, શુકલની ફળી
	૪૨	૦	૦	૧૮૦	૧ થી ૦૫૦	કોટડાવાડ, રામપુરવાલાની ખડકી, મહેતાવાડ, કુવારાચોક, મહેતાવાડ, રામજી મંદિર
	૪૩	૧૮	૫	૨૭૭	૧ થી ૦૮૬	કુંભારવાડા,અસ્તાના બજાર, સોનીવાડ, પરા, સોનીવાડ, કુવારાનો રસ્તો, પરા, રામજી મંદિર વિસ્તાર
	૪૪	૬૭	૦	૩૦૯	૧ થી ૦૭૪	સોનીવાડ, રેડ ક્રોસ રોડ, કુવારા ચોક, રામજી મંદિરની ખડકી, મહેતાવાડ
	૪૫	૫૯	૦	૩૫૪	૧ થી ૧૦૨	હાટાના કુવા પારેખવાડ, રેડ ક્રોસ રોડ, બેઠક મંદિર વિસ્તાર, સોનીવાડ
	૪૬	૬	૦	૫૧૦	૧ થી ૧૬૬	હાટડીયા બજાર, લુહારકોઢ, લુહારફળી, નવી ધરતી ગોલવાડ.
	૪૭	૦	૦	૩૮૫	૧ થી ૧૩૯	પંડયા ફળી, પંચેશ્વર મહાદેવ ફળી, ડુંગરાભીત, લુહારફળી.
	૪૮	૭	૩૧	૯૬૪	૧ થી ૧૮૭	કુવારા ચોક વિસ્તાર, મારવાડીવાસ, ડુંગરાભીત, ડુંગરાભીતથી શહેરા દરવાજા
	કુલ	૧૮૮	૪૮	૩૯૩૪		

હદનું વર્ણન

મામલતદાર કચેરીના વાયવ્ય ખુણેથી શરૂ કરી પૂર્વ તરફ જતાં ડૉ.પોલન સ્કુલની દક્ષિણ હદે રસ્તો ક્રોસ કરીને આશિર્વાદ હોસ્પિટલની દક્ષિણ હદે અને મહાલક્ષ્મી વાસણ ભંડારની ઉત્તર હદે હદે પૂર્વ તરફ મેવાડાની વાડી , કુંભારવાડ, સોનીવાડની ઉત્તર હદે હદે પૂર્વ તરફ જઈ કોટડાવાડથી દક્ષિણે વળીને સોનીવાડ થઈ ઉત્તર-પૂર્વે ઈશાન ખુણે પારેખવાડ જઈને પૂર્વ તરફ વળીને માંડવીથી કુવારા રસ્તાની પશ્ચિમ હદે હદે બેઠક મંદિર, પોલીસ સ્ટેશનથી પૂર્વે કુવારા ચોક, રાજમહેલ જઈને અગ્નિ ખુણે સીન્ધી કોલોની દક્ષિણે મારવાડી વાસ, દૂરદર્શન કેન્દ્ર, કાલીકા માતા મંદિરની દક્ષિણ હદે પશ્ચિમે ડુંગર વિસ્તાર(રાજેલા હીલ્સ) થી ડુંગરાભીત, ટેંબા વિસ્તારની હદે હદે જઈ દક્ષિણે લાયબ્રેરીની દક્ષિણ તરફની હદે જઈને રાયફલ હાઉસ નવી ધરતી ગોલવાડ જઈ રોયલ એજન્સી, હાટડીયા બજારથી પશ્ચિમ તરફ રસ્તે જઈને નૈઋત્ય ખુણે તુલસી ગેસ્ટ હાઉસ સુધી જઈને શુકલની ખડકી થઈ મામલતદાર કચેરીના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૯

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૯	૧	૦	૦	૫૨૩	૧ થી ૧૨૬	હાટડીયા બજાર, નવી ગોલવાડ, જાનીની ફળી, મુલ્થાનપુરા, મઠની ફળી, ટેંબો, હાટડીયા બજાર
	૨	૯	૨	૫૬૮	૧ થી ૧૭૦	અંબાજી મંદિરથી કોલેજ રોડ, કતબજીવાલાની ચાલી, પેટ્રોલ પંપ, ફોરેસ્ટ ખાતા, સંતરામપુર રોડ, માર્કેટીંગ યાર્ડ, રેલ્વે સ્ટેશન, સ્મશાનગૃહ, ગુજ.વિદ્યુત બોર્ડ.
	૩	૫૩	૬૦	૬૪૩	૧ થી ૧૮૨	ખોડીયાર માતાનું મંદિર, સત્યનારાયણ મંદિર, ગોધરા– લુણાવાડા રોડ, એસ.કે. હાઈસ્કુલ, ગોકળદાસનો પેટ્રોલ પંપ, કોટેજ હોસ્પિટલ, પી.ડબલ્યુ.ડી.
	૪	૦	૦	૨૨૫	૧ થી ૨૬૩	એન.એસ.ટોકીઝથી પંચશીલ હાઈસ્કુલ, મોહનભાઈ મહાસુખભાઈનો બંગલો, લુણેશ્વર મહાદેવ તરફ, વાવના મુવાડા, બ્રહ્મભટ્ટવાડા તરફ.
	૫૩	૪૮	૧૭૨	૮૮૦	૧૮૩ થી ૨૮૯	શ્રી મનોહરનાથજીના અખાડા વિસ્તાર, સત્યનારાયણ મંદિર, વાઘરી લોકોના મકાનો, ભરવાડ વાસ, સલાટના મકાનો, ગુજ.વિદ્યુત બોર્ડની કચેરી, પશુ દવાખાના, પોલીસ લાઈન
	૫૪	૦	૧૨૨	૧૧૧૪	૨૬૪ થી ૫૦૨	રણછોડજી મંદિર, કબીર મંદિર, વાવના મુવાડા વિસ્તાર, ગાયત્રી સોસાયટી, બારોટવાડા.
	કુલ	૧૧૦	૩૫૬	૩૯૫૩		

હદનું વર્ણન

સર્વે નં ૧૨૧ ના વાયવ્ય ખુણેથી શરૂ કરી પૂર્વે તરફ જતાં સર્વે નં. ૧૧૪ પોલીસ ક્વાર્ટર્સની ઉત્તરની અને વોર્ડ નં.૧ માં આવેલ રણછોડ પાર્કના દક્ષિણ રસ્તાની હદેથી મદારીવાસ સર્વે નં.૧૧૨ પશુ દવાખાનાથી પોલીસ લાઈન જતો રસ્તો ક્રોસ કરી ઉત્તર તરફ જતાં સર્વે નં.૧૨૮, મહર્ષિ અરવિંદ સોસાયટી, ગાયત્રી સોસા.ની પશ્ચિમ હદે અને વોર્ડ નં.૧ માં આવેલ રણછોડ પાર્ક, શકિત પાર્ક, ગણેશ સોસાયટીની પૂર્વની હદે હદે ઉત્તર તરફ જતાં બારોટ વાસ, વસંતસાગર તળાવની ઉત્તર હદે જઈને વરઘરી તરફ જતા રસ્તાની દક્ષિણ હદે હદે ગોધરા–મોડાસા હાઈવે રોડ ક્રોસ કરીને એન.એસ. ટોકીઝ, દરકોલી દરવાજાથી ફુવારા જતા રસ્તાની દક્ષિણ હદે હાટડીયા બજારથી દક્ષિણે જતાં રોયલ એજન્સીની પશ્ચિમ હદે જઈ મુલ્થાનપુરા લાયબ્રેરીની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ જઈ મોહનભાઈ મહાસુખભાઈના બંગલાના ઈશાન ખૂણાથી પૂર્વ તરફ જતાં અંબાજી મંદિર થઈ રાજેલા હીલ્સની ઉત્તર તરફના ભાગે તાલુકા પંચાયત, ફોરેસ્ટ કચેરી, કોલેજની ઉત્તરની હદે અને વોર્ડ નં.૮ માં આવેલ કાલીકા માતા મંદિર, દૂરદર્શન કેન્દ્ર, વોર્ડ નં. ૪ માં આવેલ સ. નં. ૪૭,૪૩૦ની દક્ષિણની હદે હદે પૂર્વ તરફ જતાં સંતરામપુર જતાં રસ્તાને ક્રોસ કરી દક્ષિણ તરફ વિશ્રામગૃહની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ જતાં પાનમ નદી સુધી જઈ મોજે નવા મુવાડાના સીમાડે પાનમ સ્મશાન, પાનમ બ્રીજની દક્ષિણની હદે હદે પશ્ચિમે ચરેલના સીમાડાની પૂર્વની હદે હદે અને મોજે પગીયાવાડના સીમાડાની ઉત્તરની હદે હદે જઈ સર્વે નં.૧૧૩ સોનેરી તળાવ જઈ સર્વે નં.૧૧૫, ૧૧૬, ૧૧૭, મોટી ચરેલના સીમાડે જઈને સર્વે નં. ૧૧૮, ૧૧૯, મોજે ધોળીના સીમાડાની હદે સ.નં.૧૨૧ના વાયવ્ય ખૂણા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર

INDEX

અનુસૂચિ–૨

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર

લુણાવાડા નગરપાલિકાની કુલ વસ્તી	૩૩૩૬૯	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી	૩૭૦૭	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૪૦૭૭ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૩૩૩૭
કુલ બેઠકોની સંખ્યા	૨૭	
સ્ત્રી બેઠકો	૯	—— બેઠક અનુસૂચિત જાતિ —— બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી—— સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી—— સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો	૧૩	
સામાન્ય બેઠકો	૧૪	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૩૮૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૩૪૨૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૬૫૯	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય
૪	૪	૩૬૩૮	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૩૯૭૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૪૦૧૫	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૩૩૮૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૩૯૩૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૩૯૫૩	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
કુલ.		૩૩૩૬૯			

વી.એચ.શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 160 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] FRIDAY, MAY 4, 2007 /VAISAKHA 14, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા. ૪ –૫–૨૦૦૭

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–નપા–સંતરામપુર–૨૦૦૭

સંતરામપુર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૪–ઓફ–૨૦૦૭–એનપીએમ–૧૩૨૦૦૫/ ૭૪૨૯(૪)આર, તા.૪–૧–૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **સંતરામપુર** શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે **સંતરામપુર** નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૧ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

INDEX

૪. રાજય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૪૯–૧૯૯૪ એન.પી.એલ.–૪૫૯૩–૩૬૫૫– એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ ઘડેલ, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૧૭૬૩૫ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૨૫૧૯ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦% વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૭ વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અનુસૂચિત જાતિની સ્ત્રી માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૪	૨૫૦૩	૬૨૯	૨૫.૧૨
૨	૨	૨૫૦૩	૧૬૮	૬.૭૧
૩	૧	૨૭૨૩	૧૬૧	૫.૯૧
૪	૬	૨૬૦૪	૮૩	૩.૧૮
૫	૫	૨૩૮૫	૬૫	૨.૭૨
૬	૩	૨૬૪૧	૩૨	૧.૨૧
૭	૭	૨૨૭૬	૨૫	૧.૦૯
કુલ		૧૭૬૩૫	૧૧૬૩	૬.૫૦

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૪ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

INDEX

૧૪. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિની સ્ત્રી માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૪ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૪	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલીકા માટે ૫ બેઠકો અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.અને ૫ બેઠકો પૈકી ૨ બેઠક અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

પંચે એકઠી કરેલ માહીતી મુજબ શહેરના જુદા જુદા વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત આદિજાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમે ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી.	અનુ.આદિજાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૧	૨૭૨૩	૬૯૩	૨૫.૪૪
૨	૩	૨૬૪૧	૩૩૫	૧૨.૬૮
૩	૬	૨૬૦૪	૩૧૬	૧૨.૧૩
૪	૭	૨૨૭૬	૨૭૦	૧૧.૮૬
૫	૨	૨૫૦૩	૨૨૨	૮.૮૬
૬	૫	૨૩૮૫	૧૭૪	૭.૨૯
૭	૪	૨૫૦૩	૨૨	૦.૮૭
કુલ		૧૭,૬૩૫	૨૦૩૨	૧૧.૫૨

આમ, અનુસૂચિત આદિજાતિની વસ્તીની ઉંચી ટકાવારી વોર્ડ નં.૧, ૩, ૬, ૭ અને ૨ માં આવતી હોઈ અનુસૂચિત આદિજાતિની બેઠક નિયમોના નિયમ–૬:અ હેઠળ અનામત બેઠક તરીકે ફાળવવાની થાય છે.

૧૭. અનુસૂચિત આદિજાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૧,૩ અને ૭ માં અનુસૂચિત આદિજાતિ માટે અને વોર્ડ નં.૬ અને ૨માં અનુસૂચિત આદિજાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

અનુસૂચિત આદિજાતિની બેઠક વોર્ડ નંબર ૧, ૩, ૬, ૭ અને ૨ માં નિયમોના નિયમ–૬ અન્વયે ફાળવવામાં આવેલ છે. જેની નીચે પ્રમાણે ફાળવણી કરવામાં આવેલ છે.

વોર્ડ નંબર	બેઠક.
૧	અનુસૂચિત આદિજાતિ
૩	અનુસૂચિત આદિજાતિ
૬	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી
૭	અનુસૂચિત આદિજાતિ
૨	અનુસૂચિત આદિજાતિ સ્ત્રી

૧૮. જાહેરનામા અન્વયે ૨ બેઠકો પછાતવર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૯. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વોર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

INDEX

પછાતવર્ગ માટે અનામત રાખેલી કુલ ૨ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

સંતરામપુર નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સૂચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૫	૨૩૮૫	૧૯૯૪	૮૩.૬૦
૨	૬	૨૬૦૪	૧૭૪૬	૬૭.૦૫
૩	૩	૨૬૪૧	૧૨૧૪	૪૫.૯૬
૪	૪	૨૫૦૩	૧૦૬૪	૪૨.૫૦
૫	૨	૨૫૦૩	૯૪૦	૩૭.૫૫
૬	૧	૨૭૨૩	૮૯૩	૩૨.૭૯
૭	૭	૨૨૭૬	૬૭૧	૨૯.૪૮
	કુલ	૧૭,૬૩૫	૮૫૨૨	૪૮.૩૨

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. **૫** અને ૬ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી વોર્ડ નં.૫ માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૬ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં.૬ માં અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની બેઠક ફાળવેલ હોઈ વોર્ડ નં.૬માં પછાતવર્ગની સ્ત્રી માટે બેઠક ફાળવી શકાય તેમ નથી. સબબ, વોર્ડ નં.૫ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક અને વોર્ડ નં.૬ માં પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૫	પછાતવર્ગ સ્ત્રી
૬	પછાતવર્ગ

૨૦. આ પ્રમાણે અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૧. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **સંતરામપુર** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૨. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૩. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ સંતરામપુર નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૧

સંતરામપુર નગરપાલિકા, પંચમહાલ જીલ્લો

વોર્ડ નં.૧

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૭	૧૩	૩૭	૪૭૩	૫૫૫ થી ૬૬૭	ચીબોટા પાસે, હડમત ફળીયા વિગેરે
	૮	૧૬	૩૧૨	૩૯૨	૬૬૮ થી ૬૪૯/૩	હડમત ફળીયા વિગેરે
	૧૫૦	૧૩૨	૩૪૪	૧૮૫૮	૧ થી ૧૫૮	સંત વિગેરે
	૧૫૧				૧ થી ૧૬૭	સંત, જુનાતલાવ વિગેરે
	૧૫૨				૧ થી ૧૪૩	જુનાતલાવ, ભીડા તલાવડી વિગેરે
કુલ		૧૬૧	૬૯૩	૨૭૨૩		

હદનું વર્ણન :

રે.સ.નં.૧૨ના વાયવ્ય ખૂણે અને ઘાંટાવાડા ગામના અને કુરેટા ગામના સીમાડા જયાં મળે છે ત્યાંથી શરૂ કરી પૂર્વ તરફ જતાં રે.સ.નં.૫૮ના ઈશાન ખૂણા સુધી જઈ દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૩૬ના ઈશાન ખૂણાથી પૂર્વ તરફ બારીકોટા ગામના સીમાડાની પશ્ચિમ હદે હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૭ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ રે.સ.નં.૩૫/અ ના પૂર્વ તથા બારીકોટા સીમાડાના પશ્ચિમ તરફના સીમાડાની હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૭૮ તથા ૧૦૨ના ઉત્તરના તથા બારીકોટાના સીમાડાની દક્ષિણ તરફની હદે પૂર્વ તરફ આગળ જતાં ચીબોટા નદીના પૂર્વના કિનારે–કિનારે રે.સ.નં.૧૧૬ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૧૧૪ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૧૧૧ અને ૩૪૬ની દક્ષિણ હદે હદે દક્ષિણ –પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૭૨ના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૯ના પૂર્વ તરફની હદેથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૫૦ની દક્ષિણ હદે તથા ચીબોટા નદીના કિનારે–કિનારે પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨ના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં. ૫૫ તથા ૩૨ની પૂર્વની હદે ચીબોટા નદીનાં પશ્ચિમના કિનારે–કિનારે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૪૮ના અગ્નિ ખૂણાથી દક્ષિણ બાજુની હદે આગળ પશ્ચિમ તરફ ટીબરવાડાના સીમાડાની ઉત્તર તરફની હદે આગળ જતાં રે.સ.નં.૬૬ના નૈઋત્ય ખૂણાથી દક્ષિણ તરફ ટીબરવાડાના સીમાડાની પશ્ચિમ તરફની હદે આગળ વધતાં ડુંગરાની હદે હદે ટીબરવાના સીમાડાની પશ્ચિમ તરફના ખૂણેથી ઉત્તર તરફ આગળ જતાં લુણાવાડા રોડને ઓળંગી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૫૪નો વાયવ્ય ખૂણો, જયાં દરીયાપુરની ઉત્તરની હદ તથા ઘાંટાવાડા ગામની દક્ષિણ હદના સીમાડા મળે છે ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૬૧ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ જતાં રે.સ.નં.૧૨ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર–પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર – પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ – પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ - પશ્ચિમ)

વોર્ડ નં.૨

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧	૧૪૧	૪૩	૬૩૭	૧ થી ૧૪૧	હરીજનવાસ તથા બારીકોટા રોડ વિગેરે
	૨	૦૭	૨૭	૩૭૫	૧૪૨ થી ૨૨૯/૧	અંબાજી મંદિરપાછળ, ભાટીયા ટેકરી તથા સંચાફળી વિગેરે
	૩	૦૦	૧૯	૩૩૯	૨૩૦ થી ૨૯૯/૧	બ્રાહ્મણવાડા, પ્રહલાદ તલાટી ફળી તથા યુનિયન ફળી વિગેરે
	૪	૦૦	૨૯	૨૯૯	૩૦૦ થી ૩૬૬/૧	મહાદેવ ફળી તથા ઢાલા બજાર વિગેરે
	૫	૦૬	૨૬	૧૮૭	૩૬૭ થી ૪૫૨/૧	બ્રાહ્મણવાડા, મેઈનરોડ તથા બાવાકુવા ફળી વિગેરે
	૬	૧૪	૩૫	૩૨૪	૪૫૩ થી૫૫૪	ટાવરરોડ, બ્રાહ્મણવાડા તથા માર્કેટ રોડ વિગેરે
	૧૦	૦૦	૪૩	૩૪૨	૮૯ થી ૧૬૨/૧	રાણાવાસ તથા મેઈનરોડ વિગેરે
કુલ		૧૬૮	૨૨૨	૨૫૦૩		

INDEX

હદનું વર્ણન :

રે.સ.નં.૧૪૮ના વાયવ્ય ખૂણેથી ચીબોટા નદીના પૂર્વ તરફની હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૬૨ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ ઢાલાબજાર રસ્તાની પશ્ચિમ તરફની હદે અને રે.સ.નં.૧૬૩, ૧૬૪ની પૂર્વ તરફની હદે આગળ જતાં રે.સ.નં.૯ની પૂર્વની હદે થઈ દક્ષિણ તરફ આગળ જતાં ઢાલાબજાર રસ્તાને ઓળંગી ભગવાનદાસ પાનોલાના મકાનના પૂર્વ ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં મંજુલાબેન દાવડાના મકાનની ઉત્તર તરફ રાણાવાસની ઉત્તર તરફના મકાનોની પાછલી હદે પૂર્વ તરફ આગળ જતાં સુકી નદીના પશ્ચિમ તરફના કિનારે–કિનારે પૂર્વ તરફ આગળ જતાં વોર્ડ નંબર – ૩ના રે.સ.નં.૧૨ના નૈઋત્ય ખૂણાની હદથી દક્ષિણ તરફ આગળ જતાં ઢાલાબજાર રસ્તાને ઓળંગી સ્ટેટ પ.વ.ડી.ના મકાનની દક્ષિણ તરફની હદે પશ્ચિમ તરફ આગળ જતાં બાવાકુવા રસ્તાને ઓળંગી સ્વ.દિનદયાલ શોપીંગ સેન્ટર તથા જૈન મંદિરની દક્ષિણ તરફની હદે પશ્ચિમ તરફ આગળ જતાં સંચાફળી રસ્તો, બારીકોટા રોડ, ઓળંગી પોલીસ સ્ટેશન તથા તાલુકા પંચાયતની દક્ષિણ હદે તથા ટાવરની ઉત્તર હદે પશ્ચિમ તરફ આગળ જતાં મામલતદાર કચેરીના કમ્પાઉન્ડ તથા બગીચાની દક્ષિણ હદે આગળ જતાં રે.સ.નં.૨૫ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ ચીબોટા નદીના પૂર્વ તરફના કિનારે–કિનારે આગળ જતાં રે.સ.નં.૨૫ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૨૫ના ઈશાન ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૨૪ની પશ્ચિમ હદ તથા ચીબોટા નદીના પૂર્વ કિનારાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૨૨ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ રે.સ.નં.૧૧૯, ૧૧૭ની પશ્ચિમની હદે આગળ જતાં રે.સ.નં.૧૪૮ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૩

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૯	૦૦	૦૮	૩૯૩	૧ થી ૮૮	ઢાલાબજાર, ડબગરવાસ તથા રાણાવાસ વિગેરે
	૧૧	૦૦	૦૦	૩૭૦	૧૬૩ થી ૨૪૧/૧	નવા બજાર, અંબિકા લોજ પાછળનો વિસ્તાર વિગેરે
	૧૩	૦૦	૦૬	૩૧૩	૩૪૧ થી ૪૨૪	નવાબજાર, મેઈનરોડ તથા પ્લોટ બજાર વિગેરે
	૧૪	૦૦	૧૮	૪૨૧	૪૨૫ થી ૫૧૦/૧	માળીવાડ, પ્લોટ બજાર તથા મેઈન રોડ વિગેરે
	૧૫	૦૦	૭૩	૪૦૯	૫૧૧ થી ૬૩૧	પ્રતાપપુરા તથા નવી વસાહત વિગેરે
	૧૬	૨૨	૦૦	૩૯૬	૬૩૨ થી ૭૪૫	પ્રતાપપુરા સુકી નદી વિસ્તાર તથા પીઠા વિસ્તાર વિગેરે
	૧૭	૧૦	૨૩૦	૩૩૯	૭૪૬ થી ૮૨૭	ખુંટડીયા વિગેરે
કુલ		૩૨	૩૩૫	૨૬૪૧		

હદનું વર્ણન :

રે.સ.નં.૧૬૬ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ સુકીનદીના દક્ષિણનાં કિનારે આગળ જતાં રે.સ.નં.૨૮૮ના ઉત્તર તરફની હદે આગળ જતાં જુના સ્મશાનના ઈશાન ખૂણેથી વડીયાના સીમાડાની દક્ષિણ તરફ આગળ જતાં સુકીનદી ઓળંગી રે.સ.નં.૧૯૫ની ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૧૯૬ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૦૧ના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૩૫૫ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ માલણપુરના સીમાડાની પશ્ચિમ હદે આગળ જતાં રે.સ.નં.૨૦૭ના પૂર્વ ખૂણાથી પશ્ચિમ તરફ ગરાડીયા રસ્તાને ઓળંગી પશ્ચિમની હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૧૩ની પૂર્વ તથા ગરાડીયાના સીમાડાની પશ્ચિમ હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૧૬ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ દાહોદ રોડ ઓળંગી રે.સ.નં.૨૨૧ની પૂર્વની હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨૩ના અગ્નિ ખૂણાથી ઝાલોદ રોડ ઓળંગી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨૦ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨૬ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ સુકીનદીના પૂર્વ કિનારે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૬૩ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૯ના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૭૫ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૨૬ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ સુકીનદીના પશ્ચિમ કિનારે આગળ જતાં રાણાવાસની ઉત્તર બાજુના મકાનોનાં પાછળના ભાગે પશ્ચિમ તરફ આગળ જતાં રાણાવાસ રસ્તો ઓળંગી મંજુલાબેન દાવડાના મકાનની પશ્ચિમ તરફની હદે દક્ષિણ તરફ આગળ જતાં ભગવાનદાસ પાનોલાના મકાનના પાછળના ભાગે થઈ ઢાલાબજારની પૂર્વ બાજુની હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૭૮ની પશ્ચિમની હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૬૬ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૪

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૧૮	૦૦	૦૦	૪૬૪	૧ થી ૧૦૧/૨	મેઈન બજાર, મોટા બજારવિગેરે.
	૨૮	૧૬	૦૦	૨૮૨	૭૧૭ થી ૭૯૭/૧	ગોધરા ભાગોળ, મોટાબજાર, મેઈનબજાર, સુથારગલી વિગેરે
	૨૯	૧૦	૦૦	૪૫૦	૭૯૮ થી ૮૮૪/૨	સુથાર ગલી, મેઈનબજાર, મસ્જીદરોડ, પટેલ ફળીયા, મચ્છીગલી વિગેરે
	૩૦	૧૬૫	૦૦	૪૯૦	૮૮૫ થી ૯૬૭	મચ્છીગલી, મસ્જીદરોડ, વણકરવાસ, મદ્રેસારોડ વિગેરે
	૩૧	૨૬૧	૧૫	૪૯૨	૯૬૮ થી ૧૦૯૫/એ	વણકરવાસ, મસ્જીદરોડ, મરઘાકેન્દ્રરોડ વિગેરે
	૩૨	૧૭૭	૦૭	૩૨૫	૧૦૯૫/બી થી ૧૧૪૯	વણકરવાસ, હરીજનવાસ વિગેર
કુલ		૬૨૯	૨૨	૨૫૦૩		

હદનું વર્ણન :

ઝવેરીલાલ મુળચંદ ભાવસારના મકાનના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ ગોધરા ભાગોળ રોડ ઓળંગી સુંદરલાલ પાનોલાના મકાનની ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ જતાં રાજેશ કોઠારીની દુકાનના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રાજેશકોઠારીની દુકાનના પાછળના ભાગે પશ્ચિમ તરફ આગળ જતાં કમળાબેન પરીખના મકાનના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રહીમભાઈ મુસાની દુકાનના પાછળના ભાગેથી નવાબજાર રસ્તાને ઓળંગી અંબિકા લોજના પાછળના પૂર્વ તરફની હદેથી દક્ષિણ તરફ આગળ જતાં શિકારીપીઠાની પૂર્વ તરફના મકાનોની હદે થઈ રે.સ.નં.૩૦૨ના ઈશાન ખૂણેથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૮૦ની પશ્ચિમ તરફ આગળ જતાં બાઈ બીબી રસુલ ઉમરની દિકરીના મકાનના નૈઋત્ય ખૂણેથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૮૦ની પશ્ચિમ હદે ઉત્તર તરફ આગળ જતાં ગોધરા ભાગોળ રોડ ઓળંગી જુમ્મા મસ્જીદના દક્ષિણ હદે આવેલ સત્તાર પીજારાના મકાનની ઉત્તર હદે પશ્ચિમ તરફ આગળ જતાં વોર્ડ નંબર – ૬ના રે.સ.નં.૨૩ના વાયવ્ય ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૪ની દક્ષિણ હદ તથા વોર્ડ નંબર – ૬ની ઉત્તર હદે પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૭ના વાયવ્ય ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં વોર્ડ નંબર–૬ના રે.સ.નં.૮ના ઈશાન ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં વોર્ડ નંબર – ૫ના રે.સ.નં.૧ના અગ્નિ ખૂણાથી વોર્ડ નંબર – ૫ની પૂર્વ તરફની હદે હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૦૧ના ઈશાન ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૪ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં ઝવેરીલાલ મુળચંદભાઈ ભાવસારના મકાનના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૫

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૩૩	૩૯	૧૩	૪૫૯	૧ થી ૭૭/૫	ટાવર રોડ, અરબવાડા તથા સિપાઈવાડા વિગેરે
	૩૪	૦૦	૨૭	૭૬૬	૭૮/૪ થી ૧૮૮	સિપાઈવાડા, મસ્જીદ રોડ, મરઘા કેન્દ્ર રોડ, મદ્રેસા રોડ તથા મદારી ટેકરી વિગેરે
	૩૫	૦૭	૧૦૪	૪૮૧	૧૮૯ થી ૨૯૦/૩	મદારી ટેકરી, સિપાઈવાડા, ભોઈવાડા વિગેરે
	૩૬	૧૪	૧૯	૩૪૪	૨૯૧ થી ૩૬૪	ભોઈવાડા, ટાવર રોડ, આઝાદ મેદાન, લુણાવાડા રોડ તથા ભાથીજી મંદિર પાસે વિગેરે
	૩૭	૦૫	૧૧	૩૩૫	૩૬૫ થી ૪૩૫	ટાવર રોડ, દવાખાના તથા મહુડી ફળીયા વિગેરે
કુલ		૬૫	૧૭૪	૨૩૮૫		

INDEX

હદનું વર્ણન :

રે.સ.નં.૩૧૦ના વાયવ્ય ખૂણેથી ચીબોટા નદીના પૂર્વ કિનારાથી ઉત્તર તરફ આગળ જતાં લુણાવાડા રોડ ઓળંગી કબ્રસ્તાનની ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ જતાં નગરપાલિકા કચેરીની ઉત્તરની હદે પૂર્વ તરફ ટાવરની દક્ષિણની હદે આગળ વધતાં ભોઈવાડા રોડ ઓળંગી કન્યાશાળા તરફ ટાવરની દક્ષિણ હદે આગળ જતાં નગરપાલિકાની દુકાનોનાં ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં મરકસ મસ્જીદના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં આમલીફળી રસ્તાને ઓળંગી દક્ષિણ તરફ આગળ જતાં મહંમદ અલી સૈયદના મકાનના પાછલાં ભાગે પશ્ચિમ હદે ખાનકાહ ગલીના પૂર્વ તરફના મકાનોના પાછલા ભાગે થઈ દક્ષિણ તરફ આગળ જતાં નુરી મસ્જીદના પાછળના ભાગના મકાનની સામેના મકાનના પાછળના ભાગે દક્ષિણ તરફ આગળ જતા મહંમદ નાથુ મુલતાનીના મકાનની પશ્ચિમ તરફ આગળ જતાં લુણાવાડા રોડ ઓળંગી રે.સનં.૯૧ની દક્ષિણ હદે પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૩૨૭ના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં વોર્ડ નં.૬માં આવેલ રે.સ.નં.૩૦૬ના વાયવ્ય ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં ટીબરવાના સીમાડા સુધી જઈ પશ્ચિમ તરફ જતાં ટીમરવાના સીમાડાની ઉત્તરની હદે અને હોમગાર્ડ ડુંગરની દક્ષિણની હદે હદે ચીબોટા નદી સુધી જઈ ઉત્તર તરફ જતાં ચીબોટા નદીના પૂર્વ તરફના કિનારે – કિનારે ઉત્તર તરફ આગળ જતાં રે. સ.નં.૩૪ ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૪ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ ચીબોટા નદીના પૂર્વ તરફના કિનારે કિનારે આગળ જતાં રે.સ.નં.૩૧૦ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૬

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૨	૮૦	૧૮૫	૪૭૨	૩૦૦ થી ૩૫૯	સંતરોડ રોડ, રત્નદીપ સોસાયટી, ડેમ વસાહત વિગેરે
	૨૩	૦૦	૯૪	૧૦૪૬	૩૫૯/૧ થી ૪૨૯	ડેમ વસાહત, સંતરોડ રોડ, ગોધરા ભાગોળ, કાદરી મસ્જીદ વિગેરે
	૨૪	૦૩	૨૬	૧૪૦	૪૩૦ થી ૫૧૨	ગોધરા ભાગોળ, એસ.ટી. સ્ટેશન રોડ, લુણાવાડા રોડ વિગેરે
	૨૫	૦૦	૧૧	૩૮૨	૫૧૩ થી ૫૯૨/એ	લુણાવાડા રોડ, એસ.ટી.સ્ટેશન સામે, વાડી વિસ્તાર,
	૨૬	૦૦	૦૦	૧૯૯	૫૯૩ થી ૬૫૩/૧	એસ.ટી.સ્ટેશન સામે, સ્ટેશન રોડ, ગોકુલેશ ઓઈલ ડેપોવાળી ગલી, ગોધરા ભાગોળ વિગેરે
	૨૭	૦૦	૦૦	૩૬૫	૬૫૪ થી ૭૧૬/૨	ગોધરા ભાગોળ રોડ
કુલ		૮૩	૩૧૬	૨૬૦૪		

હદનું વર્ણન :

રે.સ.નં.૩૦૪ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૯૫,૯૪ની મધ્યમાં થઈને પૂર્વ તરફ આગળ જતા રે.સ.નં.૯૧ની દક્ષિણ હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૮ની ઉત્તર પૂર્વ તરફ એસ.ટી.સ્ટેશન રોડ ઓળંગી આગળ જતા રે.સ.નં.૭ની મધ્યમાં થઈ રે.સ.નં.૪ની દક્ષિણ હદે અગ્નિ ખૂણાથી ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૫, ૨૨ની પશ્ચિમ હદે તથા વોર્ડ નંબર – ૪ના રે.સ.નં.૩,૨૪ની પૂર્વ હદે ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૨૩ના ઈશાન ખૂણાથી પૂર્વની હદે દક્ષિણ તરફ સંતરોડની પશ્ચિમ તરફના રે.સ.નં.૫ ની પૂર્વની હદે બસ સ્ટેશન ચોકડી ઓળંગી એસ.ટી.સ્ટેશનની પૂર્વની હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૬૨નાં અગ્નિ ખૂણાથી રે.સ.નં.૬૨ની દક્ષિણ હદે પશ્ચિમ તરફ આગળ જતા રે.સ.નં.૩૩૬ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૩૩૩ની પશ્ચિમ હદે ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૩૦૪ના વાયવ્ય ખુણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૭

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૧૨	૦૦	૧૨	૫૫૭	૨૪૨ થી ૩૪૦	શિકારી પીઠુ વિગેરે.
	૧૯	૦૦	૯૭	૪૪૫	૧૦૨ થી ૧૬૪/૨	ગોધરા ભાગોળ રોડ વિગેરે.
	૨૦	૦૫	૫૫	૫૧૪	૧૬૫ થી ૩૩૮	ઢોર માર્કેટ વિસ્તાર, સત્યપ્રકાશ સોસાયટી, સંતરોડ, એલ.આઈ.સી. સામે, મહંમદી સોસાયટી, નાળ વિગેરે.
	૨૧	૨૦	૧૦૬	૭૬૦	૨૩૪/૧ થી ૨૯૯	સરકારી વસાહત, સહકારદીપ સોસાયટી, મંગલજયોત સોસાયટી, સંતરોડ રોડ વિગેરે.
કુલ		૨૫	૨૭૦	૨૨૭૬		

હદનું વર્ણન :

રે.સ.નં.૨૬૧ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતા રે.સ.નં.૨૭૧ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતા રે.સ.નં.૨૭૨ના અગ્નિ ખૂણાથી પૂર્વ તરફ આગળ જતા રે.સ.નં.૨૪૯ના ઈશાન ખૂણેથી સુકી નદીના પશ્ચિમના કિનારે – કિનારે દક્ષિણ તરફ આગળ જતા રે.સ.નં.૨૨૯ની પૂર્વની હદે દક્ષિણ તરફ જતાં ઝાલોદ રોડ ઓળંગી સુકી નદીના પશ્ચિમ કિનારે –કિનારે દક્ષિણ તરફ આગળ જતા રે.સ.નં.૨૨૮ના અગ્નિ ખૂણાથી નરસીંગપુરના સીમાડાની ઉત્તરની હદે પશ્ચિમ તરફ આગળ જતા રે.સ.નં.૩૪૧ના અગ્નિ ખુણાથી દક્ષિણ હદે તથા નરસીંગપુરના સીમાડાની ઉત્તરની હદે પશ્ચિમ તરફ ગોધરા રોડ ઓળંગી દક્ષિણ તરફ આગળ જતા રે.સ.નં.૩૩૯, ૩૬૯, ૩૬૦ના પૂર્વ હદે તથા નરસીંગપુરના સીમાડાની પશ્ચિમ હદે દક્ષિણ તરફ આગળ જતા રે.સ.નં.૭૯, ૩૬૨, ૩૪૯, ૭૫ ની પૂર્વની અને નરસીંગપુરના સીમાડાની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૭૬ના અગ્નિ ખૂણાથી પાદરડીના સીમાડાની ઉત્તરની હદે પશ્ચિમ તરફ આગળ જતા રે.સ.નં.૭૯ના નૈઋત્ય ખૂણેથી ટીબરવાના સીમાડાની પૂર્વ હદે ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૩૬૭ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ વોર્ડ નંબર – ૫ ની દક્ષિણ હદે આગળ જતા રે.સ.નં.૩૩૦ની ઉત્તરની હદે તથા વોર્ડ નંબર – ૬ની દક્ષિણ હદે પૂર્વ તરફ આગળ જતા રે.સ.નં.૬૪ના ઈશાન ખૂણેથી સંત રોડ ઓળંગી ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૨૩ની ઉત્તરની હદે આવેલ ઝાલોદ રોડ ઓળંગી ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૨૬૧ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી પંચ

ગુજરાત રાજય

સચિવાલય, ગાંધીનગર.

સંતરામપુર નગરપાલિકાની કુલ વસ્તી	૧૭૬૩૫	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૨૫૧૯	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૨૭૭૧ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ– ૨૨૬૭
કુલ બેઠકોની સંખ્યા.	૨૧	
સ્ત્રી બેઠકો	૭	——— બેઠક અનુસૂચિત જાતિ ૨ બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૧	તે પૈકી —— સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૫	તે પૈકી ૨ સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૨	
સામાન્ય બેઠકો.	૯	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૨૭૨૩	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૨	૨	૨૫૦૩	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૬૪૧	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૪	૪	૨૫૦૩	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૨૩૮૫	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૬૦૪	અનુસૂચિત આદિજાતિ	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૨૨૭૬	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
કુલ.		૧૭,૬૩૫			

વી.એચ.શાહ
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 161 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] FRIDAY, MAY 4, 2007 /VAISAKHA 14, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા.૪–૫–૨૦૦૭

ક્રમાંકઃ રાચપ–ચટણ–સમક–નપા–ચોરવાડ–૨૦૦૭

ચોરવાડ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ મા સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૬માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી– ૨૯–ઓફ–૨૦૦૭–એનપીએમ–૧૩૨૦૦૫/ ૭૪૨૯(૨૯)આર, તા.૪–૧–૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ચોરવાડ શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તી ગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે ચોરવાડ નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૧ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, પછાતવર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

INDEX

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૪૯–૧૯૯૪ એન.પી.એલ.–૪૫૯૩–૩૬૫૫– એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટા કલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ ઘડેલ, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહીં. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટના પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૨૧૨૪૦ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૦૩૪ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦% વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૭ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ –૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ અને પછાત વર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અને કોઈ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૨	૨૮૩૭	૧૦૬૩	૩૭.૪૭
૨	૪	૨૯૪૬	૪૦	૧.૩૬
૩	૫	૨૯૪૨	૧૨	૦.૪૧
૪	૩	૩૩૧૮	૧૦	૦.૩૦
૫	૧	૩૩૫૫	૦	૦
૬	૬	૨૮૦૩	૦	૦
૭	૭	૩૦૩૯	૦	૦
કુલ		૨૧૨૪૦	૧૧૨૫	

INDEX

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૧ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે જાહેરનામા અન્વયે નિર્ધારિત થયેલ નથી.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૨	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક ફાળવવાની રહેતી નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૨ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વોર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાત વર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાત વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે સામાન્યતઃ પછાત વર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાત વર્ગ અને પછાત વર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાતવર્ગ માટે અનામત રાખેલી કુલ ૨ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

ચોરવાડ નગરપાલિકાના આ સાથેની અનુસૂચિ–૧ મુજબના સૂચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાત વર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાત વર્ગની વસ્તી (અંદાજીત)	પછાત વર્ગની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૧	૩૩૫૫	૩૩૫૫	૧૦૦.૦૦
૨	૭	૩૦૩૯	૩૦૩૯	૧૦૦.૦૦
૩	૬	૨૮૦૩	૨૮૦૩	૧૦૦.૦૦
૪	૫	૨૯૪૨	૨૯૦૨	૯૬.૬૪
૫	૩	૩૩૧૮	૨૭૬૦	૮૪.૦૯
૬	૨	૨૮૩૭	૧૭૦૯	૫૯.૬૦
૭	૪	૨૯૪૬	૧૧૯૯	૪૬.૦૮
કુલ		૨૧૨૪૦	૧૭૭૯૭	

વોર્ડ નં.૧,૭ અને ૬માં પછાત વર્ગની ૧૦૦ % વસ્તી છે. જેથી પછાત વર્ગની કુલ વસ્તી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં ગોઠવતાં વોર્ડ નં. ૧ અને ૭ માં પછાત વર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી વોર્ડ નં.૧ માં પછાત વર્ગની અને પછાત વર્ગની કુલ વસ્તી મુજબ બીજા ક્રમે આવતાં વોર્ડ નં. ૭ માં પછાત વર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. સબબ, વોર્ડ નં.૭ માં પછાત વર્ગ સ્ત્રી બેઠક અને વોર્ડ નં.૧ માં પછાત વર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાત વર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧	પછાત વર્ગ
૭	પછાત વર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

INDEX

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **ચોરવાડ** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજય ચૂંટણી પંચ **ચોરવાડ** નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧
ચોરવાડ નગરપાલીકા/જિલ્લો જુનાગઢ

વોર્ડ નં.૧

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લત્તાવાર, વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નં. થી ઘર નં. સુધી	બ્લોકના વિસ્તારની વિગત.
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી.	કુલ વસ્તી		
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૧	૧	–	–	૭૬૫	૧ થી ૧૪૨	કવાર ફળીયા વિસ્તાર, કોળી વિસ્તાર
	૨	–	–	૫૭૩	૧ થી ૧૧૦	ઘેડીનો પા વિસ્તાર, કોળી વિસ્તાર
	૩	–	–	૬૪૮	૧ થી ૧૦૨	ખાણીયા વિસ્તાર, કોળી વિસ્તાર
	૪	–	–	૫૨૦	૧ થી ૮૬	ખડા વિસ્તાર, કોળી વિસ્તાર
	૫	–	–	૫૪૧	૧ થી ૯૩	હેમબાગ પાસે માંગરોળ રોડથ્ કોળી વિસ્તાર
	૬	–	–	૩૦૮	૧ થી ૪૬	માંગરોળ રોડ,હા વિસ્તાર કોળી
કુલ				૩૩૫૫		

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણે એટલે કે મોજે ઝુજારપુર અને ખંભાળીયાના સીમાડાના ત્રિભાટેથી પૂર્વ તરફ મોજે કુકસવાડાના સીમાડે સીમાડે સ.નં.૬૫૩,૬૪૨,૬૪૧ માં થઈ ચોરવાડ માંગરોળ તરફ જતો નેશનલ હાઈવે ક્રોસ કરીને જે.કુકસવાડાના સીમાડે સીમાડે સ.નં.૫૭૯,૫૭૮ અને ૫૭૫ નાખૂણેથી ઉત્તર તરફ સ.નં.૫૧૩ ની હદથી પૂર્વ તરફ સ.નં.૫૧૩ આવરીલઈ મોજે ધુમલીના સીમાડાના ત્રીભાટેથી દક્ષિણ તરફ જતા સ.નં.૫૧૨,૫૧૧ અને ૫૧૦થી કાણેક ગામના ત્રિભાટેથી પશ્ચિમ દિશામાં સ.નં.૫૦૯,૫૦૬ અને ૫૦૫ ને આવરી લઈને દક્ષિણ દિશા તરફ જતા સ.નં.૫૦૫ નાખૂણેથી કાણેકનાસીમાડે સીમાડે વોર્ડ નં.૨ ની હદે હદે ખાણીયા રોડ સડક થી નેશનલ હાઈવે સુધી અને ત્યાર પછી ખાણીયા વિસ્તાર તરફના રસ્તાના ખૂણાથી જીવાભાઈની દુકાનના ખૂણાથી પશ્ચિમ તરફ જતા માંગરોળ નેશનલ હાઈવેની હદે હદે પાનમાં બાગ,હેમબાગ થઈને નેશનલ હાઈવે ક્રોસ કરી ઝુઝારપુરના સીમાડે સીમાડે પાસ્તાયવાડી,ગીતાવાડી મેરબાગ સ.નં. ૬૪૯,૬૪૭,૬૪૬ થઈને વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વાયવ્ય : (ઉત્તર–પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર – પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ – પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ – પશ્ચિમ)

INDEX

વોર્ડ નં.૨

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લત્તાવાર, વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નં. થી ઘર નં. સુધી	બ્લોકના વિસ્તારની વિગત.
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી.	કુલ વસ્તી		
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૨	૭	૨૬૩	–	૮૧૬	૧ થી ૧૧૯	હરીજનવાસ, હરીજન વિસ્તાર
	૮	૪૮૯	–	૪૯૫	૧ થી ૧૦૦	હરીજનવાસ હરીજન વિસ્તાર
	૯	૨૯૯	–	૫૬૪	૧ થી ૯૨	હાડી હરીજનવાસ, વાલ્મીકી સમાજ
	૧૦	–	–	૨૬૪	૧ થી ૪૧	રબારીવાડા, રબારી વિસ્તાર
	૧૧	૧૨	–	૪૪૪	૧ થી ૯૨	રબારીવાડા માતાજીનો મઢ, રબારી વિસ્તાર
	૧૨	–	–	૨૫૪	૧ થી ૪૦	પીપરી વાવ, રબારી વિસ્તાર
	કુલ	૧૦૬૩	–	૨૮૩૭	–	

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણેથી સ.નં.૭૬૧ અને અરબી સમુદ્ર અને ઝુજારપુરના સીમાડેથી પૂર્વ તરફ જતા સ.નં.૬૯૩,૬૯૧,૬૯૦,૬૮૭,૬૮૬ આવરી લઈ ઝુજારપુરના રસ્તે રસ્તે પૂર્વ તરફ માંગરોળ જતાં નેશનલ હાઈવેની હદે હદે રબારીવાડો,હરીજન વાસ થઈને ખાણીયા વિસ્તારના રસ્તે ઉત્તર તરફ જઈ સ.નં.૫૦૪,૫૦૬ આવરીને મોજે કાણેકના સીમાડેની હદે હદે દક્ષિણ તરફ સ.નં.૪૧૧ આવરી લઈ ખેરા રોડ ક્રોસ કરીને પશ્ચિમ દિશામાં સમડી ચોકની ઉત્તર તરફ હરીજન વાસ તરફ જતા રસ્તાની પૂર્વ તરફ કિનારે કિનારે વોર્ડ.૪ ની હદે હદે હીરાભાઈના મકાન થઈ માધાભાઈ બોરીચાના મકાને થઈ દેવા જીણાના ડેલા પાસેથી રબારીવાડા આવરી લઈ વોર્ડ નં.૪ ની હદે હદે પશ્ચિમ તરફના રસ્તે સ.નં.૭૧૮ આવરી સ.નં.૭૬૧ માં થઈને અરબી સમુદ્રના ઉત્તર તરફના કિનારે કિનારે વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વોર્ડ નં.૩

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લત્તાવાર, વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નં. થી ઘર નં. સુધી	બ્લોકના વિસ્તારની વિગત.
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી.	કુલ વસ્તી		
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૩	૧૪	—	–	૩૪૪	૧ થી ૬૦	ગૌરવપથ રોડ તથા દવાખાના રોડ, પટ્ટણી, કોળી
	૧૫	–	–	૩૫૫	૧ થી ૬૭	પોલીસ લાઈન રોડ, ઈતર જ્ઞાતિ તથા કોળી
	૧૬	–	–	૪૬૬	૧ થી ૮૮	સરકારી દવાખાના રોડ, કોળી
	૧૭	–	–	૨૮૫	૧ થી ૫૩	રામવાવ ચોક, કોળી
	૧૮	–	–	૩૦૫	૧ થી ૬૩	રામદેવ પીર મંદિર વિસ્તાર, કોળી
	૧૯	–	–	૪૩૪	૧ થી ૬૩	બંદર રોડ, કોળી વિસ્તાર
	૨૦	–	–	૨૭૬	૧ થી ૫૧	પંડીત શેરી , કોળી વિસ્તાર
	૨૧	૧૦	૧	૮૫૩	૧ થી ૧૫૦	સેલીનીટી કોલોની વિસ્તાર, કોળી વિસ્તાર
	કુલ	૧૦	૧	૩૩૧૮	–	

હદ નું વર્ણન :–

વાયવ્ય ખૂણે વોર્ડ.૨ તથા કાણેકના સીમાડે સીમાડે પૂર્વ તરફ ખેરા રોડ પર સ.નં.૧૧૨૫ કાણેકના સીમાડે સીમાડે ૧૧૬૪ આવરી દક્ષિણ દિશામાં ગઢ તરફ જતા નેશનલ હાઈવેને ક્રોસ કરી દક્ષિણ દિશામાં વિરેન્દ્ર શાહની વાડી થઈ ન.પા.ની પાંણીની ટાંકી થઈ કાણેકના સીમાડે સીમાડે સ.નં.૩૮૫ થી શરૂ થતી વોર્ડ નં.૫ ની હદ સુધી અને ત્યાથી પશ્ચિમ દિશામાં જાદવ વશરામના મકાન પાસેથી વોર્ડ નં.૫ ની હદે હદે સેલેનીટી કોલોની,અંબાણી હાઈસ્કૂલ,ભવાની માતાજીના પગલાવાળો વિસ્તાર થઈ પંડીત શેરી આવરી લઈ ઉગમણા છેલવાડા થઈ બંદર રોડના ખૂણા સુધી અને ત્યારબાદ બંદર રોડના કિનારે કિનારે ઉત્તર તરફ ધર્મશાળા થઈ ગૌરવપથ ક્રોસ કરી તાલુકાશાળાથી નેશનલ હાઈવેને કિનારે કિનારે પૂર્વ તરફ સરકારી હાઈસ્કુલ,શાંતી સદન,સુમન બાગ થઈને નેશનલ હાઈવે ક્રોસ કરી ઉત્તર દિશામાં વોર્ડ નં.૨ ની હદે હદે ખેરા રોડ સ.નં.૧૧૨૫ વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૪

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લત્તાવાર, વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નં. થી ઘર નં. સુધી	બ્લોકના વિસ્તારની વિગત.
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી.	કુલ વસ્તી		
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૪	૨૨	–	–	૫૩૧	૧ થી ૧૦૪	ચમડી ચોક, કોળી વિસ્તાર
	૨૩	–	–	૩૪૮	૧ થી ૭૮	શકિત ગરબી ચોક, કોળી વિસ્તાર
	૨૪	૨	–	૩૭૫	૧ થી ૭૫	કાલીભડા ચોક, વેલારી /કુંભાર / દરજી,
	૨૫	–	–	૨૭૪	૧ થી ૫૨	સુથારવાડા, સુથાર, વાણીયા, સિંધી લુહાણા
	૨૬	૩૦	–	૨૪૮	૧ થી ૫૪	મોચીવાડા, મોચી
	૨૭	૮	૪	૩૯૯	૧ થી ૭૮	હવેલી ચોક, વાણીયા અને ધોબી, લુહાણા
	૨૮	–	–	૪૨૭	૧ થી ૭૮	આથમણા ઝાપો, બાવાજી, સિંધી
	૧૩	–	–	૩૪૪	૧ થી ૪૫	વાડી વિસ્તાર, કોળી
	કુલ	૪૦	૪	૨૯૪૬	–	

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણે અરબી સમુદ્ર અને વોર્ડ નં.૨ ની હદે સ.નં.૭૬૧ પૈકી શરૂ કરી પૂર્વ તરફ વોર્ડ નં.૨ ની હદે પૂર્વ તરફ સીમ મારગ થઈ રબારીવાડા તરફ જતો રસ્તો ક્રોસ કરી કિલ્લાના ઉત્તર દિશામાં દરવાજા થઈ પૂર્વ તરફ ભીખાભાઈ પાનવાળાના મકાન સુધી અને ત્યાંથી ઈશાન ખૂણા તરફ અવેડા ચોક પાસેથી બસસ્ટેન્ડ ચોકમાંથી, માંગરોળ–ગઢુ રોડ ક્રોસ કરીને સહકારી મંડળી પાસેથી અંબે માતા મંદિર તરફ જતાં રસ્તાની દક્ષિણે તથા વોર્ડનં. ૨ ની હદે હદે જતાં વોર્ડ નં.૩ની હદના ખૂણા પાસેથી દક્ષિણ તરફ જતાં વોર્ડ નં.૩ના ખૂણે ગઢુ રોડની પશ્ચિમ તરફ જતા જગુભાઈનો ડેલો, દેના બેંક, રત્નેશ્વર મંદિરની દક્ષિણે થઈ બંદર રોડ જતાં બંદર રોડના પશ્ચિમ કિનારે કિનારે દક્ષિણ દિશામાં જઈ કોળી જ્ઞાતીના દુવારા થઈ ગઢની રાંગ બાદ પશ્ચિમ દિશામાં સ.નં.૭૪૫ થઈ વોર્ડ નં.૬ ની હદે સ.નં.૭૬૧ માં પ્રવેશ કરી અરબી સમુદ્રના કિનારે કિનારે ઉત્તર દિશામાં વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વોર્ડ નં.૫

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લત્તાવાર, વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નં. થી ઘર નં. સુધી	બ્લોકના વિસ્તારની વિગત.
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી.	કુલ વસ્તી		
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૫	૨૯	–	–	૪૫૮	૧ થી ૭૪	આથમણા ઝાપો, મુસ્લીમ, કોળી
	૩૦	–	–	૩૯૪	૧ થી ૬૦	કાદીવાવ વિસ્તાર, કોળી
	૩૧	૧૨	૫	૪૩૧	૧ થી ૮૨	ભરતવાવ વિસ્તાર, કોળી
	૩૨	–	–	૩૧૬	૧ થી ૫૪	હાજાવાવ વિસ્તાર, કોળી
	૩૩	–	–	૨૫૧	૧ થી ૬૫	મોચી વાવ વિસ્તાર, કોળી
	૩૪	–	–	૫૪૨	૧ થી ૧૦૦	ઘાંચીવાવ વિસ્તાર, કોળી
	૩૫	–	–	૩૦૪	૧ થી ૫૮	ભારોટ વાવ વિસ્તાર, કોળી
	૩૬	–	–	૨૪૬	૧ થી ૫૧	વિસણવેલ જતા રસ્તે દાદરોડની કાદી, કોળી
	કુલ	૧૨	૫	૨૯૪૨	–	

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણે બંદર રોડથી વોર્ડ નં.૩ની હદે હદે પૂર્વ દિશા તરફ જતા વીરાખાડો,હાજાવાવ થઈકોળી વાડો થઈ વિષણવેલ જતા રસ્તાને ક્રોસ કરી સ.નં.૩૮૫ આવરી લઈ મોજે કાણેકના સીમાડે સીમાડે થઈ વિષણવેલના સીમાડે સ.નં.૩૮૩,૩૮૨,૩૮૧,૩૮૦ થઈ સ.નં.૩૫૨ આવરી લઈ મોજે વિષણવેલના સીમાડે સીમાડે દક્ષિણ દિશા તરફ જતા વોર્ડ નં.૭ ની હદના ખૂણે થઈ પશ્ચિમ દિશામાં રાજાવાવ થઈ વોર્ડ નં.૭ ની હદે હદે સ.નં.૩૭ આવરી લઈ બંદર રોડના કિનારે કિનારે વડોવન તરફ જતો રસ્તો ક્રોસ કરી સ.નં.૨૮–૨૭ થઈ વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

INDEX

વોર્ડ નં.૬

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લત્તાવાર, વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નં. થી ઘર નં. સુધી	બ્લોકના વિસ્તારની વિગત.
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી.	કુલ વસ્તી		
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૬	૩૭	–	–	૩૧૫	૧ થી ૭૦	અખેડા વિસ્તાર, કોળી
	૩૮	–	–	૩૪૨	૧ થી ૬૧	હોળીખાડો વિસ્તાર, કોળી
	૩૯	–	–	૩૯૮	૧ થી ૩૫	ખાણ વિસ્તાર કોળી
	૪૦	–	–	૪૦૦	૧ થી ૩૬	મચ્છી માર્કેટ વિસ્તાર, મુસ્લીમ, કોળી ,બાવાજી, સિંધી
	૪૧	–	–	૩૨૦	૧ થી ૬૮	બંદર રોડ, કોળી, બાવાજી
	૪૨	–	–	૧૯૬	૧ થી ૩૭	રાતડી વાવ વિસ્તાર, કોળી
	૪૩	–	–	૩૦૭	૧ થી ૫૪	રાતડી વાવ વાડી વિસ્તાર, કોળી
	૪૪	–	–	૫૨૫	૧ થી ૧૦૪	ઝરારી વિસ્તાર, કોળી
	કુલ	–	–	૨૮૦૩	–	

હદનું વર્ણન :

વાયવ્ય ખૂણે સ.નં.૭૬૧ પૈકી અને અરબી સમુદ્ર કિનારે તથા વોર્ડ નં.૪ ની હદથી શરૂ કરી પૂર્વ તરફ જતા સ.નં.૭૩૫ થી વોર્ડ નં.૪ ની હદે હદે સ.નં.૭૩૯ થઈ ગઢની રાંગે અને વોર્ડ નં.૪ ની હદે હદે બંદર રોડના ખૂણે થઈ દક્ષિણ દિશામાં બંદર રોડના કિનારે કિનારે સ.નં.૧૦૪૬,૧૦૩૧ થઈ રાતડી સીમશાળા જતો રસ્તો ક્રોસ કરી વોર્ડ નં.૭ ની હદના ખૂણા સુધી પશ્ચિમ દિશા તરફ સ.નં.૬૦ અને રાજા રામની વાડીએથી જતા જતા બટુક જેસાની વાડીએથી સ.નં.૭૬૧ ના સમુદ્રના કિનારે કિનારે ઉત્તર દિશામાં વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વોર્ડ નં.૭

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેસન્સ બ્લોક, લત્તાવાર, વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નં. થી ઘર નં. સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી.	કુલ વસ્તી		
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૭	૪૫	–	–	૫૩૪	૧ થી ૧૧૮	નવી ઝરારી વિસ્તાર, કોળી
	૪૬	–	–	૬૨૫	૧ થી ૧૧૧	બંદર વિસ્તાર, ખારવા
	૪૭	–	–	૬૦૦	૧ થી ૯૭	મછીયારાવાડો, મુસ્લીમ
	૪૮	–	–	૬૮૫	૧ થી ૧૧૫	ખાણ વિસ્તાર, કોળી
	૪૯	–	–	૪૮૪	૧ થી ૮૯	ખાણ વિસ્તાર, કોળી
	૫૦	–	–	૧૧૧	૧ થી ૪૧	કોલોની વિસ્તાર, કોળી, બાવાજી
	કુલ	–	–	૩૦૩૯	–	

INDEX

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણે સ.નં.૭૬૧/૧ અને સમુદ્ર કિનારે વોર્ડ નંબર–૪ ના હદના ખૂણેથી પૂર્વ દિશામાં જતા વોર્ડ નં.૬ ની હદે હદે પૂર્વ તરફ જતા બટુકભાઈની, જેસાભાઈની વાડી ના સેઢે ચાલતા રાજારામની વાડીના સેઢે થી બંદર રોડ સ.નં.૯૯૧ માં પ્રવેશ કરી અને બંદર રોડ ક્રોસ કરીને સ.નં.૬૦ માં પ્રવેશ કરી અને વોર્ડ નં.૫ ની હદે હદે જતા રૂડાભાઈ પંડીતના ખેતરના સેઢે થી મના હમીરના ખેતર સુધી જઈ અને વોર્ડ નં.૫ ની હદના ખૂણે સ.નં.૧૮૮/૧ વિષણવેલ ગામના સીમાડાથી દક્ષિણ દિશા તરફ જતા સ.નં.૧૮૮/૧ આવરી લઈ નદીનાં કાંઠે કાંઠે જતા મેઘલ ડેમ પાસેથી સ.નં.૧૧૩૮ ને આવરી લઈ સ્મશાન પાસેથી સમુદ્ર કિનારે કિનારે પશ્ચિમ દિશા તરફ જતા ખારવાવાડો બંદર સ.નં.૧૩૨ હોલીડે કેમ્પ સ.નં.૬૬૧ ભુખરી ખાણ વિસ્તારથી સમુદ્રના કિનારે કિનારે જતા દુધેશ્વર મહાદેવના મંદિરથી ઉત્તર દિશા તરફ સ.નં.૭૬૬–૭૬૫–૭૬૪–૭૬૩–૭૬૨ થી ઉત્તર દિશામાં વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વી. એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી પંચ

ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

ચોરવાડ નગરપાલિકાની કુલ વસ્તી	૨૧૨૪૦	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૩૦૩૪	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૩૩૩૭ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૨૭૩૧
કુલ બેઠકોની સંખ્યા.	૨૧	
સ્ત્રી.બેઠકો	૭	–– બેઠક અનુસૂચિત જાતિ –– બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાત વર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૧	તે પૈકી –– સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	--	તે પૈકી–– સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો	૯	
સામાન્ય બેઠકો	૧૨	

INDEX

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૩૫૫	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૨	૨	૨૮૩૭	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૩	૩	૩૩૧૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૨૯૪૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૨૯૪૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૮૦૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૦૩૯	પછાત વર્ગ	સામાન્ય	સામાન્ય
કુલ.		૨૧૨૪૦			

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 162 REGISTERED No. G/GNR/2

© सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] FRIDAY, MAY 4, 2007 /VAISAKHA 14, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા. ૪–૦૫–૨૦૦૭

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–નપા–કરમસદ–૨૦૦૭

કરમસદ નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૯ઓફ–૨૦૦૭–એનપીએમ–૧૩૨૦૦૫/ ૭૪૨૯(૯)આર, તા.૪–૧–૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, કરમસદ શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે કરમસદ નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૭ બેઠકો નકકી કરેલ છે તેમજ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, પછાતવર્ગ તેમજ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૪૯–૧૯૯૪ એન.પી.એલ.–૪૫૯૩–૩૬૫૫– એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

INDEX

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૨૮,૯૫૫ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩,૨૧૭ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડ નં.૧ સિવાય કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦% વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૯ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુસૂચિત જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુસૂચિત જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૩	૨૯૫૯	૪૨૫	૧૪.૩૬
૨	૯	૩૪૮૭	૨૧૭	૬.૨૨
૩	૨	૩૦૫૭	૪૭	૧.૫૪
૪	૫	૩૩૧૭	૪૨	૧.૨૭
૫	૬	૩૩૪૦	૩૭	૧.૧૧
૬	૮	૩૩૩૩	૨૯	૦.૮૭
૭	૪	૩૧૮૨	૨૦	૦.૬૩
૮	૭	૩૪૪૧	૧૧	૦.૩૨
૯	૧	૨૮૩૯	૦	૦.૦૦
કુલ		૨૮૯૫૫	૮૨૮	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં ૩ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

INDEX

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૩ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૩	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક ફાળવવાની રહેતી નથી.

કુલ બેઠકોની સંખ્યા.	૨૧	
સ્ત્રી બેઠકો	૭	૧ બેઠક અનુસૂચિત જાતિ – બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૨	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી– સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૧	
સામાન્ય બેઠકો.	૧૦	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૨૩૯	અનુસૂચિત જાતિ	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૩૦૦૮	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૨૩૭	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૪	૪	૩૪૫૩	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૩૦૭૭	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૬	૬	૩૦૭૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૦૮૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ		૨૨૧૭૨			

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી અધ્યક્ષ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No.170 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] THURSDAY, MAY 17, 2007/VAISAKHA 27, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

GANDHIDHAM DEVELOPMENT AUTHORITY

Adipur (Kachchh), 16th May, 2007.

Notice

5GDA(5)/2007/370.- The Gandhidham Development Authority, in exercise the powers conferred by Section 6 of the Gandhidham (Development & Control on Erection of Buildings) Act, 1957 proposes to issue Amendments Nos. 44 to the Gandhidham (Development & Control on Erection of Buildings) Directions, 1960 Draft Notifications of all the above proposals are published here under.

Notice is hereby given that any person who is likely to be effected, may communication in writing, objections/suggestions to the undersigned within 35 days from the date of publication of this Notice in the official Gazette (The Gujarat Government Gazette).

By order and in the name of the Authority,

K. J. BHAGORA,
Secretary,
Gandhidham Development Authority.

INDEX

GANDHIDHAM DEVELOPMENT AUTHORITY

Adipur (Kachchh), 16th May, 2007.

DRAFT DIRECTIONS

5GDA(5)/2007/369.- In exercise of powers conferred by section-6 of the Gandhidham (Development & Control on Erection of Buildings) Act, 1957, proposes to issue Amendment No. 44 to the Gandhidham (Development & Control on Erection of Buildings) Directions, 1960, as under:

(i) These Directions may be called the Gandhidham (Development & Control on Erection of Buildings) Directions (Amendment No. 44) of 2007.

(ii) The Direction No. 14(d) be inserted after Direction No. 14 (c) (3) as under.

14 (d) The type of construction, development & Beautification of Garden on park plot are as per table given hereunder ;

Directions for Development & Beautification of Garden on Park Plot as mentioned below are hereby approved.

Sr. No.	Plots in Master Plan	Type of Development for which the zone is primarily intended.	Type of Development which may be permitted by the competent Authority.	Type of Development which may not be permitted.	Remarks
1.	Plots demar cated as gardens, public parks, recrea-tional grounds.	1)Recreation of any type, shops for eateries and gaming part incidental to recreation, aquarium, natural reserve and sanctuary race track, shooting range, zoo, nursery, botanical garden, planetarium, amusement park, swimming pool, exhibition and mela, restaurants, recreational use of water park.		All other uses not mentioned in col. 3 & 4	1) The Built up area (ground coverage) shall not exceed 15 % of the plot area. 2) The maximum permissible FSI shall not exceed 0.15 and only ground floor be permitted.

Yours faithfully,

K. J. BHAGORA,
Secretary.

Government Central Press, Gandhinagar.

INDEX

Extra No. 171

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] FRIDAY, MAY 18, 2007 / VAISAKHA 28, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election, Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,
ગાંધીનગર તા. ૧૮–૫–૨૦૦૭

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–નપા–જામજોધપુર–૨૦૦૭

જામજોધપુર નગરપાલિકા(જી.જામનગર)ની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૧૦૫–ઓફ–૨૦૦૭–એનપીએમ–૧૩૨૦૦૫/ ૭૪૨૯(૦૫)આર, તા.૫–૩–૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે,જામજોધપુર શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારેજામજોધપુર નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૧ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, પછાત વર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩:૩૬૫૫: એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા

INDEX

કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ ઘડેલ છે. જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૨૨,૬૬૧ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૨૩૭ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી કોઈ વોર્ડમાં વધુ વધ–ઘટ થવા પામેલ નથી.

૮. શહેરના ૭ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉત્તરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારીત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારીત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૫	૩૦૯૯	૬૭૦	૨૧.૬૨
૨	૭	૩૪૬૫	૪૪૩	૧૨.૭૮
૩	૬	૩૪૨૮	૧૫૪	૪.૪૯
૪	૨	૨૯૭૯	૪૮	૧.૬૧
૫	૧	૩૩૯૨	૫	૦.૧૫
૬	૩	૨૯૧૫	૦	૦
૭	૪	૩૩૮૩	૦	૦
કુલ		૨૨૬૬૧	૧૩૨૦	

INDEX

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૫માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૫ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૫	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારીત થયેલ નથી જેથી ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૬. જાહેરનામા અન્વયે ૨ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારીત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારીત થયેલ છે.

૧૭. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૨ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

જામજોધપુર નગરપાલિકાના આ સાથેની અનુસૂચિ–૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૧	૩૩૯૨	૧૩૮૧	૪૦.૭૧
૨	૩	૨૯૧૫	૬૯૫	૨૩.૮૪
૩	૨	૨૯૭૯	૬૬૮	૨૨.૪૨
૪	૭	૩૪૬૫	૩૫૧	૧૦.૧૩
૫	૫	૩૦૯૯	૨૩૦	૭.૪૨
૬	૬	૩૪૨૮	૨૧૬	૬.૩૦
૭	૪	૩૩૮૩	૧૫૦	૪.૪૩
	કુલ	૨૨૬૬૧	૩૬૯૧	

પછાત વર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં. ૧ અને ૩ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી બીજા ક્રમે પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. તદ્નુસાર વોર્ડ નં.૧ માં પછાતવર્ગ અને વોર્ડ નં.૩ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧	પછાતવર્ગ
૩	પછાતવર્ગ સ્ત્રી

૧૮. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી બાકી રહેતી બેઠક સ્ત્રી અનામત બેઠક અને બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

INDEX

૧૯. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **જામજોધપુર** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૦. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૧. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ, **જામજોધપુર** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી. એચ. શાહ

સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧
જામજોધપુર નગરપાલિકા, જી જામનગર

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.આ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧૫	૫	૦	૬૯૨	૮૨ થી ૩૩૭	ગેસ્ટ હાઉસ રોડ, વેણુવાડી વિસ્તાર.
	૧૬	૦	૦	૨૮૫	૧ થી ૧૦, ૧૧ થી ૩૧, ૩૨ થી ૭૧	સત્યનારાયણ મંદીર રોડ
	૧૭	૦	૦	૩૧૦	૭૨ થી ૧૭૮, ૧૭૯ થી ૨૫૯, ૨૬૦થી૩૦૫	એસ.બી.એસ. શાખા
	૧૮	૦	૦	૨૧૪	૩૦૬થી૪૧૩,૪૧૪થી૫૪૯, ૫૫૦થી૫૮૪	બસસ્ટેશન સામેનો વિસ્તાર
	૧૯	૦	૦	૭૬૦	૫૮૫ થી ૬૬૮, ૧ થી ૬૧, ૬૨ થી ૨૧૧	પંચવટી સોસાયટી, રામવાડી
	૪૫	૦	૦	૪૮૨	૨૧૨ થી ૨૭૩, ૧ થી ૧૫, ૮૦ થી ૮૮	ધર્મશાળાની પાછળનો વિસ્તાર, ખોજાખાના લાઈબ્રેરી
	૪૨	૦	૦	૬૪૯	૮૯ થી ૧૭૪, ૮ થી ૨૬	દોઢીયાવાડી, પટેલ સમાંજવાળી શેરી
	કુલ	**૫**	**૦**	**૩૩૯૨**		

INDEX

હદનું વર્ણન

સી. એચ. સી. હોસ્પિટલના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ મેલાણ ગામના દક્ષિણના સીમાડાની હદે હદે રે. સ. નં. ૧૩૮૬,૧૩૮૫,૧૪૧૦,૧૪૦૯,૧૪૦૭,૧૪૦૬,૧૪૨૫,૧૬૨૬,૧૬૩૩ ને આવરી લઈ ૧૬૩૨ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ રેલ્વે સ્ટેશન ક્રોસ કરી પશુ દવાખાના થઈ સ. વ. પ. હાઈસ્કુલ રોડે રોડે પટેલ ઓઈલ મીલના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ કો. ઓપરેટીવ રોડે રોડે સ્ટેશન રોડ સુધી, ત્યાંથી દક્ષિણ તરફ રેલ્વે સ્ટેશન રોડે રોડે, ધર્મશાળા તથા આગાખાનને આવરી લઈ , પટેલ કન્યા છાત્રાલય રોડ સુધી, ત્યાથી પશ્ચિમ તરફ છાત્રાલય તરફના રોડે રોડે નગરનો માર્ગ ક્રોસ કરી દોઢીયાવાડીને આવરી લઈ બાલવાના પૂર્વના સીમાડાની હદે રે. સ. નં. ૧૬૫૩ ના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ઉત્તર તરફ રે. સ. નં. ૧૬૫૬/૨, ૧૬૫૬/૧,૧૬૫૭, ૧૬૫૮,૧૬૫૯, ૧૬૬૮, ૧૬૬૬, ૧૬૭૦, ૧૬૭૧, ૧૬૭૨/૧,૧૭૬૨/૨, ૧૬૭૨/૩,૧૬૭૨, ૧૩૯૧,૧૩૯૦ આવરી લઈ રેલ્વે પાટા, બાલવા રોડ ક્રોસ કરી સી. એચ. સી. હોસ્પિટલ સુધીના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર–પશ્ચિમ)

ઈશાન : (ઉત્તર – પૂર્વ)

અગ્નિ : (દક્ષિણ – પૂર્વ)

નૈઋત્ય : (દક્ષિણ – પશ્ચિમ)

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.આ. જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧૧	૦	૦	૪૭૦	૨૧૮ થી ૩૬૬, ઘ૬૭ થી ૪૩૮	ગાયત્રીનગર પોલીસલાઈન
	૧૨	૬	૦	૪૦૦	૩૮ થી ૧૦૯, ૧૧૦ થી ૨૨૭, ૧ થી ૫૮	સ.વ.પ. હાઈસ્કુલ પાછળ
	૧૩	૨૩	૧૨	૨૨૧	૫૯ થી ૯૯, ૧૦૦ થી ૧૨૨	સ્ટેશન પ્લોટ વિસ્તાર
	૧૪	૮	૪૧	૮૧૧	૧ થી ૨૪, ૨૫ થી ૩૧, ૪૨ થી ૮૧	કોર્ટ રોડ, મામલતદાર કચેરી પાસેનો વિસ્તાર
	૪૦	૦	૦	૪૦૦	૪૪ થી ૫૦૦, ૬૧ ક થી ૫૨૯	સોમનાથ સોસાયટી, સરકારી દવાખાના ક્વાર્ટર્સ
	૪૧	૧૧	૩૧૪	૬૭૭	૪૬૧ થી ૪૬૬, ૧ થી ૩૭	બાલમંદીર રોડ, ઝુપડપટ્ટી વિસ્તાર
	કુલ	૪૮	૩૬૭	૨૯૭૯		

હદનું વર્ણન :–

મેલાણ ગામના દક્ષિણના સીમાડાની હદે રે.સ.નં. ૧૬૩૦ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી રે.સ.નં. ૧૬૩૨,૧૬૩૦,૧૬૨૮, ૧૬૨૭, ૧૬૧૩, ૧૬૧૭, ૧૬૧૮, ૧૬૨૦, ૧૬૨૧, ૧૫૮૬, ૧૫૮૭ ને આવરી લઈ ધ્રાફા રોડ સુધી ત્યાંથી દક્ષિણ તરફ ધ્રાફા રોડેરોડે ગાયત્રી મંદીર મીની બસ સ્ટેન્ડે કોર્ટ રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રોડેરોડે લુહાણા મહાજન વાડીની નૈઋત્ય ખૂણે રેલ્વે સ્ટેશન રોડ સુધી ત્યાંથી ઉત્તર તરફ રેલ્વે સ્ટેશન રોડે રોડે પટેલ મીલના નૈઋત્ય ખૂણાસુધી ત્યાંથી પૂર્વ તરફ પટેલ ઓઈલ મીલના દક્ષિણની હદે હદે કો.ઓપ. રોડેરોડે ઉત્તર તરફ સ.વ.પ. હાઈસ્કુલ રોડે રોડે રેલ્વે સ્ટેશન ક્રોસ કરી આવરી લઈ સર્વે. નં. ૧૬૩૦ ના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘર નંબરથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.આ. જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૫	૦	૦	૪૬૩	૧ થી ૫૩, ૫૪ થી ૬૫, ૧૦૭ થી ૧૦૯	લાડવા શેરી, પાવરીયા વિસ્તાર
	૬	૦	૦	૩૫૭	૩૦૧ થી ૩૮૯, ૩૯૦ થી ૪૪૪	ગીગણી નાકા વિસ્તાર, ભગવતીપરા
	૭	૦	૦	૭૮	૧ થી ૩૮, ૩૯ થી ૧૧૨	આશ્રમ રોડ, ગંજીવાડો વિસ્તાર
	૮	૦	૦	૪૪૩	૧૧૩ થી ૨૦૦, ૨૦૧ થી ૨૨૭, ૧ થી ૬૫	ગાંધીચોક સાંકડી બજાર
	૯	૦	૦	૯૨૨	૬૬ થી ૨૭૮, ૨૭૯ થી ૩૦૦	ઉમીયાનગર સોસાયટી
	૧૦	૦	૦	૬૫૨	૩૦૧ થી ૩૪૮	તિરૂપતી સોસાયટી , મીની બસસ્ટેશન પાછળ વિસ્તાર
	કુલ	૦	૦	૨૯૧૫		

હદનું વર્ણન :–

ધ્રાફા રોડે રે. સ.નં. ૬૩૫ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી કોટડા ગામના દક્ષિણના સીમાડાની હદેહદે રે.સં.નં. ૬૩૫,૬૩૬ ને આવરી લઈ ૬૩૮ ના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ગીગણી ગામના પશ્ચિમના સીમાડાની હદેહદે રે. સ. નં. ૪૪૬,૪૪૮, ૪૮૬, ૪૩૫ ને આવરી લઈ (ચીત્રકુટ સોસાયટી જલારામ મંદિરને આવરી લઈ) ગીગણી રોડ ક્રોશ કરી મધર ટેરેસા સ્કુલ સુધી ત્યાંથી ઉત્તર તરફ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સરસ્વતી સ્કુલ, અજીત ખાંડસરી ઉદ્યોગને આવરી લઈ વિકાસ નગર પૂર્વની હદેહદે જુના જકાતનાકા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ લાડવા શેરીના નૅઋત્ય ખૂણે પાણીના ટેન્ક પોસ્ટ સુધી ત્યાંથી ઉત્તર તરફ લાડવા શેરીના પશ્ચિમની હદેહદે સુભાષ રોડેરોડે નહેરૂ રોડેરોડે ગંજીવાડાને આવરી લઈ આઝાદ ચોક–ગાંધીચોક થઈ પોષ્ટ ઓફીસ રોડેરોડે જી.ઈ.બી. બોર્ડ, મીની બસ સ્ટેન્ડ ચોક સુધી ત્યાંથી ઉત્તર તરફ જતા ધ્રાફા રોડેરોડે રે.સ.નં. ૬૩૫ના વાયવ્ય ખૂણાસુધીમાં સમાવિષ્ટ તથા તમામ વિસ્તાર.

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘર નંબરથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.આ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૨૦	૦	૦	૯૩૬	૧૬ થી ૭૯, ૧ થી ૫૬	પટેલ સમાજ રોડ, માકડીયા શેરી
	૨૧	૦	૦	૩૨૨	૫૭ થી ૮૬, ૮૭ થી ૧૪૬, ૧૪૭ થી ૧૭૦	શાક માર્કેટ વિસ્તાર
	૨૨	૦	૦	૪૫૩	૧૭૧ થી ૧૮૫, ૧૮૬ થી ૨૫૬	શીતલા મંદીરની બાજુની શેરી, સેન્ટ્રલ બેંક વિસ્તાર

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
	૨૩	૦	૦	૩૮૧	૨૫૭ થી ૩૦૨, ૧ થી ૧૨, ૧૩ થી ૪૪	સાંકડી શેરી
	૨૪	૦	૦	૨૬૦	૧૭૧/૧, ૧૭૨ થી ૨૧૦	આઝાદ ચોક, ગાંધી ચોક
	૩૦	૦	૦	૫૩૫	૧ થી ૧૯	શંભુનિવાસ, બોરડી નાકુ, ખેતલા શેરી
	૩૨	૦	૦	૪૯૬	૧૧૮ થી ૧૯૦, ૧૯૧ થી ૩૨૪	ખરાવાડ વિસ્તાર
	કુલ	૦	૦	૩૩૮૩		

હદનું વર્ણન :–

બાલવાના સીમાડે આવેલ રેવન્યુ સ.નં. ૧૬૫૩ની વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ આગળ વધતા નાનજીબાપાની દોઢીયાવાડી થી નગરનો માર્ગ ક્રોસ કરી પાટીદાર સેવા સમાજથી કન્યા છાત્રાલયના રોડની હદેહદે પૂર્વના ખૂણે ગાંધીચોક આવેલ છે ત્યાંથી દક્ષિણ તરફ આગળ વધતા આઝાદ ચોક તથા તેની હદેહદે નહેરૂ રોડના ખૂણે વજુભાઈ પાલવાળાનું મકાન થઈ તેની પશ્ચિમ તરફ સુભાષ રોડની હદે હદે ખેતલાશેરીની ઉત્તરે થઈ રે.સ.નં. ૧૬૫૪ થઈ બાલવાના સીમાડાની હદે હદે ઉત્તર તરફ સ. નં. ૧૬૫૩ ના વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ થતો અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.આ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૨૯	૪૭૪	૦	૫૨૨	૧૬૧ થી ૧૮૪, ૧૮૫ થી ૧૯૩,૧ થી ૯૨	બાલા હનુમાનજી મંદીર વિસ્તાર, ચોરા શેરી
	૩૧	૦	૦	૭૨૨	૧૯૬ થી ૭૯, ૮૦ થી ૧૧૭	જામવાળી જાંપા, દરબારગઢ
	૩૩	૦	૦	૩૨૧	૩૨૫ થી ૪૨૧, ૧ થી ૬૩	સગર પા. પોલીસ સ્ટેશન પાસે
	૩૪	૧૮૭	૦	૫૪૨	૬૪ થી ૧૧૬, ૧૦૨ થી ૧૨૪	સીનેમા સામેનો ચોક
	૩૫	૯	૦	૨૪૭	૧૨૫ થી ૧૮૨	પીપળેશ્વર ઘરારનગર
	૩૬	૦	૦	૪૮૦	૧૮૩ થી ૨૫૩	ઘાસ ગોડાઉન, તળાવ નેશ
	૩૯	૦	૦	૨૬૫	૨૫૪ થી ૨૫૯	ખડખડ નેશ, ખારીવાવ વિસ્તાર
	કુલ	૬૭૦	૦	૩૦૯૯		

હદનું વર્ણન :–

રે.સ.નં. ૧૬૯૩ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી ચીકાણીની વાડી વિસ્તારની હદે ખેતલા શેરીનો રોડની હદેહદે પૂર્વ ખૂણાથી આગળ જતા બોરડી નાકારોડનીદક્ષિણે જતાં હર્ષદ માતાજી મંદિર, પોલીસ સ્ટેશનનો ખૂણો આવેલ છે ત્યાંથી પૂર્વ તરફ જતા અન્નપૂર્ણા સીનેમાં થઈ દક્ષિણે જકાતનાકું આવેલ ત્યાંથી દક્ષિણ તરફ જતાં મહાદેવવાડીની થઈ પીપળેશ્વર મહાદેવ મંદિર થઈ પાટણ રોડ ક્રોસ કરી આગળ જતા ખડખડતી વિસ્તારની હદે જતા ઉત્તરના વાયવ્ય ખૂણે રે.સ.નં. ૨૩૬૫ ના ખૂણે ઘાસ ગોડાઉન થઈ સ. નં. ૨૩૪૦,૧૭૫૨,૧૬૯૨ ની પૂર્વમાં થઈ રે. સ. નં. ૧૬૯૩ ના વાયવ્ય ખૂણા સુધીમાં અંદરનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

INDEX

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘર નંબરથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.આ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૫	૯	૨	૬૯૧	૪૫ થી ૬૦, ૬૧ થી ૧૧૩	લીમડા ચોક વિસ્તાર
	૨૬	૦	૦	૫૯૮	૧૧૪ થી ૧૪૫	ભુત મેડી વિસ્તાર, મહલા પા.
	૨૭	૦	૦	૩૪૨	૧ થી ૫૦	નહેરૂ રોડ, હવેલી શેરી પાસે
	૨૮	૦	૦	૭૦૩	૫૧ થી ૧૦૯, ૧૧૦ થી ૧૬૦	ઉપાશ્રય રોડ, પટેલની ડેલી વિસ્તાર
	૩૭	૦	૦	૩૫૫	૯૩ થી ૧૭૦, ૧ થી ૬૮	બેરીસ્ટર ચોક વિસ્તાર, બાણુગરીયા શેરી વિસ્તાર.
	૪૩	૧૪૫	૦	૭૩૯	૬૯ થી ૧૦૧	ડોલા ચોક લીમડા ચોક વિસ્તાર
	કુલ	૧૫૪	૨	૩૪૨૮		

હદનું વર્ણન :–

ગામના ચોરાથી ઉત્તરે આગળ જતા ખાંટ પા રોડની હદેહદે આગળ જતા ખેતલા રોડની હદેહદે વાછાણીની વાવ હદે થઈ સુભાષ રોડે રોડે આગળ જતા પૂર્વના ખૂણે લાડવા શેરી સુધી ત્યાંથી દક્ષિણે લાડવા શેરીના ખૂણે થઈ પશ્ચિમે એસ.વી.પી. રોડની હદે, ભાટીયા શેરી થઈ દેવભુવન સુધી. ઉત્તરે ગામના ચોરા સુધીમાં સમાવિષ્ટ થતો વિસ્તાર

વોર્ડ નં.૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘર નંબરથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.આ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૧	૫૫	૦	૭૨૬	૧ થી ૨૧૩	હરીજનવાસ વિસ્તાર
	૨	૦	૦	૫૦૬	૨૧૪ થી ૨૮૬	લીમડા ચોક વિસ્તાર
	૩	૦	૦	૯૩૬	૨૮૭ થી ૩૯૨	ભંગીવાસ વિસ્તાર
	૪	૧	૧	૪૩૩	૩૯૩ થી ૪૦૫	કતલખાના શેરી
	૩૮	૦	૦	૩૪૦	૬૬ થી ૧૦૬	ગીગણી નાકા વિસ્તાર
	૪૪	૩૮૭	૦	૫૨૪	૧૧૦ થી ૨૯૮	વિકાસ નગર વિસ્તાર
	કુલ	૪૪૩	૧	૩૪૬૫		

હદનું વર્ણન :–

રે.સ.નં. ૬/૧ જેના વાયવ્ય ખૂણે નગરપાલીકાનો ઢોરનો ડબ્બો જેની પૂર્વ તરફ મસ્જીદની હદે આગળ જતા ડો. આંબેડકર રોડની આગળ રબારી પા તથા પૂર્વના ખૂણે નગરપાલીકાનું જુનું જકાતનાકુ આવેલ તેની દક્ષિણે નવુ વાઘરીવાસની આગળ જતા ગીગણીના સીમાડાના રે.સ.નં. ૪૩૩, ૪૩૦,૪૨૬, ૩૯૫, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૦ ના ખૂણેથી પશ્ચિમ તરફના રે.સ.નં. ૪૦૧,૪૦૨, ૪૦૪, ૪૦૫, ૬/૩, ૬/૨, ૬/૧ ના ઉત્તરના વાયવ્ય ખૂણે નગરપાલીકાના ઢોરના ડબ્બા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વી.એચ.શાહ,
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

INDEX

અનુસૂચિ–૨

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર

જામજોધપુર નગરપાલિકાની કુલ વસ્તી	**૨૨૬૬૧**	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૩૨૩૭	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ–૩૫૬૧ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૨૯૧૩
કુલ બેઠકોની સંખ્યા.	૨૧	
સ્ત્રી બેઠકો	૭	= બેઠક અનુસૂચિત જાતિ. – બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૧	તે પૈકી – સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	--	તે પૈકી–– સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૯	
સામાન્ય બેઠકો.	૧૨	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૩૯૨	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૨૯૭૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૯૧૫	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૩૮૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૩૦૯૯	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૬	૬	૩૪૨૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૪૬૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ.		**૨૨૬૬૧**			

વી.એચ.શાહ,
સચિવ
રાજ્ય ચૂંટણી પંચ
ગાંધીનગર

IV-C-Ex.-171-3

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 172 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] FRIDAY, MAY 18, 2007 /VAISAKHA 28, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election, Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

ગાંધીનગર. તા. ૧૮–૦૫–૨૦૦૭

ક્રમાંક:રાચપ–ચટણ–સમક–નપા–ભાણવડ–૨૦૦૭

ભાણવડ નગરપાલિકા(જી.જામનગર)ની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: કેવી–૧૦૪–ઓફ–૨૦૦૭–એનપીએમ–૧૩૨૦૦૫/ ૭૪૨૯(૬૪)આર, તા.૫–૩–૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **ભાણવડ** શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે **ભાણવડ** નગરપાલિકાને ૭ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૧ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, પછાત વર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારીત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩:૩૬૫૫: એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો

INDEX

૧૯૯૪, ધડેલ છે. જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૧૯,૭૧૮ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૭ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૨૮૧૭ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી સેન્સસના બ્લોક મોટા હોઈ તોડવાનું શકય ન હોઈ વોર્ડ નં. ૫ માં નહીવત વસ્તી ઘટ થવા પામે છે.

૮. શહેરના ૭ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અને ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૭ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૨	૩૦૫૯	૮૮૧	૨૮.૮૦
૨	૪	૨૮૫૭	૩૦૧	૧૦.૫૪
૩	૭	૨૬૩૮	૨૫૧	૯.૫૧
૪	૫	૨૪૬૯	૨૨૨	૮.૯૯
૫	૧	૨૬૬૨	૧૧૭	૪.૪૦
૬	૩	૩૦૪૩	૨૨	૦.૭૨
૭	૬	૨૯૯૦	૩૦	૧.૦૦
કુલ		૧૯૭૧૮	૧૮૨૪	

INDEX

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૨ તથા ૪માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બે બેઠકો પૈકી અનુસૂચિત જાતિ સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા બીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૨ માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં.૪માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૨ તથા ૪માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૨	અનુસૂચિત જાતિ
૪	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી જેથી ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૨ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વોર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાત વર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાત વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાત વર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાત વર્ગ અને પછાત વર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૨ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

ભાણવડ નગરપાલિકાના આ સાથેની અનુસૂચિ–૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાત વર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૧	૨૬૬૨	૨૧૩૦	૮૦.૦૧
૨	૪	૨૮૫૭	૧૭૧૪	૫૯.૯૯
૩	૫	૨૪૬૯	૯૮૭	૩૯.૯૮
૪	૬	૨૯૯૦	૮૯૭	૩૦.૦૦
૫	૨	૩૦૫૯	૬૧૦	૧૯.૯૪
૬	૭	૨૬૩૮	૩૯૫	૧૪.૯૭
૭	૩	૩૦૪૩	૩૧૦	૧૦.૧૯
	કુલ	૧૯૭૧૮	૭૦૪૩	

પછાત વર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સુચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં. ૧ અને ૪ માં પછાત વર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી બીજા ક્રમે પછાત વર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. તદ્નુસાર વોર્ડ નં.૧ માં પછાત વર્ગ અને વોર્ડ નં.૪ માં પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય.પરંતુ વોર્ડ નં.૪ માં અનુસૂચિત જાતિ સ્ત્રીની અનામત બેઠકની ફાળવણી થયેલ હોઈ વોર્ડ નં.૪ પછાત વર્ગ સ્ત્રી ફાળવી શકાય તેમ નથી. તેથી વોર્ડ નં.૪ માં પછાત વર્ગ અને વોર્ડ નં.૧ માં પછાત વર્ગ સ્ત્રી ફાળવવાનું પંચ મુનાસીબ માને છે.

INDEX

આથી, પછાત વર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧	પછાત વર્ગ સ્ત્રી
૪	પછાત વર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી બાકી રહેતી બેઠક સ્ત્રી અનામત બેઠક અને બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **ભાણવડ** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારીત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારીત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજય ચૂંટણી પંચ, **ભાણવડ** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,
વી.એચ.શાહ,
સચિવ
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧
ભાણવડ નગરપાલિકા, જીલ્લોઃ–જામનગર

વોર્ડ નં.–૧

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ. જા.વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	૧	૦	૦	૩૧૪	૧ થી ૯૪	લુવાસર ની ખડકી,પીપળાશેરી–૧ તથા મુખ્ય બજાર ભારત સાઈકલ સ્ટોરથી નગર દરવાજા સુધી
	૨	૩૦	૦	૪૭૩	૧ થી ૭૫	ખરાવાડ બીજો વિસ્તાર
	૩	૪	૦	૧૧૬૮	૧ થી ૧૫૯	ભીડભંજન મંદિર વિસ્તાર ચુનારાવાસ કાંકરવાડી તથા વાડી વિસ્તાર
	૩૬	૮૩	૦	૭૦૭	૭૬ થી ૧૪૦ (૧૮)	ખરાવાડ ત્રીજો રોડ
	કુલ	૧૧૭	૦	૨૬૬૨		

INDEX

હદનું વર્ણન:

વેરાડી નદી નાં કાંઠે આવેલ રે.સ. નં. ૮૦૧ નાં વાયવ્ય ખૂણા થી વેરાડી નદીના કાઠે નવાગામના સિમાડાની હદે હદે પૂર્વ તરફ રે. સ. નં. ૬૯૮ નાં અગ્નિ ખૂણે થી નવાગામનો માર્ગ ક્રોસ કરી ૬૯૭ થી ૬૯૪નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી વેરાડીનદી ક્રોસ કરી રે.સ.નં. ૬૮૪ ની ઉત્તર બાજુએ મોજે સઈ દેવળીયાનાં સિમાડાની હદે હદે પૂર્વ તરફ રે.સ.નં. ૬૫૭ નાં અગ્નિ ખૂણાથી સઈ દેવળીયા નો માર્ગ ક્રોસ કરી રે.સ.નં. ૫૮૮ ના પૂર્વ શેઢે મોજે સઈ દેવળીયાની હદે હદે દક્ષિણ તરફ ચાલતા રે.સ.નં. ૫૭૪ના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી ગોપનો માર્ગ ક્રોસ કરી રેસ નં. ૫૭૩ નાં ઈશાન ખૂણાથી ફતેપુરની હદે હદે દક્ષિણ તરફ રે.સ.ન. ૫૬૩ માં આવેલ રેલ્વે લાઈન ક્રોસ કરી રે.સ. નં.૫૬૨નાં ઈશાન ખૂણાથી મોજે વેરાડ ગામનાં સિમાડાની હદે હદે અગ્નિ ખૂણા સુધી ત્યાંથી રેલ્વે લાઈન ક્રોસ કરી રે સ. નં. ૫૪૧નાં પૂર્વ શેઢે દક્ષિણ તરફ જતા ફતેપુર માર્ગ ક્રોસ કરી રે.સ.નં.૪૧૦/૧ નાં ઉત્તર શેઢે ફતેપુર ગામનાં માર્ગની દક્ષિણની હદે હદે પશ્ચિમ તરફ રેલ્વે લાઈન ક્રોસ કરી સ. નં.૪૫૩ નાં વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી ખરાવાડ તરફ જતો માર્ગ ક્રોસ કરી રે.સ.નં. ૪૭૧/૨નાં નૈઋત્ય ખૂણાથી રે.સ.ન. ૪૭૧/૧ નાં પશ્ચિમ શેઢે વાયવ્ય ખૂણા સુધી,ત્યાંથી ખરાવાડ પ્રથમ રોડ તથા જય ભીમવાસ વચ્ચે થી પસાર થઈ નકટી વોકળો નાં કાંઠે મુકેશ વાલજીનાં મકાનનાં નૈઋત્ય ખૂણા સુધી, નકટીવોકળો ક્રોસ કરી તાલુકા શાળા નં.–૧ નાં અગ્નિ ખૂણા થી વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ નગર દરવાજા સુધી, અરવિંદ ઘોષ રોડ ની પશ્ચિમની હદે હદે સતારભાઈનાં સાયકલ સ્ટોર્સ નાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી જુની ટેલીફોન ગલી ની ઉત્તર હદે હદે પશ્ચિમ તરફ નદીની ખડકી સુધી, ત્યાંથી પીપળાશેરી નં. –૧ ની પશ્ચિમ હદે હદે દક્ષિણ તરફ લુવાસરની ખડકી સુધી, ત્યાંથી ભગત શેરીમાં પશ્ચિમ હદે હદે દક્ષિણ તરફ પીરનાં તકીયા નાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી ભાણવડી નદીના પૂર્વ કાંઠે કાંઠે ઉત્તર તરફ ગઢની રાંગના કોઠા સુધી ,ત્યાથી રે.સ. નં. –૧ નાં અગ્નિ ખૂણાથી ભાણવડી નદીનાં ઉત્તર કાંઠે કાંઠે રે.સ.નં.૧૯/બ નાં વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી વોકળો ક્રોસ કરી રે.સ.નં. ૮૦૧ નાં વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વાયવ્ય:– (ઉત્તર– પશ્ચિમ)
ઈશાન: – (ઉત્તર–પૂર્વ)
અગ્નિ : – (દક્ષિણ– પૂર્વ)
નૈઋત્ય: –(દક્ષિણ– પશ્ચિમ)

વોર્ડ નં.–૨

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૨.	૪	૬૪૧	૦	૯૧૯	૧ થી ૯૪	સોનાવાડી તથા હરિજન વાસ
	૫	૦	૦	૩૪૭	૧ થી ૮૭	બકાલી પાડા શેરી તથા પાંજરાપોળ શેરી
	૬	૦	૦	૪૪૦	૧ થી ૧૦૬	સતવારા પાડો
	૭	૨૩	૬	૩૧૭	૧ થી ૯૭ (૨)	મોચીશેરી તથા બકાલી પાડો
	૮	૦	૦	૨૪૪	૧ થી ૮૯	હર્ષદ રોડ પૂર્વ તથા પીપળાશેરી –૨
	૯	૨૧૨	૦	૩૮૩	૧ થી ૧૪૭	શાક માર્કેટ રોડ તથા દલાલ શેરી તથા જુનાં સોરઠીયાવાસ
	૧૦	૫	૦	૧૬૩	૧ થી ૯૯	દરબાર ગઢ થી દાવલશા ચોક થઈ જુનાં ટેલીફોન એકસ્ચેંજ સુધી મુખ્ય બજારતથા પીપળાશેરી –૨
	૧૨	૦	૦	૧૨૫	૧ થી ૧૪૮	નાગોરીશેરી, સાંકડીશેરી તથા લાખાણીશેરી
	૧૩	૦	૦	૧૨૧	૧ થી ૧૦૬	હવેલીશેરી, દરિયાસ્થાન ચોક થી ગાંધીચોક તથા ગાંધીચોક થી દરબાર ગઢ સુધી બજાર
	કુલ	**૮૮૧**	**૬**	**૩૦૫૯**		

INDEX

હદનું વર્ણનઃ

તાલુકા શાળા નંબર–૧ નાં વાયવ્ય ખૂણાથી અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ નકટી વોકળો ક્રોસ કરી મુકેશ વાલજીનાં મકાનનાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ખરાવાડ પ્રથમ રોડ તથા જય ભીમવાસ વચ્ચે થી પસાર થઈ પૂર્વ બાજુ રે.સ.નં–૪૭૧/૧ નાં વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી ૪૭૧/૨ની પશ્ચિમ હદે હદે નેઋત્ય ખૂણા સુધી,ત્યાંથી વેરાડ નાકા થી ખરાવાડ તરફ જતો રસ્તો ક્રોસ કરી રે.સ.નં. ૪૬૨નાં અગ્નિ ખૂણા સુધી,ત્યાંથી રે. સ.૪૬૩ નાં વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ નકટી વોકળો ક્રોસ કરી નકટી વોકળાની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ હવેલીશેરીનાં ખૂણે વિરા સવાનાં મકાનનાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી હવેલીશેરી ની ઉત્તર હદે હદે પશ્ચિમ તરફ ગાંધી ચોક બિમલભાઈ ની દુકાન નાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ગાંધી ચોકમાં જયેશ ઈલેકટ્રીકનાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી જવાહર રોડ ની પશ્ચિમ હદે હદે દરિયાસ્થાન ચોક નાં વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી પ્રસનબેનનાં મકાનનાં અગ્નિ ખૂણા થી નાગોરી શેરીની દક્ષિણ હદે હદે પશ્ચિમ તરફ ઓધવજીભાઈનાં મકાનનાં નેઋત્ય ખૂણા સુધી, ત્યાથી તન્નાં બિલ્ડીગનાં વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી ત્રિપુરા સત્સંગ હોલવાળી ગલીની પૂર્વ હદે હદે ઉત્તર તરફ નારણભાઈનાં મકાનનાં વાયવ્ય ખૂણા સુધી, ત્યાથી ત્રિપુરા મંદિરની ડેલીથી લાખાણીશેરીની પૂર્વ હદે હદે ઉત્તર તરફ વારિયા ચોક માં રતિલાલ ખુશાલચંદનાં મકાનનાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી હર્ષદ રોડ ની પૂર્વ હદે હદે જૈન ઉપાશ્રયનાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ભગતશેરીથી પાટાવાડ ચોક સુધી ની શેરીની પૂર્વ હદે હદે ઉત્તર તરફ વલ્લભભાઈના મકાનનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પાટાવાડ શેરીની ઉત્તર હદે હદે પીપળાશેરી–૧ માં રમેશભાઈ સોનીનાં મકાનના નેઋત્ય ખૂણા સુધી , ત્યાંથી પીપળાશેરીની પૂર્વ હદે હદે જુની ટેલીફોન ઓફિસવાળી ગલીમાં ફુરકાનભાઈનાં મકાનનાં ઈશાન ખૂણા સુધી,ત્યાંથી અરવિંદ ઘોષ રોડની પૂર્વ હદે હદે ઉત્તર તરફ નગર દરવાજા સુધી, ત્યાંથી તાલુકા શાળા નં.૧ નાં વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.–૩

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૩.	૧૧	૭	૬	૫૧૪	૧ થી ૧૬૦	નાગોરીશેરી , હર્ષદરોડ તથા ભગતશેરી
	૧૪	૫	૦	૩૩૮	૧ થી ૯૧	હવેલીશેરી ,ભગવતીશેરી તથા ગાંધીચોક થી ભગવતી શેરી સુધી
	૧૫	૦	૦	૧૦૧	૧ થી ૭૨	દરિયાખાન ચોક થી ગાંધીચોક દક્ષિણ તથા ગાંધી ચોક થી અપસરા સ્ટોર સુધી બજાર પશ્ચિમ તથા ગબીપીર શેરી
	૧૬	૫	૦	૩૮૭	૧ થી ૧૦૪	ઘેલાણીશેરી તથા સિપાઈશેરી
	૧૭	૦	૦	૧૩૫	૧ થી ૭૩	દર શેરી તથા દરિયાસ્થાન ચોક થી પોરબંદર દરવાજા સુધી પશ્ચિમ સાઈડ બજાર
	૧૯	૦	૦	૪૯૬	૧ થી ૨૧૫	જુનાં સિનેમાં રોડ દક્ષિણ તથા વિકાસરોડ ઉત્તર તથા નાણાવટીશેરી તથા આશાપુરાશેરી, જુનાં સિનેમાં શેર તથા સોનગરા સ્કીન શેરી
	૨૮	૫	૦	૨૩૦	૧ થી ૭૪	રાજેન્દ્રરોડ દરબારશેરી તથા પોરબંદર દરવાજાથી દરિયાસ્થાન ચોક સુધી મુખ્ય બજાર
	૩૧	૦	૧	૬૦૦	૧ થી ૩૭૫	વિશ્વેશ્વર શેરી, આઝાદ ચોકથી સહકારી મંડળીશેરી તથા ઉષા ટોકીઝ વિસ્તાર તથા હોસ્પીટલ સામે
	૩૨	૦	૦	૨૪૨	૧ થી ૧૪૨	વેરાડ નાકા થી ભગવતીશેરી સુધી ઉત્તર તરફની બજાર તથા અપ્સરા સ્ટોર થી વજુભાઈની દુકાન સુધી બજાર વેરાડ નાકા થી ભગવતીશેરી સુધી રાંગભર
	કુલ	૨૨	૭	૩૦૪૩		

INDEX

હદનું વર્ણન

પાટાવાડ શેરીમાં ભાનુબેન પરમારનાં મકાનના વાયવ્ય ખૂણાથી પાટાવાડ શેરીની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ નવઘણભાઈના મકાનનાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી ભગતશેરી તરફની શેરીની પશ્ચિમ હદે હદે દક્ષિણ તરફ ભગતશેરીમાં ઉપાશ્રયનાં વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી ઉપાશ્રયનાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી હર્ષદરોડની પશ્ચિમ હદે હદે દક્ષિણ તરફ હેમંતભાઈ દંતાણીનાં મકાનનાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ચંપાબેન મણીલાલના મકાનનાં વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી લાખાણી શેરીમાં પશ્ચિમ હદેહદે કાંતિલાલ રવજીભાઈ રાડીયાના મકાનનાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી નાગોરી શેરીની ઉત્તર હદે હદે પશ્ચિમ તરફ પ્રવિણભાઈનાં મકાનનાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી દરજીશેરીમાં ધીરૂભાઈ ધકાણનાં મકાનનાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી દરજીશેરીની ઉત્તર હદે હદે પૂર્વ તરફ ધનાભાઈ (છાપાવાળા)ની દુકાનનાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી પૂર્વ તરફ સંદિપ મસાલા ભંડાર થી જવાહર રોડની પૂર્વ હદે હદે ઉત્તર તરફ ગાંધી ચોક માં અનિલ ચુનીલાલની દુકાનનાં ઈશાન ખૂણા સુધી,ત્યાંથી ભગત પાન સુધી, ત્યાંથી હવેલી શેરીની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ પાટડીયા મેન્શનનાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી નકટી વોકળાને પશ્ચિમ કાંઠે કાંઠે બાલ મંદીરનાં પુલ સુધી, ત્યાંથી પુલ ક્રોસ કરી નકટી વોકળાની પૂર્વ હદે હદે ફુવારા સુધી, ત્યાંથી ભાણવડ – જામનગર રોડની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ બાયપાસનાં ખૂણા ઉપર ગેરેજ સુધી, ત્યાંથી બાયપાસ રોડની ઉત્તર હદે હદે પશ્ચિમ તરફ મિસ્ત્રી ઈન્ડસ્ટ્રીઝ નાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી મેવાસા રોડની પૂર્વ હદે હદે ઉત્તર તરફ વેરાડ દરવાજા સુધી, ત્યાંથી દરવાજામાં પશ્ચિમ તરફ દાખલ થઈ અમુભાઈ ગુંદાવાળા ની દુકાન સુધી, ત્યાંથી વી.પી.રોડ ની દક્ષિણ હદે હદે પશ્ચિમ તરફ મોટાણીની દુકાન સુધી, ત્યાંથી આઝાદ ચોક થી સહકારી મંડળી વાળી ગલીની પૂર્વ હદે હદે છોટુભાઈનાં મકાન સુધી, ત્યાંથી છેલશંકર ભટ્ટ મકાનથી આઝાદ ચોક ગલીની પશ્ચિમ હદેહદે ઉત્તર તરફ શ્યામ સિલેકશન નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી વિશ્વેશ્વર શેરીમાં દક્ષિણ– પશ્ચિમ હદે હદે એ.ડી.ભાઈના મકાનનાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી વિશ્વેશ્વર શેરીની ઉત્તર–પશ્ચિમ હદે હદે આઝાદ ચોકમાં ચેતના પાન ઘરના અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી વી.પી. રોડ ઉપર ભોગાયતાની ડેલી સુધી, ત્યાંથી વી.પી. રોડ ની ઉત્તર હદે હદે દક્ષિણ તરફ છગનલાલ દેવજીની દુકાનના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી વજુભાઈની દુકાનનાં અગ્નિ ખૂણાથી રાજેન્દ્ર રોડ ની પશ્ચિમ હદે હદે રાજેન્દ્ર ચોકમાં પાનની દુકાન સુધી ત્યાંથી દરબાર શેરીની ઉત્તર હદે હદે દક્ષિણ તરફ મનુભાઈ મકાણીની દુકાન સુધી, ત્યાંથી પોરબંદર દરવાજા થી રણજીત પરાને જોડતા પુલ ની ઉત્તર હદે હદે જેરામભાઈની પાનની દુકાનનાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી વિકાસ રોડની ઉત્તર હદે હદે પશ્ચિમ તરફ મુળજીભાઈ મનજીભાઈ રાડીયાના મકાનનાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી સોનગરા સ્ક્રીનની ગલીની પૂર્વ હદે હદે ઉત્તર તરફ ગોરધનભાઈ નથુભાઈ ના મકાનનાં વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી જુના સિનેમાં રોડની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ શીશુ મંદિરનાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી પૂર્વ તરફ ભાણવડી નદી પુલ ઉપરથી ક્રોસ કરી નદીનાં પૂર્વ કીનારે રીંગરોડ ની પૂર્વ હદે હદે ઉત્તર તરફ પીરના તકીયાનાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી ભગત શેરીની પૂર્વ હદે હદે ઉત્તર તરફ ભાનુબેન પરમારનાં મકાનનાં વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.–૪

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૪.	૧૮	૦	૦	૬૨૩	૧ થી ૧૨૦(૨)	જુનાં સિનેમાં રોડ ઉત્તર તરફ તથા પ્રકાશનગર તથા ગોકુલનગર તથા વાડી વિસ્તાર
	૨૦	૨૦	૪	૬૪૯	૧ થી ૧૩૮	જુનાંસિનેમાંરોડ દક્ષિણ તથા ગઢવાળી ગલી તથા સત્યમવાળીશેરી તથા વિકાસ રોડ ઉત્તર તથા પોલીસલાઈન તથા વિકાસ કોલોની –
	૨૨	૭	૨૧	૮૯૬	૧ થી ૧૨૮	ફોરેસ્ટ કોલોની તથા વર્તૂ–૨ કોલોની મફતપરા વિસ્તાર મોટા રોડ થી ઉત્તર
	૩૭	૨૭૪	૦	૬૮૯	૧૭૩ થી ૩૨૮	મફતપરા મોટા રોડ થી દક્ષિણ તરફ તથા કોઠાવાળા વાળી વિસ્તાર
	કુલ	**૩૦૧**	**૨૫**	**૨૮૫૭**		

હદનું વર્ણન

રે.સ.નં. ૭૦/૧ વાયવ્ય ખૂણે આવેલ વર્તૂ નદીની ઉત્તરે રૂપામોરા ગામની હદે હદે રે.સ.નં. ૨૧/૨ નાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી વેરાડી નદીનો પુલ ક્રોસ કરી રે.સ.નં. ૨૦ નાં અગ્નિ ખૂણા સુધી ત્યાંથી રે.સ.નં. ૨૭ ની ઉત્તરે

INDEX

ભાણવડી નદીની પશ્ચિમ હદે હદે દક્ષિણ તરફ બ્રાન્ચ સ્કુલનાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી જુના સિનેમાં રોડ ની ઉત્તર હદે હદે પરષોતમભાઈ મુળજીભાઈના મકાન સુધી ત્યાંથી જુના સિનેમાં રોડ ક્રોસ કરી સોનગરા સ્ક્રીનનાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી આ ગલીની પશ્ચિમ હદે હદે ઘનજીભાઈ હીડોચાના મકાનનાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી વિકાસ રોડની ઉત્તર હદે હદે પશ્ચિમ તરફ ભાણવડ – પોરબંદર રોડની ઉત્તરે ભાણવડીયા પેટ્રોલ પંપના નેઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ભરતપુરનાં સીમાડાની પૂર્વ હદે હદે ઉત્તર તરફ રે.સ.નં.સ ૭૦/૧ નાં વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.–૫

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૫.	૨૧	૦	૦	૪૪૧	૧ થી ૩૪૦	વિકાસ રોડ દક્ષિણ તથા સુભાષરોડ ઉત્તર સુભાષ ચોકથી પશુદવાખાના સુધી
	૨૪	૭૮	૦	૯૭૨	૧ થી ૨૪૭	જાડેજાવાસ, કુંભારશેરી, દુધેશ્વર સામેની સોસાયટી તથા શીવનગર તથા ઘુમલી અને વિજયપુર રોડ વાડી વિસ્તાર
	૨૫	૦	૦	૩૬૭	૧ થી ૧૧૩	કુંભારવાળીશેરી તથા સુભાષરોડ દક્ષિણ તથા મોખાણારોડ ઉત્તર નાણાવટીશેરી થી ડો. રાવલનાં દવાખાનાંવાળી શેરી
	૨૬	૧૪૪	૪	૬૮૯	૧ થી ૧૦૮	મોરીવાવથી પશુદવાખાનાં સુધી સુભાષરોડ તથા કુંભારવાળીશેરી તથા સાજડીયારી વાસ હરિજન
	કુલ	૨૨૨	૪	૨૪૬૯		

હદનું વર્ણનઃ

રે.સ.નં ૧૦૬ માંથી પસાર થતા ભાણવડ – પોરબંદર રોડ નાં વાયવ્ય ખૂણાથી પોરબંદર ભાણવડ વિકાસ રોડ ની દક્ષિણની હદે હદે પૂર્વ તરફ સુભાષ ચોકમાં ભીખુભાઈ ની દુકાનનાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી હાઈસ્કૂલ રોડની પશ્ચિમ હદે હદે દક્ષિણ તરફ રે.સ.નં. ૧૯૮ ના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી ઘુમલી રોડની પૂર્વની હદે હદે દક્ષિણ તરફ રે.સ.નં. ૧૭૫ નાં નેઋત્ય ખૂણા સુધી ત્યાંથી ટીબડી ગામના સિમાડાની દક્ષિણ હદે હદે પશ્ચિમ તરફ રે.સ.નં. ૧૩૩ નાં નેઋત્ય ખૂણા સુધી ત્યાંથી મોજે ભરતપુર ગામના સિમાડાની પૂર્વ હદે હદે વિજય પુરનો રસ્તો ક્રોસ કરી રે.સ.નં. ૧૦૬ માં ભાણવડ – પોરબંદર રોડના વાયવ્ય ખૂણા સુધી માં અંદર સમાવિષ્ટ થતા તમામ વિસ્તાર.

વોર્ડ નં.–૬

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૬.	૨૩	૦	૦	૮૦૮	૧ થી ૧૮૩	હાઈસ્કુલ રોડ ઉત્તર પૂર્વ તરફ તથા વાઘરીવાસ તથા બતડીયાનેશ વિસ્તાર તથા વાડી વિસ્તાર
	૨૭	૦	૧	૬૧૯	૧ થી ૧૩૮	દરબારશેરી મદ્રેશાશેરી અખેડારોડ તથા ગાયત્રીનગર ચર્ચ વિસ્તાર
	૨૯	૦	૦	૩૪૧	૧ થી ૯૦	વેરાડ નાકાથી ભાણેશ્વર મંદિર સુધી બજાર , રાજેન્દ્રરોડ તથા ઘમંચીશેરી તથા મદ્રેશારોડ
	૩૦	૦	૦	૪૨૫	૧ થી ૧૭૬	મદ્રેશારોડ, વેરાડનાકાથી ઢોર ડબા સુધી તથા વાઝા ફળી

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
	૩૮	૩૦	૫	૭૯૭	૧૩૨ થી ૨૩૪	દીપનગર, ગાયત્રીમંદિર વિસ્તાર પદમાવતીનગર,હુસેનીગલીથી ઢોર ડબા સુધી મદ્રેશારોડ અને અખેડા રોડ તથા મેવાસારોડ વાડી વિસ્તાર
	કુલ	૩૦	૬	૨૯૯૦		

હદનું વર્ણન

સુભાષ ચોકમાં રામભાઈ વાણંદની દુકાનના વાયવ્ય ખૂણા થી ભાણવડ નદીનાં પુલની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ દરવાજામાં દાખલ થઈ હોમગાર્ડ ઓફીસ સુધી, ત્યાંથી દરબાર શેરીની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ રાજેન્દ્ર ચોકમાં બારદાન વાળાની દુકાનનાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી રાજેન્દ્રરોડની દક્ષિણ હદે હદે જેઠવા ગેસ્ટ હાઉસનાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી વી.પી. રોડ ની દક્ષિણ હદે હદે ભગવતી ઈલેકટ્રોનિકસ સુધી, ત્યાંથી ઘાંચી શેરીનાં વાયવ્ય ખૂણે હોટલ સુધી, ત્યાંથી ઘાંચી શેરીની ઉત્તર હદે હદે દક્ષિણ તરફ મદ્રેસા રોડ સુધી ઘાંચી શેરીનાં અગ્નિ ખૂણા ઉપરના મકાન સુધી, ત્યાંથી મદ્રેસા રોડની ઉત્તર હદે હદે પૂર્વ તરફ વાઝા ફળી થઈ નલીનભાઈ ભાણવડીયાનાં મકાનનાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી વેરાડ દરવાજા તરફ રાંગભર રોડની પશ્ચિમ હદે હદે ઉત્તર તરફ ડો. નેના નાં દવાખાના સુધી ત્યાંથી દરવાજા બહાર નિકળી મેવાસા રોડની પૂર્વ હદે હદે સીટી. સર્વે. નં. ૩૨૧૨ નાં વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી રે.સ.નં. ૨૫૭ નાં ઈશાન ખૂણા સુધી ત્યાંથી સર્વે નં. ૨૫૭, ૩૦૦/૧, ૩૦૧, ૩૦૨, ૩૦૪, ૩૦૫, ૩૦૬/૧, ૩૦૬/૨, નાં પૂર્વ શેઢે દક્ષિણ તરફ રે.સ.નં. ૩૦૭ નાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી રે.સ.નં. ૩૦૮, ૩૧૦, ૩૧૨, ૨૯૫, ૨૯૩, ૨૯૨/૨, ૨૯૨/૧ ની ઉત્તર હદે હદે પૂર્વ તરફ રે.સ.નં. ૨૮૮ નાં વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી રેલ્વે લાઈનની પૂર્વ તરફ મેવાસા ગામના સિમાડાની હદે હદે રે.સ.નં. ૨૧૨ નાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી મેવાસા ગામનાં સિમાડાની દક્ષિણ હદે હદે પશ્ચિમ તરફ રે.સ.નં. ૮૫૬ નાં નેઋત્ય ખૂણા સુધી ત્યાંથી વોકળો ક્રોસ કરી રે.સ.નં.સ ૮૪૪ નાં અગ્નિ ખૂણા થી ટીંબડી ગામના સિમાડાની હદેહદે દક્ષિણ તરફ રે.સ.નં. ૧૭૫ નાં નેઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ઘુમલી રોડની પૂર્વ હદે હદે ઉત્તર તરફ રે.સ.નં. ૧૯૮ વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી હાઈસ્કુલ રોડની પૂર્વ હદે હદે ઉત્તર તરફ રામભાઈ વાળંદની દુકાનના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતા તમામ વિસ્તાર.

વોર્ડ નં.–૭

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લતાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકનાં વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૭.	૩૩	૨૪૨	૦	૬૩૫	૧ થી ૧૨૫(૨)	જેઠા ચા વાળાની રેકડી થી સતવરા બોર્ડીંગ સુધીનો ઉત્તર તરફનો રોડ, આઝાદનગર, ભાણવડીયા કોલોની, નવો સોરઠીયા વાસ તથા સફાઈ કામદાર કોલોની
	૩૪	૦	૦	૮૫૩	૧ થી ૨૪૯	વસંતનગર,કૃષ્ણનગર, પટેલનગર, પારસનગર, ઉમિયા નગર, હરસિધ્ધીનગર,શ્રી નગર, ગોકુલનગર વિસ્તાર
	૩૫	૯	૦	૬૦૧	૧ થી ૧૦૬	રેસ્ટ હાઉસ, રેલ્વે કોલોની, રાધેશ્યામનગર, શીવમપાર્ક
	૩૯	૦	૦	૫૪૯	૧૧૮ થી ૩૦૪	શીવમ પાર્ક, ગ્રીન પાર્ક, રાજનગર જેઠાની રેકડી થી વેરાડ દરવાજા સુધી,બાલમંદિર થી મધુવન પાર્ક, દિવડી સોસાયટી તથા ગૌશાળા પાસે
	કુલ	૨૫૧	૦	૨૬૩૮		

હદનું વર્ણન

રે.સ.નં. ૪૬૩ નાં વાયવ્ય ખૂણેથી સ.નં. ૪૬૩/૨ નાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી ફતેહપુર રોડ ક્રોસ કરી રે.સ.નં. ૪૫૩ નાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી ફેતહપુર રોડની ઉત્તર હદે હદે પૂર્વ તરફ રેલ્વે લાઈન ક્રોસ કરી રે.સ.નં. ૪૦૮ નાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી ફતેહપુર ગામના સિમાડાની હદે હદે પૂર્વ તરફ સ.નં. ૭૬૨ નાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી વેરાડ ગામના સિમાડાની હદે હદે દક્ષિણ તરફ સ.ન. ૩૬૯ નાં અગ્નિ ખૂણા સુધી, ત્યાંથી મોટા કાલાવડ ગામના સિમાડાની હદે હદે પશ્ચિમ તરફ ભાણવડ – જામનગર રોડ ક્રોસ કરી સ.નં. ૩૪૮ નાં નેઋત્ય ખૂણા સુધી ત્યાંથી મેવાસા ગામના

INDEX

હદે પશ્ચિમ તરફ ભાણવડ – જામનગર રોડ ક્રોસ કરી સ.નં. ૩૪૮ નાં નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી મેવાસા ગામના સિમાડાની દક્ષિણ હદે હદે પશ્ચિમ તરફ રેલ્વે ક્રોસ કરી સ.ન. ૨૮૮ નાં વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી સ.નં. ૨૯૨/૧, ૨૯૨/૨, ૨૯૩, ૨૯૫, ૩૧૨, ૩૧૧, ૩૧૦, ૩૦૯ ની ઉત્તર હદે હદે દક્ષિણ તરફ ૩૦૬/૨, નાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી ૩૦૧, ૩૦૫,૩૦૪, ૩૦૨, ૩૦૧, ૩૦૦/૧, જુનો આંબરડીનો રસ્તો ક્રોસ કરી સ.નં. ૨૫૭ ની પૂર્વ હદે હદે ઉત્તર તરફ રે.સ.ન. ૨૫૬/૨ નાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી વૃજભૂમી સોસાયટી, વસંતનગરની ઉત્તર હદે હદે ખોડીયાર માતાજીનાં મંદીરનાં ઈશાન ખૂણા સુધી, ત્યાંથી જામનગર– ભાણવડ રોડ ની ઉત્તર હદે હદે પશ્ચિમ તરફ શિવમ પાન સુધી, ત્યાંથી વારીયા બાલ મંદીર નાં નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી નકટી વોકળાની પૂર્વ હદે હદે ઉત્તર તરફ રે.સ.નં. ૪૬૩ નાં વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતા તમામ વિસ્તારો.

વી.એચ.શાહ,
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી પંચ
ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

ભાણવડ નગરપાલિકાની કુલ વસ્તી			**૧૯૭૧૮**		
કુલ વોર્ડની સંખ્યા			**૭**		
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.			૨૮૧૭	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ–૩૦૯૯ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૨૫૩૫	
કુલ બેઠકોની સંખ્યા.			૨૧		
સ્ત્રી બેઠકો			૭	૧ બેઠક અનુસૂચિત જાતિ – બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.	
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.			૨	તે પૈકી ૧ સ્ત્રી.	
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા			--	તે પૈકી–– સ્ત્રી	
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા			૨	તે પૈકી ૧ સ્ત્રી.	
કુલ અનામત બેઠકો.			૯		
સામાન્ય બેઠકો.			૧૨		
અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૨૬૬૨	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૨	૨	૩૦૫૯	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૩	૩	૩૦૪૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૨૮૫૭	અનુસૂચિત જાતિ	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૨૪૬૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૯૯૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૨૬૩૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ.		૧૯૭૧૮			

વી.એચ.શાહ,
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 173

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] FRIDAY, MAY 18, 2007 / VAISAKHA 28, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election, Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ, સરદાર પટેલ ભવન,

ગાંધીનગર. તા. ૧૮–૦૫–૨૦૦૭

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–નપા–બાલાસિનો૨–૨૦૦૭

બાલાસિનોર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૭ઓફ–૨૦૦૭–એનપીએમ–૧૩૨૦૦૫/ ૭૪૨૯(૭) આર, તા.૪–૧–૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **બાલાસિનોર** શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે**બાલાસિનોર** નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૭ બેઠકો નક્કી કરેલ છે તેમ જ જાહેરનામાથી અનુસૂચિત જાતિ, પછાતવર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

INDEX

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૪૯–૧૯૯૪ એન.પી.એલ.– ૪૫૯૩–૩૬૫૫– એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૩૩,૭૦૫ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩,૭૪૫ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડ નં ૭ **અને** ૯ **સિવાય** કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૯ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠકો અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અને બે બેઠકો પૈકી એક બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ **બાલાસિનોર** નગરપાલિકાના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

INDEX

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૨	૩	૪	૫
૧	૮	૩૫૯૫	૧૮૧૯	૫૦.૬૦
૨	૫	૪૦૨૭	૪૧૩	૧૦.૨૬
૩	૯	૩૩૩૬	૨૧૨	૬.૩૫
૪	૧	૩૩૮૪	૧૨૮	૩.૭૮
૫	૨	૪૦૧૯	૧૩૬	૩.૩૮
૬	૪	૩૫૬૩	૪૯	૧.૩૭
૭	૬	૪૦૩૨	૩૧	૦.૭૬
૮	૩	૩૬૧૬	૧૫	૦.૪૧
૯	૭	૪૧૩૩	૦	૦
કુલ		૩૩૭૦૫	૨૮૦૩	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં. ૮ તથા ૫ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા બીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૮ માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં.૫ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૮ તથા ૫ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૮	અનુસૂચિત જાતિ
૫	અનુસૂચિત જાતિ સ્ત્રી.

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલીકા માટે એકપણ બેઠક અનુસૂચિત આદિજાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાતવર્ગ માટે અનામત રાખેલી કુલ ૩ બેઠકો પૈકી એક બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

બાલાસિનોર નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સુચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે.

INDEX

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૧	૩૩૮૪	૪૦૭	૧૨.૦૩
૨	૨	૪૦૧૯	૩૭૦	૯.૨૧
૩	૪	૩૫૬૩	૨૭૦	૭.૫૮
૪	૯	૩૩૩૬	૨૪૦	૭.૧૯
૫	૩	૩૬૧૬	૨૧૫	૫.૯૫
૬	૫	૪૦૨૭	૧૬૦	૩.૯૭
૭	૭	૪૧૩૩	૧૬૦	૩.૮૭
૮	૮	૩૫૯૫	૧૩૫	૩.૭૬
૯	૬	૪૦૩૨	૧૪૦	૩.૪૭
	કુલ	૩૩૭૦૫	૨૦૯૭	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સુચિત વોર્ડ નં. ૧,૨ અને ૪ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે.જે પૈકી વોર્ડ નં.૧ અને ૨ માં પછાતવર્ગની અને ત્રીજા ક્રમે વોર્ડ નં. ૪ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૧	પછાતવર્ગ
૨	પછાતવર્ગ
૪	પછાતવર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાતવર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **બાલાસિનોર** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નક્કી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નક્કી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી **૧૦ દિવસમાં** રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ **બાલાસિનોર** નગરપાલિકાના વોર્ડોની નક્કી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૧

બાલાસિનોર નગરપાલિકા, ખેડા જિલ્લો

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘરનંબરથી ઘરનંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૫/૭	૦	૦	૬૮૪	૭/૧ થી ૭/૧૩૦	તલાવ દરવાજા પુરા મહોલ્લા વિસ્તાર
	૬/૭	૧૮	૩૨	૮૧૨	૭/૧ થી ૭/૨૨૦	પ્રેમચંદ પુરા ટાઉનહોલ વિસ્તાર જુની ઓઈલ મીલ ખોડીયાર નગર, ગોપેશ્વર મહાદેવ વસાહત
	૧૬/૫	૭૩	૫	૨૭૧	૫/૧ થી ૫/૧૪૨	રામાનામુવાડાના ઘરો, નવાપુરા
	૮/૧	૦	૦	૫૬૫	૮/૧ થી ૮/૧૪૦	મુલ્તાનપુરા, મહંમદીકોલોની
	૧૭/૫	૩૭	૯	૮૨૫	૫/૧ થી ૫/૧૮૬	ઈન્દપસ્ત સોસાયટી, વૈષ્ણવી સોસાયટી, પુલુદરા રોડ, ફગવા સુધી
	૨/૭	૦	૦	૨૨૭	૭/૧ થી ૭/૧૪૨	જુની નગરપાલિકા નેરીયાવાડ, મોટા મંદિર,વણીકવાડી
	કુલ	૧૨૮	૪૬	૩૩૮૪		

હદનું વર્ણન :–

રે.સ.નં.૬૩ ના વાયવ્ય ખૂણેથી રે.સ. નં ૬૨૯/૨ ની હદેથી ઉત્તર તરફ રે.સ.નં. ૬૨૯/૧ –૨૧૧૪–૨૧૧૭ થી ૨૧૧૮ સુધી ત્યાંથી પૂર્વ એસ.એસ.સી. કવોરી તરફ રસ્તા સુધી રસ્તો ઓળંગી ઉત્તરની હદેથી પૂર્વ તરફ જતા ભાંથલા તરફ જતા રસ્તા સુધી ત્યાંથી રે.સ.નં. ૬૭૧ ની ઉત્તરની હદેથી પૂર્વ તરફ આગળ જતા સરોડા તરફ જતા રસ્તા સુધી રસ્તો ક્રોસ કરી પૂર્વ તરફ આગળ વધતા રે.સ.નં. ૬૯૧, ૭૮૪,૮૦૦,૮૦૫ ની ઉત્તરની હદેથી રે.સ.નં. ૮૦૯/૧ સુધી ત્યાંથી દક્ષિણે વિરપુર તરફ જતા રસ્તા સુધી ત્યાંથી રે.સી.નં. ૮૧૦, ૮૧૨,૮૧૫,૮૨૦,૮૩૧,૮૩૩ ની પૂર્વની હદે હદે રે.સ.નંબર ૮૩૯ સુધી ત્યાંથી પીલોદરા બાલાસિનોર રોડની હદે હદે પશ્ચિમ તરફ આગળ જતા કૃષ્ણનગર, ગુરુકૃપા, શ્રીરામ ની દક્ષિણ હદેથી અંબામાતાના મંદિરસુધી ત્યાંથી રોડની હદે હદે પશ્ચિમે આગળ જતા તલાવ દરવાજા સુધી ત્યાંથી દક્ષિણે પુરા મહોલ્લાની પૂર્વ હદેથી ન.પા. પાછળના ભાગ સુધી ત્યાંથી દક્ષિણે મોટા મંદિરસુધી ત્યાંથી ઉત્તરે ન.પા. ટાવરસુધી, ત્યાંથી કપડવંજ તરફ જતા રસ્તાની હદે હદે ઉત્તર તરફ જતા રે.સ. નંબર ૬૩ સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર–પશ્ચિમ)

ઈશાન : (ઉત્તર – પૂર્વ)

અગ્નિ : (દક્ષિણ – પૂર્વ)

નૈઋત્ય : (દક્ષિણ – પશ્ચિમ)

INDEX

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧૨/૫	૦	૦	૯૫૨	૫/૧ થી ૫/૨૨૯	વૃંદાવન સોસાયટી, નિલમ સોસાયટી, ફૈઝાને મદિના સોસાયટી નવો ભોઈવાડો
	૧૩/૫	૮૫	૪૨	૯૧૩	૫/૧ થી ૫/૧૮૩	અંબિકા સોસાયટી
	૧૪/૫	૧૭	૨૦	૫૪૦	૫/૧ થી ૫/૮૬	દ્વારકેશ સોસાયટી, મહાલક્ષ્મી સોસાયટી, કૃષ્ણનગર સોસા., ગુરુકૃપા તથા વિવેકાનંદ સોસાયટી
	૧૫/૫	૦	૧૧	૭૯૨	૫/૧ થી ૫/૧૮૩	ગોકુલેશ સોસાયટી, જલારામ સોસાયટી,બ નયુ જલારામ સોસાયટી
	૧૧/૫	૩૪	૦	૯૨૨	૫/૧ થી ૫/૨૩૧	ગાયત્રી સોસાયટી, ગણેશ, રાજમંદીર, શીવમ પાર્ક સત્યા પાર્ક દાદાસાઈ સેવન સ્ટાર વિગેરે
	કુલ	૧૩૬	૭૩	૪૦૧૯		

હદનું વર્ણન :–

રે.સ.નં.૧૦૪૪/૨ ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ પિલોદરા જવાના રસ્તે હદે હદે વિવેકાનંદ સોસાયટી,વેષ્ણવી સોસાયટીની ઉત્તરની હદેહદે રે.સ.નં.૧૩૯૫/૨ ના ઉત્તરાતા ખૂણા સુધી ત્યાંથી પૂર્વ હદના રે.સ.નં.૧૩૯૪ ના દક્ષિણભાગથી પશ્ચિમ તરફ રે.સ.નંબર ૧૩૯૨ ના દક્ષિણ હદેથી પશ્ચિમ તરફ રે.સ.નં.૧૪૦૦, ૧૪૦૧,૧૪૦૨,૧૪૦૩, ૧૪૦૫, ૧૪૧૯, ૧૪૨૧, ૧૪૨૨, ૧૫૦૭, ૧૫૦૯, ૧૫૧૧ના પુર્વાતાભાગની હદેહદે દક્ષિણ તરફ રે.સ.નં.૧૫૧૮ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૧૫૨૦ થી ૧૫૨૨/૨ ના દક્ષિણ હદથી પશ્ચિમ તરફ રે.સ.નં. ૧૫૩૭/૨–૩ ની દક્ષિણ હદેહદે પશ્ચિમ તરફ રાજપુરથી બાલાસિનોર જવાના રસ્તે રાધાકૃષ્ણ સોસાયટી, સેવન સ્ટાર, દાદાસાઈ, શિવમપાર્ક, ગણેશ,ગાયત્રી સોસાયટીના દક્ષિણ ની હદે વોર્ડ નં.૯ માં સ્થિત રે.સ.નં. ૧૬૮૫ ની ઉત્તરે આગળ વધતા બાલાસિનોર રાજપુર રોડ ક્રોસ કરી રે.સ.નં. ૧૦૩૭ ની દક્ષિણ હદેથી પશ્ચિમ તરફ જઈ રે.સ.નં.૧૦૩૮, ૧૦૩૯, ૧૦૪૨ની પશ્ચિમ હદે ઉત્તર તરફ જતાં રે.સ.નં.૧૦૪૪/૨ ના વાયવ્ય ખૂણા સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘરનંબરથી ઘરનંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૨/૪	૦	૦	૧૯૯	૪/૧ થી ૪/૧૭૫	જૈન દેરાસરથી પાંચ હાટડા, મહેતા ફળીયુ
	૩/૪	૦	૦	૬૭૪	૪/૧ થી ૪/૧૨૪	પાંચ હાટડીયાથી ગુંદીવાળુ ફળીયુ
	૪/૪	૦	૦	૫૮૫	૪/૧ થી ૪/૧૧૮	કરકટવાડ
	૫/૪	૦	૦	૧૮૦	૪/૧ થી ૪/૧૨૫	ઘરીયાવાડ
	૬/૪	૯	૦	૨૫૮	૪/૧ થી ૪/૧૩૫	દેવશેરી તથા પીપડાશેરી
	૪/૬	૦	૦	૮૩૩	૬/૧ થી ૬/૧૮૪	રાજપુરી દરવાજા સામે કુંભારના ટેકરા વિસ્તાર પટેલવાડા
	૩/૬	૬	૦	૨૭૭	૬/૧ થી ૬/૧૧૯	મોચીકુઈ,વાળંદવાસ ,વિશ્વકર્મા મંદિર તથા હીંગળાજમાતા પાસે
	૨/૫	૦	૦	૩૧૧	૫/૧ થી ૫/૧૦૦	વોરવાડ, કોટીયાવાડ, સરદારમહોલ્લો, લુહારવાડો, બજારવિસતાર
	૧/૫	૦	૦	૨૯૯	૫/૧ થી ૫/૧૨૫	જેઠોલી કન્યાશાળાથી દરજીવાડા,બજારનોદક્ષીણાતો ભાગ
	કુલ	૧૫	૦	૩૬૧૬		

હદનું વર્ણન :–

દેવશેરીના ઉત્તર ભાગથી શરુ કરી પૂર્વ તરફ આગળ વધતા નાગરીક બેંક ના રસ્તાની હદે હદે પૂર્વ તરફ આગળ જતા ભટ્ટવાડાની ઉત્તરની હદેથી પાંચ હાટડીયા સુધી જઈ ત્યાંથી ઉત્તરે પૂર્વ તરફ રામજી મંદિર થઈ આગળ જતા જૈન દેરાસરની દક્ષિણની હદે પૂર્વ તરફ મોઢ બ્હામણની વાડી સુધી મોઢ બ્હામણની વાડીના પાછળના ભાગે થઈ પૂર્વ તરફ આગળ વધતા મોચીકુઈ વાળા રસ્તાની હદેહદે આગળ વધી દક્ષિણ તરફની બાજુએ સેવાલીયા રોડની હદેહદે દુધની ડેરીથી નગરપાલિકા ભવનની પશ્ચિમે રાજપુરી દરવાજાની ઉત્તર હદેથી પશ્ચિમે મુખ્ય બજારની દક્ષિણાતી બાજુની લાઈન દુધવાળુ ફળીયુ, રાજપુરી મસ્જિદવાળુ ફળીયુ, લલ્લુભાઈ પંચાલવાળુ ફળીયુ, ભીખાભાઈ વાડીનાથ વાળુ ફળીયુ, વ્હોરવાઢ દરવાજા થઈ પશ્ચિમાતી બાજુએ આગળ વધતા સરદાર મહોલ્લો જેઠોલી કન્યાશાળા ની ઉત્તરે બાજુએ મુસ્લીમ હોટલ થઈ ધરીયાવાડ થઈ ઉત્તરે આ થઈ વધતા નેમીનાથ ઈલેકટ્રીક ની દુકાન થઈ ઉત્તરે આગળ વધતા કૈલાસબેંડ ની દુકાને થઈ પુર્વાતી બાજુ દેવશેરી સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૫/૬	૫	૦	૭૩૮	૬/૧ થી ૬/૧૬૦	કે.એમ.જી. હોસ્પીટલ, કાછીયાવાડ, જુની પોષ્ટઓફીસ, ૫૨ા મહોલ્લો, પટેલવાડા વિસ્તાર
	૧/૬	૦	૫	૨૭૩	૬/૧ થી ૬/૧૭૨	પારેખવાડા, ભંડેરીવાડ,મોઢેશ્વર મહાદેવ
	૧/૭	૦	૦	૫૪	૭/૧ થી ૭/૧૨૦	હોળી ચકલા,જુની નગરપાલિકા પાછળ
	૨/૬	૦	૦	૫૭૭	૬/૧ થી ૬/૧૪૫	સુથારવાડા સ્વામીનારાયણ મંદિર
	૧/૩	૦	૫	૧૨૮	૩/૧ થી ૩/૧૮૩	ન.પા. ટાવરથી ખજુરી મસ્જિદ, તલાટીની ખડકી
	૨/૩	૦	૦	૧૯૧	૩/૧ થી૩/૧૪૧	રોકડીયાશેરી, મોટા મંદિરસામેની લાઈન, હાથીખાના, ગોલવાડ પાયગાશેરી
	૪/૩	૦	૦	૧૫૩	૩/૧ થી ૩/૧૦૫	શાક માર્કેટ, બજારલાઈન, ગાંધીવાડ,મલેકવાડ પાયગાશેરી
	૪/૭	૦	૦	૩૦૫	૭/૧ થી ૭/૧૧૮	બારોટવાડા, સ્વામીનારાયણ મંદિર સામે, સમળીમાતા વિસ્તાર
	૩/૭	૦	૦	૫૫૯	૭/૧ થી ૭/૧૩૨	ખાત્રીવાડાપટવાશેરી,
	૫/૩	૪૪	૦	૩૩૬	૩/૧ થી ૩/૧૭૦	નિશાળચોકથી લીમ મસ્જિદના રસ્તાનો ઉત્તરાતો ભાગ
	૧/૪	૦	૦	૨૪૯	૪/૧ થી ૪/૧૨૧	મોટા મંદિર સામેથી શરુ કરી જૈન દેરાસર થી પાંચ હાટડીયા સુધી
	કુલ.	૪૯	૧૦	૩૫૬૩		

હદનું વર્ણન :–

આ વોર્ડના વાયવ્ય ખૂણા, નગરપાલિકા ટાવરથી શરૂ કરી તલાટીની ખડકીની પૂર્વ હદેથી દક્ષિણે વોર્ડ નં.૧ માં આવેલ મોટા મંદિરની દક્ષિણ હદેથી ઉત્તર તરફ આગળ વધી તલાવ દરવાજાથી વિરપુર જવાના રસ્તા સુધી ત્યાંથી રસ્તાની હદે હદે પૂર્વ તરફ અંબામાતાના મંદિર સુધી ત્યાંથી વોર્ડ નં. ૨ ના સ.નં. ૧૦૪૨/૧ અને ૨ ની પશ્ચિમ હદેથી દક્ષિણે વોર્ડ નં. ૨ ના રે.સ.નં.૧૦૩૯/૧ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ આગળ ભટ્ટવાડાની ઉત્તરની હદે હદે ગાંધી ચોક સુધી ત્યાંથી ઉત્તરે મોચીવાડા સોનીવાડની પૂર્વની હદેથી ઉત્તરે નગરપાલિકા ટાવર સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૨/૧	૦	૦	૬૦૦	૨/૧ થી ૨/૯૭	ખતીબવાડા, પીપરફળી, કસ્બા મહોલ્લો
	૪/૧	૮૮	૦	૬૦૦	૪/૧ થી ૪/૧૧૫	મુલ્લાવાડા, હુસેનીચોક, મીરઝાવાડા
	૩/૧	૯	૦	૭૫૩	૩/૧ થી ૩/૮૭	પીરબડા મહોલ્લો, હુસેનીચોક, મીરઝાવાડા
	૫/૧	૩૧૬	૨૯	૬૭૨	૫/૧ થી ૫/૧૫૮	મીરઝાવાડ નથા શેરીનો ઉત્તરાતો ભાગ
	૧૨/૧	૦	૧૯	૫૩૮	૧૨/૧૨૮ થી ૧૨/૨૪૩	જેલ ટેકરા જુની સીવીલ કોર્ટ ઝાંઝરીવાડ પઠાણવાડો
	૩/૩	૦	૦	૩૩૪	૩/૧ થી ૩/૮૫	ગોલવાડ થી લીમ મસ્જિદ સુધી
	૧/૧	૦	૦	૫૩૦	૧/૧ થી ૧/૧૨૭	જુનો રાજમહેલ વિસ્તાર , પાયગા
	કુલ	૪૧૩	૪૧	૪૦૨૭		

હદનું વર્ણન :–

જેલથી શરુ કરી પૂર્વ તરફ જુમ્મા મસ્જિદ થઈ સર્વે નંબર ૫૮૧ની દક્ષિણા હદે ઉત્તર તરફ આગળ વધતા જુના રાજમહેલની પૂર્વ બાજુએ રોડની હદેહદે નગરપાલિકા ટાવર સુધી ત્યાંથી દક્ષિણ બાજુએ છીપવાડ, રાવતવાડ , ગોલવાડની પૂર્વની હદેથી સોનીવાડ થઈ લીમ મસ્જિદની દક્ષિણ હદેથી પશ્ચિમ તરફ આગળ વધતા ભઠીયારવાડની ઉત્તરે પઠાણવાડાની પશ્ચિમ હદેથી ઉત્તર તરફ જતાં જેલ સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૧૩/૧	૦	૦	૫૪૫	૧૩/૧ થી ૧૩/૧૧૬	કસાઈવાડો ભઠીયારવાડો
	૬/૧	૦	૨૧	૬૬૭	૬/૧ થી ૬/૧૭૯	બહુચરીમાતા, કાલુપુરનિશાળ (હરીજન કોલોની) સુધી રાવળના ઘરો
	૧૫/૧	૦	૭	૭૨૧	૧૫/૨૯૩ થી ૧૫/૩૭૯	બહુચરીમાતા, કાલુપુરનિશાળ (હરીજન કોલોની) સુધી બહુચરી માતા
	૬/૨	૩૧	૧૭	૭૦૬	૨/૧ થી ૨/૧૬૫	શીવશંભુ મહાદેવ વિસ્તાર
	૧૪/૧	૦	૦	૬૦૦	૧૪/૧૮૦ થી ૧૪/૨૯૨	બહુચરીમાતા, કાલુપુરનિશાળ (હરીજન કોલોની) સુધી
	૧૬/૧	૦	૦	૫૮૯	૧૬/૧૪૧ થી ૧૬/૨૧૦	કાલુપુર મસ્જિદવાળો વિસ્તાર
	૭/૧	૦	૦	૨૦૪	૭/૧ થી ૭/૧૨૭	શીવશંભુ મહાદેવની પાછળનો વિસ્તાર
	કુલ	૩૧	૪૫	૪૦૩૨		

હદનું વર્ણન :–

રે.સ.૬૨૮/૧ના વાયવ્ય ખૂણેથી શરુ કરી રે.સ.નં. ૬૭૧ ના પૂર્વ તરફ એસ.એસ.સી કવોરીના રસ્તાથી પૂર્વતરફ રે.સ.નં. ૫૮૧ ની અગ્નિ ખૂણેથી જુમ્મા મસ્જિદ પશ્ચિમ બાજુ આગળ વધતા જેલના વાયવ્ય ખૂણેથી દક્ષિણ તરફ હરીજન કોલોની, ભઠીયારવાડો, કસાઈવાડો, અમદાવાદી દરવાજા થઈ પશ્ચિમ તરફ શીવશંભુ મહાદેવ થી આગળ વધતા રે.સ.નં. ૩૭૯ ની હદની ઉત્તરે આગળ વધતા રે.સ.નં. ૩૮૦/૧,૫૨૫, ૫૮૭,ની હદે ઉત્તર તરફ આગળ વધતા રે.સ.નં.૫૯૦,૫૯૪,૫૯૫ , ૬૨૬ ની પશ્ચિમે હદે ઉત્તર તરફ રે.સ.નં. ૬૨૮/૨ થી ઉત્તરે રે.સ.૬૨૮/૧ સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘરનંબરથી ઘરનંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૧/૨	૦	૦	૬૪૪	૨/૧ થી ૨/૧૨૨	વિજય ટોકીઝ પ્લોટ ડબગરવાસ, પોલીશ લાઈન,
	૨/૨	૦	૦	૪૫૫	૨/૧ થી ૨/૮૭	ખાટકીવાડા, ટીબા મહોલ્લો ડબગરવાસ, રાજા બીલ્ડીંગ
	૩/૨	૦	૦	૭૦૧	૨/૧ થી ૨/૧૧૯	વિજય ટોકીઝ પ્લોટ વિસ્તાર
	૪/૨	૦	૦	૭૫૫	૨/૧ થી ૨/૧૭૧	મુલ્લાવાડા ભંડેરી વાડા વિસ્તાર.
	૫/૨	૦	૦	૫૯૮	૨/૧થી ૨/૧૯૫	રાવલીયા વાડો.
	૭/૨	૦	૦	૪૯૯	૨/૧૨૩ થી ૨/૨૦૩	બીસ્મીલ્લાહ સોસાયટી અલ મદીના સોસાયટી, જી.આઈ.ડી.સી. વિસ્તાર.
	૯/૨	૦	૦	૪૮૧	૨/૯૬ થી ૨/૧૬૧	શાહ મહંમદનો ટેકરો જુનો રાવળીવાસ અને ભંડેરીવાડા
	કુલ	૦	૦	૪૧૩૩		

હદનું વર્ણન :–

રે.સ.નં. ૩૭૭ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ રે.સ.નં. ૬૭૧ માં અમદાવાદી દરવાજાથી તાલુકા પંચાયત તરફ જવાના રસ્તાની હદેહદે અમદાવાદી દરવાજાની ઉત્તરની હદે પૂર્વે ભંડેરીવાડની ઉત્તરે આગળ વધતા શેરીવાળા રસ્તે થઈ પૂર્વ તરફ શાહમહંમદનો ટેકરો પશ્ચિમ હદે થઈ વોર્ડ નં.૪ માં આવેલ ગાંધી ચોક સુધી, ગાંધી ચોકની દક્ષિણ તરફ આગળ વધતા ટીમ્બા મહોળથી આગળ વધતા વોટરવર્કસ ની પશ્ચિમ હદે આગળ વધી પોલીસલાઈન ની દક્ષિણે જી.આઈ.ડી.સી.ના રસ્તે અમદાવાદ હાઈવે સુધી ત્યાંથી હાઈવેની હદે બિસ્મિલ્લાહ સોસાયટી થઈ રે.સ.નં. ૧૮૭/૧ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં. ૨૭૧,૨૭૩ ૨૭૬ ૩૦૦,૩૭૯, ૩૭૪ ની હદેહદે રે.સ.નં. ૩૭૭ સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૮	૭/૫	૨૬૭	૧૫	૫૬૭	૫/૧ થી ૫/૧૫૬	નવો રોહિતવાસ બસ સ્ટેશનસામે વાઘરીવાસ બગીચા વિસ્તાર
	૬/૫	૭૫૮	૧૭	૮૪૪	૫/૧ થી ૫/૧૭૧	તુરીવાસ તીરગરવાસ
	૯/૧	૦	૦	૨૭૧	૯/૧ થી ૯/૬૭	કસાઈવાડો ,પઠાણવાડો,પાણીની ટાંકી પાસેનો વિસ્તાર,તારન શહીદ દરગાહ પાસેનો વિસ્તાર
	૫/૫	૩૬૮	૦	૩૯૩	૫/૧થી ૫/૧૯૬	ગરોવાસ નવી વસાહત
	૪/૫	૪૧૮	૦	૪૨૦	૫/૧ થી ૫/૧૫૫	જુનો રોહિતવાસ તથા ગરોવાસ
	૩/૫	૮	૦	૩૯૦	૫/૧ થી ૫/૧૦૮	જુમાતખાનાનો સામેનો વિસ્તાર શીવમ કોમ્પલેક્ષ સામે,જુની સ્ટેટ બેંક
	૮/૨	૦	૦	૭૧૦	૨/૧૨૦ થી ૨/૨૩૯	ઈચ્છુટોલ્લા વિસ્તાર ,મોટો ભોઈવાડો
	કુલ	૧૮૧૯	૩૨	૩૫૯૫		

હદનું વર્ણન :–

આ વોર્ડ સ્થિત પાણીની ટાંકીની ઉત્તરની હદે ઉત્તર તરફ આગળ વધતાં તાલુકા શાળા સુધી તાલુકા શાળાની ઉત્તર હદેથી પૂર્વ તરફ જઈ પૂર્વની હદેથી દક્ષિણ તરફ ઈચ્છુત્રેલ્લા સુધી ત્યાંથી વોર્ડ નં.૩ માં આવેલ દરજીવાડાની દક્ષિણ હદે પૂર્વ તરફ આગળ જતાં મોટાભોઈવાડા સુધી ત્યાંથી દક્ષિણ તરફ આગળ જતાં જુના રોહિતવાસ, ગરોવાસ, તુરીવાસ, વાઘરીવાસની પૂર્વની હદેથી નવા રોહિતવાસ સુધી તેની દક્ષિણ હદે પશ્ચિમ તરફ જઈ ત્યાંથી જી.આઈ.ડી.સી.ની પૂર્વની હદે ઉત્તર તરફ આગળ વધતાં નવા રોહિતવાસથી પશ્ચિમ હદેથી પાણીની ટાંકી સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૯

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘરનંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
					ઘરનંબરથી ઘરનંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૯	૮/૫	૧૦	૩૩	૩૬૮	૫/૧ થી ૫/૧૧૪	એસ.ટી.કોલોની લકવાનું દવાખાનું
	૯/૫	૦	૨૩	૯૭૯	૫/૧ થી ૫/૨૧૧	જીન રોડ વાઘરીવાસ તથા હવૈયા વાસ
	૧૦/૫	૦	૦	૬૭૮	૫/૧ થી ૫/૨૨૪	જુનો ભોઈ વાડો.
	૧૧/૧	૧૫૨	૮૮	૭૦૨	૧૧/૧ થી ૧૧/૧૯૭	ભરવાડવાસ રામનગર વિસ્તાર
	૧૦/૧	૫૦	૪	૬૦૯	૧૦/૧ થી ૧૦/૧૬૪	અલનુર સોસાયટી, ઈન્દીરાનગર દવાખાના પાછળનો વિસ્તાર.
	કુલ	૨૧૨	૧૪૮	૩૩૩૬		

હદનું વર્ણન :–

અમદાવાદી રસ્તાની હદેહદે બાલાસિનોર તરફ જતાં રે.સ.નં.૬૭૧ની ઉત્તર હદેથી એસ.ટી. સ્ટોપ સુધી ત્યાંથી ઉત્તર તરફ વિરપુર રોડની હદેહદે ભોઈવાડાની ઉત્તર હદે પુર્વાતી બાજુએ રે.સ.નં.૧૬૮૫ ની પૂર્વ તરફ રે.સ.નં.૧૫૪૧ સુધી ત્યાંથી પૂર્વ તરફ રે.સ.નં.૧૫૩૭/૨ ની દક્ષિણે રે.સ.નં.૧૫૬૨ થી ૧૫૬૪,૧૫૬૬,૧૫૭૨ કચવા તળાવની પૂર્વ હદેહદે રે.સ.નં.૧૮૬૫/૧ સુધી ત્યાંથી ઉત્તરાતી બાજુએ હદેહદે પૂર્વ તરફ રે.સ.નં.૧૮૫૬,૧૮૫૯,૧૮૬૦ ની પૂર્વની હદેહદે દક્ષિણ તરફ રે.સ.નં.૧૮૬૦ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમે રે.સ.નં.૧૮૬૧, ૧૮૬૨–૬૩, ૧૮૯૬, ૧૮૮૨ની દક્ષિણ હદે થઈ રે.સ.નં.૧૯૦૧ સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં.૧૯૦૨, ૧૯૦૪, ૧૯૦૭, ૧૯૨૫ ની પશ્ચિમ હદે દક્ષિણે રે.સ.નં.૧૯૨૭, ૧૯૩૨, ૧૯૩૧,૧૯૩૩ની પશ્ચિમ ઉત્તર તરફ રે.સ.નં.૧૯૩૪ થી રે.સ.નં.૨૦૫૭ ની પશ્ચિમ હદેહદે રે.સ.નં.૨૧૦૩ ના નંબરો ની પશ્ચિમે સેવાલીયા જવાનો રસ્તો ઓળંગી રે.સ.નં.૨૩/૨ ની હદે રે.સ.નં.૨૩/૩ની પશ્ચિમાતી બાજુએ રે.સ.નં.૬૭૧ની હદે રે.સ.નં. ૩૫, ૪૫ ની દક્ષિણ હદે ઉત્તરે રે.સ.નં.૪૭,૫૦,૧૪૭,૧૪૮ ,૧૮૧/૧ ફાટા તળાવની પશ્ચિમ હદે ઉત્તર તરફ રે.સ.નં.૧૮૪ ની પશ્ચિમ હદે ઉત્તર તરફ રે.સ.નં. ૧૮૭/૨,૧૮૮/૨ સુધી આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર

બાલાસિનોર નગરપાલિકાની કુલ વસ્તી		૩૩૭૦૫
કુલ વોર્ડની સંખ્યા		૯
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૩૭૪૫	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ– ૪૧૧૯ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ– ૩૩૭૧.
કુલ બેઠકોની સંખ્યા.		૨૭
સ્ત્રી બેઠકો	૯	એક બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી સહિત —— બેઠક અનુસૂચિત આદિજાતિ એક બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૨	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	—	તે પૈકી — સ્ત્રી
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.		૧૨
સામાન્ય બેઠકો.		૧૫

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૩૮૪	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૪૦૧૯	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૩	૩	૩૬૧૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૫૬૩	પછાત વર્ગ	સામાન્ય	સામાન્ય
૫	૫	૪૦૨૭	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય
૬	૬	૪૦૩૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૪૧૩૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૩૫૯૫	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૯	૯	૩૩૩૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ.		૩૩૭૦૫			

વી.એચ.શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 174 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] SATURDAY, MAY 19, 2007/VAISAKHA 29, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,સચિવાલય,
ગાંધીનગર.
તા.૧૯–૫–૨૦૦૭

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–મનપા–સુરત–૨૦૦૭

સુરત મહાનગરપાલિકામાં આઠ નગરપાલિકાઓ તથા સત્તાવીસ ગામોનો વિસ્તાર ઉમેરેલ અને તે માટે વધારવામાં આવેલ શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ.

૧. સુરત મહાનગરપાલિકામાં આઠ નગરપાલિકાઓ તથા સત્તાવીસ ગામોનો ઉમેરાયેલ વિસ્તાર માટે વધારવામાં આવેલ ચાર વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી અંગેના મુસદ્દારૂપ આદેશ, રાજ્ય ચૂંટણી પંચના તા.૧૭–૧૧–૨૦૦૬ ના આદેશ ક્રમાંકઃ રાચપ–ચટણ– સમક– મનપા– સુરત–૨૦૦૬ થી જારી કરવામાં આવેલ હતો. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે નિર્ધારિત સ્થળોએ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો. તેની સામે કોઈપણ વ્યકિતને , જાહેર જનતાને સલાહસૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિદ્ધ થયેથી દિવસ–૧૫ માં રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા.

૨. સુરત મહાનગરપાલિકામાં આઠ નગરપાલિકાઓ તથા સત્તાવીસ ગામોનો ઉમેરાયેલ વિસ્તાર માટે વધારેલ ચાર વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી અંગેના સદર આદેશ અન્વયે જુદી જુદી વ્યકિતઓ તથા રાજકીય પક્ષો તરફથી સુચનો કરવામાં આવ્યા છે.

૩. આ ઉપરાંત ૧૯૫૧ નાં લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજ્ય ચૂંટણી પંચે કરેલ છે.

INDEX

૪. રાજય ચૂંટણી પંચને મળેલ સુચનોનો કાળજીપુર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શના અંતે તે પરામર્શમાં થયેલ સુચનોનો પણ કાળજીપુર્વક અભ્યાસ કરી મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો, ૧૯૯૪ અને રાજય ચૂટણી પંચે જાહેર કરેલ માપદંડની મર્યાદામાં રહીને અત્રેના તા.૧૭–૧૧–૨૦૦૬ ના મુસદ્દારૂપ આદેશ આંશિક સુધારા સાથે આખરી કરવાનું પંચે ઠરાવ્યુ છે.

૫. આથી રાજય ચૂંટણી પંચ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩–ડ અને ૨૪૩:વ–ક, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ–૧૯૪૯ ની કલમ–૫ ખંડ(૩) પેટા ખંડ (ખ) તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો, ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂઈએ સુરત શહેરના વધારેલા વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ–૧ પ્રમાણે અને અનામત બેઠકોની ફાળવણી આ સાથે જોડેલ અનુસૂચિ–૨ મુજબ આખરી કરવાનું ઠરાવે છે.

રાજય ચૂંટણી પંચના આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ– ૧

સુરત મહાનગરપાલિકા, જિલ્લો સુરત.

વોર્ડ નં.૩૫ ની હદનું વર્ણન :–

આ વોર્ડના મોજે ડુમસના દરિયા કિનારે આવેલ બેટ (રે.સર્વે નં.૧૦૦૬) ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ તાપી નદીના કિનારે – કિનારે પસાર થતાં મોજે ડુમસ, વાંટા, ગવિયર, મગદલ્લા, રૂંઢ ગામોના કિનારે કિનારે પસાર થઈ મોજે રૂંઢ ના રે. સર્વે નં. ૫૮ ના ઈશાન ખૂણા (જૂની શહેરની હદ– વોર્ડ નં.૨૫ની પશ્ચિમ હદ) સુધી. ત્યાંથી ડુમસ રોડને ક્રોસ કરી મોજે વેસુના વાયવ્ય ખૂણે આવેલ રે. સર્વે નં. ૫૭૮ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ મોજે વેસુ અને ભરથાણા ગામની ઉત્તર તરફની હદે હદે પસાર થતાં મોજે ભરથાણાના ઈશાન ખૂણે આવેલ રે. સર્વે નં.૪૫ ના ઈશાન ખૂણા સુધી. (વોર્ડ નં.૩૩ ની પશ્ચિમ હદ સુધી) ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે ભરથાણા–વેસુ તથા ભીમરાડની પૂર્વ તરફના સીમાડાની હદે હદે પસાર થઈ મોજે ભીમરાડના રે. સર્વે નં.૩૬ ના અગ્નિ ખૂણા સુધી. (અલથાણ–અજોદ રોડના જંકશન સુધી) ત્યાંથી પૂર્વ તરફ વળી મોજે ભીમરાડના રે. સર્વે નં.૪૦, ૪૯ અને ૫૧ ની ઉત્તરે થઈ ભીમરાડખાડી સુધી. ત્યાંથી ઉત્તર તરફ ખાડીના કિનારે કિનારે થઈ મોજે બમરોલીના રે. બ્લોક નં.૧૨૨ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ રે. બ્લોક નં.૧૨૯ અને ૧૩૦ ની ઉત્તરે આવેલ ખાડીના કિનારે કિનારે થઈ મજૂરા–બમરોલી રોડને પસાર કરી પાંડેસરા તરફ જતા રસ્તે રસ્તે મોજે બમરોલીના રે. બ્લોક નં. ૧૬૯, ૧૭૦ માંથી પસાર થઈ રે. બ્લોક નં. ૨૨૮, ૨૪૩, ૨૪૪, ૨૪૫, ૨૪૭, ૨૪૮ ની ઉત્તરે થઈ રે. બ્લોક નં.૨૪૮ ના ઈશાન ખૂણા (જૂની શહેરની હદ – પાંડેસરાનો સીમાડો) સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતા બ્લોક નં. ૨૪૯, ૨૫૦, ૨૫૨, ૨૫૩, ૨૫૭, ૨૭૮ થી ૨૮૧ થી પૂર્વ હદે થઈ વડોદના સીમાડાને પસાર કરી મોજે વડોદના રે. સર્વે નં. ૧૫૩, ૧૫૧ અને ૧૪૭ ની પૂર્વ બાજુએ થઈ (શહેરની જૂની હદે) પૂર્વ તરફ જતા રે. સર્વે નં. ૧૪૭ ની ઉત્તર હદે પસાર થઈ વડોદ ગામમાં જવાના રોડને ક્રોસ કરી રે. બ્લોક નં. ૧૭૮ ની ઉત્તરે તેમજ ૧૭૬ ની મધ્યમાંથી પસાર થઈ રે. સર્વે નં. ૧૭૫, ૧૭૪, ૧૬૩ અને ૧૬૨ ની ઉત્તરેથી પસાર થઈ ૧૬૨ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ સોનારી ગામ તરફ જતાં રસ્તે રસ્તે મોજે વડોદના રે. સર્વે નં. ૧૬૨, ૧૬૪, ૧૬૫ ની પૂર્વ થઈ રે. સર્વે નં.૧૩, ૧૭, ૧૮, ૧૯ ના અગ્નિ ખૂણા સુધી. (મોજે જીઆવ ગામના સીમાડા સુધી.) ત્યાંથી મોજે જીઆવના પૂર્વે આવેલ રે. સર્વે નં.૩૯૫ અને ૩૯૬ ની પૂર્વ તરફની હદે હદે થઈ મોજે સોનારીના સીમાડા સુધી. મોજે જીઆવના રે. સર્વે નં. ૩૯૬ ના અગ્નિ ખૂણેથી મોજે સોનારીના રે. બ્લોક નં. ૬૧, ૫૭, ૪૯ ની ઉત્તરે થઈ રે. સર્વે નં. ૪૮ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જતાં મોજે સોનારીના રે. બ્લોક નં. ૪૮, ૪૯,૪૭, ૪૧, ૪૦, ૩૯, ૩૮ ની પૂર્વે હદે હદે થઈ રે. સર્વે નં. ૩૮ ના અગ્નિ ખૂણે આવેલ મોજે ગભેણીના

INDEX

સીમાડા (ખાડી) સુધી. ત્યાંથી પૂર્વ તરફ ખાડીની હદે હદે પસાર થઈ મોજે ગભેણીના બ્લોક નં. ૨૬૪ ના ઈશાનખૂણા સુધી. મોજે ઉનના બ્લોક નં.૨૫૯ ની પશ્ચિમ હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી બ્લોક નં.૨૬૪, ૩૦૦ની પૂર્વ હદે હદે પસાર થઈ સચીન – હજીરા રોડને ક્રોસ કરી રેવન્યુ બ્લોક નં.૩૦૫ ની પૂર્વ હદે હદે દક્ષિણ તરફ જઈ રેવન્યુ બ્લોક નં.૩૦૫ ના અગ્નિખૂણા સુધી. (મોજે ઉનનો પશ્ચિમ તરફનો સીમાડો) ત્યાંથી પશ્ચિમ તરફ વળી રેવન્યુ બ્લોક નં.૩૦૫ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રેવન્યુ બ્લોક નં.૩૦૫, ૨૯૫, ૨૯૪, અને ૨૮૮ ની દક્ષિણ તરફની હદે હદે પસાર થઈ રેવન્યુ બ્લોક નં.૨૮૮ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફવળી તલંગપુર તરફ જતાં રસ્તે રસ્તે પસાર થઈ મોજે ગભેણીની દક્ષિણ હદે આવેલ બ્લોક નં.૪૦૪ ના અગ્નિખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોજે ગભેણીની દક્ષિણ હદ આવેલ બ્લોક નં. ૪૦૪ ના અગ્નિખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતાં મોજે ગભેણીની દક્ષિણ હદે હદે પસાર થઈ બ્લોક નં.૪૭૦ ની પશ્ચિમે આવેલ ખાડી સુધી. ત્યાંથી મોજે બુડીયા, ખજોદ, આભવા, ભીમપોર, સુલતાનાબાદની દક્ષિણે આવેલ ખાડીના કિનારે કિનારે થઈ મોજે ડુમસના ગરાસ ગામતળ સુધી. ત્યાંથી તાપી પસાર કરી ડુમસ બેટ સુધી. ત્યાંથી ઉત્તર તરફ દરિયાના કિનારે કિનારે ડુમસ બેટના રે. સર્વે નં. ૧૦૦૬ ના વાયવ્ય ખૂણા સુધી. (કાંદી ફળિયા ગ્રામ પંચાયત સિવાય) નો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર–પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર – પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ – પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ –પશ્ચિમ)

વોર્ડ નં.૩૬ ની હદનું વર્ણન :–

૧. આ વોર્ડના મોજે મગોબના રે. બ્લોક નં.૧૨૩ ના વાયવ્ય ખૂણેથી (ઈલે. વોર્ડ નં.૧૮ ની પૂર્વ હદ) થી શરૂ કરી મગોબ ખાડીના કિનારે કિનારે થઈ બ્લોક નં. ૧૦૦ સુધી ત્યાંથી રે. બ્લોક નં. ૯૩, ૯૧, ૮૩, ૭૯ સુધી (૧૫૦' ના રોડ સુધી) મોજે મગોબની ઉત્તર તરફની હદ. ત્યાંથી ઉત્તર તરફ મોજે પૂણાના રે. બ્લોક નં. ૬૫૩ થી ઉત્તર તરફ ડ્રાફ્ટ ટી. પી. ના ૧૫૦' ના રસ્તે રસ્તે પસાર થઈ રે. બ્લોક નં. ૬૨૫ ના વાયવ્ય ખૂણા સુધી. (સીતાનગર ચાર રસ્તા સુધી) ત્યાંથી પૂર્વ તરફ પૂણા ગામ જતા રસ્તે રસ્તે થઈ રે. બ્લોક નં. ૬૧૫ (શિવમ એપાર્ટમેન્ટ) ની ઉત્તર–પૂર્વે થઈ રે. બ્લોક નં. ૬૭૪ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જતા પૂણા–મગોબ રોડ ક્રોસ કરી બ્લોક નં. ૮૧૮ ના વાયવ્ય ખૂણા સુધી અને ત્યાંથી પૂર્વ તરફ રે. બ્લોક નં. ૮૧૮, ૮૨૦ ની ઉત્તર હદે હદે થઈ રે. બ્લોક નં. ૮૨૦ ના અગ્નિ ખૂણે થઈ પૂર્વ તરફ રે. બ્લોક નં.૮૧૧ થી પૂણા–સારોલી રોડના ઉત્તર હદે કેનાલ મળે ત્યાં સુધી અને ત્યાંથી કેનાલની ઉત્તરેથી હદે હદે પૂર્વ તરફ જતા કેનાલના પૂર્વમાં સણિયા હેમાદના સીમાડે રે. બ્લોક નં.૨૫૩ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ કેનાલ ક્રોસ કરી ખેતીના રે. ૧૬૦, ૧૫૫ પશ્ચિમ તરફ આવતા હદે હદે ખેતીના રે. બ્લોક નં.૧૪૪, ૧૪૨, ૧૪૩, ૧૩૬, ૧૧૯, ૯૦, ૮૮, ૮૭ પૂણા–સારોલી રોડ ક્રોસ કરી ખેતીના રે. બ્લોક નં. ૭૬૮, ૭૬૬, ૭૬૦, ૭૪૮ થઈ ખેતીના રે. બ્લોક નં. ૭૪૬ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી મોજે મગોબ, પરવત અને ગોડાદરાગામની પૂર્વ તરફથી હદે હદે (શહેરની નવી હદ) પસાર થઈ મોજે ડીંડોલીના અગ્નિ ખૂણે આવેલ રે. બ્લોક નં.૧૭૫/૨ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જતા સુરત – પલસાણા રોડને ક્રોસ કરી રે. બ્લોક નં.૧૭૭ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જઈ રે. બ્લોક નં.૧૮૩ ના ઉત્તર ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ જઈ રે. બ્લોક નં.૨૧૮ સુધી. ત્યાંથી દક્ષિણ તરફવળી રે. બ્લોક નં.૨૨૪ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ દિશા તરફ મોજે ડીંડોલીના દક્ષિણ તરફના સીમાડા પર આવેલ રે. બ્લોક નં. ૨૨૪, ૨૨૫, ૨૨૭, ૨૨૯ અને ૨૩૦ ની દક્ષિણ તરફથી હદે હદે પસાર થઈ સુરત – મુંબઈ રેલ્વે લાઈનને અડીને રે. બ્લોક નં. ૨૩૦ ના નૈઋત્ય ખૂણે થઈ ઉત્તરતરફ રે. બ્લોક નં. ૨૫૯ થી ૨૬૨, ૨૭૧ થી ૨૭૩ અને ૩૧૪ ની પશ્ચિમ હદે હદે પસાર થઈ ખાડી સુધી. રે. બ્લોક નં.૩૧૪ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ ખાડીના કિનારે કિનારે પસાર થઈ રે. બ્લોક નં. ૫૦૪ ની ઉત્તરે આવેલ સુરત – ભુસાવળ રેલ્વે લાઈન સુધી. ત્યાંથી રેલ્વે લાઈને – લાઈને પસાર થઈ રે. બ્લોક નં.૫૦૫ ના ઈશાન ખૂણા (મોજે ગોડાદરાના પશ્ચિમ સીમાડા) સુધી. ત્યાંથી ઉત્તર તરફવળી મોજે ગોડાદરા, પરવત ગામના પશ્ચિમ સીમાડાની હદે હદે અને જુના વોર્ડ નં. ૩૦, ૨૯, ૨૦, ૧૮ ના પૂર્વની હદે હદે પસાર થઈ મગોબ ગામની દક્ષિણે આવેલ ખાડી સુધી. ત્યાંથી મોજે મગોબના રે. બ્લોક નં.૧૪૫ ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ રે. બ્લોક નં.૧૪૫ ની પશ્ચિમ હદે હદે પસાર થઈ સુરત – બારડોલી રોડને ક્રોસ કરી રે. બ્લોક નં. ૧૩૮ ની પશ્ચિમ હદે હદે પસાર થઈ કેનાલ ક્રોસ કરી રે. બ્લોક નં.૧૩૩, ૧૨૪, ૧૨૩ ની પશ્ચિમ હદે હદે પસાર થઈ રે. બ્લોક નં.૧૨૩ ના વાયવ્ય ખૂણા (મગોબ ખાડી) સુધીની અંદરનો તમામ વિસ્તાર.

૨. મોજે ઉનના પૂર્વ બાજુના સીમાડા તરફ આવેલ રે. બ્લોક નં.૩૨૯ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ જતાં જુના વોર્ડ નં.૩૪ ના દક્ષિણની હદે હદે પૂર્વ તરફ જતાં ઉનના રે. બ્લોક નં. ૧૪૦ ના ઈશાન ખૂણા સુધી જઈ દક્ષિણ તરફ જતાં ઉનના રે. બ્લોક નં.૧૪૧, ૧૫૨, ૧૫૩ ની પૂર્વની હદે હદે થઈ ખાડી પસાર કરી રે. બ્લોક નં.૧૬૧, ૧૬૨, ૧૬૫, ૧૬૭ ની

INDEX

પૂર્વની હદે હદે પસાર થઈ રે. બ્લોક નં.૧૬૮ ની દક્ષિણ હદેથી પસાર થતાં સુરત નવસારી રોડ સુધી. ત્યાંથી ઉત્તર તરફ નવસારીથી સુરત તરફ જતાં રસ્તે રસ્તે થઈ રે. બ્લોક નં. ૧૬૮ની દક્ષિણ હદે હદે પસાર થઈ રેલ્વે લાઈન ક્રોસ કરી રે. બ્લોક નં. ૧૭૫ ની પશ્ચિમ બાજુએથી પસાર થઈ રે. બ્લોક નં. ૧૮૦ (આશીર્વાદ ઈન્ડસ્ટ્રીઝ) ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ જતાં રે. બ્લોક નં. ૧૮૦ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી સચિન –મગદલ્લા રોડ ક્રોસ કરી રે. બ્લોક નં.૨૨૦, ૨૧૯, ૨૪૬ અને ૨૪૭ ની દક્ષિણ હદે હદે પસાર થઈ રે. બ્લોક નં. ૨૪૭ ના નૈઋત્ય ખૂણા સુધી (મોજે ગભેણીના સીમાડા સુધી) ત્યાંથી ઉત્તર તરફ વળી મોજે ઉનના રે. બ્લોક નં. ૨૪૭ ની પશ્ચિમ હદે હદે થઈ રે. બ્લોક નં. ૨૫૧ ના નૈઋત્ય ખૂણેથી પસાર થતાં સતીન–મગદલ્લા રોડને ક્રોસ કરી રે. બ્લોક નં. ૨૫૦ ની દક્ષિણે થઈ રે. બ્લોક નં. ૨૫૦ ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ વળી રે. બ્લોક નં. ૨૫૦, ૨૫૩, ૨૫૪, ૨૫૮, ૨૫૯ની પશ્ચિમ હદે હદે પસાર થઈ ઉન ખાડી સુધી ત્યાંથી ઉત્તર તરફ ખાડીના કિનારે કિનારે આગળ વધી નહેરને ક્રોસ કરી રે. બ્લોક નં. ૩૨૯ ના વાયવ્ય ખૂણા સુધીની હદની અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૩૭ ની હદનું વર્ણન :–

આ વોર્ડના વાયવ્યે ખૂણે આવેલ મોજે પૂણાના રે. બ્લોક નં.૫૮૦ (લક્ષ્મીપાર્ક) ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ જતાં રાધાસ્વામી, રણુજાધામ, ઈશ્વરનગર, મણીબાપાર્ક, માધવપાર્ક, અમરધામ, અંજનિનગર અને માતૃશકિત સોસાયટીની ઉત્તરે આવેલ ખાડીની હદે હદે પસાર થઈ સત્યનારાયણ સોસાયટીના (રે. બ્લોક નં.૪૫૬) ના નૈઋત્ય ખૂણા સુધી. સત્યનારાયણ સોસાયટીની પશ્ચિમ તથા ઉત્તર હદે હદે પસાર થઈ ગૌતમપાર્ક (રે. બ્લોક નં.૪૫૭) ના નૈઋત્ય ખૂણે આવેલ ખાડી સુધી. ત્યાંથી ઉત્તર તરફ ખાડીની હદે હદે આગળ વધી સમ્રાટ સોસાયટી (રે. બ્લોક નં.૪૫૬) ની ફરતે થઈ સમ્રાટ સોસાયટીના અગ્નિ ખૂણે આવેલ ખાડી સુધી. ત્યાંથી પૂર્વ તરફ ખાડીના કિનારે કિનારે પસાર થઈ મોજે પૂણાના રે. બ્લોક નં.૩૨૪ (સંગના સોસાયટી) ના ઈશાન ખૂણા (સીમાડા ગામની પૂર્વની હદ) સુધી.' ત્યાંથી સીમાડા ગામના રે. સર્વે નં. ૫ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ ખાડીના કિનારે કિનારે જતા રે. સર્વે નં. ૩૩ ના ઈશાન ખૂણા તેમજ મોજે સરથાણાના રે. સર્વે નં.૧૩૯ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઈલેકશન વોર્ડ નં.૭ ની પૂર્વ હદ તેમજ મોજે સરથાણાની પશ્ચિમ હદે હદે ઉત્તર તરફ જતા વરાછા કામરેજ રોડને ક્રોસ કરી સરથાણા ગામતળની પશ્ચિમે થઈ તાપી નદી સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ તાપી નદીના દક્ષિણ તરફના કિનારે કિનારે પસાર થઈ નાનાવરાછા–મોટાવરાછાને જોડતા પુલ પરથી પસાર થઈ મોટાવરાછાના રે. સર્વે નં.૧૧૮ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ તાપી નદીના કિનારે કિનારે પસાર થઈ રે.સર્વે નં.૨૧૪ ના નૈઋત્ય ખુણા સુધી. ત્યાંથી મોજે મોટાવરાછાના પશ્ચિમના સીમાડાની હદે હદે પસાર થઈ મોટાવરાછાના વાયવ્ય ખૂણે આવેલ રે. સર્વે નં. ૪૪૮ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી મોટાવરાછાના ઉત્તર હદે હદે પસાર થઈ મોટાવરાછાના રે. સર્વે નં. ૬૧૮ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોટાવરાછાના પૂર્વની હદે હદે પસાર થઈ રે. સર્વે નં.૪૭ ની હદે હદે થઈ તાપી નદી ક્રોસ કરી મોજે સરથાણાના રે. બ્લોક નં.૮ ના ઈશાન ખૂણે થઈ સદર રે. બ્લોકની પૂર્વ હદે હદે થઈ દક્ષિણ તરફ જતા રે. બ્લોક નં.૯ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ મોજે સરથાણાની ઉત્તરના સીમાડાની હદે હદે પસાર થઈ સુરત–કામરેજ રોડ ક્રોસ કરી રે. બ્લોક નં.૭૬ ના ઈશાન ખૂણા સુધી .(લસકાણાના સીમાડા સુધી) ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે સરથાણાની પૂર્વ તરફની હદે હદે પસાર થઈ પાસોદરા ગામ જતા રસ્તાને ક્રોસ કરી રે. બ્લોક નં.૮૬ ના અગ્નિ ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ દિશા તરફ મોજે સરથાણાની હદે હદે ખાડીના કિનારે કિનારે પસાર થઈ રે. બ્લોક નં.૧૦૮ ઈશાન ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ જઈ રે. બ્લોક નં. ૬૭૬ ના વાયવ્ય ખૂણે આવેલ રે. બ્લોક નં. ૬૭૪ ની પૂર્વ બાજુની હદ સુધી. ત્યાંથી દક્ષિણ તરફ જઈ રે. બ્લોક નં. ૬૧૮ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી બ્લોક નં. ૬૧૮ થી ૬૧૫ ની દક્ષિણ તરફની હદે હદે થઈ શિવમ એપાર્ટમેન્ટના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ પૂણાથી બોમ્બે માર્કેટ જવાના રસ્તે રસ્તે થઈ રે. બ્લોક નં. ૬૨૭ માં આવેલ ઈશ્વરપાર્ક સોસાયટીના ઈશાન ખૂણા સુધી. (સીતાનગર જંકશન સુધી) ત્યાંથી દક્ષિણ તરફ ૧૫૦' ના રસ્તે રસ્તે થઈ રે. બ્લોક નં.૬૫૩ ના અગ્નિ ખૂણે આવેલ મગોબના સીમાડા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી રે. બ્લોક નં. ૬૪૫ (મુકિતધામ) ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ જતા રે. બ્લોક નં. ૬૪૫, ૬૪૪ ની પશ્ચિમે થઈ રે. બ્લોક નં.૫૮૦ (લક્ષ્મીનગર સોસાયટીના વાયવ્ય ખૂણા સુધી.) (મોજે મગોબ અને પૂણા વચ્ચેનો સીમાડો) સુધીની હદની અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૩૮ ની હદનું વર્ણન :–

૧. આ વોર્ડના મોજે વરીયાવના વાયવ્ય ખૂણે આવેલ રે. સર્વે નં.૫૫૮ ના વાયવ્ય ખૂણેથી શરૂ કરી મોજે વરીયાવની ઉત્તરની હદે હદે (સુરત શહેરની નવી હદે હદે) પૂર્વ તરફ જતા રે. સર્વે નં.૬૭૧ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ સુરત શહેરની નવી હદે હદે પસાર થઈ રે. સર્વે નં.૮૪૬ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ સુરત શહેરની નવી હદે હદે જતા મોજે વરીયાવના રે. સર્વે નં.૯૦૩ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી રે. સર્વે નં.૯૦૩ ના પૂર્વે થઈ દક્ષિણ તરફ જતા કઠોર રોડને ક્રોસ કરી મોજે વરીયાવના રે. સર્વે નં.૯૧૫ ના અગ્નિ ખૂણા (ભરથાણાના સીમાડા) સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી મોજે રે. સર્વે નં.૯૧૯ દક્ષિણ હદેથી મોજે કોસાડના સીમાડા સુધી. ત્યાંથી મોજે કોસાડના રે. બ્લોક નં.૫૨૯ ના ઈશાન ખૂણેથી દક્ષિણ તરફ જઈ રે. બ્લોક નં. ૪૩૨ ની દક્ષિણે સુરત – સુરત રેલ્વે ક્રોસ કરી પૂર્વ તરફ જતા અબ્રામા જવાના રસ્તે થઈ મોજે

INDEX

કોસાડના રે. બ્લોક નં.૩૯૭ ના ઈશાન ખૂણા સુધી. (મોટાવરાછાના પૂર્વ બાજુના સીમાડા સુધી) ત્યાંથી દક્ષિણ તરફ જતા મોજે કોસાડ અને મોટાવરાછા વચ્ચેના સીમાડાની હદે હદે થઈ મોજે કોસાડના રે. બ્લોક નં.૧૪૩ ના ઈશાન ખૂણે આવેલ મોજે ઉત્રાણના ઉત્તરના સીમાડા થઈ મોજે ઉત્રાણના રે. સર્વે નં. ૬૭ ના ઈશાન ખૂણે થઈ દક્ષિણ તરફ વળી પાવર હાઉસની પૂર્વ દિશાએ થઈ રે. સર્વે ન.૪૦ ના અગ્નિ ખૂણેથી પસાર થઈ તાપી નદીના કિનારા સુધી. ત્યાંથી પશ્ચિમ તરફ વળી તાપી નદીના કિનારે કિનારે ઉત્રાણ, અમરોલી, છાપરાભાઠા અને વરીયાવની દક્ષિણે થઈ મોજે વરીયાવના નૈઋત્ય ખૂણે આવેલ રે. સર્વે નં.૮૨ ના નૈઋત્ય ખૂણા સુધી. ત્યાંથી ઉત્તર તરફ મોજે જહાંગીરપુરા અને સરોલીના પૂર્વ બાજુના સીમાડાની હદે હદે થઈ મોજે વરીયાવના રે. સર્વે નં.૧૦૨ ના વાયવ્ય ખૂણા સુધી. ત્યાંથી પૂર્વ તરફ વળી મોજે કનાજના દક્ષિણ તથા પૂર્વ બાજુના સીમાડાની હદે હદે થઈ મોજે શેરડીના દક્ષિણ અને પૂર્વ બાજુના સીમાડા તથા મોજે કોસમના પૂર્વ બાજુના સીમાડાની હદે હદે (મોજે વરીયાવના પશ્ચિમ બાજુના સીમાડાની હદે હદે) થઈ મોજે વરીયાવના રે. બ્લોક નં. ૫૫૮ ના વાયવ્ય ખૂણા સુધીની અંદરનો તમામ વિસ્તાર.

૨. પાલનપુરના રેવન્યુ બ્લોક નં. ૧૨૨ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ જતાં પાલનપુરના સિમાડાની ઉત્તરની હદે અને જહાંગીરાબાદના સિમાડાની દક્ષિણની હદે હદે પૂર્વ તરફ જહાંગીરાબાદની વચ્ચે આવેલ સીમાડાની હદે હદે થઈ રે. બ્લોક નં. ૮૪ ના ઈશાન ખૂણા સુધી. ત્યાંથી દક્ષિણ તરફ વળી મોજે પાલનપોર અને પાલની પૂર્વ બાજુના સીમાડાની (સુરત શહેરની જૂની હદ) હદે હદે થઈ મોજે પાલના અગ્નિ ખૂણે આવેલ રે. બ્લોક નં. ૩૩૯ ના અગ્નિ ખૂણા થઈ પશ્ચિમ તરફ જતાં પાલના રે. બ્લોક નં. ૪૦૦ ના નૈરૂત્ય ખૂણા સુધી જઈ ઉત્તર–પશ્ચિમ તરફ જતાં મોજે ભાઠાના સિમાડાની હદની પૂર્વ–ઉત્તરની હદે હદે પાલનપુરના રે. બ્લોક નં.૧૧૫ના નૈઋત્ય ખૂણા સુધી જઈ ઉત્તર તરફ જતાં મોજે આસસ્માના સિમાડાની પૂર્વની હદે અને પાલનપુરના સિમાડાની પશ્ચિમની હદે હદે ઉત્તર તરફ પાલનપુરના રે. બ્લોક નં. ૧૨૨ ના વાયવ્ય ખૂણા સુધીની હદની અંદરનો સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વી. એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

IV-C Ex. 174-2

INDEX

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી પંચ
ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

સુરત મહાનગરપાલિકામાં ઉમેરેલ વિસ્તારની કુલ વસ્તી	૪,૪૨,૫૩૯	
કુલ વોર્ડની સંખ્યા	૦૪	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૧૧૦૬૩૫	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ–૧૨૧૬૯૯ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ –૯૯૫૭૧
બેઠકોની સંખ્યા.	૧૨	
સ્ત્રી બેઠકો	૦૪	
અનુસુચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	--	તે પૈકી — સ્ત્રી
અનુસુચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૦૧	તે પૈકી — સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૦૧	તે પૈકી — સ્ત્રી
કુલ અનામત બેઠકો.	૦૬	
સામાન્ય બેઠકો.	૦૬	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૩૫	૧૦૧૮૭૧	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૩૬	૧૦૩૨૦૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩૭	૧૧૮૬૯૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૩૮	૧૧૮૭૭૪	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
	કુલ	૪૪૨૫૩૯			

વી. એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 175

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] SATURDAY, MAY 19, 2007/VAISAKHA 29, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,સચિવાલય,
ગાંધીનગર.
તા. ૧૯-૫-૨૦૦૭

ક્રમાંકઃરાચપ-ચટણ-સમક-મનપા-અમદાવાદ-૨૦૦૭

અમદાવાદ મહાનગરપાલિકામાં સત્તર (૧૭) નગરપાલિકાઓ તથા ત્રીસ (૩૦) ગામોનો વિસ્તાર ઉમેરેલ અને તે માટે વધારવામાં આવેલ શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ.

૧. અમદાવાદ મહાનગરપાલિકામાં સત્તર (૧૭) નગરપાલિકાઓ તથા ત્રીસ (૩૦) ગામોનો ઉમેરાયેલ વિસ્તાર માટે વધારવામાં આવેલ સાત વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી અંગેના મુસદ્દારૂપ આદેશ, રાજ્ય ચૂંટણી પંચના તા.૧૮-૧-૨૦૦૭ ના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-સમક-મનપા-અમદાવાદ- ૨૦૦૭થી જારી કરવામાં આવેલ હતો. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે નિર્ધારિત સ્થળોએ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો. તેની સામે કોઈપણ વ્યક્તિને , જાહેર જનતાને સલાહસૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિદ્ધ થયેથી દિવસ-૧૫ માં રાજ્ય ચૂંટણી પંચ, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા.

૨. અમદાવાદ મહાનગરપાલિકામાં સત્તર (૧૭) નગરપાલિકાઓ તથા ત્રીસ (૩૦) ગામોનો ઉમેરાયેલ વિસ્તાર માટે વધારેલ સાત વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકની ફાળવણી અંગેના સદર આદેશ અન્વયે જુદી જુદી વ્યક્તિઓ તથા રાજકીય પક્ષો તરફથી સુચનો કરવામાં આવ્યા છે.

૩. આ ઉપરાંત ૧૯૫૧ નાં લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજ્ય ચૂંટણી પંચે કરેલ છે.

INDEX

૪. રાજ્ય ચૂંટણી પંચને મળેલ સુચનોનો કાળજીપુર્વક અભ્યાસ કરી તેમજ માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શના અંતે તે પરામર્શમાં થયેલ સુચનોનો પણ કાળજીપુર્વક અભ્યાસ કરી મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો, ૧૯૯૪ અને રાજ્ય ચૂટણી પંચે જાહેર કરેલ માપદંડની મર્યાદામાં રહીને અત્રેના તા.૧૮–૧–૨૦૦૭ ના મુસદ્દારૂપ આદેશને આખરી કરવાનું પંચે ઠરાવ્યુ છે.

૫. આથી રાજ્ય ચૂંટણી પંચ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩–ડ અને ૨૪૩:વ–ક, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ–૧૯૪૯ ની કલમ–૫ ખંડ(૩) પેટા ખંડ (ખ) તથા મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (શહેરમાં વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી) નિયમો, ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂઈએ અમદાવાદ શહેરના વધારેલા વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ–૧ પ્રમાણે અને અનામત બેઠકોની ફાળવણી આ સાથે જોડેલ અનુસૂચિ–૨ મુજબ આખરી કરવાનું ઠરાવે છે.

રાજ્ય ચૂંટણી પંચના આદેશથી,

વી.એચ.શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧

અમદાવાદ મહાનગરપાલિકા, જી. અમદાવાદ.

વોર્ડ નં. ૪૬ નું હદનું વર્ણન :– (ચાંદલોડીયા)

ઓગણજ ગામના રે.સ.નં.૧૪૮૬ થી શરૂ કરી પૂર્વ તરફ ઓગણજ ગામની રેવન્યુ હદે હદે રે.સ.નં.–૧૫૨૫ સુધી.ત્યાંથી દક્ષિણે રેવન્યુ હદે હદે ઓગણજ ગામના રે.સ.નં.–૧૫૦૯ થઈપૂર્વ દિશા તરફ ઓગણજ ગામની રેવન્યુ હદે હદે રે.સ.નં.૧૩૮ થઈ રે.સ.નં.૧૪૧ સુધી, ત્યાંથી દક્ષિણે ઓગણજના રે.સ.નં.–૩૦૧ સુધી.ત્યાંથી પૂર્વ દિશા તરફ ઓગણજના રે.સ.નં.–૩૦૨ સુધી, ત્યાંથી દક્ષિણે ઓગણજની રેવન્યુ હદે હદે ઓગણજ ગામના રે.સ.નં.૩૨૪ થઈ છારોડી ગામના રે.સ.નં–૯૦ થી ઉત્તરે જમણી બાજુ છારોડીગામના ના રે.સ.નં–૯૨ સુધી,ત્યાંથી પૂર્વ તરફ છારોડી ગામની રેવન્યુ હદે હદે રે.સ.નં–૧૧૯ સુધી,ત્યાંથી દક્ષિણે રે.સ.નં–૧૨૦ સુધી.ત્યાંથી પૂર્વ દિશાએ એસ.જી.હાઇવે ક્રોસકરી રે.સ.નં–૧૨૪ સુધી,ત્યાંથી ઉત્તરે રે.સ.નં.–૧૪૦ થઈ પૂર્વ દિશાએ છારોડી ગામના રે.સ.નં–૧૪૨ સુધી, ત્યાંથી ઉત્તર દિશાએ જમણી બાજુ ત્રાગડ ગામના રે.સ.નં–૧૦૩ થી રે.સ.નં.–૧૦૪ સુધી, ત્યાંથી પૂર્વ દિશાએ ત્રાગડ ગામની રેવન્યુ હદે હદે રે.સ.નં–૧૫૪ સુધી, ત્યાંથી મીટર ગેજ રેલ્વે ક્રોસ કરી ઉત્તર દિશાએ ત્રાગડ ગામના રે.સ.નં–૧૬૩ ની હદ સુધી,ત્યાંથી પૂર્વ દિશા તરફ ત્રાગડ ગામની રેવન્યુ હદે હદે રે.સ.નં–૧૬૪ થી૨૦૪ સુધી, ત્યાંથી દક્ષિણ દિશાએ જમણી બાજુ ત્રાગડ ગામનાં રે.સ.નં–૨૩૦ થઇ રે.સ.નં.–૨૩૨,૨૪૮,૨૯૫,દક્ષિણ દિશાએ ત્રાગડ ગામના રે.સ.નં.–૨૯૯ સુધી, ત્યાંથી પશ્ચિમ એ મીટર ગેજ રેલ્વે ક્રોસ કરી જગતપુર ગામની પૂર્વ તરફની રેવન્યુ હદે હદે દક્ષિણ દિશાએ જગતપુર ગામના રે.સ.નં.–૫૪ સુધી,ત્યાંથી ચેનપુરગામના રે.સ.નં.–૧૫૧ થી દક્ષિણ દિશા તરફ ચેનપુર ગામના રે.સ.નં.–૧૫૯ થઇ પૂર્વ તરફ ચેનપુર ગામની રેવન્યુ હદે હદે ચેનપુર ગામના રે.સ.નં–૧૬૮ સુધી,ત્યાંથી પૂર્વ તરફ કાલીના રે.સ.નં.–૧૯૧ (જૈન આરાધના ટ્રસ્ટ) થી આઇ.ઓ.સી.રોડની જમણી બાજુ શુભ સોનલ સોસાયટીથઇ કાલીની રેવન્યુ હદે હદે નિરંજન બાગ સોસાયટી સુધી, ત્યાંથી દક્ષિણ તરફ જમણી બાજુના વિસ્તારે સંતોષ નગર વોટરવર્કસ થઇ દક્ષિણ પૂર્વ તરફ જમણી બાજુના વિસ્તારે આશિષ મંગલ સોસાયટી સુધી, ત્યાંથી દક્ષિણે નિલકંઠ મહાદેવ મંદિર થઇ,શિવ આશિષ સોસાયટી થઇ જીલ્લા પંચાયત પ્રાથમિક શાળા, કોમ્યુનીટી હોલ થઇ પૂર્વ દિશા તરફ વલ્લભબાગ સોસાયટી થઇ મહાકાળી કોર્પોરેશન થઇ જમણી બાજુ ના વિસ્તારે ત્યાંથી રેલ્વે કોલોની થઇ ઓ.એન.જી.સી.થઇ ઉત્તર દિશાએ હાઇવે રોડ પાસે ઓ.એન.જી.સી.કોલોનીના ઝાંપા સુધી, ત્યાંથી દક્ષિણ દિશા તરફ જમણી બાજુ ભૂત બંગલા વિસ્તાર થઇ સર્વોત્તમ નગર થઇ સુંદરમ કોમ્પ્લેક્ષ સુધી,ત્યાંથી દક્ષિણ દિશા તરફ કાલીની રેવન્યુ હદે હદે ન્યુ રેલ્વે કોલોની થઇ કબીર ચોક મીટરગેજ ગરનાળા થઇ રાણીપના રેવન્યુ સ.નં–૨૩૭ ની હદે હદે થઇ રાણીપના રે.સ.નં–૨૭૦ ની હદે હદે બ્રોડગેજ રેલ્વે રાણીપ ગરનાળા બ્રીજ નં–૩ સુધી;ત્યાંથી પશ્ચિમ દિશાએ વિરમગામ બ્રોડગેજ રેલ્વે લાઇને લાઇને જમણી બાજુ જી.એસ.ટી.ક્રોસીગ થઇ અર્જુન આશ્રમ મીટરગેજ રેલ્વે ક્રોસકરી ચાંદલોડિયા દિનદયાળ ઉપાધ્યાય ઓવર બ્રિજનીચે વિરમગામ રેલ્વે લાઇને લાઇને ચાંદલોડિયા રેલ્વે સ્ટેશન થઇ ચાણક્યપુરી રેલ્વે ક્રોસીગ સુધી, જમણી તરફનો વિસ્તાર. ત્યાંથી ઉત્તર દિશા તરફ રોડે રોડે હનુમાનજીમંદીર સુધીનો વિસ્તાર.ત્યાંથી પશ્ચિમ દિશાએ રોડે રોડે હીરલપાર્ક સોસાયટી,ભવનાથ સોસાયટી,મૃદુલપાર્ક સોસાયટી,ઇન્દીરા વસાહત,શુકન બંગલોઝ,હરીવીલા એપાર્ટમેન્ટ થઇ એસ.જી.હાઇવે પર(કારગીલ પેટ્રોલપંપ સામે જંકશન સુધી)પરમાનંદ ફાર્મ, ત્યાંથી ઉત્તર દિશા તરફ હાઇવે હાઇવે સત્યમેવ

INDEX

કોમ્પ્લેક્ષ થઇ આર.સી.ટેકનીકલ ઇન્સ્ટીટયુટ થઇ અગ્રવાલ મોલ સુધી જમણી બાજુનો વિસ્તાર. ત્યાંથી ઉત્તર પશ્ચિમ તરફ ગોતા ગામની રેવન્યુ હદે હદે ગોતા ગામના રે.સ.નં–૪૪૩ સુધી. ત્યાંથી પશ્ચિમ દિશાએ ઓગણજ ગામના રે.સ.નં.–૯૪૦ થઇ પશ્ચિમ દિશાએ ઓગણજ ગામના રે.સ.નં.–૧૦૨૨ સુધી. ત્યાંથી ઉત્તર દિશા તરફ ઓગણજ ગામની રેવન્યુ હદે હદે રે.સ.નં.–૧૨૨૭,૧૨૮૭.૧૪૪૩ તથા રે.સ.નં–૧૨૭ થઇ રે.સ. નં. ૧૪૮૬ સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર–પશ્ચિમ)

ઈશાન : (ઉત્તર –પૂર્વ)

અગ્નિ : (દક્ષિણ – પૂર્વ)

નૈઋત્ય : (દક્ષિણ – પશ્ચિમ)

વોર્ડ નં. ૪૭નું હદનું વર્ણન :– (રાણીપ)

ચાણકયપુરી રેલ્વે ક્રોસીંગ થી પૂર્વ દિશા તરફ રેલ્વે લાઇને લાઇને જમણી બાજુ ચાંદલોડીયા રેલ્વે સ્ટેશન થઇ રેલ્વે લાઇને લાઇને દિન દયાલ ઓવરબ્રીજ નીચે થઇ રેલ્વે લાઇને લાઇને ઘોળકા રેલ્વે લાઇન ક્રોસ કરી અર્જુન આશ્રમ સામે રેલ્વે લાઇને લાઇને જમણી બાજુએ જી.એસ.ટી. ક્રોસીંગ પાસે થઇ પૂર્વ દિશાએ જમણી બાજુ રેલ્વે લાઇને લાઇને વાલ્મિકી આવાસ યોજના સુધી ત્યાંથી દક્ષિણ તરફ જુની મ્યુનિ.હદે હદે સેન્ટ્રલ જેલની કોટની દિવાલે દિવાલે થઇ કેશવનગર ઓકટ્રોય નાકા સુધી, ત્યાંથી પશ્ચિમે જુની મ્યુનિ.હદે હદે જમણી તરફ વનરાજ સોસા. થઇ શિવકુંજ ચેક પોષ્ટ ઓકટ્રોય નાકા થઇ કિર્તન સોસા. થઇ જુની મ્યુનિ.હદે હદે ઉત્તર પશ્ચિમ દિશા તરફ સુદર્શન ફલેટ થઇ સર્વોપરી ઘનશ્યામ સોસા.થઇ પશ્ચિમ તરફ જમણી બાજુ વૈભવ ફલેટ સુધી ત્યાંથી પશ્ચિમે જુની મ્યુનિ.હદે હદે સરસ્વતીનગર સોસા થઇ,દેવમંદિર સોસા થઇ ,કલ્પતરૂ ફલેટ થઇ, પંચરાહી ફલેટ સુધી ત્યાંથી દક્ષિણ દિશા તરફ જમણી બાજુએ પ્રતિક પાર્ક સોસા.સુધી ત્યાંથી દક્ષિણ પશ્ચિમે જુની મ્યુનિ.હદે હદે નંદનવન ફલેટ (હુડકો)થઇ,મધુરમિલન સોસા..થઇ, નિર્ણયનગર ગરનાળાની નીચે ઘોળકા રેલ્વે લાઇન ક્રોસ કરી પશ્ચિમ દક્ષિણ તરફ જુની મ્યુનિ.હદે સાબરકાંઠા નાયકનગર સોસા થઇ, ત્યાંથી પશ્ચિમ તરફ એ.ઇ.સી.સબ સ્ટેશન થઇ, મધુવૃંદ(સ્વીપાર્ક સોસા.)થઇ, સૈામિલ એપાર્ટ.થઇ,જુની મ્યુનિ.હદે હદે સ્વામી અખંડ આનંદ સોસા.થઇને મેનારવ હોલ થઇ જુની મ્યુનિ.હદે હદે જમણી તરફ નિલકંઠ મહાદેવ થઇ, ઉત્તરે જમણી તરફ રન્નાપાર્ક સોસા.થઇ રોડે રોડે શ્રી કુંજ સોસા.થઇ, વીર ડેરી થઇ, પ્રભાત ચોક જંકશન સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ રોડે રોડે જમણી બાજુ વાળીનાથ કોમ્પલેક્ષ થઇ, શ્રી હજારી બાગ સોસા.થઇ, નંદેશ્વરી સોસા.થઇ, ચાણકયપુરી રેલ્વે ક્રોસીંગ સુધી જમણી બાજુ સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વોર્ડનં. ૪૮નું હદનું વર્ણન :– (ઘાટલોડીયા)

સુચિત વોર્ડ નંબર	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત			બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર	થી	ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬			૭
૭	૨૮	-	-	૨૫૦	૧	થી	૮૯	ચબુતરા ફળીયા, પરવડી બજાર, ગાંધી ફળીયા, પુરાણી ફળીયા
	૨૯	-	-	૩૮૭	૧	થી	૧૦૬	ગોપાલ લાલજી મંદિર ફળીયા, મહાદેવ ફળીયા, ગોલવાડ
	૩૦	-	-	૫૨૦	૧	થી	૯૫/૧	રજપુત ફળીયા, પુંજી ફળીયા, ઉપાધ્યાય ફળીયા, કુંભારવાડો
	૫૨	-	-	૪૮૬	૯૬	થી	૨૨૧	
	૩૨	-	-	૩૪૭	૧	થી	૧૧૩	રણછોડજી મંદિર ફળીયા, હનુમાન ફળીયા, રામજી મંદિર
	૩૩	-	૨૦	૬૫૮	૧	થી	૧૩૬	નાગરવાડા, માતાવાળુ ફળીયુ
	૩૪	૮૫	૧૩	૪૩૫	૧	થી	૧૨૯	મોચીવાડ, પોરવાડ ફળીયુ
	૩૫	-	૩	૭૩૧	૧	થી	૧૨૦	દોલતપુરા
એકંદરે કુલ		૮૫	૩૬	૩૮૧૪				

હદનું વર્ણન :–

પોરવાડ ફળીયાના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ઉત્તર તરફ જઈ વોર્ડ નં.૬ ની પૂર્વ તરફ હદે હદે આગળ જતાં વોર્ડ નં.૩ માં આવેલ ગાયત્રી મેચીંગ સેન્ટરની પશ્ચિમ હદે અને વોર્ડ નં.૩ ની દક્ષિણ હદે હદે આગળ જતાં રણછોડજી મંદિર ફળીયાની ઉત્તર હદે અને વોર્ડ નં.૩માં આવેલ શેઠ ફળીયાની દક્ષિણ–પૂર્વની હદે હદે થઈ ઉત્તર તરફ આગળ જઈ દશામોઢ વાડીથી ઉત્તરની હદે પૂર્વ તરફ જતાં પુરાણી ફળીયા ગાંધી ફળીયાથી પશ્ચિમ તરફ જતાં ચબુતરા ફળીયા અને વોર્ડ નં.૨ ની દક્ષિણ હદે હદે પૂર્વ તરફ આગળ જતાં દશાલાડ વાડીથી પંચાલ બ્રધર્સની ઉત્તરની હદે હદે પૂર્વ તરફ જઈ દક્ષિણ તરફ જતાં મહાકાળી મંદિર, સ્મશાન અને ગોમા નદી અને જેતપુરના સીમાડા સુધી જઈ જેતપુરના સીમાડાની પશ્ચિમ હદે હદે દક્ષિણ તરફ જઈ પશ્ચિમથી દક્ષિણ તરફ જતાં જેતપુરના સીમાડાની પશ્ચિમ હદે દોલતપુરા રે.સ.નં.૪૩૨ , ૪૨૪ ની દક્ષિણ હદે અને વોર્ડ નં.૬ ની પૂર્વ હદે હદે ઉત્તર તરફ જઈ ગોમા નદી ક્રોસ કરી માતાવાળુ ફળીયાથી ઉત્તર તરફ જતાં પોરવાડ ફળીયા વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર

INDEX

અનુસૂચિ–૨

રાજય ચૂંટણી પંચ
ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

કાલોલ નગરપાલિકાની કુલ વસ્તી	૨૪૬૭૭	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૩૫૨૫	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ–૩૮૭૮ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૩૧૭૨
કુલ બેઠકોની સંખ્યા.	૨૧	
સ્ત્રી બેઠકો	૭	૧ બેઠક અનુસૂચિત જાતિ – બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૨	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	તે પૈકી– સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૦	
સામાન્ય બેઠકો.	૧૧	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૫૦૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૩૭૫૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૪૨૫	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૪	૪	૩૩૧૩	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૩૧૧૭	અનુસૂચિત જાતિ	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૩૭૪૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૮૧૪	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
કુલ.		૨૪૬૭૭			

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 211 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] FRIDAY, JUNE 1, 2007/JYAISTHA 11, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા.૧–૬–૨૦૦૭

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–નપા– જાફરાબાદ–૨૦૦૭

જાફરાબાદ નગરપાલિકા (જી.અમરેલી)ની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૧૦૦–ઓફ–૨૦૦૭– એનપીએમ– ૧૩૨૦૦૫/૭૪૨૯(૬૦) આર, તા.૫–૩–૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **જાફરાબાદ** શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે **જાફરાબાદ** નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૭ બેઠકો નક્કી કરેલ છે તેમ જ જાહેરનામાંથી અનુસૂચિત જાતિ, પછાતવર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

INDEX

૪. રાજય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩:૩૬૫૫ઃ એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ ઘડેલ જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૨૫,૦૮૬ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૨૭૮૭ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી દરિયાઈ ખાડી/ ભૌગોલિક એકજુથતા જાળવવા અને સેન્સસનો બ્લોક તોડવાનું શકય ન હોઈ વોર્ડ નં. ૨,૩ અને ૪ માં વસ્તી વધુ વધ/ઘટ થવા પામે છે.

૮. શહેરના ૯ વોર્ડોનું નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસૂચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉત્તરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૧ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉત્તરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૮	૨૮૯૨	૧૯૬	૬.૭૮
૨	૧	૨૯૨૭	૯૦	૩.૦૭
૩	૬	૨૯૦૧	૬૮	૨.૩૪
૪	૭	૨૮૬૨	૪૫	૧.૫૭
૫	૫	૨૭૮૨	૩૪	૧.૨૨
૬	૯	૨૭૮૭	૩૩	૧.૧૮
૭	૪	૨૩૩૦	૦	--
૮	૩	૨૪૬૪	૦	--
૯	૨	૩૧૪૧	૦	--
કુલ		૨૫૦૮૬	૪૬૬	--

INDEX

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૮ માં નિયમોના નિયમ–૬ (અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૮માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે, આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૮	અનુસૂચિત જાતિ

૧૫. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી જેથી ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૬. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૭. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેક્ટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૩ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

જાફરાબાદ નગરપાલિકાના આ સાથેની અનુસૂચિ–૧ મુજબનાં સૂચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૩	૨૪૬૪	૨૪૨૯	૯૮.૫૮
૨	૪	૨૩૩૦	૨૨૮૯	૯૮.૨૪
૩	૨	૩૧૪૧	૩૦૬૦	૯૭.૪૨
૪	૫	૨૭૮૨	૨૭૧૦	૯૭.૪૧
૫	૭	૨૭૮૭	૨૬૮૦	૯૬.૧૬
૬	૧	૨૯૨૭	૨૫૫૦	૮૭.૧૨
૭	૬	૨૯૦૧	૨૪૯૦	૮૫.૮૩
૮	૮	૨૮૯૨	૨૪૭૦	૮૫.૪૧
૯	૭	૨૮૬૨	૧૮૫૫	૬૪.૮૧
	કુલ	૨૫૦૮૬	૨૨૫૩૩	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૩,૪ અને ૨ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી ત્રીજા ક્રમે પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. તદ્નુસાર વોર્ડ નં.૩ અને ૪માં પછાતવર્ગ અને વોર્ડ નં.૨ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩	પછાતવર્ગ
૪	પછાતવર્ગ
૨	પછાતવર્ગ સ્ત્રી

૧૮. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી બાકી રહેતી બેઠક સ્ત્રી અનામત બેઠક અને બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

INDEX

૧૯. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીન **જાફરાબાદ** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસૂચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૦. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૧. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં, રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ, **જાફરાબાદ** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧
જાફરાબાદ નગરપાલિકા, જી.અમરેલી.

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ,બ્લોક, લત્તાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નં.ની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧૩	–	–	૨૮૨	૧ થી ૫૦	મેઈન બજાર,ટાવર ચોક, આંબલીયા પેઠા
	૧૪	–	–	૧૩૪	૧ થી ૧૯૪	મેઈન બજાર,નવિ બજાર
	૧૫	–	–	૩૮૯	૧ થી ૧૭૨	ગીરીરાજ ચોક,નવી બજાર, નવઘરા બજાર,
	૧૬	–	–	૧૦૦૮	૧ થી ૨૨૫	મહાજનગલી,કુંભારવાડા,મોટાખારા, નાનાખારા,ભુતિયાખારા, નવઘરા,રાણપીર,
	૧૭	૯૦	–	૧૧૧૪	૧ થી ૨૬૩	વાપાળીયા વાડી, ખેતલીયા વાડી, હરીજનવાસ, વાડી
કુલ		૯૦	–	૨૯૨૭		

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણેથી G.L.C.L ઓફીસથી પૂર્વ તરફ ઉના–રાજુલા હાઈવે રોડને આવરી લઈ નગરપાલિકાની હદે ઈશાન તરફ જઈ અગ્નિ ખૂણા તરફ સાગર શાળા ને આવરી લઈ કુભારવાડી,મોટાખારા,નાનાખારા,ભૂતિયા ખારાને આવરી લઈ ખોજામહોલ્લા,રાણપીર ચોક,ખાટકી વાસ, આંબલી પેઠાને આવરી લઈ લાઈટ હાઉસ ના રોડના ખૂણેથી દક્ષિણ તરફ બોડીબજાર સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ટાવર દવાખાને આવરી લઈ ત્યાંથી ઉત્તર તરફ ટાવર ચોક ને આવરી લઈ ત્યાંથી પશ્ચિમ તરફ ગીરીરાજ ચોકને આવરી લઈ પાણીના ટાંકા સુધી ત્યાંથી તરફ રોડે પોલીસ સ્ટેશનને આવરી લઈ N.C.C.L કોલોની રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રોડે રોડ ન.૧૦.ની હદ સુધી જઈ ત્યાંથી ઉત્તરતરફ G.L.C.L ઓફીસ સુધીમાં અંદર સમાવિષ્ટ તમામ વિસ્તાર .

INDEX

વાયવ્ય : (ઉત્તર–પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર – પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ – પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ – પશ્ચિમ)

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ,બ્લોક,લત્તાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નં.ની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૧	૨	૩	૪	૫	૬	૭
	૧૯	–	–	૮૨૬	૧ થી ૨૦૫	ખારવા વાડ,પીપળી શેરી, કુંભાર વાડ, ભાડેલા વાડ
	૨૦	–	–	૭૦૨	૧ થી ૨૨૨	નેસડી શેરી, ખારવા વાડ,
	૨૧	–	–	૫૮૨	૧ થી ૧૮૭	ખારવા વાડ,પરશી શેરી,
	૨૨	–	–	૬૫૫	૧ થી ૧૭૬	ખારવા વાડ, ગોવિદ ગલી
	૨૩	–	–	૩૭૬	૧ થી ૧૬૪	ખારવા વાડ , બંદર રોડ
કુલ		–	–	૩૧૪૧		

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણે ઉના–રાજુલા રોડથી પૂર્વ તરફ બ્રીજ પુરો થાય ત્યાં સુધી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ દરિયાની ખાડીને કાંઠે કાંઠે લાતી વિસ્તાર પૂર્ણ થાય ત્યાં સુધી , ત્યાંથી પશ્ચિમ તરફ લાઈટ હાઉસ રોડ સુધી ત્યાંથી વાયવ્ય તરફ બંદર ચોક, ભાડેલા વાડ,પીપળા શેરી,કુભાડ વાડા, આવરી લઈ રોડે રોડે ઉના–રાજુલા રોડ સુધીમાં અંદર સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ,બ્લોક,લત્તાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નં.ની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧	–	–	૮૨૧	૧ થી ૨૨૧	પીપળીકાંઠા રોડ,જુનુ ગામતળ,શીતળામાતાના મંદીર વિસ્તાર , રતના કર સોસાયટી,
	૨	–	–	૮૪૫	૧ થી ૧૮૬	પરશુરામ સોસાયટી નંબર–૧,પરશુરામ સોસાયટીનંબર –૨, મફત પ્લોટ,
	૬	–	–	૭૯૮	૧ થી ૨૫૧	શ્રી રંગ સોસાયટી, તથા અબુભાઈ ની સોસાયટી,
કુલ		–	–	૨૪૬૪		

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણેથી બ્રીજ પૂર્ણ થયા પછી પૂર્વ તરફ ન.પા.ની હદેથી ન.પા.ની હદ પૂરી થતા ત્યાંથી દક્ષિણ તરફ ન.પા.ની હદે હદે પરશુરામ–૧–૨ આવરી લઈ ત્યાંથી પશ્ચિમ તરફ અબુભાઈ સોસાયટીની ઉત્તરે થઈ દરિયાની ખાડીને કાંઠા સુધી ત્યાંથી ખાડીને કાંઠે કાંઠે વાયવ્ય તરફ બ્રીજના ખુલા સુધી સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ,બ્લોક,લત્તાવાર વિસ્તાર ઘર નંબરોતથા હદ નું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નં.ની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૩	–	–	૮૮૧	૧ થી ૨૦૪	શીતળામાતાના મંદિર પાસે,રામ મંદિર પાસે, મફત પ્લોટ,
	૪	–	–	૮૧૦	૧ થી ૨૦૨	ખોડીયાર માતાના મંદિર પાસેનો વિસ્તાર, મફત પ્લોટ , બાગ પાછળ નો મફત પ્લોટ
	૫	–	–	૬૩૯	૧ થી ૨૪૬	નકટનીવાવ પાસેનો મફત પ્લોટ,
કુલ		–	–	૨૩૩૦		

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણેથી દરીયાની ખાડીને કાંઠે થી પૂર્વ તરફ શીતળામાંના મંદિર,મફત પ્લોટ,ને આવરી લઈ ત્યાંથી દક્ષિણ તરફ શ્રી રંગ સોસાયટી ની દક્ષિણ તરફ થઈ પૂર્વ તરફ ત્યાંથી ન.પા.ની હદે હદે ત્યાંથી વાયવ્ય તરફ દરિયાની ખાડીને કાંઠે કાંઠે થઈ વોર્ડ–૩ની હદ સુધી અંદર સમાવિષ્ટ તમામ વિસ્તાર .

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ,બ્લોક,લત્તાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નં.ની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૯	૬	–	૬૯૫	૧ થી ૧૬૭	તુકી મહોલ્લા, પગથયા પાસેનો વિસ્તાર, મસ્જીદપાસેનો વિસ્તાર ,૫૨માર શેરી, ખાણત૨ફનો વિસ્તાર, આંબલીપેઠા,પટેલશેરી,પઠાણશેરી,મોગલશેરી,
	૧૦	૫	૧	૫૬૩	૧ થી ૨૩૪	તુકી મહોલ્લા માછીકોઠા,ખા૨ાપટ,લાતી વિસ્તા૨,લાઈટ હાઉસ૨ોડ,૨ામ જનતા સો.,પોટ કવાટ૨, જવાટ૨ સો.
	૧૧	૨૩	૧૮	૧૦૩૮	૧ થી ૧૯૯	તુકી મહોલ્લો,મફત પ્લોટ, ખા૨ા વિસ્તા૨, સેફુલા સો.,તળાવ પાસેનો મફત પ્લોટ
	૧૨	–	–	૪૮૬	૧ થી ૧૨૭	તુકી મહોલ્લા, ખાણપાસેનો વિસ્તા૨, ગોલ્ડન શેરી,ચો૨ા પાસેનો વિસ્તા૨,સેફુલા સો.તુકી સો.
કુલ		૩૪	૧૯	૨૭૮૨		

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણે આંબલી પેઠાના ખુણાની ઈશાન તરફ થઈ ત્યાંથી લાઈટ હાઉસ રોડને આવરી લઈ રોડે રોડે થઈ ત્યાંથી દક્ષિણ તરફ લાઈટ હાઉસને આવરી લઈ ન.પા.ની હદે હદ સર્વે નં. ૧૮ની ઉત્તર સુધી ત્યાંથી જુના ચોરા રોડે ઉત્તર તરફ લાઈટ હાઉસ રોડ સુધીમાં અંદર સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, બ્લોક,લત્તાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નં.ની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૮	૫	૧	૫૩૭	૧ થી ૧૨૫	નાના ઉચાળીયા,સુથારનો ડેલો, બ્રાહમણ શેરી,
	૨૯	–	૫	૩૮૮	૧ થી ૧૧૩	બાવા શેરી, બ્રાહમણ શેરી,
	૩૧	૧૦	૪૭	૫૭૦	૧ થી ૧૫૪	મોટા ઉચાણીયા,નેસડી મહોલ્લા,વાડી
	૩૨	૧૧	૩૮	૬૪૮	૧ થી ૧૪૦	નેસડી મહોલ્લા,ધોબી શેરી,દરજી શેરી,
	૩૫	૪૨	૪	૭૫૮	૧ થી ૧૮૭	મફત પ્લોટ પાણીના ટાંકા પાસેનો પ્લોટ,ડીશ રોડ
કુલ		૬૮	૯૫	૨૯૦૧		

હદનું વર્ણન :–

જી.ઈ.બી.કચેરીથી શરૂ થઈ પૂર્વ તરફ અલાબા ચોકને આવરી લઈ ઢોરાણીયા રોડ થી ઉત્તર તરફ ગીરીરાજ ચોક સુધી ગીરીરાજ ચોકની દક્ષિણ થી પસાર થઈ પૂર્વ તરફ ટાવર ચોકની દક્ષિણ થઈ ત્યાંથી દક્ષિણ તરફ ન.પા. કચેરી ને આવરી લઈ બ્રાહમણ શેરી સુધી ત્યાંથી પૂર્વ તરફ બ્રહમસમાજ નીવાડીની પશ્ચિમે થઈ દક્ષિણ તરફ સુથારના ડેલાને આવરી લઈ ચોરડીનાકાને આવરી લઈ ત્યાંથી પશ્ચિમ તરફ ત્યાંથી દક્ષિણ તરફ વણકરવાળ ની ઉત્તરે થઈ વાડી વિસ્તાર,ડીશવાળો રોડને આવરી લઈ જી.ઈ.બી. કચેરી સુધી અંદર સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, બ્લોક,લત્તાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નં.ની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૧૮	૪	૪	૧૦૯૨	૧ થી ૨૪૪	કિલ્લા વિસ્તાર, હાઈસ્કુલ વિસ્તાર,
	૨૪	૧૪	૫	૫૪૪	૧ થી ૧૬૪	વાપળીયા પ્લોટ, વિવેકાનંદ સો.,વિશ્વ ભારતી સો.,રામ–રહિમ સો.
	૨૫	૨૭	–	૬૨૧	૧ થી ૧૮૭	ગાયત્રી સો.,સાંઈનાથ સો.,એન.સી.સી.એલ.કોલોની, ગીરીરાજ સો.,
	૨૬	–	–	૬૦૫	૧ થી ૨૦૨	નર્મદા કોલોની,૪૮ કવાટર,ડોરમેટીક,ગણેશ મંદિર
કુલ		૪૫	૯	૨૮૬૨		

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણેથી સર્વે નં.૧૯૯ થી પૂર્વે તરફ N.C.C.L કોલોની રોડે રોડ પોલીસ સ્ટેશન ની પશ્ચિમ તરફ થી દક્ષિણે પાણીનાં ટાંકા સુધી ત્યાંથી પૂર્વે તરફ ઢોરાણીયા રોડ સુધી ત્યાંથી રાણીયા રોડે દક્ષિણ તરફ અલાહબા ચોકની ઉત્તરે થઈ જી.ઈ.બી.કચેરી રોડ ત્યાંથી મીઠીવાવ પાસેના પ્લોટ ટોકીજ પાછળનો વાડી વિસ્તાર ને આવરી લઈ ત્યાંથી પશ્ચિમે સાંઈનાથ સોસાયટી, N.C.C.L ડોલરમેટ્રી ને આવરી લઈ ન.પા.ની હદ ત્યાંથી ઉત્તરે ન.પા.ની હદે હદે ત્યાંથી વાયવ્ય તરફ ન.પા.ની હદે હદે સર્વે નં.૧૯૯ સુધીમાં અંદર સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડનં.૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, બ્લોક,લત્તાવાર વિસ્તાર ઘર નંબરોતથા હદ નું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નં.ની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૧	૨	૩	૪	૫	૬	૭
૮	૨૭	૯	–	૬૨૪	૧ થી ૧૯૬	નર્મદા કોલોની,ગીતા જયોતી સો.,જલારામ સો.
	૩૩	૫૨	–	૪૪૦	૧ થી ૧૫૬	કોળીવાડ,કોળીવાડ નવા ચોરા, વણકરવાસ
	૩૬	–	–	૮૬૨	૧ થી ૧૮૦	મોચી વાડા,કોળીવાડા,ખાડાવાળા મફત પ્લોટ,મફત પ્લોટ
	૩૭	૧૩૫	૩૨	૯૬૬	૧ થી ૨૫૦	યોગેશ્વર સો.,ઈદકા સો.,મીઠીવાવ પાસેનો મફત પ્લોટ
કુલ		૧૯૬	૩૨	૨૮૯૨		

હદનું વર્ણન :–

ગીતા જયોતી સોસાયટી, ઈદગાહ વાડી, વિસ્તાર, ને આવરી લઈ જી.ઈ.બી. કચેરી સુધી ત્યાંથી દક્ષિણે ડીશવાળો રોડને તથા વાડી વિસ્તાર ને આવરી લઈ વણકર વાસ ની ઉત્તરે થઈ નેસડી મહોલ્લા રોડે ત્યાંથી દક્ષિણ નવાચોરાને આવરી લઈ ત્યાંથી પશ્ચિમે મકવાણા શેરી સુધી ત્યાંથી દક્ષિણે સર્વે નં.૪૧ની ઉત્તરે થઈ ન.પા.ની હદે હદે વાયવ્ય તરફ માં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૯

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, બ્લોક,લત્તાવાર વિસ્તાર ઘર નંબરોતથા હદ નું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસ બ્લોકના ઘર નં.ની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૧	૨	૩	૪	૫	૬	૭
૯	૭	–	–	૬૬૦	૧ થી ૧૭૩	કોળીવાડ ચોરડી રોડ, હાકા શેરી,ડેલી, બારૈયા શેરી,ગુદી શેરી,
	૮	–	–	૯૩૭	૧ થી ૨૦૫	મોટાવાડ કોળીવાડ, વાડી વિસ્તાર ,
	૩૦	–	–	૪૦૦	૧ થી ૧૨૪	કોળીવાડ બારૈયા શેરી,બોડી બજાર,મોટા ઉચાણીયા
	૩૪	૩૩	–	૭૯૦	૧ થી ૧૭૨	ઘોબી શેરી,મોટાવાડા,નવાચોરા રોડ,શિયાળ શેરી,મોચીવાડા, મફત પ્લોટ
કુલ		૩૩	–	૨૭૮૭		

હદનું વર્ણન :–

વાયવ્ય ખૂણે નેસડી મહોલ્લા થી પૂર્વે તરફ ખોખરી મજીદ ને આવરી લઈ ચોરડીનાકાની દક્ષિણ સુધી ત્યાંથી ઉત્તર તરફ સુથારનો ડેલાની દક્ષિણે થય ઉત્તર તરફ બાવાશેરી, બ્રાહમણ શેરી,બારૈયાશેરી,ને આવરી લઈ બ્રહમસમાજ વાડી સુધી ત્યાંથી પશ્ચિમે બ્રાહમણ શેરી થઈ ન.પા.ની પૂર્વેના રોડે ત્યાંથી પૂર્વે તરફ બોડી બજારે કીલ્લાના રોડે રોડે દક્ષિણ સવે નં.૧૮,૧૭,૧૬ ની ઉત્તરે ન.પા.ની હદે હદે સવે નં.૪૦ ને આવરી લઈ સર્વે નં.૫૪ સુધીનો ત્યાંથી પૂર્વે કીડીયાપીર ચોક ની પૂર્વે થઈ શિયાળ શેરી, ઘોબી શેરી,ને આવરી લઈને સડી મહોલ્લા સુધી અંદર સમાષ્ટિ થતો તમામ વિસ્તાર.

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી પંચ
ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

જાફરાબાદ નગરપાલિકાની કુલ વસ્તી	૨૫૦૮૬	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૨૭૮૭	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ–૩૦૬૬ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૨૫૦૮
કુલ બેઠકોની સંખ્યા.	૨૭	
સ્ત્રી બેઠકો	૯	— બેઠક અનુસૂચિત જાતિ — બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૧	તે પૈકી – સ્ત્રી
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	--	તે પૈકી – સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી
કુલ અનામત બેઠકો.	૧૨	
સામાન્ય બેઠકો.	૧૫	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૨૯૨૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૩૧૪૧	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૪૬૪	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૨૩૩૦	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૫	૫	૨૭૮૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૯૦૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૨૮૬૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૨૮૯૨	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૯	૯	૨૭૮૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ.		૨૫૦૮૬			

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 212 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] FRIDAY, JUNE 1, 2007/JYAISTHA 11, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities, under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા. ૧-૬-૨૦૦૭

ક્રમાંકઃરાચપ-ચટણ-સમક-નપા-સલાયા-૨૦૦૭

સલાયા(જી. જામનગર) નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ-૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ, માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ની, પેટાકલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી-૧૦૬-ઓફ-૨૦૦૭-એનપીએમ-૧૩૨૦૦૫/૭૪૨૯(૬૬)આર, તા.૫-૩-૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **સલાયા** શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે **સલાયા** નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૭ બેઠકો નક્કી કરેલ છે તેમ જ જાહેરનામાથી પછાતવર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ-૭ પેટાકલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

INDEX

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૪૯–૧૯૯૪ એન.પી.એલ.– ૪૫૯૩–૩૬૫૫– એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ ઘડેલ, જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શક્ય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૨૬૮૭૫ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૨૯૮૬ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે કોઈપણ વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી વધતી નથી કે ઘટતી નથી.

૮. શહેરના ૯ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નક્કી કરવામાં આવે છે. આ સીમાંકન નક્કી કરવામાં શક્ય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નક્કી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે અનુસૂચિત જાતિ માટે કોઈ બેઠક ફાળવવાની રહેતી નથી.

૧૨. જાહેરનામા અન્વયે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક ફાળવવાની રહેતી નથી.

૧૩. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૪. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વોર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાતવર્ગ માટે અનામત રાખેલી કુલ ૩ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

સલાયા નગરપાલિકાના આ સાથેની અનુસુચિ–૧ મુજબનાં સૂચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે.

INDEX

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૨	૩	૪	૫
૧	૭	૨૭૪૪	૧૧૫૮	૪૨.૨૦
૨	૫	૨૭૧૬	૧૦૨૦	૩૭.૫૬
૩	૯	૩૦૬૯	૯૭૨	૩૧.૬૭
૪	૬	૨૮૬૬	૬૨૪	૨૧.૭૭
૫	૮	૩૧૩૦	૫૮૮	૧૮.૭૯
૬	૪	૩૧૫૩	૧૮૦	૫.૭૧
૭	૨	૨૮૮૬	૧૩૨	૪.૫૭
૮	૧	૩૦૩૮	૧૩૨	૪.૩૪
૯	૩	૩૨૭૩	૪૮	૧.૪૭
કુલ		૨૬૮૭૫	૪૮૫૪	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. **૭,૫** અને ૯ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે.જે પૈકી વોર્ડ નં.**૭,૫** માં પછાતવર્ગની અને વોર્ડ નં. ૯ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. સબબ, વોર્ડ નં.૯ માં પછાતવર્ગ સ્ત્રી બેઠક અને વોર્ડ નં.૭ અને **૫** માં પછાતવર્ગની બેઠક ફાળવવાનું જરૂરી જણાયેલ છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૭	પછાતવર્ગ
૫	પછાતવર્ગ
૯	પછાતવર્ગ સ્ત્રી

૧૫. આ પ્રમાણે પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી સ્ત્રી અનામત બેઠક અને બાકી રહેતી બેઠક બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૧૬. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **સલાયા** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસુચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૧૭. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૧૮. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સુચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ **સલાયા** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,
વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૧
સલાયા નગરપાલિકા, જામનગર જિલ્લો.

વોર્ડ નં.૧

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, લત્તાવાર વિસ્તાર, ઘરનંબર તથા હદનું વર્ણન.					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૧	૪	૦	૦	૪૫૭	૨૭૬૩ થી ૨૮૪૨, ૨૮૪૯ થી ૨૯૧૮	કનૈયા મુળજી દુકાનનો મહોલ્લો
	૧૦	૦	૦	૧૦૧૩	૨૬૩૯ થી ૨૬૫૨	ભખર ભોકલનાં મકાનવાળો વિસ્તાર.
	૧૧	૦	૦	૫૯૮	૨૬૫૩ થી ૨૮૪૮	કબ્રસ્તાન વિસ્તાર.
	૧૨	૦	૦	૫૪૫	૧૮૨૩ થી ૧૮૬૮	જાહેરપીરની ફળી વિસ્તાર.
	૨૭	૧૦૯	૦	૪૨૫	૧૮૬૯ થી ૧૯૭૦, ૧૯૬૮ થી ૧૯૯૨	ઈલીયાસ કઠીયારાવાળી શેરી વિસ્તાર.
કુલ		૧૦૯	૦૦	૩૦૩૮		

હદનું વર્ણન

દરીયા કિનારે આવેલી જેટીથી પૂર્વ તરફ દરીયા કિનારે આગળ વધતાં કનૈયાલાલ મુળજીની દુકાનના મહોલ્લાની ઉત્તરે થઈ કબ્રસ્તાન સુધી ત્યાંથી કબ્રસ્તાનને આવરી લઈ દક્ષિણ તરફ જુમ્મા મસ્જિદ રોડ ક્રોસ કરી ઈલીયાસ કઠીયારા શેરીના નૈઋત્ય ખૂણાં સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ખંભાલીયા રોડ ક્રોસ કરી ઉત્તર તરફ કબ્રસ્તાન તથા જાહેરપીર વિસ્તાર આવરી લઈ જેટી સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર–પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર – પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ – પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ – પશ્ચિમ)

વોર્ડ નં.૨

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, લત્તાવાર વિસ્તાર, ઘરનંબર તથા હદનું વર્ણન.					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૨	૬	૦	૦	૮૯૬	૨૨૯૩ થી ૨૩૦૨	સલાયા મચ્છીમાર મંડળી વિસ્તાર.
	૮	૦	૦	૬૮૩	૨૩૦૩ થી ૨૩૧૪, ૨૯૧૬ થી ૨૯૫૦	બંદર રોડ વિસ્તાર.
	૫૦	૦	૦	૬૨૫	૨૯૨૧ થી ૨૯૮૬, ૨૯૮૭ થી ૩૦૧૦,	થરીપાડો મહોલ્લા વિસ્તાર.
	૫૩	૦	૦	૬૮૨	૩૦૧૧ થી ૩૦૭૮, ૩૦૭૮ થી ૩૧૦૦	મદની ચોક મહોલ્લા વિસ્તાર.
કુલ		૦૦	૦૦	૨૮૮૬		

INDEX

હદનું વર્ણન

કબ્રસ્તાનના ઈશાન ખૂણાથી દરીયા કિનારે સલાયા નગરપાલિકાની હદે હદે ફોરેસ્ટ જુની ચાવડી થઈ બંદર રોડની હદે હદે બરફનું કારખાનુ આવરી લઈ નૈઋત્ય તરફ મદની ચોક મહોલ્લાની દક્ષિણે થઈ જુમ્મા મસ્જિદ રોડ ક્રોસ કરી પાંજરાપોળના ઉત્તર બાજુમાં આગળ જતાં નગરગેટના દક્ષિણ ભાગ સુધી અને ત્યાંથી ઈશાન તરફ જતાં બંદર રોડે રોડ દાઉદ સલેમાન વિસ્તારને આવરી લઈ કબ્રસ્તાનના ઈશાન ખૂણામાં સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૩

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, લત્તાવાર વિસ્તાર, ઘરનંબર તથા હદનું વર્ણન.					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૩	૭	૦	૦	૫૬૦	૩૧૦૧ થી ૩૧૩૯	બંદર રોડ હાજી દાઉદ વિસ્તાર.
	૧૮	૦	૦	૫૬૦	૩૧૪૦ થી ૩૧૬૭	રામજીભાઈ ખેતર મહોલ્લો વિસ્તાર.
	૧૯	૦	૦	૨૯૯	૩૧૬૮ થી ૩૧૯૧	ભીમપાડો મહોલ્લો વિસ્તાર.
	૩૦	૦	૦	૩૪૯	૨૭૪૩ થી ૨૭૫૧, ૨૭૫૨ થી ૨૮૪૦	સુલુદાજી બાજુનો મહોલ્લો વિસ્તાર.
	૩૧	૦	૦	૯૩૭		ગાયત્રીવાળાની શેરી વિસ્તાર.
	૫૨	૦	૦	૫૬૮		આદમ શેઠનાં ઘર પાસેનો મહોલ્લો
કુલ		૦૦	૦૦	૩૨૭૩		

હદનું વર્ણન

બંદર રોડ જુની ચાવડીથી પૂર્વ તરફ ફીશરીઝ કચેરી પશ્ચિમે થઈ દક્ષિણ તરફ જુશબ પટેલના મકાનના પૂર્વમાં થઈ સલ્લુ હાજી મહોલ્લો આવરી લઈ પશ્ચિમ તરફ ડાડા અલીની દક્ષિણે થઈ આગળ જતાં ભીમ પાડાના નૈઋત્ય ખૂણાં સુધી ત્યાંથી ઉત્તર તરફ ગાયત્રી રોડ ક્રોસ કરી ઈશાન ખૂણો કઠીયારા રોડની હદે હદે બંદર રોડ જુની ચાવડી સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૪

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, લત્તાવાર વિસ્તાર, ઘરનંબર તથા હદનું વર્ણન.					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૪	૧	૦	૦	૨૩૦	૨૦૩૧ થી ૨૦૬૧, ૨૦૬૨ થી ૨૦૯૮	બાલોરવાસ મહોલ્લો, ભીમપાડાનો મહોલ્લો.
	૯	૦	૦	૧૦૩૫	૨૧૯૫ થી ૨૨૩૩	પેટ્રોલપંપ વિસ્તાર
	૧૩	૦	૦	૫૬૨	૨૨૩૩ થી ૨૨૬૭	સફીઢોરા મહોલ્લા વિસ્તાર
	૧૬	૪	૦	૪૪૩	૨૨૬૮ થી ૨૨૭૧, ૨૨૭૨ થી ૨૨૯૩	તોકલીવાળા મહોલ્લા વિસ્તાર
	૨૯	૦	૦	૨૦૧		ભુતીયા બંગલો વિસ્તાર
	૫૧	૦	૦	૬૮૨		ઈશા ઘંટીવાળાનો મહોલ્લો વિસ્તાર
કુલ		૪	૦૦	૩૧૫૩		

INDEX

હદનું વર્ણન

વાયવ્ય ખૂણે ગાયત્રી રોડની આગળ વધતાં પૂર્વ તરફ ફીશરીઝ કચેરીની ઉત્તરેની હદે હદે પેટ્રોલ પમ્પથી આગળ વધતાં બંદર રોડ તથા ફીશરીઝ (સફી ઢોળો) થી દક્ષિણ તરફ જતા સર્વે નં ૧૯ ની પશ્ચિમ હદે હદે ભીમપાડો આવરી લઈ જેની પશ્ચિમે આગળ વધતાં તોકલીવાળાની શેરી તથા કબ્રસ્તાનની દક્ષિણ હદે આગળ વધતાં કરાર પાડાની દક્ષિણ હદે જાહેર પીર ગેટ આવરી લઈ જેની ઉત્તરે જતા કબ્રસ્તાન તથા ઈશા ઘંટીવાળાના મહોલ્લાની પશ્ચિમ હદે ઉત્તરે તરફ આગળ જતા ગાયત્રી રોડ સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૫

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, લત્તાવાર વિસ્તાર, ઘરનંબર તથા હદનું વર્ણન.					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૫	૨	૦	૦	૪૬૧	૩૧૯૩ થી ૩૨૭૭	કરાર મહોલ્લા વિસ્તાર.
	૧૫	૦	૦	૮૯૬	૧૭૫૧ થી ૧૮૨૨, ૧૫૧૮	પબુ ખાંડની શેરી, હબીબ ચોક વિસ્તાર.
	૧૭	૦	૦	૬૪૬	૧૪૬૪ થી ૧૫૦૨	ડી.વી.સોલ્ટ નાલા વિસ્તાર.
	૨૧	૦	૦	૨૦૭	૧૯૨૧ થી ૧૯૩૮	હાજી હજામનું ફળીયા વિસ્તાર.
	૨૨	૦	૦	૩૬૮	૨૩૮૨ થી ૨૪૦૭, ૨૫૪૦	જુની મચ્છી પીઠ મહોલ્લા વિસ્તાર.
	૨૩	૦	૦	૧૩૮	૨૪૦૮ થી ૨૪૩૧, ૨૫૨૨ થી ૨૫૩૬	સંધીવાસ ઈસ્માલ પંખી ઘર પાસે વિસ્તાર.
કુલ		૦૦	૦૦	૨૭૧૬		

હદનું વર્ણન

વાયવ્ય ખૂણે મચ્છીપીઠની ઉત્તરેની હદે જતા પૂર્વ તરફ હુશેની ચોકની ઉત્તરે હદે આગળ વધતાં ભીમપાડા વિસ્તારની ઉત્તરની હદે હદે ખારી વિસ્તારના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ વાડી વિસ્તાર આવરી લઈ સર્વે નં ૧૯ ની પશ્ચિમની હદે હદે આગળ વધતાં દક્ષિણ ખૂણે ડી.વી.સોલ્ટ વર્કસ આવરી લઈ પશ્ચિમે સ્ટેશન રોડની આગળ વધતાં જુના જકાતનાકા તથા ડી.વી. સોલ્ટ નાલા વિસ્તાર તથા હાજી હજામની ફળીથી સ્ટેશન રોડની આગળ પશ્ચિમના ખૂણેથી ઉત્તરે તરફ આગળ વધતાં પટણી પાડો તથા કરાર પાડો આવરી લઈ આગળ વધતાં જુની મચ્છીપીઠ વિસ્તાર સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૬

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, લત્તાવાર વિસ્તાર, ઘરનંબર તથા હદનું વર્ણન.					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૬	૩	૦	૦	૮૦૫	૨૪૩૨ થી ૨૫૨૧	ભગાડ પાડો મહોલ્લો વિસ્તાર.
	૨૦	૦	૦	૬૩૫	૨૫૭૦ થી ૨૫૯૯, ૨૬૨૩ થી ૨૬૩૮	દાતાર શેરી મહોલ્લો વિસ્તાર.
	૨૬	૦	૦	૨૯૭	૨૦૦૩ થી ૨૦૩૦, ૨૧૫૬ થી ૨૧૯૪	અબલા ધર્મની શેરી વિસ્તાર.
	૪૬	૦	૦	૨૬૭	૨૩૧૫ થી ૨૩૭૮	વાલ્મીકી વાસ.
	૪૮	૦	૦	૩૦૦	૨૬૭૮ થી ૨૭૪૫	જીવરાજ વાડીનો મહોલ્લો વિસ્તાર.
	૪૯	૦	૦	૫૬૨	૨૭૦૫ થી ૨૭૪૨	ચાવડી મહોલ્લો વિસ્તાર.
કુલ		૦૦	૦૦	૨૮૬૬		

INDEX

હદનું વર્ણન

વાયવ્ય ખૂણે જુના ભરવાડ પાડાની આગળ વધતાં પૂર્વ તરફ માતમ વાસ થઈ પૂર્વ તરફ ભગાડપાડો આવરી લઈ ત્યાથી દક્ષિણ તરફ આગળ વધતાં પટણી પાડા વિસ્તાર તથા ચમડીયા પાડો આવરી લઈ રેલ્વેસ્ટેશન રોડ ક્રોસ કરી જેની પૂર્વ તરફ આગળ વધતાં બારલોવાસ આવરી લઈ પૂર્વના ખૂણાથી દક્ષિણે આગળ વધતાં બારલા વાસનો પાછળનો ભાગ આવરી લઈ ચમડીયા પાડો તથા દક્ષિણના ખૂણે પટણી પાડામાં સર્વે નં ૧૩ ની ઉત્તરની હદે સર્વે નં ૧૪ તથા બાવળવાળા પીરની જગ્યાની ઉત્તરની હદે હદે સર્વે નં ૧૮ ની હદે હદે ચાવડી મહોલ્લા વિસ્તાર આવરી લઈ જેની ઉત્તરે આગળ વધતાં ઓલીયાપીર રોડની પૂર્વની હદે હદે મસ્જિદ દરગાહની આગળ વધતાં,રેલ્વે સ્ટેશન રોડ ક્રોસ કરી સલાયા નગરપાલિકાના જકાતનાકાથી આગળ વધતાં વાયવ્ય ખૂણે જુના ભરવાડ પાડા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૭

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, લત્તાવાર વિસ્તાર, ઘરનંબર તથા હદનું વર્ણન.					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૭	૨૪	૦	૦	૨૭૭	૧૫૧૬ થી ૧૭૫૦	ગાયત્રીવાળાની શેરી વિસ્તાર.
	૨૫	૦	૦	૨૦૬	૫૭૧ થી ૬૧૪	કરારપાડો ગજીયા શેરી વિસ્તાર.
	૩૫	૦	૦	૩૨૬	૫૬૫ થી ૫૭૦ ક	નગર ગેઈટ વિસ્તાર.
	૩૬	૨૯૫	૦	૫૮૦		ધણ શેરી મહોલ્લા વિસ્તાર.
	૩૭	૧૬	૦	૨૬૬		લુહાર શેરી, પોલીસ ચોકી પાછળ વિસ્તાર.
	૩૮	૦	૦	૪૧૪		પોલીસ લાઈન શેરી વિસ્તાર.
	૩૯	૫	૦	૧૧૯		હનુમાનજી મંદીર તળાવ પાળવાળી શેરી.
	૪૫	૦	૦	૨૨૮		કુંભારવાસ વિસ્તાર.
	૪૭	૦	૦	૩૨૮		ઓલીયાપીર મહોલ્લા વિસ્તાર.
કુલ		૩૧૬	૦	૨૭૪૪		

હદનું વર્ણન

પૂર્વના ખૂણે બારાડીનું નાકું, લુહાર શેરી આવરી લઈ આગળ વધતાં રામમંદિરશેરીથી આગળ વધતાં ખંભાલીયા રોડ ક્રોસ કરી નગરના નાકાથી ઉત્તરે તરફ આગળ વધતાં જુમ્મા મસ્જિદ રોડ ક્રોસ કરી આગળ વધતાં નવી મચ્છીચોક વિસ્તાર આવરી લઈ પૂર્વ તરફ જતા ગાયત્રીરોડ ક્રોસ કરી દક્ષિણ તરફ ગાયત્રી રોડની હદે હદે આગળ વધતાં ઓલીયાપીર રોડની હદે હદે આગળ વધતાં દક્ષિણના ખૂણે ઓલીયાપીર/ મસ્જિદ દર્ગાહ આવરી લઈ પશ્ચિમ તરફ આગળ વધતાં સર્વે નં ૮ તથા સર્વે નં ૧ ની ઉત્તરની હદે આગળ જતા પોલીસ ક્વાર્ટર આવરી લઈ પશ્ચિમ તરફ જતાં સર્વે નં ૧૩૭ ના ઈશાન ખૂણેથી પશ્ચિમ તરફ પોલીસ ચોકી આવરી લઈ ઉત્તરે બારાડી નાકાની પશ્ચિમ તરફ આગળ વધતાં સર્વે નં ૧૬૪ તથા વાછરાડાડાનું મંદિર આવરી લઈ સર્વે નં ૧૬૩ની ઉત્તરની હદે આગળ જતાં ઉત્તર તરફ ગોંઈજ જતા રસ્તાની હદે હદે આગળ વધતાં સ્મશાન વિસ્તાર આવરી લઈ ઈશાન તરફ બારાડી નાકા સુધીમાં સમાવિષ્ટ તથો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૮.

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, લત્તાવાર વિસ્તાર, ઘરનંબર તથા હદનું વર્ણન.					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૮	૫	૦	૦	૭૨૧	૫૮૮ થી ૫૮૯ ગ	હાસમ ભોકલની દુકાન વિસ્તાર.
	૧૪	૦	૦	૨૦૫	૫૭૨ થી ૬૪૧ ક ૬૪૨ થી ૬૬૪ ગ	જુમા મસ્જિદ મહોલ્લો વિસ્તાર.

INDEX

	૨૮	૦	૦	૪૩૨	૬૬૬ થી ૭૩૦, ૮૫૨ ક થી ૮૫૨ છ	ખાડી વિસ્તાર.
	૩૨	૦	૦	૭૩૩	૭૯૦ થી ૮૨૩, ૨૩૧ થી ૩૧૭	દેના બેંક વિસ્તાર.
	૩૩	૦	૦	૧૦૩૯	૭૩૧ થી ૭૮૯, ૮૮૪ થી ૯૦૦ ક	મહાજન શેરી વિસ્તાર.
કુલ		૦૦	૦૦	૩૯૩૦		

હદનું વર્ણન

વાયવ્ય ખૂણે ખારાનાકા રોડની આગળ વધતાં ઉત્તરના ખૂણેથી પૂર્વ તરફ આગળ વધતાં ખંભાલીયા રોડ ક્રોસ કરી પૂર્વની હદે ખાડી વિસ્તાર તથા પાંજરાપોળ વિસ્તાર આવરી લઈ દક્ષિણ તરફ આગળ જતાં ટાવર તથા હુશેની ચોક વિસ્તાર આવરી લઈ પશ્ચિમ તરફ આગળ વધતાં હુશેની ચોકની દક્ષિણની હદે હદે આગળ વધતાં ખંભાલીયા રોડ ક્રોસ કરી નગરપંચાયતની ઉત્તરની હદે હદે પશ્ચિમ તરફ આગળ વધતાં ગોકાભાઈ પાનવાળાની દુકાન સુધી ત્યાંથી ઉત્તર તરફ હવેલી મંદિર તથા ખારાનાકા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વોર્ડ નં.૯

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ, લત્તાવાર વિસ્તાર, ઘરનંબર તથા હદનું વર્ણન.					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર	
૯	૩૪	૧૩	૦	૪૩૯	૩૨૬ થી ૩૮૩, ૩૮૪ થી ૪૨૧	કસ્ટમ રોડ મહોલ્લો વિસ્તાર.
	૪૦	૪	૦	૬૫૮		કસ્ટમ ઓફીસ પાસેનો વિસ્તાર.
	૪૧	૫	૦	૪૯૫		માધવરાય મંદીર વિસ્તાર.
	૪૨	૩	૦	૫૫૪		માયલોવાસ વિસ્તાર.
	૪૩	૧૯	૦	૬૭૮	૪૧૫ થી ૪૯૫, ૪૩૪ થી ૪૪૩	રામમંદીર મહોલ્લો વિસ્તાર.
	૪૪	૬	૦	૨૪૫	૪૬૨ થી ૪૭૧, ૫૧૯ થી ૫૩૨	હવેલી શેરી વિસ્તાર.
કુલ		૫૦	૦૦	૩૦૬૯		

હદનું વર્ણન

કસ્ટમ/ પોર્ટના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ આગળ જતાં હાશમશા પીરની જગ્યા આવરી લઈ આગળ વધતાં સીટી સર્વે કચેરીના પૂર્વના ખૂણા સુધી ત્યાંથી દક્ષિણે આગળ વધતાં કસ્ટમ રોડ ક્રોસ કરી પોસ્ટ ઓફીસ આવરી લઈ આગળ જતા લાલજી મંદિર શેરી આવરી લઈ પશ્ચિમ તરફ આગળ વધતાં રામ મંદિર શેરી તથા ખારવા વાસ તથા શાકમાર્કેટ તથા ભડાલા વાસ આવરી લઈ ઉત્તર તરફ આગળ વધતાં માધવરાય મંદિર તથા માયલો વાસ તથા બંદર નાકાની પશ્ચિમની હદે હદે આગળ વધતાં મેઈન બજાર રોડ ક્રોસ કરી કસ્ટમ પોર્ટ કચેરીના વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી પંચ
ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

સલાયા નગરપાલિકાની કુલ વસ્તી	૨૬૮૭૫	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૨૯૮૬	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ–૩૨૮૫ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૨૬૮૭
કુલ બેઠકોની સંખ્યા.	૨૭	
સ્ત્રી બેઠકો	૯	—— બેઠક અનુસૂચિત જાતિ —— બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.		તે પૈકી —— સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા		તે પૈકી——સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૧	
સામાન્ય બેઠકો.	૧૬	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૦૩૮	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૨૮૮૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૨૭૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૧૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૨૭૧૬	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૨૮૬૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૨૭૪૪	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૮	૮	૩૧૩૦	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૩૦૬૯	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
કુલ.		૨૬૮૭૫			

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 213 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] SATURDAY, JUNE 2, 2007/JYAISTHA 12, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election, Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા.૨–૬–૨૦૦૭

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–નપા– રાજુલા–૨૦૦૭

રાજુલા નગરપાલિકા (જી.અમરેલી)ની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૯૯–ઓફ–૨૦૦૭– એનપીએમ– ૧૩૨૦૦૫/ ૭૪૨૯(૫૯) આર, તા.૫–૩–૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **રાજુલા** શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે **રાજુલા** નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૭ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાંથી અનુસૂચિત જાતિ, પછાતવર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

INDEX

૪. રાજય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવીઃ૪૯ઃ૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ઃ૩૬૫૫ઃ એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ ઘડેલ જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૩૨,૩૯૫ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૩૫૯૯ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યું છે તે પ્રમાણે વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીનાં વધ/ઘટની મર્યાદાથી કોઈપણ વોર્ડમાં વધુ વધ–ઘટ થવા પામેલ નથી.

૮. શહેરના ૯ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉત્તરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૨ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અને આ ૨ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૪	૩૯૧૪	૮૦૩	૨૦.૫૨
૨	૭	૩૭૧૦	૬૮૪	૧૮.૪૪
૩	૯	૩૪૭૩	૪૨૫	૧૨.૨૪
૪	૫	૩૬૨૩	૪૦૬	૧૧.૨૧
૫	૮	૩૭૦૯	૨૩૬	૬.૩૬
૬	૬	૩૪૨૬	૭૮	૨.૨૮
૭	૩	૩૫૫૦	૩૮	૧.૦૭
૮	૨	૩૪૩૭	૨૯	૦.૮૪
૯	૧	૩૫૫૩	૨૫	૦.૭૦
કુલ		૩૨૩૯૫	૨૭૨૪	

INDEX

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૪તથા ૭ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ(અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા બીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૪ માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં.૭ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૪ તથા ૭ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૪	અનુસૂચિત જાતિ
૭	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી જેથી ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૩ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

રાજુલા નગરપાલિકાના આ સાથેની અનુસૂચિ–૧ મુજબનાં સૂચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૩	૩૫૫૦	૨૫૫૮	૭૨.૦૬
૨	૬	૩૪૨૬	૨૧૬૯	૬૩.૩૦
૩	૨	૩૪૩૭	૧૮૭૨	૫૪.૪૭
૪	૫	૩૬૨૩	૧૯૩૦	૫૩.૨૭
૫	૯	૩૪૭૩	૧૭૯૧	૫૧.૫૭
૬	૧	૩૫૫૩	૧૭૬૧	૪૯.૫૪
૭	૭	૩૭૧૦	૧૮૦૧	૪૮.૫૪
૮	૪	૩૯૧૪	૧૫૫૫	૩૯.૭૩
૯	૮	૩૭૦૯	૧૩૮૦	૩૭.૧૧
	કુલ	૩૨૩૯૫	૧૬૮૧૭	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૩,૬ અને ૨ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી ત્રીજા ક્રમે પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. તદ્નુસાર વોર્ડ નં.૩ અને ૬ માં પછાતવર્ગ અને વોર્ડ નં.૨ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩	પછાતવર્ગ
૬	પછાતવર્ગ
૨	પછાતવર્ગ સ્ત્રી

INDEX

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી બાકી રહેતી બેઠક સ્ત્રી અનામત બેઠક અને બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને **રાજુલા** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં, રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ, **રાજુલા** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ,
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર.

અનુસૂચિ–૧
રાજુલા નગર પાલિકા જિલ્લો – અમરેલી

વોર્ડ નં.૧

સુચિત વોર્ડ નં	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લત્તાવાર વિસ્તાર,ઘરનંબર,તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકનો ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર	બ્લોક વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧	૦	૦	૭૬૮	૧ થી ૧૩૮	આશ્રમ,ગૌશાળા,પીરનો ડુંગરો,ઘાંચીવાડ,કુંભનાથ
	૨	૧૩	૦	૭૯૯	૧ થી ૧૨૯	સલાટ વાડો,હોળીયા હનુમાન,આગરીયા રોડ
	૪	૯	૦	૬૨૨	૧ થી ૧૨૮	પીરયોડુંગર,ઘાંચી વાડ,આગરીયા રોડ
	૫૬	૩	૨	૭૯૨	૧ થી ૧૩૮	તળાંવ,મારૂતિધામ,અંબામાતાનું મંદિર
	૫૯	૦	૫	૫૭૨	૧ થી ૧૦૭	ખોડિયાર મંદિર રોડ,
	કુલ	૨૫	૭	૩૫૫૩		

હદનું વર્ણન :

રેવન્યુ સર્વે નંબર ૨૧૯ના વાયવ્ય ખૂણે શરૂ કરી ઘાણો નદીના કાંઠે કાંઠે પૂર્વ તરફ આગળ જતા રાજુલા બાયપાસરોડ રાજયધોરી માર્ગ– ૩૪ સર્વે નં.૨૧૮,૨૧૭,૧૦૮,૪,અને ૫ ને આવરી લઈ પીરનો ડુંગરો આવરી લઈ ત્યાંથી દક્ષિણ તરફ ભીડભંજન રોડે રોડ ભીડભંજન વિસ્તારને આવરી લઈ ભીડભંજન મંદિર ના નૈઋત્ય ખૂણે સુધી ત્યાંથી પશ્ચિમ/દક્ષિણ તરફ હોળીયા હનુમાન તરફના રોડેરોડે વોરા વાડના ઈશાન ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ વોરા વાડની હદે હદે ખોડિયાર મંદિર સુધી ત્યાંથી દક્ષિણ તરફ તળાવ રોડે રોડે મારૂતી ધામની પૂર્વની હદે હદે જંગલ ખાતાની ઓફિસ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ હોળીના વિસ્તારને ઉત્તરની હદે હદે ખાણ વિસ્તારને આવરી લઈ સર્વે નં.૨૧૯ ના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

INDEX

વાયવ્ય : (ઉત્તર–પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર – પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ – પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ – પશ્ચિમ)

વોર્ડ નં.૨

સુચિત વોર્ડ નં	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લત્તાવાર વિસ્તાર,ઘરનંબર,તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકનો ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર	બ્લોક વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧૫	૨૫	૦	૪૨૭	૧ થી ૧૧૦	પટેલ શેરી,સાંઈમંદિર , ભીડભંજન,મહિલા વાટિકા
	૧૬	૦	૦	૪૫૩	૧ થી ૧૧૦	વાલ્મીકીવાસ,હરિજનવાસ
	૧૭	૦	૫	૬૮૧	૧ થી ૧૦૯	હરિજનવાસ,દેવીપુજકવાસ,વાવેરારોડ
	૧૮	૦	૦	૬૧૧	૧ થી ૧૦૦	ગઢનીરાંગ,ખેતાગાળો
	૨૦	૪	૦	૭૧૬	૧ થી ૧૦૪	વાવેરા રોડ,સંઘવીચોક વિસ્તાર
	૨૫	૦	૦	૫૪૯	૧ થી ૧૦૫	વડલી રોડ,પશુ દવાખાનુ,ગઢની રાંગ
	કુલ	૨૯	૫	૩૪૩૭		

હદનું વર્ણન :

કબ્રસ્તાનના વાયવ્ય ખૂણાથી શરૂ કરી વાવેરા રોડ ક્રોસ કરી પૂર્વ તરફ ઘાણો નદીના કાંઠે કાંઠે રે.સ.નં.૫૩૧,૫૨૯ ને આવરી લઈ વડલી ગામના પશ્ચિમના સીમાડે રે.સ.નં.૫૩૨/૨ ના ઈશાન ખૂણા સુધી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ વડલી રોડ સુધી ત્યાંથી દક્ષિણ/પશ્ચિમ તરફ વડલી રોડે રોડે(ગઢની રાંગ),પશુ દવાખાનાને આવરી લઈ ખેતાગાળાના રહેણાંક વિસ્તારને આવરી લઈ ખેતાગાળાના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ લીડકીયા રોડે રોડે પટેલ શેરી,સંઘવી ચોક,ભીડભંજનને આવરી લઈ,ઘાણા નદી ક્રોસ કરી કબ્રસ્તાનના સુધીના ખૂણા સુધીના અંદરનો સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વોર્ડ નં.૩

સુચિત વોર્ડ નં	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લત્તાવાર વિસ્તાર,ઘરનંબર,તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકનો ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર	બ્લોક વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૧૯	૮	૦	૮૫૨	૧ થી ૧૨૦	વાવેરા રોડ,તત્વજયોતિ,લીડકીયા,કન્યાશાળા નં.૩
	૨૪	૦	૦	૫૭૧	૧ થી ૮૮	વડલીરોડ,ખોડિયાર નગર વિસ્તાર
	૨૬	૩૦	૦	૫૧૩	૧ થી ૧૦૯	ખોડિયારનગર,ખેતાગાળાનો ભાગ
	૨૭	૦	૦	૪૮૦	૧ થી ૧૦૧	ગઢની રાંગ,વડલી રોડ
	૨૮	૦	૦	૪૩૪	૧ થી ૧૦૫	ગઢની રાંગ,વડલી રોડ
	૨૯	૦	૦	૭૦૦	૧ થી ૧૦૯	મફત પરા,યદુનંદન સોસાયટી
	કુલ	૩૮	૦	૩૫૫૦		

હદનું વર્ણન :

કન્યા શાળા નં.૩ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ ખેતાગાળા રહેણાંક વિસ્તારના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઈશાન ખૂણા તરફ ખોડીયાર નગર,ગઢની રાંગ,ખેતાગાળાને આવરી લઈ ન.પા.ની હદ સુધી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ પર૩ને આવરી લઈ ન.પા.ની હદે હદે સર્વે નં.૫૨૪,૫૨૮ને આવરી લઈ સર્વે નં.૫૨૫ની વાયવ્ય બાજુથી પસાર થઈ સર્વે નં.૫૨૭,૩૯૯ને આવરી લઈ ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ સર્વે નં.૩૦૦ની વાયવ્ય બાજુએથી પસાર થઈ ન.પા.ની હદે હદે ૩૯૮,૩૯૭/૧,૩૯૬ને આવરી લઈ ત્યાંથી વાયવ્ય તરફ મહુવા– રાજુલા રોડ સુધી મુરલીધર સોસા,ને આવરી લઈ રાજુલા મહુવા રોડ ત્યાંથી રાજુલા મહુવા રોડે આગળ નૈઋત્ય દિશા તરફ કામદાર ક્વાર્ટર ઈશાન ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ કન્યાશાળાના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૪

સુચિત વોર્ડ નં	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લત્તાવાર વિસ્તાર,ઘરનંબર,તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકનો ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર	બ્લોક વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૩	૧૬	૦	૪૫૩	૧ થી ૧૩૦	ખોડિયાર મંદિર,વોરા વાડ,નીચલી બજાર
	૫	૮૨	૦	૪૧૬	૧ થી ૧૩૪	કંડોળીયા શેરી,પુંજાબાપુ શેરી,સાંઈ મંદિર,નીચલી બજાર
	૭	૦	૦	૧૪૬	૧ થી ૧૨૫	હવેલીચોક,મહાત્માગાંધીરોડ,ખડપીઠ
	૮	૧૪	૦	૨૯	૧ થી ૧૨૭	જવાહરરોડ,ખોજામસ્જિદ,ધાખડાશેરી
	૨૧	૪૨	૦	૪૭૪	૧ થી ૧૦૪	પીપળાવાળીશેરી,પટેલ શેરી
	૨૨	૭૫	૦	૫૭૫	૧ થી ૧૦૩	લીડકીયા,પીપળાવાળી શેરી સામેનો વિસ્તાર
	૩૦	૨૨૮	૦	૪૩૭	૧ થી ૮૧	ભંગીવાસ,હરિજનવાસ
	૩૩	૩૪૬	૦	૬૧૧	૧ થી ૧૪૨	જીવાબાવાનો ચોક,હરિજનવાસ
	૬૦	૦	૦	૭૭૩	૧ થી ૧૭૪	વોરા વાડ
	કુલ	૮૦૩	૦	૩૯૧૪		

હદનું વર્ણન :

હોળીયા હનુમાનની વાયવ્ય દિશાએ થી શરૂ કરી ઈશાન તરફ સંઘવી ચોકના પશ્ચિમ તરફના ખૂણા સુધી ત્યાંથી પૂર્વ તરફ લીડકીયા ને આવરી લઈ કન્યાશાળા નં.૩ ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ ભંગીવાસ,કામદાર ક્વાર્ટર આવરી લઈ ને રાજુલા મહુવા રોડ સુધી ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ કામદાર ક્વાર્ટર હરિજન વાસ આવરી લઈ ત્યાંથી વાયવ્ય ખુણા તરફ મહુવા રોડ આવરી લઈ ત્યાંથી પશ્ચિમ તરફ મોચી ચોક મહેતા ચોકની ઉત્તરે થઈ કંડોળીયા શેરી,હવેલચોક,ધાખડા શેરી,ખોજા મસ્જિદ આવરી લઈ શ્યામ કોમ્પ્લેક્ષના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ વોરા વાડને આવરી લઈ ખડપીઠ રોડે રોડે આગરીયા રોડ ઉપર રમજાન સીદીના ઘાણાથી ત્યાંથી ઉત્તર તરફ ખોડિયાર મંદિરના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ નીચલી બજાર થઈ હોળીયા હનુમાનને આવરી લઈ હોળીયા હનુમાનના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વોર્ડ નં.૫

સુચિત વોર્ડ નં	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લત્તાવાર વિસ્તાર,ઘરનંબર,તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકનો ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર	બ્લોક વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૬	૦	૦	૨૭૫	૧ થી ૧૧૯	મહેતાચોક,હવેલીચોક,તત્વજયોતિરોડ,હરગોવિંદ જસરાજની શેરી
	૧૩	૦	૦	૩૩૮	૧ થી ૯૮	લાખા સોનીની શેરી,રામજીમંદિર
	૧૪	૧૦૮	૦	૪૪૩	૧ થી ૮૯	મોચીચોક,જીવાબાવા ચોક
	૨૩	૯૧	૦	૫૩૮	૧ થી ૧૦૪	મોચીચોક,મહુવા રોડ
	૩૧	૧૮૪	૦	૬૯૩	૧ થી ૧૧૭	ગોદરા વિસ્તાર
	૩૪	૨૩	૦	૬૬૫	૧ થી ૭૯	સુલેમાનખાકપાર્ક(ખોજા સોસાયટી),સિયાજીરોડ
	૩૫	૦	૦	૬૭૧	૧ થી ૧૨૦	રામજીમંદિર,કડીયાળી રોડ
	કુલ	૪૦૬	૦	૩૬૨૩		

INDEX

હદનું વર્ણન :

મેહતા ચોકના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ મહેતા ચોક, મોચી ચોક,મોચી બજારને આવરી લઈ મહુવા રોડ સુધી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ ગોદરો કન્યાશાળાને આવરી લઈ રાજુલા મહુવા રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ચંદા ગેસ્ટ હાઉસ ની ઉત્તર તરફ સુધી ત્યાંથી ઉત્તરે જુના કડીયાળી રોડ આવરી લઈ સુલેમાનખાકુ પાર્ક રામજીમંદિર, આવરી લઈ શયામકોમ્પ્લેક્ષની ઉત્તરે થઈ શ્યામકોમ્પ્લેક્ષના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તરે લાખા સોનીની શેરી જવાહર રોડ આવરી લઈ ધાખડા શેરીની પૂર્વ તરફ થઈ મહેતા ચોકને આવરી લઈ મહેતા ચોકની વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વોર્ડ નં.૬

સુચિત વોર્ડ નં	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લત્તાવાર વિસ્તાર,ઘરનંબર,તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકનો ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર	બ્લોક વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૯	૦	૦	૩૭	૧ થી ૧૨૭	શાકમાર્કેટ વિસ્તાર,ખડપીઠ,ન.પા.શોપિંગ
	૧૦	૦	૦	૨૧૦	૧ થી ૧૦૪	ધર્મશાળા,શ્યામકોમ્પ્લેક્ષ
	૧૧	૦	૦	૪૨	૧ થી ૧૧	દાનદેવ કોમ્પ્લેક્ષ,જુનોકડીયાળીરોડ,સ્વામીમાર્ગ
	૫૫	૧	૧૯	૬૧૦	૧ થી ૧૨૬	ઉદ્યોગ મંદિર ,સંઘવીશાળા,જંગલખાતાની ઓફિસ
	૫૭	૬૪	૧૪	૮૬૪	૧ થી ૧૬૨	કનુભાઈ લહેરીમાર્ગ,કન્યા વિદ્યાલય વિસ્તાર
	૫૮	૧૩	૦	૪૦૬	૧ થી ૧૫૯	કુંભાર વાડા શેરી–૩,હોસ્પિટલ રોડ
	૬૨	૦	૦	૭૧૯	૧૩૯ થી ૨૬૭	કુંભારવાડા શેરી નં.૬,પાણીનો ટાંકો
	૬૩	૦	૦	૫૩૮	૧૦૮ થી ૧૯૯	ધોળીયા ડુંગર ,સા.કુંડલા રોડ
	કુલ	૭૮	૩૩	૩૪૨૬		

હદનું વર્ણન :

જંગલ ખાતાની ઓફિસના વાયવ્ય ખૂણેથી શરૂ કરી ઈશાન ખૂણા તરફ આગળ જતા ખાણનો વિસ્તાર; કન્યાછાત્રાલય,કન્યાવિદ્યાલયને આવરી લઈ ખડપીઠ રોડ સુધી ત્યાંથી પૂર્વ તરફ ખડપીઠ શ્યામ કોમ્પ્લેક્ષને આવરી લઈ શ્યામ કોમ્પ્લેક્ષના ઈશાન ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ જુના રેલ્વે સ્ટેશનની ઉત્તર સુધી ત્યાંથી નૈઋત્ય તરફ એમ.જી રોડ સુધી ત્યાથી ઉત્તરે દવાખાનાના ઈશાન ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય ખૂણા તરફ ધોળીયા ડુંગરને આવરી લઈ વ્યાયામ શાળાના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ રાજુલા મહુવા રોડ સુધી ત્યાંથી સંઘવી શાળા ઉદ્યોગ મંદિર ને આવરી લઈ ત્યાંથી સી. ડી. ઠક્કરના મકાન સુધી ત્યાંથી ઉત્તરે જંગલ ખાતાના વાયવ્ય ખૂણા સુધીનો અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

INDEX

વોર્ડ નં.૭

સુચિત વોર્ડ નં	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લત્તાવાર વિસ્તાર,ઘરનંબર,તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકનો ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર	બ્લોક વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૫૦	૭	૦	૮૧૨	૧ થી ૧૨૮	કિરણપેલેસ,બાવળીયા વાડી
	૫૧	૪૦	૦	૬૩૩	૧ થી ૧૩૨	રેઈનબો સોસા,શ્રીજી સોસા,ગોકુળનગર
	૫૨	૫૨૧	૧૨	૫૮૩	૧ થી ૭૭	વણકરવાસ,વેડવાવાઘરી સોસા
	૫૩	૮૩	૬	૭૯૮	૧ થી ૧૩૩	ડોળીનો પટ,જી.ઈ.બી.સરકારી ગોડાઉન
	૫૪	૩૩	૬	૩૦૮	૧ થી ૧૦૦	ઈરીગેશન કવાર્ટર,વણકરવાસ
	૬૧	૦	૦	૫૭૬	૧૦૧ થી ૨૧૫	પોલીસકોલોની,ટેલીફોન ઓફિસ,ખાખબાઈરોડ,બીડી કામદાર સોસા
	કુલ	૬૮૪	૨૪	૩૭૧૦		

હદનું વર્ણન :

બીડી કામદાર સોસા.ના વાયવ્ય ખૂણાએથી શરૂ કરીને પૂર્વ તરફ ખાખબાઈ રોડે રોડે જંગલ ખાતાની ઓફિસના નૈઋત્ય ખૂણાથી ત્યાંથી દક્ષિણ તરફ જી.ઈ.બીને આવરી લઈ જી.ઈ.બી. ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ન્યાયમંદિર ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી અગ્નિ ખૂણા તરફ બાવળીયા વાડી,સર્વે નં.૨૬૦ આવરી લઈ સર્વે નં.૨૬૦ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય ખૂણા તરફ ન.પાની હદે હદે સર્વે નં.૨૬૦,૨૫૩,૨૩૨ કિરણ પેલેસ,સ્ટેટ હાઈવે નં.૩૪,બીડી કામદાર સોસા.ને આવરી લઈ ન.પા.ની હદે હદે સ.નં.૨૫૨,૨૩૪, ૧૩૫,૨૨૬, ૨૨૫, ૨૨૦, ૨૨૧,૨૨૨,૨૨૩ની ઉત્તરે થઈ બીડી કામદાર સોસા.ના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વોર્ડ નં.૮

સુચિત વોર્ડ નં	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લત્તાવાર વિસ્તાર,ઘરનંબર,તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકનો ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર	બ્લોક વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૮	૪૧	૦	૦	૧૭૪	૧ થી ૫૪	ભેરાઈરોડ,સવિતાનગર,છતડીયારોડ
	૪૨	૨	૦	૬૭૭	૧ થી ૧૫૪	માર્કેટયાર્ડ,સવિતાનગર ,છતડીયા રોડ
	૪૩	૦	૦	૪૦૧	૧ થી ૭૨	શિક્ષકસોસાયટી,ધારનાથસોસાયટી
	૪૪	૧૯૮	૧૯	૫૬૯	૧ થી ૯૮	ભરતનગર,શેનાનાઈ સોસાયટી,આંબેડકર સોસા,
	૪૫	૩૦	૦	૬૦૩	૧ થી ૧૦૬	નિલકંઠ એપા,એસ.ટી.વર્કશોપ,વર્ષાએપાર્ટમેન્ટ
	૪૬	૦	૦	૨૦૦	૧ થી ૫૭	વ્યાયામ મંદિર,કૃષ્ણનગર
	૪૭	૬	૦	૩૩૬	૧ થી ૭૦	બસસ્ટેશન,જાફરાબાદરોડ,શિવશકિત એપાર્ટમેન્ટ
	૪૮	૦	૧	૪૮૧	૧ થી ૭૬	ધારનાથ સોસાયટી ૧,૨,૩,ભુવા કોલેજ
	૪૯	૦	૪	૨૬૮	૧ થી ૬૦	ડો.મુછડીયા શેરી વિસ્તાર
	કુલ	૨૩૬	૨૪	૩૭૦૯		

INDEX

હદનું વર્ણન :

ન્યાય મંદિરના વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ તરફ ન્યાયમીદ્યશ્ર,ડો.મુછડીયા શેરી,બસસ્ટેશન, વ્યયામ શાળા,બોર્ડિંગ દવાખાનાને આવરી લઈ.એમ.જી.રોડ સુધી ત્યાંથી દક્ષિણ તરફ વેરાઈ રોડે રોડેમાર્કેટ યાર્ડ રતિબાપાનગર, સવિતાનગર, શ્રીરામકૃપા, દેવશીભાઈની વાડી આવરી લઈ સ.નં.૨૯૫ના ઈશાન ખૂણા સુધી (ન.પાની હદ) સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ન.પાની હદે હદે યોગેશ્વર નગર ,સેનાનાઈ સોસા,ધર્મરાજ સોસા.આવરી લઈ સ.નં.૨૬૦ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી ઉત્તર દિશા તરફ સ.નં.૨૫૯,૨૫૭,૨૫૮ અને કૃષ્ણનગર – ૨ને આવરી લઈ.ન્યાય મંદિરના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વોર્ડ નં.૯

સુચિત વોર્ડ નં	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક લત્તાવાર વિસ્તાર,ઘરનંબર,તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકનો ઘરનંબરની વિગત ઘરનંબરથી ઘરનંબર	બ્લોક વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા વસતી	અ.જ.જા વસતી	કુલ વસતી		
૧	૨	૩	૪	૫	૬	૭
૯	૧૨	૨૯૩	૦	૪૫	૧ થી ૯૫	ગોળ બંગલો,ભોળાભાઈની લાતી સામે,મારૂતિગેસ,જાફરાબાદ રોડ
	૩૨	૦	૦	૭૫૫	૧ થી ૧૨૯	કૃષ્ણકુમારસિંહજી રોડ,હરિજનવાસ
	૩૬	૦	૨	૩૧૩	૧ થી ૧૧૦	ચંદા ગેસ્ટ હાઉસ,ગાંધીમંદિર ,
	૩૭	૭	૦	૮૫૭	૧ થી ૧૬૮	ભાણબાપુ નગર,બ્રાહમણસોસાયટી
	૩૮	૮૨	૨	૪૬૫	૧ થી ૯૪	ભાણબાપુ નગર,બ્રાહમણસોસાયટી
	૩૯	૨૬	૧૦	૫૮૬	૧ થી ૯૯	અક્ષરપુરુષોતમ સ્વામી મંદિર , લુહાર બોર્ડિંગ પાછળનો વિસ્તાર
	૪૦	૧૭	૪૩	૪૫૨	૧ થી ૧૦૩	ભુપતભાઈનો ઘાણો , ભેરાઈ રોડ
	કુલ	૪૨૫	૫૭	૩૪૭૩		

હદનું વર્ણન :

એમ.જી.રોડ રેલ્વેની જમીનની વાયવ્ય ખૂણેથી રાજુલા મહુવા રોડે રોડે પૂર્વ તરફ સર્વે નં.૩૯૦ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સુલેમાન માલાભાઈની વાડીને આવરી લઈ સ.નં.૩૭૫ના અગ્નિ ખૂણા તરફના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સ.નં. ૩૭૫, ૩૮૬,૩૩૭,૩૩૦/૧,૩૩૨,૩૦૩,૩૦૪ને આવરી લઈ એમ.જી.રોડ સુધી ત્યાંથી ઉત્તરે ભેરાઈ રોડે રોડે સ.નં.૩૦૧, ૩૦૨,૩૦૩,૩૦૪ ને આવરી લઈ રેલ્વે સ્ટેશનની જમીનના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર

વી.એચ.શાહ,
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨
રાજય ચૂંટણી પંચ
ગુજરાત રાજય
સચિવાલય, ગાંધીનગર

રાજુલા નગરપાલિકાની કુલ વસ્તી	૩૨૩૯૫	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૩૫૯૯	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ–૩૯૫૯ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૩૨૩૯
કુલ બેઠકોની સંખ્યા.	૨૭	
સ્ત્રી બેઠકો	૯	૧ બેઠક અનુસૂચિત જાતિ – બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૨	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	–	તે પૈકી – સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૨	
સામાન્ય બેઠકો.	૧૫	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૫૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૨	૨	૩૪૩૭	પછાતવર્ગ	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૫૫૦	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૪	૪	૩૯૧૪	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૩૬૨૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૩૪૨૬	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૩૭૧૦	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય
૮	૮	૩૭૦૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૩૪૭૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ.		૩૨૩૯૫			

વી.એચ.શાહ,
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધી-નગર.

INDEX

Extra No. 214 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] SATURDAY, JUNE 2, 2007/JYAISTHA 12, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election, Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન,
ગાંધીનગર.
તા. ૨–૬–૨૦૦૭

ક્રમાંકઃરાચપ–ચટણ–સમક–નપા– શિહો૨–૨૦૦૭

શિહો૨ નગરપાલિકા (જી.ભાવનગર)ની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ–૬ ની પેટા કલમ ૪ થી "નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે" તેવી જોગવાઈ થયેલી છે અને કલમ–૬ની, પેટાકલમ–૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ–૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી–૯૭–ઓફ–૨૦૦૭– એનપીએમ– ૧૩૨૦૦૫/ ૭૪૨૯(૫૭) આર, તા.૫–૩–૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, **શિહો૨** શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે **શિહો૨** નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૭ બેઠકો નકકી કરેલ છે તેમ જ જાહેરનામાંથી અનુસૂચિત જાતિ, પછાતવર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ–૭ પેટાકલમ–૨ ખંડ–૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

INDEX

૪. રાજ્ય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવીઃ૪૯ઃ૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩ઃ૩૬૫૫ઃ એમ. તા.૧૬–૩–૯૪ થી અધિનિયમની કલમ–૨૭૭ ની પેટાકલમ–૨ તથા કલમ–૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ ઘડેલ જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ–૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦% ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજ્ય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૪૬,૯૬૦ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૫૨૧૮ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦% વસ્તીના વધ/ઘટની મર્યાદાથી કોઈપણ વોર્ડમાં વધુ વધ–ઘટ થવા પામેલ નથી.

૮. શહેરના ૯ વોર્ડોનુ નિયમ–૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ–૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એકસરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ–૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ–૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ–૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉત્તરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ(સ્ત્રી બેઠક સહિત)ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૩ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અને આ ૩ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૩	૫૪૫૨	૨૪૬૨	૪૫.૧૬
૨	૨	૫૬૨૩	૮૮૯	૧૫.૮૧
૩	૫	૫૩૮૮	૫૯૪	૧૧.૦૨
૪	૬	૪૮૪૨	૩૭૦	૭.૬૪
૫	૧	૫૫૫૧	૧૧૪	૨.૦૫
૬	૮	૪૭૯૫	૮૨	૨.૭૧
૭	૪	૫૦૫૧	૬૭	૧.૩૩
૮	૭	૫૦૫૩	૨૯	૦.૫૭
૯	૯	૫૨૦૫	૦	૦
કુલ		૪૬૯૬૦	૪૬૦૭	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૩,૨ તથા ૫ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા ત્રીજા ક્રમે આવતા વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ / નં. ૩ અને ૨ માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં.૫ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૩,૨ તથા ૫ માં નિયમોના નિયમ–૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક.
૩	અનુસૂચિત જાતિ
૨	અનુસૂચિત જાતિ
૫	અનુસૂચિત જાતિ સ્ત્રી

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી જેથી ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો ૧૯૯૪ ના નિયમ–૬(ખ) હેઠળ સને ૨૦૦૧ ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વાર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પછાતવર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાતવર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાતવર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાતવર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાતવર્ગ અને પછાતવર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૩ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

શિહોર નગરપાલિકાના આ સાથેની અનુસૂચિ–૧ મુજબનાં સૂચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાતવર્ગની વસ્તી (અંદાજીત)	પછાતવર્ગની ટકાવારી
૧	૩	૫૪૫૨	૨૩૮૧	૪૩.૬૭
૨	૧	૫૫૫૧	૧૬૭૦	૩૦.૦૮
૩	૫	૫૩૮૮	૧૨૫૯	૨૩.૭૭
૪	૪	૫૦૫૧	૧૧૨૬	૨૨.૨૯
૫	૮	૪૭૯૫	૧૦૫૩	૨૧.૯૬
૬	૭	૫૦૫૩	૧૦૫૨	૨૦.૮૨
૭	૯	૫૨૦૫	૧૦૫૯	૨૦.૩૪
૮	૨	૫૬૨૩	૧૦૩૨	૧૮.૩૬
૯	૬	૪૮૪૨	૮૧૦	૧૬.૭૩
	કુલ	૪૬૯૬૦	૧૧૪૪૨	

પછાતવર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૩,૧ અને ૫ માં પછાતવર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી ત્રીજા ક્રમે પછાતવર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. તદ્નુસાર વોર્ડ નં.૩ અને ૧ માં પછાતવર્ગ અને વોર્ડ નં.૫ માં પછાતવર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. પરંતુ વોર્ડ નં.૩ માં અનુસૂચિત જાતિ અને વોર્ડ નં.૫ માં અનુસૂચિત જાતિની સ્ત્રીની બેઠકોની ફાળવણી થયેલ હોઈ સબબ, પછાતવર્ગની બેઠકો ફાળવી શકાય તેમ નથી. તેથી વોર્ડ નં.૩ માં પછાતવર્ગને બદલે પછાતવર્ગ સ્ત્રી અને વોર્ડ નં.૫ માં પછાતવર્ગ સ્ત્રી ને બદલે પછાતવર્ગની બેઠક ફાળવવાનું પંચ મુનાસીબ માને છે. આથી, પછાતવર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ–૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩	પછાતવર્ગ સ્ત્રી
૧	પછાતવર્ગ
૫	પછાતવર્ગ

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી બાકી રહેતી બેઠક સ્ત્રી અનામત બેઠક અને બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીન **શિહોર** નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ–૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ–૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં, રાજ્ય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર–૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પુરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહી.

રાજય ચૂંટણી પંચ, **શિહોર** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧
શિહોર નગરપાલિકા, જી. ભાવનગર

વોર્ડ નં.૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સર,બ્લોક,લતાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન							
	સેન્સરના બ્લોક નંબરની વિગત				સેન્સર બ્લોકના ઘર નં.ની વિગત			બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર			
	૨	૩	૪	૫	૬			૭
૧	૫૩	૦	૦	૮૯૬	૧	થી	૧૭૪	ભારત સોસાયટી.
	૫૪	૦	૦	૫૭૧	૧	થી	૭૭	નવરંગ સોસાયટી, ખાડીયા ચોક, પંચમુખા હનુમાન ની દેરી.
	૫૫	૭	૦	૮૭૦	૧	થી	૧૫૫	જાગૃતિ કલર લેબ.
	૫૬	૦	૦	૪૯૪	૧	થી	૧૦૧	ભાવનગર તરફ રેલ્વે લાઈન, ઘનશ્યામભાઈના ઘર પાસેનો વિસ્તાર, સ્વામીનગર.
	૫૭	૧૦૭	૮	૮૪૮	૧	થી	૩૮	અમદાવાદ રોડ, જી.આઈ.ડી.સી.નં.૨, પોર્ટરીની ચાલી, ગોહિલનગર.
	૭૬	૦	૦	૧૦૦૭	૯૧	થી	૨૦૦	નેસડા રોડ, બાલાજીનગર.
	૭૭	૦	૦	૬૦૫	૭૮	થી	૧૮૦	ખાડીયા ચોક, જૈન દેરાસર, ભાવનગર–રાજકોટ રોડ.
	૭૮	૦	૦	૨૬૦	૧૦૨	થી	૧૬૦	રેલ્વે લાઈન, બ્લોક નં. ૫૬ નો ભાગ, સ્વામી નગર.
	કુલ	૧૧૪	૮	૫૫૫૧				

હદનું વર્ણન

વડીયા ગામના દક્ષિણના સીમાડાના હદે અમદાવાદ ધોરી માર્ગને અડીને આવેલ સર્વે નં. ૧૩૪ ના વાયવ્યના ખૂણાથી શરૂ કરી વડીયા ગામના દક્ષિણના સીમાડાની હદે હદે પૂર્વ તરફ સર્વે નં. ૧૩૬, ૧૩૯, ૨૦૧, ૨૦૨, ૨૦૩, ૨૦૫, ૨૦૬, ૨૦૭ ને આવરી લઈ સર્વે નં. ૨૦૪ ના ઈશાન ખૂણા સુધી ત્યાથી દક્ષિણ તરફ સર્વે નં. ૨૦૪, ૨૦૩, ૨૦૨, ૨૦૧, ૧૪૦, ૧૪૨, ૧૪૩ ને આવરી લઈ નેસડા રોડે રોડે કનીવાવ રોડ સુધી ત્યાંથી કનીવાવ તરફના રોડે રોડે પૂર્વે તરફ આગળ જતા ખોડીયાર નગરના અગ્નિ ખૂણે નેસડા રોડ સુધી ત્યાંથી દક્ષિણ તરફ નેસડા રોડે રોડે ભાવનગર–રાજકોટ હાઈ–વે સુધી ત્યાંથી રાજકોટ તરફ હાઈ–વે રોડે રોડે ત્રિકોણીયા બાગના ખૂણે અમદાવાદ રોડ સુધી ત્યાંથી ઉત્તર તરફ અમદાવાદ રોડે રોડે રેલ્વે ફાટક સુધી ત્યાંથી રેલ્વે લાઈન વઢવાણ તરફ રેલ્વે પાટે પાટે વળાવડ ગામના પૂર્વના સીમાડાની હદે સર્વે નં. ૩૫૭ ના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી ઉત્તર તરફ વડીયા ગામના કસોટીયા ગામ પૂર્વના સીમાડાની હદે હદે સર્વે નં. ૩૫૭, ૩૬૩, ૩૬૪, ૩૬૬, ૩૬૭, ૩૬૮, ૩૬૯, ૩૭૦, ૩૭૭, ૩૮૦ ને આવરી લઈ વડીયા ગામના દક્ષિણના સીમાડાની હદે હદે સર્વે નં. ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૭૨, ૭૪, ૭૫ ને આવરી લઈ અમદાવાદ ધોરી માર્ગને અડીને આવેલ સર્વે નં. ૧૩૪ ના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર–પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર – પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ – પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ – પશ્ચિમ)

INDEX

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સર,બ્લોક,લતાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન							
	સેન્સરના બ્લોક નંબરની વિગત				સેન્સર બ્લોકના ઘર નં.ની વિગત			બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર			
૧	૨	૩	૪	૫	૬			૭
૨	૪૭	૪૮૨	૧૧	૧૦૧૦	૧	થી	૧૮૦	રાજીવનગર, અમે.વી.કો. સોસાયટીથી ગાયત્રીનગર.
	૪૮	૧૦૯	૯	૮૦૪	૧	થી	૧૬૨	ભાવનગર–રાજકોટ રોડ, ગુંદાળા વિસ્તાર, ગાયત્રીનગર.
	૪૯	૨૧૧	૦	૮૩૭	૧	થી	૧૭૪	ભોજપરા વસાહત, રી–રોલીંગ મીલ.
	૫૦	૦	૦	૬૧૩	૧	થી	૯૬	રામનગર, તોડાશાપીર વિસ્તાર.
	૫૧	૭૩	૦	૪૪૯	૧	થી	૫૮	જી.આઈ.ડી.સી. એરીયા, રેલ્વે લાઈન, નવાગામ કનીવાવ.
	૫૨	૦	૦	૮૦૫	૧	થી	૯૦	નેસડા રોડ, બાલાજીનગર.
	૭૪	૧૦	૦	૫૮૭	૯૭	થી	૧૯૪	માતાજીનો મઢ, ગુંદાળા વિસ્તાર.
	૭૫	૪	૦	૫૧૮	૫૯	થી	૧૭૩	નેસડા રોડ, રેલ્વે લાઈન, નવાગામ કનીવાવ.
	કુલ	૮૮૯	૨૦	૫૬૨૩				

હદનું વર્ણન

નેસડા ગામના દક્ષિણના સીમાડાના હદે આવેલ સર્વે નં. ૨૦૮ ની વાયવ્ય ખણાથી શરૂ કરી નેસડા ગામના દક્ષિણના સીમાડાની હદે હદે પૂર્વે તરફ સર્વે નં. ૨૦૯, ૨૧૨, ૨૧૧, ૨૧૦, ૨૬૫, ૨૬૭, ૫૪૫, ૨૬૯ ને આવરી લઈ સર્વે નં. ૨૬૯ ના ઈશાનખૂણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ખાખરીયા ગામના પશ્ચિમ સીમાડાની હદે હદે ભાવનગર તરફ રેલ્વે લાઈન તથા ભાવનગર–રાજકોટ રોડ ઓળંગી સર્વે નં. ૨૭૦/૧ પૈકીના પ્લોટ નં. ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૬૯ ૬૦, ૯૩, ૯૨, ૧૦૩ આવરી લઈ મોજે રાજપરાના સીમાડાની પશ્ચિમ દિશાએ જંગલ વિસ્તાર સર્વે નં. ૪૯૨ પૈકી તથા સર્વે નં. ૫૩૬ ના નૈઋત્ય ખૂણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ શિહોર ગામના સર્વે નં. ૪૯૨/બ ના નૈઋત્ય ખૂણાથી સર્વે નં. ૨૭૧/૧/૬ ના ઈશાનના ખૂણે થઈ સર્વે નં. ૪૯૨/બ ના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ દિશા તરફ સર્વે નં. ૪૯૨/૧/અ/૧/અ/૧ ની હદ સુધી, ત્યાંથી સર્વે નં. ૨૭૧/૧/અ/૧ ના વાયવ્ય ખૂણો કે જ્યાં ત્રિકોણીયોકાર થાય છે ત્યાંથી શરૂ કરી સર્વે નં. ૪૯૨/૧/અ/૧/અ/૧ ને ઓળંગી રાવનગર આવરી લઈ ભાવનગર–રાજકોટ હાઈ–વે રોડ સુધી ત્યાંથી ઉત્તર તરફ નેસડા રોડે રોડે રેલ્વે લાઈન ઓળંગી સર્વે નં. ૨૩૧ના અગ્નિ ખૂણા થઈ પશ્ચિમ ઉત્તર તરફ સર્વે નં. ૧૯૨, ૧૯૩, ૧૪૫, ૧૯૬, ૨૦૦, ૨૧૮, ૨૧૭, ૨૧૬, ૨૧૫, ૨૭૩ ને આવરી લઈ ૨૦૮ ને વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશનં વોર્ડના સેન્સર,બ્લોક,લતાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન							
	સેન્સરના બ્લોક નંબરની વિગત				સેન્સર બ્લોકના ઘર નં.ની વિગત			બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર			
૧	૨	૩	૪	૫	૬			૭
૩	૪૨	૪૦૨	૮૯	૧૦૩૬	૧	થી	૧૮૨	પોલીસ ક્વાર્ટર, માળીની શેરી, સ્ટેશન રોડ.
	૪૩	૦	૦	૬૨૦	૧	થી	૧૧૧	જી.ઈ.બી.નો ખાંચો, ઘુમડશા વિસ્તાર.
	૪૪	૬૦૮	૬	૯૨૨	૧	થી	૧૬૭	પાંચવડા.
	૪૫	૫૨૩	૦	૮૬૬	૧	થી	૧૭૦	રાજીવનગર વિસ્તાર.
	૪૬	૨૭૩	૦	૯૨૫	૧	થી	૧૭૩	રાજીવનગર, એમ.વી.કો.
	૭૨	૦	૦	૪૧૧	૧૨૧	થી	૨૧૧	ઘુમડશા વસાહત, ભીલવાડાનો ખાંચો, સ્ટેશન રોડ.
	૭૩	૬૫૬	૦	૬૭૨	૧૧૨	થી	૧૯૮	તાલુકા પંચાયત પાછળનો વિસ્તાર, શ્રેયસ સોસાયટી.
	કુલ	૨૪૬૨	૯૫	૫૪૫૨				

હદનું વર્ણન

શિહોર ગામના ભાવનગર–રાજકોટ રોડ પર આવેલ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૩૦ ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ ૩૦" ફુટના રોડે રોડે રાજીવનગરને આવરી લઈ સર્વે નં. ૪૯૨/૧/અ/૧અ/૧ ની હદ સુધી ત્યાંથી સીમાડાની રહે સર્વે નં. ૨૭૧/૧/ક ને આવરી લઈ રાજપરાના સીમાડાની રહે સર્વે નં. ૨૭૧/૧ના ઈશાન ખુણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સીમાડાની હદે હદે દક્ષિણ તરફ મોજે ઘુપકાના સીમાડાનાં વાયવ્ય ખૂણે શિહોરના સર્વે નં. ૨૭૧/૧ પડતર ડુંગર વિસ્તારને આવરી લઈ પશ્ચિમ તરફ સર્વે નં. ૨૭૨, ૫૩૪, ૨૭૨/૩ ની ઉત્તરની હદે હદે ૨૭૨/૩ ના વાયવ્ય ખૂણા સુધી, ત્યાંથી ઉત્તર તરફ સર્વે નં. ૪૯૨/૧/અ/૧/૧/અ/બ ના ઈશાન ખૂણા સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ સર્વે નં. ૪૯૨/૧/અ/૧/૧/અ/૧ ના ઈશાન ખૂણે થઈ પશ્ચિમ તરફ શિહોરી માતાના ડુંગર તળેટીમાં ભીલવાડા વિસ્તારના મુખ્ય રસ્તે રસ્તે શિહોરના મુખ્ય બજાર, સ્ટેશન રોડ સુધી, ત્યાંથી વાયવ્ય દિશા તરફ સ્ટેશન રોડે રોડે પોલીસ ક્વાર્ટર્સ સુધી ત્યાંથી ઉત્તર તરફ ભાવનગર–રાજકોટ રોડે રોડે ગર્લ્સ સ્કુલ,ફોરેસ્ટ કચેરી, ટાઉન હોલ, તાલુકા પંચાયત કચેરી થઈ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ નં. ૩૦ ના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતાં તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સર,બ્લોક,લતાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન							
	સેન્સરના બ્લોક નંબરની વિગત				સેન્સર બ્લોકના ઘર નં.ની વિગત			બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર			
૧	૨	૩	૪	૫	૬			૭
૪	૫૮	૦	૦	૮૦૬	૧	થી	૧૨૦	મારૂતિનગર, ગુજરાત સ્પન પાઈપ.
	૫૯	૨૦	૯	૫૯૪	૧	થી	૯૦	રેલ્વે સ્ટેશન રોડ, સુર્યકિરણ,જલારામ લાતી વિસ્તાર,રામદાસ કોલોની.
	૬૦	૦	૦	૭૫૨	૧	થી	૯૧	ગૌતમી નદી; રેલ્વે સ્ટેશન રોડ, સિન્ધી કેમ્પ, કોમલરાજ સુધી.
	૬૧	૨૭	૦	૮૩૭	૧	થી	૧૧૭	સ્વસ્તિક સોસાયટી–૨, મુસાફરી બંગલા સામે.
	૭૯	૧૭	૦	૬૩૭	૩૯	થી	૧૨૧	અમદાવાદ રોડ, ક્રિકેટ ગ્રાઉન્ડ, સ્ટેશન રોડ, પોર્ટરીની ચાલી.
	૮૦	૦	૦	૬૦૧	૯૧	થી	૧૭૦	ગુજરાત સ્પન પાઈપ, ચીથરીયા હનુમાન વિસ્તાર.
	૮૧	૩	૦	૮૨૪	૯૨	થી	૨૦૨	સિન્ધી કેમ્પ, પુનિતનગર.
	કુલ	૬૭	૯	૫૦૫૧				

હદનું વર્ણન

વળાવડ ગામના પૂર્વના સીમાડાની હદે રેલ્વે લાઈન વઢવાણ તરફને અડીને આવેલ સર્વે નં. ૩૫૭ પૈકીના વાયવ્યના ખૂણાથી શરૂ કરી રેલ્વે લાઈને લાઈને પૂર્વ તરફ સર્વે નં. ૩૫૬, ૩૫૫, ૪૪, ૪૪૫, ૪૫૩, ૪૪૯, ૪૧૮ સુધી, ત્યાંથી ઈશાન ખૂણા તરફ રેલ્વે લાઈને લાઈને સર્વે નં. ૪૧૪, ૪૧૨, ૩૯૪ રેલ્વે સ્ટેશન થઈ અમદાવાદ રોડ ફાટક સુધી, ત્યાંથી દક્ષિણ તરફ અમદાવાદ–શિહોર રોડે રોડે ત્રિકોણીયા બાગના ખૂણા સુધી, ત્યાંથી દક્ષિણ તરફ ભાવનગર–રાજકોટ રોડે રોડે જે.બી. પંડયા છાત્રાલય, વિજય પેલેસ, સર્વે નં. ૩૨, ૨૮, ૩, ૪ ને આવરી લઈ ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નં. ૪૮૯, ૪૮૭, ૪૮૬, ૪૪૫, ૪૮૪ તથા ૪૮૩ ની હદ પૂરી થાય છે ત્યાં સુધી, ત્યાંથી પશ્ચિમ તરફ સર્વે નં. ૪૮૨, ૪૮૦ (સરકારી રેસ્ટ હાઉસ) સુધી, ત્યાંથી ભાવનગર–રાજકોટ રોડે રોડે સર્વે નં. ૪૬૬, ૪૬૩, ૪૬૪, ૩૩૯, ૩૩૮, ૩૩૫, ૩૩૪, ૩૩, ૩૩૨ના નૈઋત્ય ખૂણા સુધી ત્યાંથી વળાવડ ગામના પૂર્વના સીમાડાની હદે ઉત્તર તરફના સર્વે નં. ૩૩૨, ૩૩૩, ૩૪૯, ૩૫૧ને આવરી લઈ સર્વે નં. ૩૫૭ ના વાયવ્યના ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સર,બ્લોક,લતાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન							
	સેન્સરના બ્લોક નંબરની વિગત				સેન્સર બ્લોકના ઘર નં.ની વિગત			બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર			
૧	૨	૩	૪	૫	૬			૭
૫	૬૨	૩૨	૦	૮૨૨	૧	થી	૧૦૭	એકતા સોસાયટીથી ગરીબશાપીર.
	૬૩	૦	૦	૮૫૨	૧	થી	૧૨૫	લીલાપીર, ભુતનાથ પાછળનો વિસ્તાર.
	૬૪	૩૮૦	૦	૭૪૪	૧	થી	૧૭૦	લીલાપીર વિસ્તાર.
	૬૫	૧૫	૦	૯૩૯	૧	થી	૧૨૯	લીલાપીર.
	૬૬	૧૧૦	૦	૬૯૬	૧	થી	૧૮૫	ટાણા રોડ, લીલાપીર.
	૬૭	૦	૦	૭૫૭	૧	થી	૧૧૧	ટાણા રોડ, લીલાપીર.
	૭૦	૫૭	૦	૫૭૮	૧૧૭	થી	૨૨૫	ભંગીવાસ, સુરકાનો ડેલો, યકીનશાપીરની દરગાહ, મોંઘીબાની જગ્યા.
	કુલ	૫૯૪	૦	૫૩૮૮				

હદનું વર્ણન

વળાવડ ગામના પૂર્વના સીમાડાની હદે ભાવનગર–રાજકોટ રોડ પર આવેલ સર્વે નં. ૩૨૮ ના વાયવ્ય ખૂણાથી શરૂ કરી રાજકોટ–ભાવનગર રોડે રોડે પૂર્વ તરફ સર્વે નં. ૩૨૮, ૨૮૯, ૨૮૮, ૨૮૭, ૨૮૬, ૨૮૪, ૪૯૨ પૈકી સુરકા દરવાજા સુધી ત્યાંથી ઉત્તર તરફ ભંગીવાસથી પૂર્વ તરફ મોંઘીબાની જગ્યાથી દક્ષિણ તરફ યકીનશાપીરની દરગાહથી સુરકાના દરવાજા સુધી આવરી લેતા વિસ્તાર થઈ અગ્નિ ખૂણા તરફ ટાણા રોડે રોડે સાગવાડી ચોકડી રાધેધામ સુધી ત્યાંથી દક્ષિણ તરફ સર રોડે રોડે સર ગામના ઉત્તરના સીમાડાની હદેના સર્વે નં. ૨૭૪ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી વાયવ્ય તરફ સર્વે નં. ૨૭૪, ૨૭૫ સુધી ત્યાંથી ઉત્તર તરફ સર્વે નં. ૨૭૬, ૨૭૭, ૨૭૯, ૨૮૦, ૨૮૧ સુધી ત્યાંથી મહાદેવપરા ગામના ઉત્તરના સીમાડાની હદે પશ્ચિમ તરફ સર્વે નં. ૪૯૨ પૈકી ગૌતમેશ્વર મંદિરના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી નૈઋત્ય તરફ ગૌતમી નદીના વ્હેણે વ્હેણે સર્વે નં. ૪૯૨/૧ (તળાવ) આવરી લઈ પાલીતાણા રેલ્વે લાઈન સુધી ત્યાંથી ઉત્તર તરફ કરકોલીયા ગામના પૂર્વના સીમાડાની હદે આવેલ સર્વે નં. ૩૧૦ ના દક્ષિણ ખૂણાથી શરૂ કરી ઉત્તર તરફ સર્વે નં. ૩૧૧, ૩૧૨, ૩૧૬, ૩૧૮, ૩૧૯, ૩૨૦, ૩૩૦ ને આવરી લઈ સર્વે નં. ૩૨૮ ના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સર,બ્લોક,લતાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન							
	સેન્સરના બ્લોક નંબરની વિગત				સેન્સર બ્લોકના ઘર નં.ની વિગત			બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર			
૧	૨	૩	૪	૫	૬			૭
૬	૧	૧૮૧	૦	૬૧૩	૧	થી	૧૧૬	ભંગીવાસ, સુરકાનો દરવાજો, ટાણા રોડ, મોઘીબાની જગ્યા.
	૨	૦	૦	૭૮૫	૧	થી	૧૪૮	ઘાંચી ફળીયુ, ઘાંચીવાડ, કોયાભગતની જગ્યા.
	૯	૦	૦	૨૩૭	૧	થી	૧૨૦	મોઢવાડી, ત્રિકમજી મહેતાનો ઢાળ, મુનિ ચોક, નગરપાલિકા કચેરી.
	૧૦	૦	૦	૨૭૯	૧	થી	૧૩૭	વોરા બજાર, મકાતનો ઢાળ, મોરચા શેરી.
	૩૪	૧૦	૦	૨૦૭	૧	થી	૧૨૧	વડલાવાળી શેરી, કાશીનો ઢોરો, પંચમુખા પોલીસ ચોકી.
	૩૫	૨૦	૦	૨૯૦	૧	થી	૮૬	ધનકેડી રોડ, વણકરવાસ.
	૩૬	૦	૦	૪૨૩	૧	થી	૧૨૫	ધનકેડી રોડ, પ્રગટનાથ રોડ.
	૩૭	૦	૦	૪૭૩	૧	થી	૧૨૨	વડલાવાળી ખોડીયાર, પાળીયાધાર, પ્રગટનાથ રોડ, રજપુત સોસાયટી.
	૩૮	૩૩	૦	૫૨૯	૧	થી	૧૪૦	વડલાવાળી શેરી, પ્રગટનાથ રોડ, પાળીયાધારનો ખાંચો
	૩૯	૧૨૬	૦	૬૯૭	૧	થી	૧૫૬	પંચમુખા પોલીસ ચોકી, સ્ટેશન રોડ.
	૪૦	૦	૦	૩૦૯	૧	થી	૧૮૩	પાળીયાધાર, પંચમુખા, એસ.બી.એસ.
	કુલ	૩૭૦	૦	૪૮૪૨				

હદનું વર્ણન

શિહોર ગામના પોલીસ સ્ટેશન તરફ વાયવ્ય ખૂણેથી શરૂ કરી પૂર્વ દક્ષિણ તરફ શહેરની મુખ્ય બજાર (સ્ટેશન રોડ) અગ્નિ-દિશા તરફ જતા રોડે રોડે સરકારી દવાખાના, પટેલ બિલ્ડીગ, પંચમુખા મહાદેવ, ભાવનગર દરવાજા (ડેલો) થઈ મકાતના ઢાળ થઈ ત્યાંથી મુનિ ચોક સુધી ત્યાંથી દક્ષિણ તરફ મોઢ ત્રિકમજી મહેતાના ઢાળ સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ નહેરના રસ્તે થઈ ઉત્તર તરફ મકાતના ઢાળ સુધી ત્યાંથી નૈઋત્ય દિશા તરફ મકાતના ઢાળના રસ્તે જલુના ચોક થઈ સુરકા દરવાજા તરફના રસ્તે રસ્તે મોઘીબાની જગ્યાને આવરી લઈ ડાબી તરફ જતા રહીમભાઈના ઘરના ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ મોઘીબાની જગ્યાની પાછળના રસ્તાના ખૂણા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ મોઘીબાની જગ્યાના પાછળના રસ્તે ગૌતમી નદી સુધી ત્યાંથી ગૌતમી નદીના કિનારે–કિનારે ઉત્તર તરફ સરસ્વતિ લાતી, રામદેવ લાતી, પ્રગટનાથ મંદિરને આવરી લઈ ત્યાંથી ઈશાન ખૂણા તરફ એસ.ટી. સ્ટેન્ડ તરફ, ભાવનગર–રાજકોટ રોડે રોડે એલ.ડી.મુની હાઈસ્કુલને આવરી લઈ પોલીસ સ્ટેશન વાયવ્ય ખૂણા સુધીમાં સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સર,બ્લોક,લતાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન							
	સેન્સરના બ્લોક નંબરની વિગત				સેન્સર બ્લોકના ઘર નં.ની વિગત			બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર			
૧	૨	૩	૪	૫	૬			૭
૭	૧૧	૨૩	૦	૩૭૫	૧	થી	૧૪૨	હબીબાણી શેરી, વચલી બજાર.
	૧૨	૦	૦	૩૧૮	૧	થી	૧૧૦	વિકળીયો ઢાળ, મેઈન બજાર, હબીબાણી શેરી.
	૧૩	૦	૦	૩૪૧	૧	થી	૧૩૧	પરમાર શેરી, દાણા બજાર, વિકળીયો ઢાળ.
	૧૪	૦	૦	૪૪૦	૧	થી	૧૧૯	રાજગોર શેરી, મોટા ચોક, પરમાર શેરી.
	૧૫	૦	૦	૫૭૮	૧	થી	૧૩૪	ધોબી શેરી, રાજગોર શેરી.
	૧૬	૬	૦	૪૫૬	૧	થી	૧૨૫	શુકલ શેરી, જુની મામલતદાર ઓફીસ, દવે શેરી.
	૧૭	૦	૦	૨૯૮	૧	થી	૯૮	બારોટ શેરી, ઉપલેપા, દવે શેરી, ખારાકુવા.
	૧૮	૦	૯	૪૦૪	૧	થી	૧૦૩	ધોબી ચોક, મોરીવાળી શેરી, નિલકંઠ મહાદેવ.
	૧૯	૦	૦	૧૯૭	૧	થી	૯૬	મોટા ચોક, મોરીવાળી શેરી, ભાટનો ઢાળ, પંડયા ચોક.
	૨૩	૦	૦	૩૫૪	૧	થી	૧૩૪	કંસારા બજાર, વખારવાળો ચોક, બારોટ ફળીયુ.
	૨૪	૦	૦	૧૮૯	૧	થી	૧૪૪	મોટા ચોક, ઘાટ બજાર, ખારા કુવા, વખારવાળો ચોક.
	૪૧	૦	૦	૫૪૩	૧	થી	૧૨૦	રબારી વાડ, ભીલવાડાનો ખાંચો.
	૭૧	૦	૦	૫૬૦	૧૩૫	થી	૨૫૧	શુકલ શેરી, પંડયા ચોક, ધોબી શેરી, રૂખડા શેરી.
	કુલ	૨૯	૯	૫૦૫૩				

હદનું વર્ણન

શિહોર ગામના ભીલવાડાના ખાંચાના વાયવ્ય ખૂણાથી શરૂ કરી ઉત્તર તરફ ભીલવાડાનો ખાંચો જ્યાં પુરો થાય છે જ્યાં શિહોરી માતાના મંદિરે જવાના પગથીયા શરૂ થાય છે ત્યાં સુધી ત્યાંથી પૂર્વે તરફ ડુંગરની તળેટીની ધારે ધારે સર્વે નં. ૪૯૨/૧/અ/૧/૧/અ/બ ના અગ્નિ ખૂણા સુધી ત્યાંથી દક્ષિણ તરફ સર્વે નં. ૪૯૨/૧/અ/૧/૧/અ/બ ના ઈશાન ખૂણેથી શરૂ કરી દક્ષિણ તરફ સર્વે નં. ૪૯૨/૧/અ/૧/૧/અ/બ પુરો થાય છે ત્યાં સુધી ત્યાંથી પશ્ચિમ તરફ સર્વે નં. ૪૯૨/૧/અ/૧/૧/અ/બ ની હદે હદે દરબાર ગઢ સુધી ત્યાંથી વાયવ્ય ખૂણે દવે શેરી થઈ દરબાર ગઢના રસ્તે રસ્તે ખારા કુવા ચોક સુધી ત્યાંથી દક્ષિણ તરફ વખારવાળા ચોક સુધી ત્યાંથી ઉત્તર તરફ જુની શાક માર્કેટના રસ્તે રસ્તે મોટા ચોક સુધી ત્યાંથી પશ્ચિમ તરફ મોટા ચોક થઈ દાણાપીઠના રસ્તે– રસ્તે મુની ચોક થઈ ભાવનગર દરવાજા (ડેલા) સુધી ત્યાંથી વાયવ્ય દિશા તરફ પંચમુખા ચોક થઈ ભીલવાડાના ખાંચાના નાકાના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સર,બ્લોક,લતાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન							
	સેન્સરના બ્લોક નંબરની વિગત				સેન્સર બ્લોકના ઘર નં.ની વિગત			બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર			
૧	૨	૩	૪	૫	૬			૭
૮	૩	૦	૦	૭૬૮	૧	થી	૧૫૩	ભુતાની ધર્મશાળા, આઝાદ ચોક, કંસારા બજાર.
	૪	૦	૦	૪૩૦	૧	થી	૯૪	પીજારાનો ઢાળ, કંસારા બજાર, ખોડી વડલીનો ખાંચો.
	૫	૦	૦	૩૫૭	૧	થી	૧૨૧	વેલાદોશીની શેરી, પીજારાનો ઢાળ, કંસારા બજાર.
	૬	૦	૦	૫૦૦	૧	થી	૧૧૩	જલુનો ચોક, મકાતનો ઢાળ, ઘાંચીવાડ.
	૭	૦	૦	૧૯૯	૧	થી	૧૦૩	જુમ્મા મસ્જીદ, ઘાટ બજાર, કંસારા બજાર.
	૮	૦	૦	૧૩૨	૧	થી	૯૪	દાણાપીઠ, મોટા ચોક.
	૨૦	૮૨	૦	૪૫૫	૧	થી	૧૭૭	દેદારજીનો કુવો, કંસારા બજાર.
	૨૧	૦	૦	૩૪૯	૧	થી	૧૪૮	મલબારી વંડો, કુંવરબાઈનું નેરૂ, કંસારા બજાર.
	૨૨	૦	૦	૪૧૧	૧	થી	૧૪૨	તમાકુ બજાર, વોરા શેરી, કંસારા બજાર, કુવરબાઈનું નહેરૂ.
	૩૧	૦	૦	૪૮૪	૧	થી	૧૦૦	ટાણા રોડ, લીલાપીર વિસ્તાર, ગળીયારા વસાહત.
	૩૨	૦	૦	૭૧૦	૧	થી	૧૩૫	લીલાપીર વિસ્તાર, હનુમાનધારા નીચેનો વિસ્તાર.
	કુલ	૮૨	૦	૪૭૯૫				

હદનું વર્ણન

શિહોર ગામના સુરકા દરવાજાના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ ઘાંચી વાડના રોડે રોડે ત્યાંથી વાયવ્ય દિશા તરફ ઘાંચીવાડ રોડે રોડે ઈશાન ખૂણા તરફ જલુનો ચોક થઈ ઉત્તર તરફ મકાતના ઢાળ સુધી ત્યાંથી દક્ષિણ તરફ મકાતનો ઢાળના રસ્તે રસ્તે નહેરૂના રસ્તા સુધી ત્યાંથી પૂર્વ તરફ નહેરાના રસ્તે પાટીયા શેરીના નાકા સુધી ત્યાંથી ઉત્તર તરફ પાટીયા શેરીના રસ્તે રસ્તે મુની ચોક સુધી ત્યાંથી પૂર્વ તરફ શહેરના મેઈન રોડે રોડે મોટા ચોક સુધી ત્યાંથી દક્ષિણ તરફ ઘાટ બજાર થઈ કુંવરબાઈના નહેરા સુધી ત્યાંથી પશ્ચિમ તરફ કુંવરબાઈના નહેરાના રસ્તે રસ્તે દેદારજીના કુવા સુધી ત્યાંથી અગ્નિ દિશા તરફ હનુમાનધારાની તળેટી થઈ ગળીયારા વસાહત નેં આવરી લઈ ટાણા રોડ સુધી ત્યાંથી પશ્ચિમ તરફ ટાણા રોડે રોડે સુરકા દરવાજાના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૯

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સર,બ્લોક,લતાવાર વિસ્તાર ઘર નંબરો તથા હદ નું વર્ણન							
	સેન્સરના બ્લોક નંબરની વિગત				સેન્સર બ્લોકના ઘર નં.ની વિગત			બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નં.	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબર થી ઘર નંબર			
૧	૨	૩	૪	૫	૬			૭
૯	૨૫	૦	૦	૪૫૮	૧	થી	૧૦૯	ખારા કુવા, જેલ રોડ, ઢસાપા, બ્રાહ્મણ શેરી, વખારવાળો ચોક.
	૨૬	૦	૦	૪૮૬	૧	થી	૧૨૧	બ્રાહ્મણ શેરી, વખારવાળો ચોક, ટાણા દરવાજા વિસ્તાર, ઢસાપા.
	૨૭	૦	૦	૪૭૫	૧	થી	૧૨૦	કન્યા શાળા, ટાણા રોડ, ભાવનાથ, ભરવાડપા.
	૨૮	૦	૧૪૮	૬૧૭	૧	થી	૧૨૧	કાંગસીયાવાડ, ગોરજીનો કુવાનો વિસ્તાર.
	૨૯	૦	૦	૫૧૯	૧	થી	૧૧૫	રામનાથ રોડ, દાતારની ટેકરી, ટાણા રોડ.
	૩૦	૦	૦	૬૦૩	૧	થી	૧૩૩	ટાણા રોડ, લીલાપીર વિસ્તાર, હનુમાનધારા નીચે.
	૩૩	૦	૦	૭૭૨	૧	થી	૧૪૧	લીલાપીર વિસ્તાર.
	૬૮	૦	૦	૭૨૪	૧	થી	૧૮૭	ટાણા રોડ.
	૬૯	૦	૦	૫૫૧	૧	થી	૯૨	ટાણા રોડ વિસ્તાર.
	કુલ	૦	૧૪૮	૫૨૦૫				

હદનું વર્ણન

શિહોર ગામના મોટા ચોકના વાયવ્ય ખૂણાથી શરૂ કરી પૂર્વ તરફ ઢસાપા વિસ્તાર બ્રાહમણ શેરીને આવરી લઈ રે. સ. નં. ૫૩૫,૫૩૪,૫૭૨ ને આવરી લઈ ધુપકા ગામનો સીમાડો લાગુ પડી જાય છે ત્યાં સુધી ત્યાંથી દક્ષિણ દિશામાં સર્વે નં. ૫૩૭, ૨૭૩, ૨૭૨ તથા જયાં ધુપકા ગામનો સીમાડો પૂરો થાય છે ત્યાં સુધી ત્યાંથી દક્ષિણ તરફ ખાંભાના સીમાડે સીમાડે સર ગામના સીમાડા સુધી ત્યાંથી સર ગામની સીમાડાના દક્ષિણ દિશા તરફ શિહોરથી સરની પાકી સડક સુધી ત્યાંથી ઉત્તર તરફ રસ્તે રસ્તે શિહોર ગામ તરફ આવતા પૂર્વના સર્વે નં. ૫૨૪/૧ ગામતળ સાગવાડી, સર્વે નં. ૫૨૧, સર્વે નં. ૪૯૨/૧ આવરી લઈ ટાણા રોડ, હનુમાનધારા નીચેના રસ્તે રસ્તે બ્રહ્મકુંડ સુધી ત્યાંથી ઈશાન ખૂણે ભરવાડવાડો થઈ કન્યાશાળા થઈ વખારવાળા ચોકને આવરી લઈ ત્યાંથી વાયવ્ય ખૂણામાં મોટા ચોકના વાયવ્ય ખૂણા સુધીમાં અંદર સમાવિષ્ટ થતો તમામ વિસ્તાર.

વી.એચ.શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ–૨

રાજ્ય ચૂંટણી પંચ

ગુજરાત રાજ્ય

સચિવાલય, ગાંધીનગર

શિહોર નગરપાલિકાની કુલ વસ્તી	૪૬૯૬૦	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૫૨૧૮	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ–૫૭૪૦ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ–૪૬૯૬
કુલ બેઠકોની સંખ્યા.	૨૭	
સ્ત્રી બેઠકો	૯	૧ બેઠક અનુસૂચિત જાતિ – બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૩	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	–	તે પૈકી – સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૩	
સામાન્ય બેઠકો.	૧૪	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૫૫૫૧	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૨	૨	૫૬૨૩	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૩	૩	૫૪૫૨	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય
૪	૪	૫૦૫૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૫	૫	૫૩૮૮	અનુસૂચિત જાતિ	પછાતવર્ગ	સામાન્ય
૬	૬	૪૮૪૨	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૫૦૫૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૪૭૯૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૯	૯	૫૨૦૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ.		૪૬૯૬૦			

વી.એચ.શાહ,
સચિવ,
રાજ્ય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 215 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] SATURDAY, JUNE 2, 2007/JYAISTHA 12, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Part I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Court, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election, Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજ્ય ચૂંટણી પંચ

બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ,

સરદાર પટેલ ભવન,

ગાંધીનગર.

તા.૨-૬-૨૦૦૭

ક્રમાંક:રાચપ-ચટણ-સમક-નપા- થાનગઢ-૨૦૦૭

થાનગઢ નગરપાલિકા (જી. સુરેન્દ્રનગર)ની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આદેશ.

૧. ભારતના સંવિધાનના ૭૪ માં સુધારાને અનુલક્ષીને ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં જેનો હવે પછી 'અધિનિયમ' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે, કલમ-૬ ની પેટા કલમ ૪ થી ''નગરપાલિકાઓની તમામ ચૂંટણી, મતદાર યાદી તૈયાર કરવા ઉપર દેખરેખ,માર્ગદર્શન, નિયંત્રણ અને તેનું સંચાલન રાજ્ય ચૂંટણી પંચમાં નિહિત થશે'' તેવી જોગવાઈ થયેલી છે અને કલમ-૬ની, પેટાકલમ-૫ અન્વયે રાજ્ય સરકારે કરેલા નિયમોનુસાર અધિનિયમની જોગવાઈઓને આધીન રહીને રાજ્ય ચૂંટણી પંચે ચૂંટણી હાથ ધરવાની છે.

૨. રાજ્ય સરકારે અધિનિયમની કલમ-૭ ની પેટા કલમ ૨ તથા કલમ ૬ની પેટાકલમ ૩ અનુસાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક: કેવી-૧૧૫-૨૦૦૭- એનપીએમ-૧૩૨૦૦૫/૭૪૨૯(૭૫)આર, તા.૫-૩-૨૦૦૭થી જેનો હવે પછી જાહેરનામા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે, થાનગઢ શહેરની નગરપાલિકાનો જેનો હવે પછી નગરપાલિકા તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેના સને ૨૦૦૧ ની વસ્તીગણતરીના આંકડા આખરી પ્રસિધ્ધ થયા છે તેના આધારે થાનગઢ નગરપાલિકાને ૯ વોર્ડોમાં વહેંચેલ છે અને કાઉન્સીલરોની કુલ ૨૭ બેઠકો નક્કી કરેલ છે તેમ જ જાહેરનામાંથી અનુસૂચિત જાતિ, પછાતવર્ગ તેમ જ સ્ત્રી માટે અનામત બેઠકોની સંખ્યા પણ નિર્ધારિત કરેલ છે.

INDEX

૩. ચૂંટણી પંચે અધિનિયમની કલમ-૭ પેટાકલમ-૨ ખંડ-૩(ખ) અન્વયે ઠરાવેલી રીતે વોર્ડોની હદનું સીમાંકન અને વોર્ડમાંની અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની તથા સ્ત્રીની તરફેણમાં અનામત રાખેલી બેઠકોની ફાળવણી કરવાની રહે છે.

૪. રાજય સરકારે શહેરી વિકાસ તથા શહેરી ગૃહ નિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી:૪૯:૧૯૯૪ એન.પી.એલ. ૪૫૯૩:૩૬૫૫ઃ એમ. તા.૧૬-૩-૯૪ થી અધિનિયમની કલમ-૨૭૭ ની પેટાકલમ-૨ તથા કલમ-૬ તથા ૭ અનુસાર મ્યુનિસિપલ બરોમાં વોર્ડનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ ઘડેલ જેનો હવે પછી નિયમો તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે તે અન્વયે વોર્ડ સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી કરવાની થાય છે.

૫. નિયમોના નિયમ-૨ અનુસાર નગરપાલિકાના વોર્ડોની રચના એવી રીતે કરવાની છે કે શકય હોય ત્યાં સુધી બધા જ વોર્ડોની વસ્તી એક સરખી રહે અને સામાન્યતઃ વોર્ડની સરેરાશ વસ્તીથી કોઈપણ વોર્ડમાં ૧૦ ટકાથી વધુ વધ કે ઘટ રહે નહી. આમ છતાં ચૂંટણી પંચને જો એવો સંતોષ થાય કે સ્થાનિક એકજુથતા તથા ભૌગોલિક નજીકપણા કે બીજા અન્ય પરિબળોને ધ્યાનમાં રાખી ૧૦ % ની મર્યાદા કરતાં યથાપ્રસંગ થોડીક વધારે અથવા ઓછી વસ્તીના વોર્ડ રચવાનું જરૂરી છે, તો તેમ કરી શકશે.

૬. રાજય ચૂંટણી પંચે વોર્ડોના સીમાંકન માટે જરૂરી માહિતિ એકઠી કરી છે તેમ જ સને ૧૯૪૮ના સેન્સસ એકટ અન્વયે સને ૨૦૦૧ ના વસ્તી ગણતરીના છેવટનાં પ્રસિધ્ધ થયેલ આંકડા ધ્યાને લેતાં નગરપાલિકાની કુલ વસ્તી ૩૬,૮૮૦ આવે છે. જાહેરનામા પ્રમાણે શહેરને ૯ વોર્ડોમાં વહેંચવામાં આવેલ છે. તેથી વોર્ડની સરેરાશ વસ્તી ૪૦૯૮ ની થાય છે.

૭. એકઠી કરેલ માહિતિની પંચે તેના કાર્યાલયના અધિકારી/કર્મચારીઓ મારફત ચકાસણી કરેલ છે. આ ચકાસણી દરમ્યાન એવું જણાયું છે કે, એકઠી થયેલ માહિતિના આધારે જે રીતે વોર્ડોનું સીમાંકન કરવાનું ધાર્યુ છે તે પ્રમાણે વોર્ડની વસ્તી સરેરાશ વસ્તીના ૧૦ % વસ્તીના વધ/ઘટની મર્યાદાથી કોઈપણ વોર્ડમાં વધુ વધ-ઘટ થવા પામેલ નથી.

૮. શહેરના ૯ વોર્ડોનુ નિયમ-૩ ની હકિકતને ધ્યાનમાં રાખી આ સાથે અનુસુચિ-૧ માં જણાવ્યા પ્રમાણે સીમાંકન નકકી કરવામાં આવે છે. આ સીમાંકન નકકી કરવામાં શકય હોય ત્યાં સુધી ભૌગોલિક એકજુથતા, નદી, રેલ્વેલાઈન, રોડ લાઈનના વિગેરે કારણે વિસ્તારનું બિનજરૂરી વિભાજન ન થાય અને તમામ રીતે એક સરખા વોર્ડ બની રહે તે ધ્યાનમાં રાખીને વોર્ડોનું સીમાંકન નકકી કરેલું છે.

૯. નિયમોના નિયમ-૪ અન્વયે દરેક વોર્ડમાં ત્રણ કાઉન્સીલર ચૂંટવાના છે. નિયમ-૫ અન્વયે દરેક વોર્ડમાંથી એક બેઠક સ્ત્રી, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગની સ્ત્રી સહિત) માટે અનામત રાખવાની છે. જયારે બીજી બેઠક સરકારે બહાર પાડેલ જાહેરનામા મુજબ અનુસૂચિત જાતિ અને પછાતવર્ગને ફાળવવાની રહે છે અને તેવી ફાળવણી પછી જો કોઈ બેઠક બાકી રહે તો તે બિન અનામત બેઠક તરીકે ફાળવવાની રહેશે. દરેક વોર્ડમાં ત્રીજી એક બેઠક બિન અનામત એટલે કે સામાન્ય બેઠક રહેશે.

૧૦. નિયમોના નિયમ-૬ અન્વયે અનુસૂચિત જાતિ/ અનુસૂચિત આદિજાતિની દરેક વોર્ડની વસ્તીની ટકાવારીના ધોરણે જે વોર્ડમાં આ વર્ગની વસ્તીની સંખ્યા વધુ હોય એટલે કે ટકાવારી વધુ હોય તે વોર્ડના ઉતરતા ક્રમે નિયત સંખ્યા સુધી ફાળવવાની છે. આમ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી બેઠક સહિત) ની બેઠક જે તે વર્ગની જે વોર્ડમાં વધુમાં વધુ વસ્તી હોય એટલે કે ટકાવારી ઉંચી હોય તે વોર્ડમાં ફાળવણીનું ધોરણ નિર્ધારિત થયેલ છે.

૧૧. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે ૫ બેઠક અનુસૂચિત જાતિ માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે. અને આ ૫ બેઠકો પૈકી ૧ બેઠક અનુસૂચિત જાતિની સ્ત્રી માટે અનામત રાખવાનું નિર્ધારિત થયેલ છે.

૧૨. પંચે એકઠી કરેલ માહિતિ મુજબ નગરપાલિકાના જુદા જુદા ૯ વોર્ડની વસ્તી તથા દરેકની અનુસૂચિત જાતિની વસ્તી તથા તેની ટકાવારી મુજબ જો ઉતરતા ક્રમમાં ગોઠવવામાં આવે તો નીચે પ્રમાણે પરિસ્થિતિ થાય છે.

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૧	૫	૪૦૪૭	૩૫૨૫	૮૭.૧૦
૨	૪	૪૧૮૭	૨૪૩૫	૫૮.૧૬
૩	૧	૪૨૮૪	૭૩૬	૧૭.૧૮
૪	૬	૩૯૧૭	૩૫૭	૯.૧૧

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	અનુ.જાતિની કુલ વસ્તી	વોર્ડની વસ્તી સામે અનુ.જાતિની વસ્તીની ટકાવારી.
૫	૭	૩૯૭૭	૮૪	૨.૧૧
૬	૩	૩૯૫૦	૮૦	૨.૦૩
૭	૮	૪૪૦૧	૨૭	૦.૬૧
૮	૯	૪૧૮૧	૯	૦.૨૨
૯	૨	૩૯૩૬	૦	૦
કુલ		૩૬૮૮૦	૭૨૫૩	

૧૩. આમ, અનુસૂચિત જાતિની વસ્તીની ઉંચી ટકાવારીના ક્રમ મુજબ વોર્ડ નં.૫,૪,૧,૬ તથા ૭ માં નિયમોના નિયમ-૬(અ) હેઠળ (અનુસૂચિત જાતિ માટેની) અનામત બેઠક ફાળવવાની થાય છે.

૧૪. અનુસૂચિત જાતિની સ્ત્રી અનામત બેઠક ફાળવવા અંગે સામાન્યતઃ આ વર્ગની વસ્તીને વોર્ડવાર ઉતરતા ક્રમમાં ગોઠવતા ત્રીજા ક્રમે આવતાં વોર્ડમાં સ્ત્રી બેઠક ફાળવવી તેમ પંચ માને છે. આ પ્રમાણે ગણતરી કરતાં વોર્ડ નં. ૫,૪,૬ અને ૭ માં અનુસૂચિત જાતિ માટે અને વોર્ડ નં.૧ માં અનુસૂચિત જાતિની સ્ત્રી માટે બેઠક અનામત રાખવાની થાય છે.

૧૫. અનુસૂચિત જાતિની બેઠક વોર્ડ નં. ૫,૪,૧,૬, તથા ૭ માં નિયમોના નિયમ-૬(અ) હેઠળ ફાળવવામાં આવે છે આ વર્ગની બેઠકની વહેંચણી આ વોર્ડો પૈકી નીચે પ્રમાણે કરવામાં આવે છે.

વોર્ડ નંબર	બેઠક
૫	અનુસૂચિત જાતિ
૪	અનુસૂચિત જાતિ
૧	અનુસૂચિત જાતિ સ્ત્રી
૬	અનુસૂચિત જાતિ
૭	અનુસૂચિત જાતિ

૧૬. જાહેરનામા અન્વયે નગરપાલિકા માટે અનુસૂચિત આદિજાતિ માટે કોઈ બેઠક નિર્ધારિત થયેલ નથી જેથી ફાળવવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૭. જાહેરનામા અન્વયે ૩ બેઠકો પછાત વર્ગો માટે અનામત નિર્ધારિત થયેલ છે. તે પૈકી ૧ બેઠક આ વર્ગની સ્ત્રી માટે અનામત નિર્ધારિત થયેલ છે.

૧૮. વોર્ડનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી નિયમો, ૧૯૯૪ ના નિયમ-૬(ખ) હેઠળ સને ૨૦૦૧ની વસ્તી ગણતરી મુજબ નગરપાલિકાના વોર્ડોના સીમાંકન કરી અનામત બેઠકોની ફાળવણી કરવા માટે રાજય ચૂંટણી પંચે પછાત વર્ગોની અનામત બેઠકોની ફાળવણી માટે માપદંડ ઠરાવેલ છે. તે મુજબ સંબંધિત કલેકટરશ્રી તરફથી પછાત વર્ગોની વસ્તીની મળેલ માહિતિના અભ્યાસ પરથી નગરપાલિકાના જે જે વોર્ડમાં પછાત વર્ગની વસ્તીની ટકાવારી વધુ હોય તે વોર્ડોમાં ઉતરતા ક્રમે પછાત વર્ગ માટે અનામત બેઠકો ફાળવવાની રહે છે. જો આ રીતે વોર્ડમાં પછાત વર્ગો માટે બેઠક ફાળવવાની થાય તેવા વોર્ડમાં અનુસૂચિત જાતિ કે અનુસૂચિત આદિજાતિની બેઠક ફાળવી હોય તો પછાત વર્ગ અને પછાત વર્ગ સ્ત્રી બેઠકની ફાળવણીના ક્રમમાં પ્રવર્તમાન માપદંડ મુજબ ફેરફાર કરવાનો રહે.

પછાત વર્ગ માટે અનામત રાખેલી કુલ ૩ બેઠકો પૈકી ૧ બેઠક સ્ત્રી માટે જાહેરનામા અન્વયે અનામત રખાઈ છે.

થાનગઢ નગરપાલિકાની અનુસૂચિ-૧ મુજબનાં સૂચિત વોર્ડોના વિસ્તારમાં નીચે પ્રમાણે પછાતવર્ગની વસ્તીની ટકાવારી ઉતરતા ક્રમે છે

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાત વર્ગની વસ્તી (અંદાજીત)	પછાત વર્ગની ટકાવારી
૧	૩	૩૯૫૦	૩૦૦૦	૭૫.૯૫
૨	૯	૪૧૮૧	૩૦૦૦	૭૧.૭૫
૩	૮	૪૪૦૧	૩૦૦૦	૬૮.૧૭
૪	૨	૩૯૩૬	૨૫૦૦	૬૩.૫૨
૫	૭	૩૯૭૭	૨૫૦૦	૬૨.૮૬

INDEX

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની કુલ વસ્તી	પછાત વર્ગની વસ્તી (અંદાજીત)	પછાત વર્ગની ટકાવારી
૬	૧	૪૨૮૪	૨૫૦૦	૫૮.૩૬
૭	૪	૪૧૮૭	૧૦૦૦	૨૩.૮૮
૮	૬	૩૯૧૭	૫૦૦	૧૨.૭૬
૯	૫	૪૦૪૭	૨૦૦	૪.૯૪
	કુલ	૩૬૮૮૦	૧૮૨૦૦	

પછાત વર્ગની વસ્તીની જે તે વોર્ડની ટકાવારી ધ્યાને લઈ ઉતરતા ક્રમમાં જે સૂચિત વોર્ડો મળે છે તેમાં સૂચિત વોર્ડ નં. ૩,૯ અને ૮ માં પછાત વર્ગની બેઠક ફાળવવાની થાય છે. જે પૈકી ત્રીજા ક્રમે પછાત વર્ગ સ્ત્રી બેઠક ફાળવવાની થાય. તદ્નુસાર વોર્ડ નં.૩ અને ૯ માં પછાત વર્ગ અને વોર્ડ નં.૮ માં પછાત વર્ગ સ્ત્રીની બેઠક ફાળવવાની થાય. આથી, પછાત વર્ગની બેઠકોની સમગ્રતઃ ફાળવણી નિયમોના નિયમ-૬ હેઠળ નીચે પ્રમાણે કરવાનું ઠરાવે છે.

વોર્ડ નંબર	બેઠક
૩	પછાત વર્ગ
૯	પછાત વર્ગ
૮	પછાત વર્ગ સ્ત્રી

૧૯. આ પ્રમાણે અનુસૂચિત જાતિ તથા પછાત વર્ગ (તે પૈકી સ્ત્રી અનામત બેઠક સહિતની) માટેની બેઠકોની ફાળવણી કર્યા પછી બાકી રહેતી બેઠક સ્ત્રી અનામત બેઠક અને બિન અનામત તરીકે ફાળવવામાં આવે છે.

૨૦. સમગ્રતઃ તમામ પાસાઓનો અભ્યાસ કરીને થાનગઢ નગરપાલિકાનું આ સાથે સંલગ્ન અનુસુચિ-૧ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડોનું સીમાંકન નિર્ધારિત કરવામાં આવે છે અને આ સાથે અનુસૂચિ-૨ માં દર્શાવ્યા પ્રમાણે વોર્ડવાર તેની સામે જણાવ્યા પ્રમાણે બેઠકોની ફાળવણી કરવાનું નિર્ધારિત કરવામાં આવે છે.

૨૧. આ પ્રમાણે વોર્ડોની રચના અને હદરેખા નકકી કરવાનું અને વોર્ડની બેઠકની ફાળવણીનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે.

૨૨. ઉપર પ્રમાણે વોર્ડની હદરેખા નકકી કરવામાં આવે છે અને બેઠકોની ફાળવણી માટે જે નિર્ણય કરેલ છે તે આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને તે સામે કોઈપણ શખ્સ કે જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો તે આ આદેશ પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૦ દિવસમાં, રાજય ચૂંટણી પંચ, સરદાર પટેલ ભવન, બ્લોક નંબર-૯, ૬ઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. મુદત પૂરી થયા બાદ આવેલ સુચનો ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

રાજય ચૂંટણી પંચ, **થાનગઢ** નગરપાલિકાના વોર્ડોની નકકી કરેલ હદ તથા બેઠકોની ફાળવણી અંગેનો આ મુસદ્દો આખરી કરતાં પહેલાં લોક પ્રતિનિધિત્વ ધારો, ૧૯૫૧ હેઠળ માન્ય થયેલ રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ કરશે.

આદેશથી,

વી.એચ.શાહ,

સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ–૧

થાનગઢ નગર પાલીકા, જિલ્લો : સુરેન્દ્રનગર

વોર્ડ નં. ૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનુ વર્ણન					
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જાતી ની વસ્તી	કુલ વસ્તી	સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબર થી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૧	૦	૦	૮૩૬	૧/૧/૧ થી ૧/૧/૧૨૭	મારૂપી પોટરી કંડોરાણા પોટરી, ઝાલા વાડ પોટરી, માનવ કુટીર
	૨	૦	૦	૪૮૮	૧/૨/૧ થી ૧/૨/૮૧	નવાગામ રોડ, શીવાભાઈનું ઘર સવશીભાઈનું ઘર, બાળકુભાઈનું ઘર
	૩	૪૩૭	૦	૪૮૪	૧/૩/૧ થી ૧/૩/૮૩	બાયપાસ રોડ, નવાગામ રોડ, કાનજીભાઈનું મકાન, વાસુકી મંદીર
	૪	૬	૦	૬૬૭	૧/૪/૧ થી ૧/૪/૯૧	શ્રી રામ પોટરી, વીજયભાઈનું ઘર શંકરભાઈ નું ઘર
	૪૯	૪૮	૦	૫૨૦	૧/૪૯/૧૨૮ થી ૧/૪૯/૨૧૭	નવાગામ રોડ, શાહ પોટરી વીજયભાઈ નું ઘર
	૫૦	૧૦	૦	૫૭૭	૧/૫૦/૮૨ થી ૧/૫૦/૧૬૦	લઘરાભાઈનું મકાન દેવાભાઈનું મકાન નગારભાઈ પોલાભાઈ નું ઘર
	૫૧	૨૩૫	૦	૭૧૨	૧/૫૧/૮૪ થી ૧/૫૧/ ૧૫૩	ટપુભાઈનું મકાન, મણીભાઈનું ઘર લલીતભાઈ ઘર, ભલાભાઈનું ઘર
કુલ		૭૩૬	૦	૪૨૮૪		

હદનું વર્ણન :–

૩. આ ઉપરાંત ૧૯૫૧ નાં લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજય ચૂંટણી પંચે કરેલ છે.

૪. રાજય ચૂંટણી પંચે માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શના અંતે તે પરામર્શમાં થયેલ સૂચનોનો પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી અત્રેનો તા.૨૫-૫-૨૦૦૭ નો મુસદ્દારૂપ આદેશ આખરી કરવા પંચે ઠરાવ્યું છે.

૫. આથી રાજય ચૂંટણી પંચ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ઃવ-ક, તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમઃ ૧૯૬૩ ની કલમઃ૭ પેટા કલમ-(૨)ના ખંડ-ઉના, પેટા ખંડ-ખ તથા મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂએ **થરાદ** નગરપાલિકાના વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ નં.૧ માં અને અનામત બેઠકોની ફાળવણી અનુસૂચિ નં.૨ માં દર્શાવ્યા પ્રમાણે આખરી કરવાનું ઠરાવે છે.

રાજય ચૂંટણી પંચના આદેશથી,
વી. એચ. શાહ,
સચિવ, રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ-૧

થરાદ નગરપાલિકા, બનાસકાંઠા જીલ્લો

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડ ના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૧૪	૨૬૪	૧૬	૯૮૦	૧ થી ૧૫૩	શિવનગર વિસ્તાર
	૧૫	૪૩૧	—	૬૧૬	૧થી ૧૧૬	શિવનગર વિસ્તાર
	૧૬	૮૦૧	—	૮૦૧	૧ થી ૧૦૫	શિવનગર વિસ્તાર
	૧૭	૬૦૯	—	૮૮૨	૧ થી ૧૨૦	શિવનગર વિસ્તાર
		૨૧૦૫	૧૬	૩૨૭૯		

હદનું વર્ણન :-

સર્વે નં.૩૬ ના વાયવ્ય ખૂણે થી રે.સ.નં.૩૬,૩૪,૩૩ની ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ જઈ રે.સ.નં.૩૩ ની પૂર્વ હદે દક્ષિણ તરફ જતાં શિવનગર સોસાયટી ની પૂર્વ હદે થી શિવનગર સોસાયટીની દક્ષિણ હદે પશ્ચિમ તરફ આગળ જતાં વોર્ડ નં.૫ ની ઉત્તર ની હદેથી રે.સ.નં.૨૨ (વોર્ડ નં.૫ માં આવેલ) ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી ઉત્તર તરફ રે.સ.નં.૨૩ (વીડી) ની પશ્ચિમ ની હદે થી ઉત્તરે વીડી ના વાયવ્ય ખૂણા સુધી ત્યાંથી વીડી ની ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ વધી રે.સેનં.૩૬ ના વાયવ્ય ખૂણા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વાયવ્ય : ઉત્તર-પશ્ચિમ
ઈશાન : ઉત્તર-પૂર્વ
અગ્નિ : દક્ષિણ-પૂર્વ
નૈઋત્ય : દક્ષિણ-પશ્ચિમ

વોર્ડ નંબર : ૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડ ના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૨	૩	૨૯૦	૮	૭૬૫	થી ૧૩૦	કાજી વાસ ,પાંચપીર વાસ
	૧૧	૧૧૨	૮૭	૮૧૮	૧ થી ૨૩૫	સેડલાઈ વિસ્તાર
	૨૦	૧૩	—	૨૫૮	૧ થી ૫૫	વજીર વાસનો વિસ્તાર.
	૨૧	૪૫	—	૪૨૧	૧ થી ૧૩૧	વજીર વાસ . મોચી બજાર
	૩૨	૫૫	૯	૬૧૬	૧ થી ૧૮૬	પાંચપીર વાસ, દેસાઈ શેરી
	૩૩	—	—	૭૦	૧ થી ૮૮	દેસાઈ શેરી, રાસીયા શેરી
	૩૫	૯૫	૫	૫૫૫	૧૦૫ થી ૨૧૮	પથ્થર સડક, સેડલાઈ વિસ્તાર
		૬૧૦	૧૦૯	૩૫૦૩		

હદનું વર્ણન :

સર્વે નં.૩૭ ના નૈઋત્ય ખૂણેથી ઉત્તર તરફ જતાં ઈશાન ખૂણાથી વળી પૂર્વ તરફ રે.સ.નં.૩૯ થી ઈશાન ખૂણા તરફ રે.સ.નં.૪૩ ના વાયવ્ય ખૂણે થઈ રે.સ.નં.૩૯ ની ઉત્તર તરફ જતાં રે.સ.નં.૪૯ અને ૫૦ આગળ થઈ ઈશાન ખૂણે થઈ પૂર્વ તરફ રે.સ.નં.૪૮ થઈ ઉત્તર તરફ રે.સ.નં.૫૧, ૫૨ ની પશ્ચિમ હદે હદે ઉત્તર તરફ ૫૩, ૫૪, ૫૫, ૫૬ ઉત્તર ની હદે થઈ પૂર્વ તરફ જતાં રે.સ.નં.૫૬ ની પૂર્વ હદે દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૫૭ ની પૂર્વની હદે થઈ રે.સ.નં.૯૦ ના વાયવ્ય ખૂણે થઈ પૂર્વ તરફ જતાં રે.સ.નં.૯૧, ૯૨ ની ઉત્તર ની હદે થઈ રે.સ.નં.૯૨ ના ઈશાન ખૂણે થઈ રે.સ.નં. ૯૩ ની હદેહદે થઈ નારણદેવી મંદિરની ઉત્તર હદે થઈ રે.સ.નં.૮૫ ની દક્ષિણ હદે થઈ રે.સ.નં.૮૩ ના અગ્નિ ખૂણે થઈ દક્ષિણ તરફ જતાં સરકારી ગોડાઉનની ઉત્તરે થઈ દક્ષિણ તરફ જતાં ટાંડા તળાવની ઉત્તર હદે થઈ પૂર્વ તરફ જતાં જુની મામલતદાર કચેરી તરફ જતાં પશ્ચિમ તરફ જતાં રે.સ.નં.૨ ની પૂર્વ હદે થઈ

INDEX

રે.સ.નં.૨ ના અગ્નિ ખૂણે થઈ આગળ જતાં રે.સ.નં.૩૪, ૩૬ ની ઉત્તર બાજુની હદે થઈ રે.સ.નં.૩૭ ની દક્ષિણ હદે થઈ રે.સ.નં.૩૭ ના નૈઋત્યના ખૂણા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર : ૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડ ના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
					ઘર નંબરથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૩	૪	૪૧૮	૫	૫૫૩	૧ થી ૧૦૫	વખારવાસ,નારણદેવી વિસ્તાર
	૫	૪૭૭	--	૮૧૩	૧ થી ૧૧૮	સેણલમાતા,દરબારગઢ, વખારવાસ
	૧૮	૩૬૨	૧૧૨	૬૪૨	૧ થી ૧૦૧	નારણદેવી માતા,સરગુડી
	૩૬	૨૫૧	--	૪૯૦	૧૦૨ થી ૨૧૧	સેડલાઈ વિસ્તાર
	૪૧	૩૬૫	--	૬૭૧	૧૦૨ થી ૨૦૧	ગોડાઉન,પશુદવાખાના વિસ્તાર
		૧૮૭૩	૧૧૭	૩૧૬૯		

હદનું વર્ણન :

રે.સ.નં.૯૫ ના ઈશાન ખૂણા થી પૂર્વ તરફ જતાં થરાદ સાંચોર રોડ ને ઓળંગી રે.સ.નં.૯૮, ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૧, ૧૩૨, ૧૩૯, ૧૪૦, ના ઉત્તરની હદે થઈ આગળ જતાં ઈશાન ખૂણા તરફ રે.સ.નં.૧૪૨ થઈ તેની પૂર્વ હદે દક્ષિણ તરફ જગરાં ડેલાં ની પુર્વની હદે થઈ રે.સ.નં.૧૫૧ (વોર્ડ નં.૪) ના ઈશાન ખૂણે જતાં પશ્ચિમ તરફ આગળ વધતાં રે.સ.નં.૧૪૭,૧૩૭, ની દક્ષિણની હદે થઈ રે.સ.નં.૧૬૦,૧૬૧,૧૬૨ની દક્ષિણ કે પશ્ચિમ તરફ જતાં છેકારી ડેલું ના રે.સ.નં.૧૮૦ ની દક્ષિણ તરફ થઈ રે.સ.નં.૧૮૨, ૧૮૬ ની દક્ષિણ હદે જતાં રે.સ.નં.૧૮૮, ૧૮૭, ઉત્તરની હદે થઈ સાંચોર રોડને ઓળંગી પશ્ચિમ તરફ શેણલ માતાના મંદિર થઈ દક્ષિણ તરફ દરબારગઢની પૂર્વે થઈ ઉત્તર તરફ વખારવાસની પશ્ચિમ હદે થઈ સરકારી ગોડાઉનની પાછળ પૂર્વ તરફ જઈ ઉત્તર તરફ સેડલાઈ વિસ્તાર તરફની પશ્ચિમ દિશાની હદે થઈ ઈશાન ખૂણે થઈ નારણદેવી માતા થઈ રે.સ.નં.૯૩,૯૨ ની હદની પૂર્વ તરફ રે.સ.નં.૯૫ ના ઈશાન ખૂણા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર : ૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડ ના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
					ઘર નંબરથી ઘર નંબર સુધી	
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૪	૬	--	૩૫	૩૬૪	૧ થી ૧૫૫	મેઈન બજાર, ઓડવાસ
	૨૨	૨૯	૮	૪૦૬	૧ થી ૧૪૬	ઓડવાસ, વણકરવાસ
	૨૩	૨૫૫	--	૪૮૦	૧ થી ૧૭૪	ઓડવાસ, વણકરવાસ,ભંગીવાસ
	૨૬	--	--	૨૨૭	૧ થી ૧૩૨	સોનારાશેરી,સુથારાશેરી,
	૨૮	--	૪	૧૭૨	૧ થી ૯૭	સુથારાશેરી
	૨૯	--	૨૯	૨૧૧	૧ થી ૧૪૯	સુથારાશેરી,પારેખપોળ,મેઈનબજાર
	૩૪	--	૬	૩૮૩	૧ થી ૭૩	નરસિંહનગરનો વિસ્તાર
	૩૮	૨૫૯	૧૮	૭૩૨	૨૪૧ થી ૩૬૬	કૃષ્ણનગર,ભંગીવાસ
		૫૪૩	૧૦૦	૨૯૭૫		

હદનું વર્ણન :

હમીરબેગના રોજા થી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૯૪ ના દક્ષિણની હદે હદે થઈ પૂર્વ તરફ જતાં સાંચોર રોડ ઓળંગી રે.સ.નં.૧૮૭, ૧૮૮,૧૭૯ ની ઉત્તર હદે થઈ અગ્નિ ખૂણા તરફ જતાં રે.સ.નં. ૧૭૮, ની ઉત્તર તરફ જતાં પૂર્વ તરફ રે.સ.નં.૧૬૩ અને રે.સ.નં.૧૫૯ લાખા ડેલા થઈ રે.સ.નં.૧૪૯, ૧૪૮ ની હદે થઈ ઉત્તર તરફ થઈ રે.સ.નં.૧૪૭ ની પૂર્વ તરફ થઈ રે.સ.નં.૧૫૧ ની હદે થઈ પશ્ચિમની હદે થઈ દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૧૬૭, ૧૬૯, ૧૭૨, ૧૭૩, ની દક્ષિણ હદે થઈ વાયવ્ય ખૂણા તરફ જઈ રે.સ.નં.૧૯૨ ના અગ્નિ ખૂણા તરફ જઈ ત્યાંથી આગળ જઈ વાયવ્ય ખૂણા તરફ થઈ સાંચોર રોડ ઓળંગી રે.સ.નં.૨૦૯ ના ઈશાન ખૂણા થઈ ઉત્તર તરફ હનુમાન મંદિર થઈ પશ્ચિમ તરફ જઈ સોનારા શેરી થઈ ઉત્તર સુથારા શેરી થઈ પૂર્વ તરફ બજારમાં ઉત્તર તરફ મોટી મસ્જિદ થઈ જૂની મામલતદાર કચેરી સુધીના તમામ વિસ્તારનો સમાવેશ આ વોર્ડમાં કરવામાં આવેલ છે.

INDEX

વોર્ડ નંબર : ૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડ ના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૫	૧૩	૧૨	૬	૫૬૨	૧ થી ૧૮૫	ધરણીધર સોસાયટી, પી.એચ.સી. નો વિસ્તાર
	૧૯	૧૯	--	૬૮૫	૧ થી ૧૬૫	પાશ્વનાથ નગર વિસ્તાર
	૩૦	--	૧૨	૨૦૯	૧ થી ૧૧૦	ચકલીશેરી,પાવડવાળીશેરી
	૩૧	--	૧૩	૫૨૧	૧ થી ૧૪૬	પાણીની ટાંકીનો વિસ્તાર
	૩૯	૧૨	૦૬	૬૮૨	૧૨૬ થી ૨૫૬	ચામુંડાનગરસોસાયટી,રાજેન્દ્રનગર સોસાયટી
	૪૦	૫૦	--	૫૫૮	૧૮૬ થી ૩૩૯	રાજેન્દ્રનગર સોસાયટી,દોલત બજાર
		૯૩	૩૭	૩૨૧૭		

હદનું વર્ણન :

વાયવ્ય ખૂણે બોવાડા વિસ્તાર પારસનાથ નગર સોસાયટીની ઉત્તર હદેથી પૂર્વ તરફ પથ્થર સડક ના નૈઋત્ય ખૂણે થઈ દક્ષિણ તરફ રે.સ.નં.૨ ઘેરા લીંબડીના વાયવ્ય ખૂણે થઈ પૂર્વ તરફની હદે થઈ દક્ષિણ તરફ જતાં રાજેન્દ્રનગર સોસાયટીની હદે થઈ પૂર્વ તરફ જતાં પાણીની ઉંચી ટાંકીના ઈશાન ખૂણેથી પૂર્વ તરફ અગ્નિ ખૂણા તરફ ચકલીશેરીની દક્ષિણ હદે થઈ નૈઋત્ય ખૂણા તરફ જતાં પોલીસ લાઈન, મહાલક્ષ્મી સોસાયટીની પશ્ચિમ હદે થઈ ઉત્તર તરફ જતાં રે.સ.નં.૪ ના અગ્નિ ખૂણે થઈ પશ્ચિમ તરફ જતાં રે.સ.નં.૫,૬,૭,૮,૯,૧૧ ની દક્ષિણ ની હદે થઈ પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં. ૧૨ ની દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૧૨ ની હદે થઈ પશ્ચિમ તરફ રે.સ.નં.૧૩, ૧૪ ની હદે થઈ રે.સ.નં.૧૬ અને ૧૫ ની પૂર્વ તરફની હદેથી દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૨૭ ડેલીયા ડેલા થઈ તેના અગ્નિ ખૂણેથી દક્ષિણ થઈ નૈઋત્ય ખૂણે રે.સ.નં.૧૯ ડેલીયા ડેલા થઈ રે.સ.નં.૨૦ ડેલીયા ડેલા થઈ નૈઋત્ય ખૂણેથી ઉત્તર તરફ જતાં રે.સ.નં.૨૧,૨૨ ની પશ્ચિમની હદે વાયવ્ય ખૂણેથી રે.સ.નં.૧૬, ૧૩,૧૧ની ઉત્તરની હદેથી ધરણીધરનગર સુધી ત્યાંથી ધરણીધરની ઉત્તરની હદેથી પી.એચ.સી.ની પશ્ચિમ હદેથી ઉત્તર તરફ જતાં પાણીની ઉંચી ટાંકી સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર: ૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડ ના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૬	૧	૪૨	૧૬	૪૭૯	૧ થી ૧૦૪	થાણાશેરીનો વિસ્તાર
	૨	૧૪	૪	૭૩૦	૧ થી ૧૫૬	બોવાડા વિસ્તાર
	૧૨	--	--	૬૫૭	૧ થી ૧૨૫	રબારી વાસ,નાઈવાસ,ઠાકોરવાસ વિસ્તાર
	૨૪	૬૧	૮	૯૫૭	૧ થી ૨૭૫	થાણાશેરી,પોષ્ટ ઓફીસ,ગણેશ સોસા.,સરકારી વસાહત
	૨૫	--	--	૩૫૬	૧ થી ૧૨૪	થાણાશેરી નો વિસ્તાર
	૨૭	--	૩	૨૨૪	૧ થી ૧૨૨	લાઈબ્રેરી ભાટીવાસ, થાણાશેરીનો વિસ્તાર
		૧૧૭	૧૩૧	૩૪૦૩		

INDEX

હદની વિગત :-

મહાલક્ષ્મીના મંદિરથી પૂર્વ તરફ જતાં દેના બેંક વાળી શેરી થી દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૨૦૯ ના અગ્નિ ખૂણે થઈ દક્ષિણની હદે થઈ નૈઋત્ય ખૂણે જતાં વાવ થરાદ હાઈવે રોડ ઓળંગી દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૩૨૧, ૩૧૭, ૩૧૮, ની પૂર્વની હદે થઈ પશ્ચિમ તરફ જતાં રે.સ.નં.૩૧૩,૩૦૫,૩૦૩,૩૦૨,૨૯૮, અને ૨૦૦ ના તમામ રે.સ.નં.ની પૂર્વેની હદે થઈ દક્ષિણ તરફ જતાં અગ્નિ ખૂણા તરફ જઈ ત્યાંથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૯૯ ની દક્ષિણ તરફ નૈઋત્ય ખૂણે થી ઉત્તર તરફ જતાં રે.સ.નં.૩૦૦,૩૦૬,૩૦૭ ની પશ્ચિમની હદે થઈ રે.સ.નં.૩૦૭ ના દક્ષિણ ની હદે થઈ રે.સ.નં.૩૦૮ ના દક્ષિણ ની હદે થઈ રે.સ.નં.૩૦૯, ૩૧૦ ના નૈઋત્ય ખૂણા ના ઉત્તર તરફ ના વાયવ્ય ખૂણે થઈ રે.સ.નં.૩૧૦ની ઉત્તરે થઈ તેની પૂર્વ તરફ રે.સ.નં.૩૧૧ ની ઉત્તર તરફ જતાં રે.સ.નં.૩૧૯, ૩૨૦, ૩૨૨ થઈ તેની પશ્ચિમની હદે થઈ ઉત્તર તરફ જતાં વાવ હાઈવે રોડ ઓળંગી સરકારી વસાહત થઈ ઠાકોર વાસ થઈ રબારી વાસની હદે થઈ નાઈ વાસની હદે થઈ વોર્ડનં.૫ ની દક્ષિણે હદે થઈ દક્ષિણ તરફ જતાં પૂર્વે ગણેશ સોસાયટી થઈ ઈશાન ખૂણે જતાં મહાલક્ષ્મીના મંદિર સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નંબર : ૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડ ના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તાર ની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૭	૭	૩૦૯	૭૨	૮૮૧	૧ થી ૩૨૫	આશાપુરાવાસ,બસસ્ટેન્ડનો વિસ્તાર
	૮	૩૪	૪૦૬	૬૦૮	૧ થી ૧૪૨	ભીલવાસનો વિસ્તાર
	૯	૧૪	૫૯	૮૩૯	૧ થી ૨૪૧	અંબીકાનગર, આદેશનગર
	૧૦	--	--	૩૭૧	૧ થી ૧૦૪	ધરણીધરનગર,રેફરલ સામેનો તમામ વિસ્તાર
	૩૭	૨૭	૬૫	૫૭૦	૧૪૩ થી ૨૧૧	સર્વોદય સોસાયટી વિસ્તાર,મહેશ્વરી સોસાયટી
		૩૮૪	૬૦૨	૩૨૬૯		

હદનું વર્ણન :

રે.સ.નં.૨૦૯ના ઈશાન ખૂણે થી પૂર્વ તરફ જતાં રામાનુજ ગૌશાળા થઈ સાંચોર રોડ ઓળંગી મહેશ્વરી સોસાયટી ની પૂર્વ તરફ જતાં ગાયત્રી હાઈસ્કૂલની દક્ષિણ હદે થઈ નૈઋત્ય ખૂણે જતાં થરાદ હાઈવે ચાર રસ્તાથી થરાદ વાવ હાઈવે રોડ ઓળંગી દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૨૨૫, ૨૨૭, ૨૨૮, ૨૩૪, ૨૩૫, ૨૬૧, ૨૬૩, ૨૬૪, ૨૬૫, ૨૬૭, ૨૬૮, ૨૭૦, ૨૭૧, ૨૭૨ આ તમામ રે.સ.નં.ની પૂર્વની હદે રે.સ.નં.૨૭૩ સુધી ત્યાંથી આગળ જતાં દક્ષિણની હદે થઈ પશ્ચિમ તરફ જતાં રે.સ.નં.૨૮૩ સુધી ત્યાંથી રે.સ.નં.૨૭૪, ૨૭૫, ૨૭૮, ૨૭૯, ૨૮૦, ૨૮૧, ૨૮૨ના નૈઋત્ય ખૂણે થઈ રે.સ.નં. ૨૮૪, ૨૮૫, ૨૮૬, ૨૯૬, ૨૫૮,૩૦૩,૨૫૧ ની પશ્ચિમની હદે માનગોચરી ડેલા થઈ ઉત્તર તરફ રે.સ.નં.૩૧૪, ૩૧૫, ૩૧૬, ૨૧૮, ૨૧૭, ૨૧૪ની પશ્ચિમ હદે ઉત્તર તરફ જતાં અંબિકાનગર સોસાયટીથી વાવ રોડ ઓળંગી ઈશાન ખૂણે પશ્ચિમ હદે થઈ ઈશાન તરફ આશાપુરા વાસ, ખરીદ વેચાણ સંઘ, થઈ ઉત્તર તરફ બસ સ્ટેશન વિસ્તાર થઈ રે.સ.નં.૨૦૯ ના ઈશાન ખૂણા સુધી નો તમામ વિસ્તાર આ વોર્ડ માં સમાવેશ કરવામાં આવેલ છે.

વી. એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ-૨

રાજય ચૂંટણી પંચ

ગુજરાત રાજય

સચિવાલય, ગાંધીનગર

થરાદ નગરપાલિકાની કુલ વસ્તી	૨૨૮૧૫	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૩૨૫૯	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ -૩૫૮૪ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ- ૨૯૩૪
કુલ બેઠકોની સંખ્યા.	૨૧	
સ્ત્રી બેઠકો	૭	૨ બેઠક અનુસૂચિત જાતિ — બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૫	તે પૈકી ૨ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૧	—
પછાતવર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૨	
સામાન્ય બેઠકો.	૯	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૨૭૯	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૨	૨	૩૫૦૩	પછાતવર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય
૩	૩	૩૧૬૯	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૪	૪	૨૯૭૫	અનુસૂચિત જાતિ	સામાન્ય	સામાન્ય
૫	૫	૩૨૧૭	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૬	૬	૩૪૦૩	સામાન્ય	પછાતવર્ગ	સામાન્ય
૭	૭	૩૨૬૯	અનુસૂચિત જાતિ	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
કુલ.		૨૨૮૧૫			

વી.એચ.શાહ

સચિવ રાજય ચૂંટણી પંચ

ગાંધીનગર

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 272

REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] TUESDAY, JULY 31, 2007/SRAVANA 9, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ ઠ્ઠો માળ,
સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર.
તા.૩૧-૭-૨૦૦૭

ક્રમાંક : રાચપ-ચટણ-સમક-નપા-ઈડર-૨૦૦૭

ઈડર નગર પાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ.

૧. રાજય ચૂંટણી પંચના તા.૪-૫-૨૦૦૭ ના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ-સમક-નપા-ઈડર-૨૦૦૭ થી ઈડર નગર પાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના મુસદ્દારૂપ આદેશ જારી કરવામાં આવેલ હતો. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે નિર્ધારિત સ્થળોએ તેમજ સરકારી રાજપત્રમાં પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો. તેની સામે કોઈપણ વ્યકિતને /જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિદ્ધ થયેથી દિવસ-૧૦માં રાજય ચૂંટણી પંચ, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા.

૨. ઈડર નગર પાલિકાની ચૂંટણી માટેના ઈડર શહેરના વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના સદર આદેશ અન્વયે કોઈ વ્યકિત તરફથી કોઈ સુચનો મળેલ નથી.

૩. આ ઉપરાંત ૧૯૫૧ ના લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે જરૂરી પરામર્શ પણ રાજય ચૂંટણી પંચે કરેલ છે.

૪. રાજય ચૂંટણી પંચે માન્ય રાજકીય પક્ષો સાથે પરામર્શના અંતે તે પરામર્શમાં થયેલ સૂચનોનો પણ કાળજીપૂર્વક અભ્યાસ કરી અત્રેનો તા.૪-૫-૨૦૦૭ નો મુસદારૂપ આદેશ આખરી કરવા પંચે ઠરાવ્યું છે.

INDEX

૫. આથી રાજય ચૂંટણી પંચ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩ઃવ-ક, તથા ગુજરાત નગર પાલિકા અધિનિયમઃ ૧૯૬૩ ની કલમઃ૭ પેટા કલમ-(૨)ના ખંડ-૩ના, પેટા ખંડ-ખ તથા મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂએ ઈડર નગરપાલિકાના વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ ન.૧ માં અને અનામત બેઠકોની ફાળવણી અનુસૂચિ નં.૨ માં દર્શાવ્યા પ્રમાણે આખરી કરવાનું ઠરાવે છે.

રાજય ચૂંટણી પંચના આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ-૧

ઈડર નગર પાલિકા, જિલ્લો-સાબરકાંઠા

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરોની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૩૬	૬૭	૧૧૫	૭૭૭	૩-૩૬-૧--૩-૩૬-૨૦૪	મુઘણેશ્વર મહાદેવ થઈ હાલુડી તલાવડી વિસ્તાર
	૩૭	૨૭૬	૧૯	૮૮૧	૩-૩૭-૧--૨-૩૭-૧૫૨	રાવળીયા વાસ, ઠાકરડા વાસ, મહાકાલી મંદિર પાસેના જોગણી માતાના મંદિર સુધી
	૩૮	૦	૦	૬૯૭	૩-૩૮-૧--૩-૩૮-૧૫૭	લક્ષ્મીનારાયણ મંદિર થઈ સુથારફળી થઈ દશામાંના મંદિર સુધીનો વિસ્તાર
	૪૦	૦	૩	૮૯૫	૩-૪૦-૧--૨-૪૦-૨૫૮	ચંદ્રેશ્વર મહાદેવ થઈ કુંડ વિસ્તાર થઈ વિશ્વકર્માના મંદિર સુધી
કુલ		૩૪૩	૧૩૭	૩૨૫૦		

હદનું વર્ણન

વાયવ્યથી ઉત્તર તરફની ગિરિમાળાથી પૂર્વ તરફની ગિરિમાળાઓ થઈ, પૂર્વ દક્ષિણ તરફ ઈડરીયો ગઢ, જૈન દેરાસર થઈ, ગિરિમાળાની નીચે આવેલ સ્વામિનારાયણ મંદિર થઈ, ડેભોલના ઉત્તર દિશાના કિનારે આવેલ કુંડ વિસ્તાર થઈ, ડેભોલના કિનારે જુની પોસ્ટ ઓફિસના વિસ્તાર થઈ, ચંદ્રેશ્વર મહાદેવ થઈ, સળંગ ડેભોલ નદીના કિનારે થઈ, દશામાના મંદિર તરફ થઈ દક્ષિણ હદે પશ્ચિમ તરફ આગળ રાવળ વાસ થઈ ડુંગરની ગિરિમાળાઓમાંથી સર્વે નં.૨૫૩ માંથી પસાર થઈ, રેવન્યુ સર્વે નં.૨૫૧ માં થઈ, સળંગ દક્ષિણ હદે પશ્ચિમ તરફની ગિરિમાળાઓ પસાર કરી, રેવન્યુ સર્વે નં.૨૨૬ માં થઈ, રાજચંદ્ર વિહાર થઈ, પશ્ચિમ હદે ઉત્તર તરફની ગિરિમાળાઓ વચ્ચેનો આ વોર્ડમાં સમાવિષ્ટ વિસ્તાર

વાયવ્ય : ઉત્તર-પશ્ચિમ
ઈશાન : ઉત્તર-પૂર્વ
અગ્નિ : દક્ષિણ-પૂર્વ
નૈઋત્ય : દક્ષિણ-પશ્ચિમ

INDEX

વોર્ડ નં.૨

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરોની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧	૯	૦	૭૯૯	૧-૧-૧--૧-૧-૨૯૦	ભાવસારવાડો,પારેખવાડો મોદીનીવા થઈ જુના બજાર પૂર્વ તરફનો વિસ્તાર પ્રદિપભાઈનો માઢ, માતાવાળી ફળી
	૨	૦	૧૦	૭૧૦	૧-૨-૧--૧-૨-૨૩૦	ચિંતામણી દેરાસર થઈ બાલાપીરની ગલી, પંડ્યા ફળી, વડલાવાળી ફળી, કન્યા શાળા સુધી
	૪	૦	૧૩	૯૩૨	૧-૪-૧--૧-૪-૨૩૦	કન્યા શાળા,માધુરામજીનો કુવો,સુરતીની ખડકી, જુની પોસ્ટ ઓફિસ, ધોબી વાસ
	૩૯	૦	૦	૭૪૦	૩-૩૯-૧—૩-૩૯-૨૩૯	જુની પાંજરાપોળ થઈ મીરાંના દરવાજા સગરવાસથી મન્સુરીના મકાન પાસેનો વિસ્તાર
કુલ		૯	૨૩	૩૧૮૧		

હદનું વર્ણન

ઉત્તરે ડેભોલ નદીના દક્ષિણ કિનારે થઈ, ઉત્તર તરફ આવેલ ચિંતામણી દેરાસર થઈ, પૂર્વ તરફ પારેખવાડા વિસ્તાર,પંડ્યા ફળીની ઉત્તરની હદે પૂર્વ તરફ જતા મુખ્ય ખરાદી બઝારની દક્ષિણની હદે પશ્ચિમે આગળ જતા ભૂતિયાપુલ સુધી ત્યાંથી ઘાંટી રોડની ઉત્તરની હદે જુની મામલતદાર કચેરી સુધી, ત્યાંથી ટાવર રોડની ઉત્તરે આવેલ ભાવસારવાડાની દક્ષિણ હદથી પશ્ચિમ બાજુએ મીરા દરવાજા થઈ ઉત્તરે ચત્રભૂજ વિસ્તારની પશ્ચિમ હદે, ઉત્તરે ડેભોલ નદીના દક્ષિણ કિનારા સુધીનો વિસ્તાર આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૩

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરોની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૩	૧૪	૦	૮૨૬	૧-૩-૧--૧-૩-૨૧૫	મહામંદિર થઈ નાના કસ્બા વિસ્તાર
	૪૧	૦	૫	૬૯૬	૪-૪૧-૧--૪-૪૧-૧૯૨	સરકારી દવાખાના થઈ રાજપૂતવાસ થઈ રામદ્વારા થઈ મદનિ સોસાયટીનો વિસ્તાર
	૪૨	૦	૧૧૧	૭૦૪	૪-૪૨-૧--૪-૪૨-૧૯૬	ભિલવાસ થઈ રામદ્વારા થઈ ઈન્દિરાનગર તથા ઝમઝમ સોસા.વિસ્તાર
	૪૩	૦	૫	૬૬૩	૪-૪૩-૧--૪-૪૩-૧૬૯	મેણાવાસ થઈ કુ. તરૂણાબેનના દવાખાના સુધી થઈ બ્રાહમણવાડી સુધીનો વિસ્તાર
	૪૪	૦	૦	૭૨૦	૪-૪૪-૧--૪-૪૪-૧૬૪	ભાટિયાવાસ થઈ ભોઈવાડા અંબાજી માતાના મંદિર સુધીનો વિસ્તાર
કુલ		૧૪	૧૨૧	૩૬૦૯		

INDEX

હદનું વર્ણન

ઉત્તરે ગઢ તરફ જવાના રસ્તે રાજમહેલના ઉત્તર તરફ જતા મુખ્ય પગથિયાથી રાજમહેલ રોડ થઈ મદની સોસાયટી, ડુંગરની ગિરિમાળાએ ઉત્તરે થઈ, રામદ્વારા મંદિરની ઉત્તરે થઈ અંબાજી માતાના મંદિરથી પૂર્વ તરફ ગંભીરપુરાની પશ્ચિમ હદ સુધી, ત્યાંથી ડુંગરની ગિરિમાળાની હદે પૂર્વ-દક્ષિણ તરફ ઘાંટી રોડથી દક્ષિણે આવેલ ભાટિયા વાસની દક્ષિણે હદે થઈ, ડેભોલ નદીના કિનારે થઈ પશ્ચિમે આવેલ નાના કસ્બા વિસ્તાર થઈ ઈડર ગઢ રોડથી સિવિલ વિસ્તારની પશ્ચિમે થઈ રાજમહેલ રોડ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૪

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરોની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૪૫	૩૩૭	૦	૭૬૫	૪-૪૫-૧--૪-૪૫-૧૬૩	ઘાંટી થઈ હરીજન વાસ, ઠાકરડા વાસ થઈ ભોઈવાડા વેરાઈ માતાના મંદિર સુધીનો વિસ્તાર
	૪૬	૦	૦	૭૭૬	૪-૪૬-૧--૪-૪૬-૧૭૪	ભોઈવાડા થઈ ખટીક વાસ થઈ મોટા કસ્બા સુધીનો વિસ્તાર
	૪૭	૦	૦	૭૫૫	૪-૪૭-૧--૪-૪૭-૧૬૩	મોટા કસ્બા થઈ ડુંગર પાસે કોરી કુઈ સુધીનો વિસ્તાર
	૫	૨૦૪	૦	૬૬૪	૨-૫-૧--૨-૫-૧૫૬	ચુનાર વાડા, કોરી કુઈ, સિંધીવાડો
	૬	૫૨૯	૦	૫૩૦	૨-૬-૧--૨-૬-૧૪૭	ભાંભી વાસ-૧, પંડ્યા ફળી
કુલ		૧૦૭૦	૦	૩૪૯૦		

હદનું વર્ણન

ભોઈવાસના વાયવ્ય ખુણેથી ભોઈવાસની ઉત્તરની હદેથી હરીજનવાસની ઉત્તર હદે પૂર્વ તરફ ઘાંટી સુધી, ત્યાંથી પૂર્વ તરફ ગંભીરપુરાના પશ્ચિમ સીમાડાએ આવેલ ઈડર,ખેડબ્રહ્મા હિંમતનગર તરફના રોડે રોડે દક્ષિણ તરફ આવેલ સાતમાળિયાના ટાંક સુધીના વિસ્તારની દક્ષિણ હદે પશ્ચિમ તરફ ત્યાંથી સાતમાળિયાની ટાંકની પશ્ચિમ હદે ઉત્તર તરફ જતા, ઘાંટી રોડ સુધી ત્યાંથી મોટા કસ્બા કોરી કુઈની દક્ષિણ હદે પશ્ચિમ તરફ ખટીક વાસ વિસ્તાર સુધી, ત્યાંથી ઉત્તરે ઈડર ઘાંટી રોડની હદેથી ખટીક વાસની પૂર્વ હદેથી ઉત્તરે ભોઈવાસ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૫

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરોની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૭	૨૫	૧૨	૩૦૯	૨-૭-૧--૨-૭-૧૮૨	ધુળેટા દરવાજા થઈ ટાવર તરફ હરીજનવાસ સામે ત્રણ ઘાંણી વિસ્તાર થઈ ભૂતિયાપુલ સુધી
	૮	૫	૦	૫૪૬	૨-૮-૧--૨-૮-૧૬૩	જુના પોલિસ સ્ટેશન થઈ, જૈન ધર્મશાળા પાછળનો બારી વિસ્તાર
	૯	૧૫	૦	૬૭૨	૨-૯-૧--૨-૯-૧૬૫	મીરાં દરવાજા વિસ્તાર તથા સગરવાડો
	૩૩	૪૩	૦	૩૩૧	૨-૩૩-૧--૨-૩૩-૭૮	ગણેશનગર તથા વડલાવાળી ફળી વિસ્તાર
	૨૮	૭૭	૨૬૪	૮૦૯	૨-૨૮-૧--૨-૨૮-૩૧૦	અપ્સરા સિનેમા પાછળનો ધર્મશાળા પાસેનો વિસ્તાર
	૩૫	૭૧૫	૮	૭૨૯	૨-૩૫-૧--૨-૩૫-૧૬૦	ધુળેટા દરવાજા પાસે થઈ ઠક્કરબાપા આશ્રમ પાછળનો ભાંભીવાસ-૨નો વિસ્તાર
કુલ		૮૮૦	૨૮૪	૩૩૯૬		

હદનું વર્ણન

ચર્મ ઉદ્યોગની ઉત્તરની હદે પૂર્વ તરફ જઈ રે.સર્વે નં.૧૧૭ ની પૂર્વની હદેથી દક્ષિણ તરફ સગરવાડાની ઉત્તરની હદેથી મીરાદરવાજા-ટાવર બજાર થઈ ભૂતિયાપુલ સુધી ટાવર ત્યાંથી પુલની દક્ષિણેથી ટાવર સુધી, ટાવરની પૂર્વ હદે આવેલ ત્રણ ઘાંણીની પૂર્વની હદેથી ઘુળેટા દરવાજા થઈ દક્ષિણે આવેલ ધનેશ્વર ડુંગરી સુધી ત્યાંથી ધનેશ્વર ડુંગરીની પૂર્વ હદેથી દક્ષિણ પશ્ચિમ થઈ ત્યાંથી ઈડર-રતનપુર રોડની હદે ઉત્તર તરફ જતાં રે.સર્વે નં.૧૨૮ સુધી ત્યાંથી ૧૮ મી.ડી.પી.રોડ ઓળંગી ઉત્તરે સાકરીયા વિસ્તાર થઈ મીંરાના દરવાજાની પશ્ચિમે તથા છાપરીયા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૬

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરોની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૬	૦	૦	૧૫૬	૨-૨૬-૧—૨-૨૬-૭૪	વલાસણા રોડ ઉપર ગાયત્રીનગર, ઈન્દ્રનગર, મહાવીરનગર, ઉમિયાનગરનો વિસ્તાર
	૨૭	૦	૧	૦૫૮	૨-૨૭-૧—૨-૨૭-૫૬૩	તાલુકા પંચાયત કચેરી થઈ શ્રી નિર્મળસિંહના મકાન થઈ ધનેશ્વર સોસાયટી સુધીનો વિસ્તાર
	૨૯	૨૬	૩૮	૧૩૮	૨-૨૯-૧—૨-૨૯-૨૩૬	મોતીલાલ માર્કેટ થઈ શાકમાર્કેટ થઈ દલજીતનગરનો વિસ્તાર
	૩૦	૦	૭	૭૦૫	૨-૩૦-૧—૨-૩૦-૨૨૫	પોસ્ટ ઓફિસ થઈ દલજીતનગર થઈ સંઘ સુધીનો વિસ્તાર
	૩૧	૦	૫	૯૨૦	૨-૩૧-૧—૨-૩૧-૩૮૨	સી.કે.સરસ્વતિ મંદિર પાસે થઈ હરીજનવાસ થઈ બરવાવ રોડ સુધીનો વિસ્તાર
	૩૨	૨	૪	૬૪૮	૨-૩૨-૧—૨-૩૨-૧૫૭	વણઝારાવાસ થઈ આનંદનગર,નંદનવન,શિવમ સોસા. તથા સોસાયટી વિસ્તાર
	૩૪	૩૧૬	૭	૮૧૯	૨-૩૪-૧—૨-૩૪-૧૮૩	સિધ્ધાર્થનગર થઈ સાકરીયા સોસાયટી થઈ અંબિકાનગર સોસાયટી સુધી
કુલ		૩૪૪	૬૨	૩૪૪૪		

હદનું વર્ણન

ઉત્તરે રેવન્યુ સર્વે નં.૨૫૧ થી શરૂ કરતાં નગરપાલિકાના પાણીના સંપની ઉત્તરેથી પૂર્વ તરફ જતા હરિજન વિસ્તાર સુધી ત્યાંથી દક્ષિણ તરફ સિધ્ધાર્થનગરની પૂર્વની હદથી આનંદનગર સુધી ત્યાંથી અંબિકાનગરની ઉત્તર હદેથી ઈડર એસ.ટી.રોડથી ટાવર રોડ પૂર્વ તરફ કબ્રસ્તાન સુધી, ત્યાંથી રેલ્વે સ્ટેશન તરફ જવાના રસ્તા સુધીનો વિસ્તાર, ત્યાંથી પશ્ચિમે રેસ્ટ હાઉસની દક્ષિણ હદે રમતગમતના મેદાન થઈ હિંમતનગર ઈડર સ્ટેટ હાઈવે સુધી, ત્યાંથી ઈડર હાઈવેની પૂર્વની હદે ઈડર-વલાસણા હાઈવે સુધી, હાઈવેની દક્ષિણ હદે પશ્ચિમ તરફ આગળ જતા ગાયત્રીનગરની પૂર્વ-પશ્ચિમ હદે થઈ હાઈવે (ઈડર-વલાસણા) સુધી ઉમિયાનગર ઈન્દ્રનગર થઈ ડેભોલ નદીના કીનારા સુધી, ત્યાંથી રેવન્યુ સર્વે નંબર-૧૭૮-૧૭૯ ની દક્ષિણ હદેથી રે.સર્વે નં.૧૮૦ સુધી, ૧૮૦ ની પશ્ચિમની હદે ઉત્તર તરફ જતા, રે.સર્વે નં.૧૮૧,૧૮૨,૧૮૫ ની પશ્ચિમની હદેથી રે.સર્વે નં.૧૯૦ નંબરના વિસ્તારો થઈ ડેભોલ નદી પસાર કરી સર્વે નં.૨૫૧ સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૭

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરોની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૨૦	૫૨	૨૩	૫૨૯	૨-૨૦-૧--૨-૨૦-૧૩૧	પરમાનંદનગર થઈ સત્યમ ગેરેજ સુધીનો વિસ્તાર
	૨૧	૦	૪	૫૯૪	૨-૨૧-૧--૨-૨૧-૨૧૫	શ્રીનગર ઉત્તર તરફનો વિસ્તાર
	૨૨	૨૨	૦	૨૧૦	૨-૨૨-૧--૨-૨૨-૧૮૭	શ્રીનગરનો વિસ્તાર
	૨૩	૦	૦	૪૮૬	૨-૨૩-૧--૨-૨૩-૨૭૫	શ્રીનગર ઉત્તર તરફનો વિસ્તાર
	૨૪	૧૬૩	૯	૬૦૧	૨-૨૪-૧--૨-૨૪-૧૭૮	આશા શોપિંગ સેન્ટર તથા શ્રીનગરનો દક્ષિણ વિસ્તાર
	૨૫	૫૧	૪૫	૬૨૫	૨-૨૫-૧--૨-૨૫-૩૧૫	શ્રીનગરનો દક્ષિણ તરફનો વિસ્તાર રેલ્વે ટ્રેક સુધીનો સળંગ
કુલ		૨૮૮	૮૧	૩૦૪૫		

હદનું વર્ણન

ઉત્તરે ઈડર ખેડબ્રહ્મા હાઈવે ઉપર મામલતદાર કચેરીની ઉત્તર હદેથી પૂર્વ તરફ જતા શ્રીનગર વિસ્તાર થઈ સરકારી કવાર્ટર્સ સુધી, ત્યાંથી સરકારી કવાર્ટર્સની દક્ષિણેથી પશ્ચિમ તરફ આગળ વધતા મેજીસ્ટ્રેટશ્રીના બંગલા થઈ ઈડર લાલોડા રોડની પશ્ચિમ તરફ પરમાનંદનગરની દક્ષિણ હદે અમદાવાદ ખેડબ્રહ્મા રેલ્વે ટ્રેકની ઉત્તર બાજુએ આવેલ સમગ્ર શ્રીનગર વિસ્તાર થઈ રેલ્વે ટ્રેક સુધી; ત્યાંથી દક્ષિણ તરફ રેવન્યુ સર્વે નં.૧૦૭,૧૦૮,૯૯,૮૮ થી ૮૧ સુધી ત્યાંથી સાબર શીત કેન્દ્રની દક્ષિણ હદે પશ્ચિમ તરફ આગળ વધતા ઈડર હિંમતનગર સ્ટેટ હાઈવે સુધી ત્યાંથી ઉત્તર તરફ આગળ વધતા આવેલ ગુજરાત વિધુત બોર્ડ, જી.આઈ.ડી.સી. થઈ હોટલ ડ્રિમલેન્ડ તેમજ એસ.ટી.ડેપો થઈ શ્રીનગર પસાર કરી મામલતદાર કચેરી સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૮

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરોની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૮	૧૦	૦	૦	૪૧૮	૨-૧૦-૧--૨-૧૦-૧૧૯	ધુળેટા દરવાજાથી રામ ટેકરી વિસ્તાર
	૧૧	૧૦૬	૩૫	૫૬૧	૨-૧૧-૧--૨-૧૧-૧૪૯	વાઘરીવાસ, વિજયનગર સોસા., સેવાશ્રમ સોસા.,રામનગર સોસા.
	૧૨	૧૯૧	૨૨૦	૬૬૨	૨-૧૨-૧--૨-૧૨-૧૫૯	ઈન્દિરા આવાસ યોજના, નાયકનગર સોસા.
	૧૩	૨૪	૨૯૨	૬૦૩	૨-૧૩-૧--૨-૧૩-૧૯૯	નાયકનગર સોસા.થી માર્કેટીંગ યાર્ડ તરફનો વિસ્તાર
	૧૪	૨૨	૧૩	૪૦૮	૨-૧૪-૧--૨-૧૪-૧૮૭	રામદેવપીર મંદિરથી રેલ્વે સ્ટેશન સળંગ રોડ ઉપર થઈ કૃષ્ણાનંદ કુટીર સુધી
	૧૫	૦	૪૬	૬૧૮	૨-૧૫-૧--૨-૧૫-૧૩૩	રેલ્વે સ્ટેશન હાઈવેથી ડુંગરની તળેટી સુધી
કુલ		૩૪૩	૬૦૬	૩૨૭૦		

INDEX

હદનું વર્ણન

ઉત્તરે ઈડર નગરપાલિકાની ઉત્તર હદેથી પૂર્વ તરફ જતા ઈડર રામટેકરી થઈ ડુંગર ઉપર આવેલ ઈડર નગરપાલિકાની પાણીની ટાંકી સુધી ત્યાંથી પાણીની ટાંકીની પૂર્વ હદેથી દક્ષિણ તરફ ડુંગરની ગિરિમાળાઓથી પૂર્વ પશ્ચિમ ગિરિમાળાઓ પસાર કરી દક્ષિણથી ઉત્તર તરફ પ્રેરણા આઈસ ફેકટરી થઈ રેવન્યુ સર્વે નં.૧૪ થી ઉત્તર પૂર્વ બાજુ ઈડર ખેડબ્રહ્મા સ્ટેટ હાઈવેની પૂર્વ તરફનો વિસ્તારથી રે.સર્વે નં.૨૫ સુધી, ત્યાંથી પશ્ચિમે શોપીંગ સેન્ટરથી રે.સર્વે નં.૧૩૬ સુધી ત્યાંથી પશ્ચિમે જતા પ્રાથમિક શાળાની દક્ષિણ હદથી આગળ આવેલ રેલ્વે સ્ટેશનની રોડની ઉત્તરે ઈડર ધુળેટા દરવાજા તરફ આવેલ મારવાડીવાસ,રામનગર સોસાયટી,કુંટુંબ બાળ કલ્યાણ,મહિલા કોલેજની પશ્ચિમ હદેથી ગાયત્રી મંદિર સુધી ત્યાંથી નગરપાલિકા કચેરીના મકાન સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વોર્ડ નં.૯

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર,ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસ બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરોની વિગત ઘર નંબરથી ઘર નંબર સુધી	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી		
૧	૨	૩	૪	૫	૬	૭
૯	૧૬	૮	૯૪	૬૧૨	૨-૧૬-૧--૨-૧૬-૨૬૮	બારેલા તળાવ પાસેનો વિસ્તાર
	૧૭	૧૧	૨૨૧	૪૫૮	૨-૧૭-૧--૨-૧૭-૧૩૧	રમલેશ્વર તળાવની પાળ પાસે થઈ મારવાડીવાસ
	૧૮	૦	૦	૬૯૯	૨-૧૮-૧--૨-૧૮-૧૫૭	રમલેશ્વર તળાવની પાળ થઈ ઓડવાસ સુધીનો વિસ્તાર
	૧૯	૫૬	૧૮	૫૪૮	૨-૧૯-૧--૨-૧૯-૧૩૮	મહાકાલેશ્વર મહાદેવ થઈ ભરવાડવાસ સુધી
	૪૮	૦	૦	૫૫૦	૪-૪૮-૧--૪-૪૮-૧૫૦	રમલેશ્વર તળાવની પાળ તથા રેલ્વે સ્ટેશનના આજુબાજુનો વિસ્તાર
કુલ	-	૭૫	૩૩૩	૨૮૬૭		

હદનું વર્ણન

ઉત્તરે રેલ્વે સ્ટેશન, પ્રાથમિક શાળાની ઉત્તર હદેથી પૂર્વ તરફ ડુંગરની તળેટી સામેના ઈડર હિંમતનગર હાઈવેથી ડુંગરની ગિરિમાળા થઈ પૂર્વ તરફ આગળ જતા મહાકાલેશ્વર મહાદેવ થઈ ગિરિમાળાની પૂર્વ હદેથી દક્ષિણ તરફ રબારીવાસના છાપરા સુધી ત્યાંથી પશ્ચિમ તરફના લાલોડા રોડની હદે આગળ જતા રેવન્યુ સર્વે નં.૬૮ સુધી, ત્યાંથી રે.સર્વે નં.૬૯,૭૦ ની દક્ષિણ હદે રે.સર્વે નં.૭૩ સુધી, ત્યાંથી પીર તળાવ થઈ તળાવની પશ્ચિમ તરફના રે.સર્વે નં.૭૫ સુધી ત્યાંથી રે.સર્વે નં.૭૯ ની દક્ષિણ હદે રે.સર્વે નં.૮૦ સુધી ત્યાંથી ઉત્તર તરફના રે.સર્વે નં.૧૦૬ની પશ્ચિમ હદે ઉત્તર તરફ જતા પ્રાથમિક શાળા સુધીનો આ વોર્ડમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર.

વી.એચ.શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસુચિ-૨

રાજય ચૂંટણી પંચ

ગુજરાત રાજય

સચિવાલય, ગાંધીનગર

ઈડર નગરપાલિકાની કુલ વસ્તી	૨૯૫૫૨	
કુલ વોર્ડની સંખ્યા	૯	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૩૨૮૪	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ- ૩૬૧૨ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ- ૨૯૫૬
કુલ બેઠકોની સંખ્યા.	૨૭	
સ્ત્રી બેઠકો	૯	૧ બેઠક અનુસૂચિત જાતિ ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાતવર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૩	તે પૈકી ૧ સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૩	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૧૪	
સામાન્ય બેઠકો.	૧૩	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બીન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બીન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૩૨૫૦	અનુસૂચિત જાતિ	પછાત વર્ગ	સામાન્ય
૨	૨	૩૧૮૧	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૩૬૦૯	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૪	૪	૩૪૯૦	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૩૩૯૬	પછાત વર્ગ	અનુસૂચિત જાતિ	સામાન્ય
૬	૬	૩૪૪૪	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૭	૭	૩૦૪૫	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૮	૮	૩૨૭૦	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૯	૯	૨૮૬૭	અનુસૂચિત આદિજાતિ	પછાત વર્ગ	સામાન્ય
	કુલ.	૨૯૫૫૨			

વી.એચ.શાહ
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 273 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] TUESDAY, JULY 31, 2007/SRAVANA 9, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ
સરદાર પટેલ ભવન,સચિવાલય
ગાંધીનગર, તા.૩૧-૭-૨૦૦૭

સંતરામપુર નગર પાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ.

૧. ક્રમાંક : રાચપ-ચટણ-સમક-નપા-સંતરામપુર-૨૦૦૭.--રાજય ચૂંટણી પંચના તા.૪-૫-૨૦૦૭ ના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ- સમક- નપા- સંતરામપુર- ૨૦૦૭થી સંતરામપુર નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના મુસદ્દારૂપ આદેશ જારી કરવામાં આવેલ હતો. આ આદેશનો મુસદ્દો જાહેર જનતાની જાણ માટે નિર્ધારિત સ્થળોએ તેમજ સરકારી રાજયપત્રમાં પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો. તેની સામે કોઈપણ વ્યકિતને /જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિદ્ધ થયેથી દિવસ-૧૦ માં રાજય ચૂંટણી પંચ, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા.

૨. **સંતરામપુર** નગર પાલિકાની ચૂંટણી માટેના **સંતરામપુર** શહેરના વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના સદર આદેશ અન્વયે લોકો તરફથી મળેલ વાંધા/ સુચનો અંગે પંચે પુખ્ત વિચારણા કરેલ છે.

૩. આ ઉપરાંત ૧૯૫૧ ના લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે પંચે તા. ૧૧-૭-૨૦૦૭ના રોજ જરૂરી પરામર્શ બેઠક કરેલ છે.

૪. સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,ગાંધીનગરના તા. ૪-૧-૨૦૦૭ના જાહેરનામા ક્રમાંકઃ કેવી-૪-ઓફ-૨૦૦૭ - એનપીએમ-૧૩૨૦૦૫-૭૪૨૯(૪)-આર થી અનુસૂચિત આદિજાતિની પાંચ બેઠકો અનામત રાખવાનું અને તે પૈકી બે બેઠકો અનુસૂચિત આદિજાતિ સ્ત્રી માટે અનામત રાખવાનું ઠરાવેલ હતું. જેમાં હવે ફેરફાર કરી સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરના તા. ૨-૬-૨૦૦૭ના જાહેરનામા ક્રમાંક : કેવી-૧૭૩-૨૦૦૭-એનપીએમ-૧૩૨૦૦૭ -૧૬૭૦ આર.થી અનુસૂચિત આદિજાતિની બે બેઠકો અને તે પૈકી અનુસૂચિત આદિજાતિ સ્ત્રીની એક બેઠક અનામત રાખવાનું ઠરાવેલ છે. જે, બાબતની પણ પંચે નોધ લઈ અનામત બેઠકો ફાળવણીમાં આંશિક સુધારો કરવાનું ઠરાવેલ છે.

INDEX

૫. ઉપરોકત સમગ્ર વિગતે લોકો તરફથી મળેલ વાંધા/સૂચનો તથા માન્ય રાજકીય પક્ષો સાથે કરેલ પરામર્શ વખતે થયેલ રજુઆતો તથા ઉપરોકત વિગતે અનુસુચિત આદિ જાતિ માટેની અનામત બેઠકોની સંખ્યામાં થયેલ ફેરફાર વગેરેની નોધ લઈ પંચે તા: ૪-૫-૨૦૦૭નો મુસદ્દારુપ આદેશ આંશિક સુધારા સહ આખરી કરવા ઠરાવ્યું છે.

૬. આથી રાજય ચૂંટણી પંચ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩:વ-ક, તથા ગુજરાત નગર પાલિકા અધિનિયમ: ૧૯૬૩ની કલમ:૭, પેટા કલમ-(૨)ના ખંડ-ઉના, પેટા ખંડ-ખ તથા મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂએ **સંતરામપુર** નગર પાલિકાના વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ નં.૧ માં તથા અનામત બેઠકોની ફાળવણી અનુસૂચિ નં.૨ માં દર્શાવ્યા પ્રમાણે આખરી કરવાનું ઠરાવે છે.

રાજય ચૂંટણી પંચના આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ
રાજય ચૂંટણી પંચ
ગાંધીનગર.

અનુસૂચિ-૧
સંતરામપુર નગર પાલિકા, પંચમહાલ જિલ્લો

વોર્ડ નં.૧

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૧	૭	૧૩	૩૭	૪૭૩	૫૫૫ થી ૬૬૭	ચીબોટા પાસે, હડમત ફળીયા વિગેરે
	૮	૧૬	૩૧૨	૩૯૨	૬૬૮ થી ૬૪૯/૩	હડમત ફળીયા વિગેરે
	૧૫૦	૧૩૨	૩૪૪	૧૮૫૮	૧ થી ૧૫૮	સંત વિગેરે
	૧૫૧				૧ થી ૧૬૭	સંત, જુના તલાવ વિગેરે
	૧૫૨				૧ થી ૧૪૩	જુના તલાવ, ભીડા તલાવડી વિગેરે
કુલ		૧૬૧	૬૯૩	૨૭૨૩		

હદનું વર્ણન :

રે.સ.નં.૧૨ના વાયવ્ય ખૂણે અને ઘાંટાવાડા ગામના અને કુરેટા ગામના સીમાડા જયાં મળે છે ત્યાંથી શરૂ કરી પૂર્વ તરફ જતાં રે.સ.નં.૫૮ના ઈશાન ખૂણા સુધી જઈ દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૩૬ના ઈશાન ખૂણાથી પૂર્વ તરફ બારીકોટા ગામના સીમાડાની પશ્ચિમ હદે હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૭ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ રે.સ.નં.૩૫/અ ના પૂર્વ તથા બારીકોટા સીમાડાના પશ્ચિમ તરફના સીમાડાની હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૩૭૮ તથા ૧૦૨ના ઉત્તરના તથા બારીકોટાના સીમાડાની દક્ષિણ તરફની હદે પૂર્વ તરફ આગળ જતાં ચીબોટા નદીના પૂર્વના કિનારે-કિનારે રે.સ.નં.૧૧૬ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૧૧૪ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૧૧૧ અને ૩૪૬ની દક્ષિણ હદે હદે દક્ષિણ -પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૭૨ના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૯ના પૂર્વ તરફની હદેથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૫૦ની દક્ષિણ હદે તથા ચીબોટા નદીના કિનારે-કિનારે પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨ના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં. ૫૫ તથા ૩૨ની પૂર્વની હદે ચીબોટા નદીનાં પશ્ચિમના કિનારે-કિનારે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૪૮ના અગ્નિ ખૂણાથી દક્ષિણ બાજુની હદે આગળ પશ્ચિમ તરફ ટીંબરવાડાના સીમાડાની ઉત્તર તરફની હદે આગળ જતાં રે.સ.નં.૬૬ના નૈઋત્ય ખૂણાથી દક્ષિણ તરફ ટીંબરવાડાના સીમાડાની પશ્ચિમ તરફની હદે આગળ વધતાં ડુંગરાની હદે હદે ટીંબરવાના સીમાડાની પશ્ચિમ તરફના ખૂણેથી ઉત્તર તરફ આગળ જતાં લુણાવાડા રોડને

INDEX

ઓળંગી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૫૪નો વાયવ્ય ખૂણો, જયાં દરીયાપુરની ઉત્તરની હદ તથા ઘાંટાવાડા ગામની દક્ષિણ હદના સીમાડા મળે છે ત્યાંથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૬૧ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ જતાં રે.સ.નં.૧૨ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

વાયવ્ય : (ઉત્તર-પશ્ચિમ)
ઈશાન : (ઉત્તર - પૂર્વ)
અગ્નિ : (દક્ષિણ - પૂર્વ)
નૈઋત્ય : (દક્ષિણ - પશ્ચિમ)

વોર્ડ નં.૨

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૨	૧	૧૪૧	૪૩	૬૩૭	૧ થી ૧૪૧	હરીજન વાસ તથા બારીકોટા રોડ વિગેરે
	૨	૦૭	૨૭	૩૭૫	૧૪૨ થી ૨૨૯/૧	અંબાજી મંદિર પાછળ, ભાટીયા ટેકરી તથા સંચા ફળી વિગેરે
	૩	૦૦	૧૯	૩૩૯	૨૩૦ થી ૨૯૯/૧	બ્રાહ્મણવાડા, પ્રહલાદ તલાટી ફળી તથા યુનિયન ફળી વિગેરે
	૪	૦૦	૨૯	૨૯૯	૩૦૦ થી ૩૬૬/૧	મહાદેવ ફળી તથા ઢાલા બજાર વિગેરે
	૫	૦૬	૨૬	૧૮૭	૩૬૭ થી ૪૫૨/૧	બ્રાહ્મણવાડા, મેઈન રોડ તથા બાવાકુવા ફળી વિગેરે
	૬	૧૪	૩૫	૩૨૪	૪૫૩ થી૫૫૪	ટાવર રોડ, બ્રાહ્મણવાડા તથા માર્કેટ રોડ વિગેરે
	૧૦	૦૦	૪૩	૩૪૨	૮૯ થી ૧૬૨/૧	રાણાવાસ તથા મેઈન રોડ વિગેરે
કુલ		૧૬૮	૨૨૨	૨૫૦૩		

હદનું વર્ણન :

રે.સ.નં.૧૪૮ના વાયવ્ય ખૂણેથી ચીબોટા નદીના પૂર્વ તરફની હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૬૨ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ ઢાલા બજાર રસ્તાની પશ્ચિમ તરફની હદે અને રે.સ.નં.૧૬૩, ૧૬૪ની પૂર્વ તરફની હદે આગળ જતાં રે.સ.નં.૯ની પૂર્વની હદે થઈ દક્ષિણ તરફ આગળ જતાં ઢાલાબજાર રસ્તાને ઓળંગી ભગવાનદાસ પાનોલાના મકાનના પૂર્વ ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં મંજુલાબેન દાવડાના મકાનની ઉત્તર તરફ રાણા વાસની ઉત્તર તરફના મકાનોની પાછલી હદે પૂર્વ તરફ આગળ જતાં સુકી નદીના પશ્ચિમ તરફના કિનારે-કિનારે પૂર્વ તરફ આગળ જતાં વોર્ડ નંબર - ૩ના રે.સ.નં.૧૨ના નૈઋત્ય ખૂણાની હદથી દક્ષિણ તરફ આગળ જતાં ઢાલા બજાર રસ્તાને ઓળંગી સ્ટેટ પ.વ.ડી.ના મકાનની દક્ષિણ તરફની હદે પશ્ચિમ તરફ આગળ જતાં બાવાકુવા રસ્તાને ઓળંગી સ્વ. દિનદયાલ શોપીંગ સેન્ટર તથા જૈન મંદિરની દક્ષિણ તરફની હદે પશ્ચિમ તરફ આગળ જતાં સંચા ફળી રસ્તો, બારીકોટા રોડ, ઓળંગી પોલીસ સ્ટેશન તથા તાલુકા પંચાયતની દક્ષિણ હદે તથા ટાવરની ઉત્તર હદે પશ્ચિમ તરફ આગળ જતાં મામલતદાર કચેરીના કમ્પાઉન્ડ તથા બગીચાની દક્ષિણ હદે આગળ જતાં રે.સ.નં.૨૫ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ ચીબોટા નદીના પૂર્વ તરફના કિનારે-કિનારે આગળ જતાં રે.સ.નં.૨૫ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૨૫ના ઈશાન ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૨૪ની પશ્ચિમ હદ તથા ચીબોટા નદીના પૂર્વ કિનારાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૨૨ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ રે.સ.નં.૧૧૯, ૧૧૭ની પશ્ચિમની હદે આગળ જતાં રે.સ.નં.૧૪૮ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૩

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૩	૯	૦૦	૦૮	૩૯૩	૧ થી ૮૮	ઢાલા બજાર, ડબગરવાસ તથા રાણા વાસ વિગેરે
	૧૧	૦૦	૦૦	૩૭૦	૧૬૩ થી ૨૪૧/૧	નવા બજાર, અંબિકા લોજ પાછળનો વિસ્તાર વિગેરે
	૧૩	૦૦	૦૬	૩૧૩	૩૪૧ થી ૪૨૪	નવા બજાર, મેઈન રોડ તથા પ્લોટ બજાર વિગેરે
	૧૪	૦૦	૧૮	૪૨૧	૪૨૫ થી ૫૧૦/૧	માળીવાડ, પ્લોટ બજાર તથા મેઈન રોડ વિગેરે
	૧૫	૦૦	૭૩	૪૦૯	૫૧૧ થી ૬૩૧	પ્રતાપપુરા તથા નવી વસાહત વિગેરે
	૧૬	૨૨	૦૦	૩૯૬	૬૩૨ થી ૭૪૫	પ્રતાપપુરા સુકી નદી વિસ્તાર તથા પીઠા વિસ્તાર વિગેરે
	૧૭	૧૦	૨૩૦	૩૩૯	૭૪૬ થી ૮૨૭	ખુંટડીયા વિગેરે
કુલ		૩૨	૩૩૫	૨૬૪૧		

હદનું વર્ણન :

રે.સ.નં.૧૬૬ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ સુકી નદીના દક્ષિણના કિનારે આગળ જતાં રે.સ.નં.૨૮૮ના ઉત્તર તરફની હદે આગળ જતાં જુના સ્મશાનના ઈશાન ખૂણેથી વડીયાના સીમાડાની દક્ષિણ તરફ આગળ જતાં સુકી નદી ઓળંગી રે.સ.નં.૧૯૫ની ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૧૯૬ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૦૧ના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૩૫૫ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ માલણપુરના સીમાડાની પશ્ચિમ હદે આગળ જતાં રે.સ.નં.૨૦૭ના પૂર્વ ખૂણાથી પશ્ચિમ તરફ ગરાડીયા રસ્તાને ઓળંગી પશ્ચિમની હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૧૩ની પૂર્વ તથા ગરાડીયાના સીમાડાની પશ્ચિમ હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૧૬ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ દાહોદ રોડ ઓળંગી રે.સ.નં.૨૨૧ની પૂર્વની હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨૩ના અગ્નિ ખૂણાથી ઝાલોદ રોડ ઓળંગી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨૦ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૨૬ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ સુકી નદીના પૂર્વ કિનારે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૬૩ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૯ના નૈઋત્ય ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૨૭૫ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૨૬ના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ સુકી નદીના પશ્ચિમ કિનારે આગળ જતાં રાણા વાસની ઉત્તર બાજુના મકાનોના પાછળના ભાગે પશ્ચિમ તરફ આગળ જતાં રાણા વાસ રસ્તો ઓળંગી મંજુલાબેન દાવડાના મકાનની પશ્ચિમ તરફની હદે દક્ષિણ તરફ આગળ જતાં ભગવાનદાસ પાનોલાના મકાનના પાછળના ભાગે થઈ ઢાલા બજારની પૂર્વ બાજુની હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૭૮ની પશ્ચિમની હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૧૬૬ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૪

સુચિત વોર્ડ નંબર	ઈલેકશનં વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૪	૧૮	૦૦	૦૦	૪૬૪	૧ થી ૧૦૧/૨	મેઈન બજાર, મોટા બજાર વિગેરે.
	૨૮	૧૬	૦૦	૨૮૨	૭૧૭ થી ૭૯૭/૧	ગોધરા ભાગોળ, મોટા બજાર, મેઈન બજાર, સુથાર ગલી વિગેરે
	૨૯	૧૦	૦૦	૪૫૦	૭૯૮ થી ૮૮૪/૨	સુથાર ગલી, મેઈન બજાર, મસ્જીદરોડ, પટેલ ફળીયા, મચ્છી ગલી વિગેરે
	૩૦	૧૬૫	૦૦	૪૯૦	૮૮૫ થી ૯૯૭	મચ્છી ગલી, મસ્જીદરોડ, વણકરવાસ, મદ્રેસારોડ વિગેરે
	૩૧	૨૬૧	૧૫	૪૯૨	૯૯૮ થી ૧૦૯૫/એ	વણકર વાસ, મસ્જીદ રોડ, મરઘા કેન્દ્ર રોડ વિગેરે
	૩૨	૧૭૭	૦૭	૩૨૫	૧૦૯૫/બી થી ૧૧૪૯	વણકર વાસ, હરીજન વાસ વિગેર
કુલ		૬૨૯	૨૨	૨૫૦૩		

હદનું વર્ણન :

ઝવેરીલાલ મુળચંદ ભાવસારના મકાનના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ ગોધરા ભાગોળ રોડ ઓળંગી સુંદરલાલ પાનોલાના મકાનની ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ જતાં રાજેશ કોઠારીની દુકાનના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રાજેશ કોઠારીની દુકાનના પાછળના ભાગે પશ્ચિમ તરફ આગળ જતાં કમળાબેન પરીખના મકાનના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રહીમભાઈ મુસાની દુકાનના પાછળના ભાગેથી નવા બજાર રસ્તાને ઓળંગી અંબિકા લોજના પાછળના પૂર્વ તરફની હદેથી દક્ષિણ તરફ આગળ જતાં શિકારી પીઠાની પૂર્વ તરફના મકાનોની હદે થઈ રે.સ.નં.૩૦૨ના ઈશાન ખૂણેથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૮૦ની પશ્ચિમ તરફ આગળ જતાં બાઈ બીબી રસુલ ઉમરની દિકરીના મકાનના નૈઋત્ય ખૂણેથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૮૦ની પશ્ચિમ હદે ઉત્તર તરફ આગળ જતાં ગોધરા ભાગોળ રોડ ઓળંગી જુમ્મા મસ્જીદના દક્ષિણ હદે આવેલ સત્તાર પીંજારાના મકાનની ઉત્તર હદે પશ્ચિમ તરફ આગળ જતાં વોર્ડ નંબર - ૬ના રે.સ.નં.૨૩ના વાયવ્ય ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૪ની દક્ષિણ હદ તથા વોર્ડ નંબર - ૬ની ઉત્તર હદે પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૭ના વાયવ્ય ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં વોર્ડ નંબર-૬ના રે.સ.નં.૮ના ઈશાન ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં વોર્ડ નંબર - ૫ના રે.સ.નં.૧ના અગ્નિ ખૂણાથી વોર્ડ નંબર - ૫ની પૂર્વ તરફની હદે હદે ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૦૧ના ઈશાન ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૨૪ના વાયવ્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં ઝવેરીલાલ મુળચંદભાઈ ભાવસારના મકાનના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૫

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૫	૩૩	૩૯	૧૩	૪૫૯	૧ થી ૭૭/૫	ટાવર રોડ, અરબવાડા તથા સિપાઈવાડા વિગેરે
	૩૪	૦૦	૨૭	૭૬૬	૭૮/૪ થી ૧૮૮	સિપાઈવાડા, મસ્જીદ રોડ, મરઘા કેન્દ્ર રોડ, મદ્રેસા રોડ તથા મદારી ટેકરી વિગેરે
	૩૫	૦૭	૧૦૪	૪૮૧	૧૮૯ થી ૨૯૦/૩	મદારી ટેકરી, સિપાઈવાડા, ભોઈવાડા વિગેરે
	૩૬	૧૪	૧૯	૩૪૪	૨૯૧ થી ૩૬૪	ભોઈવાડા, ટાવર રોડ, આઝાદ મેદાન, લુણાવાડા રોડ તથા ભાથીજી મંદિર પાસે વિગેરે
	૩૭	૦૫	૧૧	૩૩૫	૩૬૫ થી ૪૩૫	ટાવર રોડ, દવાખાના તથા મહુડી ફળીયા વિગેરે
કુલ		૬૫	૧૭૪	૨૩૮૫		

હદનું વર્ણન :

રે.સ.નં.૩૧૦ના વાયવ્ય ખૂણેથી ચીબોટા નદીના પૂર્વ કિનારાથી ઉત્તર તરફ આગળ જતાં લુણાવાડા રોડ ઓળંગી કબ્રસ્તાનની ઉત્તરની હદે પૂર્વ તરફ આગળ જતાં નગર પાલિકા કચેરીની ઉત્તરની હદે પૂર્વ તરફ ટાવરની દક્ષિણની હદે આગળ વધતાં ભોઈવાડા રોડ ઓળંગી કન્યા શાળા તરફ ટાવરની દક્ષિણ હદે આગળ જતાં નગર પાલિકાની દુકાનોનાં ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં મરકસ મસ્જીદના અગ્નિ ખૂણાથી પશ્ચિમ તરફ આગળ જતાં આમલી ફળી રસ્તાને ઓળંગી દક્ષિણ તરફ આગળ જતાં મહંમદ અલી સૈયદના મકાનના પાછલા ભાગે પશ્ચિમ હદે ખાનકાહ ગલીના પૂર્વ તરફના મકાનોના પાછલા ભાગે થઈ દક્ષિણ તરફ આગળ જતાં નુરી મસ્જીદના પાછળના ભાગના મકાનની સામેના મકાનના પાછળના ભાગે દક્ષિણ તરફ આગળ જતા મહંમદ નાથુ મુલતાનીના મકાનની પશ્ચિમ તરફ આગળ જતાં લુણાવાડા રોડ ઓળંગી રે.સનં.૯૧ની દક્ષિણ હદે પશ્ચિમ તરફ આગળ જતાં રે.સ.નં.૩૨૭ના અગ્નિ ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં વોર્ડ નં.૬માં આવેલ રે.સ.નં.૩૦૬ના વાયવ્ય ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતાં ટીંબરવાના સીમાડા સુધી જઈ પશ્ચિમ તરફ જતાં ટીમરવાના સીમાડાની ઉત્તરની હદે અને હોમ ગાર્ડ ડુંગરની દક્ષિણની હદે હદે ચીબોટા નદી સુધી જઈ ઉત્તર તરફ જતાં ચીબોટા નદીના પૂર્વ તરફના કિનારે - કિનારે ઉત્તર તરફ આગળ જતાં રે. સ.નં.૩૪ ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતાં રે.સ.નં.૩૪ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ ચીબોટા નદીના પૂર્વ તરફના કિનારે કિનારે આગળ જતાં રે.સ.નં.૩૧૦ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૬

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૬	૨૨	૮૦	૧૮૫	૪૭૨	૩૦૦ થી ૩૫૯	સંતરોડ રોડ, રત્નદીપ સોસાયટી, ડેમ વસાહત વિગેરે
	૨૩	૦૦	૯૪	૧૦૪૬	૩૫૯/૧ થી ૪૨૯	ડેમ વસાહત, સંતરોડ રોડ, ગોધરા ભાગોળ, કાદરી મસ્જીદ વિગેરે
	૨૪	૦૩	૨૬	૧૪૦	૪૩૦ થી ૫૧૨	ગોધરા ભાગોળ, એસ.ટી.સ્ટેશન રોડ, લુણાવાડા રોડ વિગેરે
	૨૫	૦૦	૧૧	૩૮૨	૫૧૩ થી ૫૯૨/એ	લુણાવાડા રોડ, એસ.ટી.સ્ટેશન સામે, વાડી વિસ્તાર,
	૨૬	૦૦	૦૦	૧૯૯	૫૯૩ થી ૬૫૩/૧	એસ.ટી.સ્ટેશન સામે, સ્ટેશન રોડ, ગોકુલેશ ઓઈલ ડેપોવાળી ગલી, ગોધરા ભાગોળ વિગેરે
	૨૭	૦૦	૦૦	૩૬૫	૬૫૪ થી ૭૧૬/૨	ગોધરા ભાગોળ રોડ
કુલ		૮૩	૩૧૬	૨૬૦૪		

હદનું વર્ણન :

રે.સ.નં.૩૦૪ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૯૫,૯૪ની મધ્યમાં થઈને પૂર્વ તરફ આગળ જતા રે.સ.નં.૯૧ની દક્ષિણ હદે પૂર્વ તરફ આગળ જતાં રે.સ.નં.૮ની ઉત્તર પૂર્વ તરફ એસ.ટી.સ્ટેશન રોડ ઓળંગી આગળ જતા રે.સ.નં.૭ની મધ્યમાં થઈ રે.સ.નં.૪ની દક્ષિણ હદે અગ્નિ ખૂણાથી ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૫, ૨૨ની પશ્ચિમ હદે તથા વોર્ડ નંબર - ૪ના રે.સ.નં.૩,૨૪ની પૂર્વ હદે ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૨૩ના ઈશાન ખૂણાથી પૂર્વની હદે દક્ષિણ તરફ સંતરોડની પશ્ચિમ તરફના રે.સ.નં.૫ ની પૂર્વની હદે બસ સ્ટેશન ચોકડી ઓળંગી એસ.ટી.સ્ટેશનની પૂર્વની હદે દક્ષિણ તરફ આગળ જતાં રે.સ.નં.૬૨નાં અગ્નિ ખૂણાથી રે.સ.નં.૬૨ની દક્ષિણ હદે પશ્ચિમ તરફ આગળ જતા રે.સ.નં.૩૩૬ના નૈઋત્ય ખૂણાથી ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૩૩૩ની પશ્ચિમ હદે ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૩૦૪ના વાયવ્ય ખુણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર.

INDEX

વોર્ડ નં.૭

સુચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક, લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા. વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
૧	૨	૩	૪	૫	૬	૭
૭	૧૨	૦૦	૧૨	૫૫૭	૨૪૨ થી ૩૪૦	શિકારી પીઠુ વિગેરે.
	૧૯	૦૦	૯૭	૪૪૫	૧૦૨ થી ૧૬૪/૨	ગોધરા ભાગોળ રોડ વિગેરે.
	૨૦	૦૫	૫૫	૫૧૪	૧૬૫ થી ૩૩૮	ઢોર માર્કેટ વિસ્તાર, સત્યપ્રકાશ સોસાયટી, સંતરોડ, એલ.આઈ.સી. સામે, મહંમદી સોસાયટી, નાળ વિગેરે.
	૨૧	૨૦	૧૦૬	૭૬૦	૨૩૪/૧ થી ૨૯૯	સરકારી વસાહત, સહકારદીપ સોસાયટી, મંગલજ્યોત સોસાયટી, સંતરોડ રોડ વિગેરે.
કુલ		૨૫	૨૭૦	૨૨૭૬		

હદનું વર્ણન :

રે.સ.નં.૨૬૧ના વાયવ્ય ખૂણાથી પૂર્વ તરફ આગળ જતા રે.સ.નં.૨૭૧ના ઈશાન ખૂણાથી દક્ષિણ તરફ આગળ જતા રે.સ.નં.૨૭૨ના અગ્નિ ખૂણાથી પૂર્વ તરફ આગળ જતા રે.સ.નં.૨૪૯ના ઈશાન ખૂણેથી સુકી નદીના પશ્ચિમના કિનારે - કિનારે દક્ષિણ તરફ આગળ જતા રે.સ.નં.૨૨૯ની પૂર્વની હદે દક્ષિણ તરફ જતાં ઝાલોદ રોડ ઓળંગી સુકી નદીના પશ્ચિમ કિનારે -કિનારે દક્ષિણ તરફ આગળ જતા રે.સ.નં.૨૨૮ના અગ્નિ ખૂણાથી નરસીંગપુરના સીમાડાની ઉત્તરની હદે પશ્ચિમ તરફ આગળ જતા રે.સ.નં.૩૪૧ના અગ્નિ ખુણાથી દક્ષિણ હદે તથા નરસીગપુરના સીમાડાની ઉત્તરની હદે પશ્ચિમ તરફ ગોધરા રોડ ઓળંગી દક્ષિણ તરફ આગળ જતા રે.સ.નં.૩૩૯, ૩૬૯, ૩૬૦ના પૂર્વ હદે તથા નરસીગપુરના સીમાડાની પશ્ચિમ હદે દક્ષિણ તરફ આગળ જતા રે.સ.નં.૭૯, ૩૬૨, ૩૪૯, ૭૫ ની પૂર્વની અને નરસીંગપુરના સીમાડાની પશ્ચિમની હદે હદે દક્ષિણ તરફ જતાં રે.સ.નં.૭૬ના અગ્નિ ખૂણાથી પાદરડીના સીમાડાની ઉત્તરની હદે પશ્ચિમ તરફ આગળ જતા રે.સ.નં.૭૯ના નૈઋત્ય ખૂણેથી ટીંબરવાના સીમાડાની પૂર્વ હદે ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૩૬૭ના વાયવ્ય ખૂણેથી પૂર્વ તરફ વોર્ડ નંબર - ૫ ની દક્ષિણ હદે આગળ જતા રે.સ.નં.૩૩૦ની ઉત્તરની હદે તથા વોર્ડ નંબર - ૬ની દક્ષિણ હદે પૂર્વ તરફ આગળ જતા રે.સ.નં.૬૪ના ઈશાન ખૂણેથી સંત રોડ ઓળંગી ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૨૩ની ઉત્તરની હદે આવેલ ઝાલોદ રોડ ઓળંગી ઉત્તર તરફ આગળ જતા રે.સ.નં.૨૬૧ના વાયવ્ય ખૂણા સુધીનો અંદરનો તમામ વિસ્તાર

વી.એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

INDEX

અનુસૂચિ-૨

રાજય ચૂંટણી પંચ

ગુજરાત રાજય

સચિવાલય, ગાંધીનગર

સંતરામપુર નગર પાલિકાની કુલ વસ્તી	૧૭૬૩૫	
કુલ વોર્ડની સંખ્યા	૭	
વોર્ડ દીઠ સરેરાશ વસ્તી.	૨૫૧૯	સરેરાશ વસ્તીના ૧૦ ટકા વધ મુજબ- ૨૭૭૧ સરેરાશ વસ્તીના ૧૦ ટકા ઘટ મુજબ- ૨૨૬૭
કુલ બેઠકોની સંખ્યા.	૨૧	
સ્ત્રી બેઠકો	૭	-- બેઠક અનુસૂચિત જાતિ ૧ બેઠક અનુસૂચિત આદિજાતિ ૧ બેઠક પછાત વર્ગ સ્ત્રી સહિત.
અનુસૂચિત જાતિ માટે અનામત બેઠકોની સંખ્યા.	૧	તે પૈકી -- સ્ત્રી.
અનુસૂચિત આદિજાતિ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી
પછાત વર્ગ માટે અનામત બેઠકોની સંખ્યા	૨	તે પૈકી ૧ સ્ત્રી.
કુલ અનામત બેઠકો.	૯	
સામાન્ય બેઠકો.	૧૨	

અ.નં.	વોર્ડ નંબર	વોર્ડની વસ્તી	પહેલી બેઠકની ફાળવણી સ્ત્રી અનામત	બીજી બેઠકની ફાળવણી અનામત કે બિન અનામત	ત્રીજી બેઠકની ફાળવણી બિન અનામત
૧	૨	૩	૪	૫	૬
૧	૧	૨૭૨૩	સામાન્ય	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય
૨	૨	૨૫૦૩	સામાન્ય	સામાન્ય	સામાન્ય
૩	૩	૨૬૪૧	અનુસૂચિત આદિજાતિ	સામાન્ય	સામાન્ય
૪	૪	૨૫૦૩	સામાન્ય	અનુસૂચિત જાતિ	સામાન્ય
૫	૫	૨૩૮૫	પછાત વર્ગ	સામાન્ય	સામાન્ય
૬	૬	૨૬૦૪	સામાન્ય	પછાત વર્ગ	સામાન્ય
૭	૭	૨૨૭૬	સામાન્ય	સામાન્ય	સામાન્ય
કુલ.		૧૭૬૩૫			

વી.એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.

INDEX

Extra No. 274 REGISTERED No. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVIII] TUESDAY, JULY 31, 2007/SRAVANA 9, 1929

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IV-C

Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.

રાજય ચૂંટણી પંચ
બ્લોક નં. ૯, ૬ઠ્ઠો માળ
સરદાર પટેલ ભવન,સચિવાલય
ગાંધીનગર. તા.૩૧-૭-૨૦૦૭

ક્રમાંક:રાચપ-ચટણ-સમક-નપા- લુણાવાડા -૨૦૦૭

લુણાવાડા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેનો આખરી આદેશ.

૧. રાજય ચૂંટણી પંચના તા.૪-૫-૨૦૦૭ ના આદેશ ક્રમાંકઃ રાચપ-ચટણ- સમક- નપા- લુણાવાડા- ૨૦૦૭થી લુણાવાડા નગરપાલિકાની ચૂંટણી માટે શહેરના વોર્ડોનું સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના મુસદારૂપ આદેશ જારી કરવામાં આવેલ હતો. આ આદેશનો મુસદો જાહેર જનતાની જાણ માટે નિર્ધારિત સ્થળોએ તેમજ સરકારી રાજ્યપત્રમાં પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતો. તેની સામે કોઈપણ વ્યકિતને /જાહેર જનતાને સલાહ સૂચનો કરવાના હોય તો સદરહુ આદેશ પ્રસિદ્ધ થયેથી દિવસ-૧૦ માં રાજય ચૂંટણી પંચ, ગાંધીનગરને પહોંચે તે રીતે મોકલવાના હતા.

૨. લુણાવાડા નગરપાલિકાની ચૂંટણી માટેના લુણાવાડા શહેરના વોર્ડોના સીમાંકન તથા અનામત બેઠકોની ફાળવણી અંગેના સદર આદેશ અન્વયે લોકો તરફથી મળેલ વાંધા/ સુચનો અંગે પંચે પુખ્ત વિચારણા કરેલ છે.

૩. આ ઉપરાંત ૧૯૫૧ ના લોકપ્રતિનિધિત્વ ધારા અન્વયે માન્ય રાજકીય પક્ષો સાથે પંચે તા. ૧૧-૭-૨૦૦૭ના રોજ જરૂરી પરામર્શ બેઠક કરેલ છે.

૪. લોકો તરફથી મળેલ વાંધા/સૂચનો તથા માન્ય રાજકીય પક્ષો સાથે કરેલ પરામર્શ અન્વયે આ બાબતની વૈધાનિક જોગવાઈઓ ધ્યાને લઈ, પંચે તા. ૪-૫-૨૦૦૭ નો મુસદારૂપ આદેશ, આખરી કરવા ઠરાવ્યું છે.

INDEX

૫. આથી રાજય ચૂંટણી પંચ, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૪૩:વ-ક, તથા ગુજરાત નગરપાલિકા અધિનિયમ: ૧૯૬૩ ની કલમ:૭, પેટા કલમ-(૨)ના ખંડ-ઉના, પેટા ખંડ-ખ તથા મ્યુનિસિપલ બરોમાં વોર્ડોનું સીમાંકન અને અનામત બેઠકોની ફાળવણી બાબતના નિયમો, ૧૯૯૪ હેઠળ મળેલ સત્તાની રૂએ લુણાવાડા નગરપાલિકાના વોર્ડોનું સીમાંકન આ સાથે જોડેલ અનુસૂચિ નં.૧ માં તથા અનામત બેઠકોની ફાળવણી અનુસૂચિ નં.૨ માં દર્શાવ્યા પ્રમાણે આખરી કરવાનું ઠરાવે છે.

રાજય ચૂંટણી પંચના આદેશથી,

વી. એચ. શાહ,
સચિવ,
રાજય ચૂંટણી પંચ,
ગાંધીનગર.

અનુસૂચિ-૧
લુણાવાડા નગરપાલિકા, પંચમહાલ જીલ્લો

વોર્ડ નં. ૧

સૂચિત વોર્ડ નંબર	ઈલેકશન વોર્ડના સેન્સસ બ્લોક,લત્તાવાર વિસ્તાર, ઘર નંબરો તથા હદનું વર્ણન					
	સેન્સસના બ્લોક નંબરની વિગત				સેન્સસના બ્લોકના ઘર નંબરની વિગત	બ્લોકના વિસ્તારની વિગત
	બ્લોક નંબર	અ.જા. વસ્તી	અ.જ.જા વસ્તી	કુલ વસ્તી	ઘર નંબરથી ઘર નંબર સુધી	
(૧)	(૨)	(૩)	(૪)	(૫)	(૬)	(૭)
૧	૫	૦	૭૦	૬૯૭	૧ થી ૧૪૮	ગણેશ સોસાયટી, ગાયત્રી સોસાયટી, પશુ દવાખાના સામે, શ્રીજી પાર્ક, અંકુર પાર્ક, વાવના મુવાડા, બારોટવાડા
	૬	૦	૧૧	૫૨૯	૧ થી ૧૨૮	નવા કારવા, હનુમાન વેરી, ભોમાનંદ મંદિર, વાઘરીવાડ, દરકોલી તળાવની આગળ પટેલના મકાનો, રણજીત કલબથી જવાહર બાગ સુધી, ફતેબાગ પેલેસ.
	૮	૧૬૬	૫	૯૨૩	૧ થી ૩૭૭	શિવશકિત સોસા. વૃંદાવન સોસા. સરદાર પટેલ સો. તીરગરના મકાનો, એસ.ટી.સ્ટેન્ડ વિસ્તાર, કડાણા કોલોની, નગરપાલિકા શોપીંગ સેન્ટર
	૫૫	૦	૦	૬૭૫	૧ થી ૨૯૪	નવા કારવા, દરકોલી તળાવ વિસ્તાર, શ્રીજી પાર્ક સોસાયટી, હરસિધ્ધિ સોસાયટી, ગોકુલ પાર્ક, શકિત પાર્ક, અંકુર પાર્ક સો. દરકોલી તળાવ નજીકનો વિસ્તાર
	૫૬	૦	૦	૫૬૧	૧ થી ૨૭૯	કિસાન હાઈસ્કુલ, સીટી સેન્ટર એપા. જવાહર શોપીંગ સેન્ટર વિસ્તાર, ફતેબાગ પેલેસ સોસાયટી
	કુલ	૧૬૬	૮૬	૩૩૮૫		

INDEX

હદનું વર્ણન

